# આદર્શ ગૃહસ્થાશ્રમ

સંતબાલ

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી

પ્રકાશક:
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી:
શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી,
અમદાવાદ.

ચોથી સુધારેલી આવૃત્તિ

પ્રત ૨૦૦૦

કિં. ૨-૪-૦

મુદ્રક:
જયંતી ઘેલાભાઈ દલાલ
વસંત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘી કાંટા રોડ, અમદાવાદ.

ગૃહસ્થાશ્રમની

આદર્શતાના ઝંખનારાઓને

સમર્પણ

# સાંકળિયું


**૧. નિર્દેશખંડ:** ૧ થી ૩૬

(૧) ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન ૩

(૨) બ્રહ્મચર્યાશ્રમ ૭

(૩) વિષયનિર્દેશ ૧૦

(૪) ગૃહસ્થાશ્રમનું સ્થાન ૧૩

(૫) લગ્નચર્ચા ૧૭

**૨. કર્તવ્યખંડ:** ૩૭ થી ૨૦૮

(૧) પતિપત્નીનાં કર્તવ્યો ૩૯

(૨) સંતતિ પ્રત્યે માબાપનું કર્તવ્ય ૫૫

(૩) પુત્રનાં માબાપ પ્રત્યેનાં કર્તવ્યો ૮૮

(૪) સાસુસસરાનાં કર્તવ્યો ૯૮

(૫) સાસુસસરા પ્રત્યે વહુનાં કર્તવ્યો ૧૦૫

(૬) ભાંડુનાં કર્તવ્યો ૧૧૨

(૭) દેરાણીજેઠાણી ૧૨૧
(૮) મિત્ર ૧૨૫
(૯) વડીલો અને જુવાનો ૧૩૨
(૧૦) કુટુમ્બનિર્માણ ૧૪૨
(૧૧) પાડોશીધર્મ ૧૫૧
(૧૨) સામાન્ય કર્તવ્યો ૧૫૯
(૧૩) રાજતંત્ર અને પ્રજા ૧૮૪
(૧૪) સમાજ અને સેવાવૃત્તિ ૧૯૬

**વિકાસખંડ:** ૨૦૯ થી ૨૭૭

(૧) આર્થિક પ્રવૃત્તિ ૨૧૧
(૨) સમાજધર્મ ૨૨૦
(૩) રાષ્ટ્રધર્મ ૨૪૧
(૪) આધ્યાત્મિક ધર્મ ૨૪૮

★

# પ્રસ્તાવના

---

**यस्मात् त्रयोऽप्याश्रमिणो, ज्ञानेनाऽन्नेन चाऽन्वहम् ।**
**गृहस्थेनैव धार्यन्ते, तस्माज् ज्येष्ठाश्रमो गृही ॥**

જ્ઞાનાદિ સંસ્કારોદ્વારા અને અન્નાદિ સાધનોદ્વારા ગૃહસ્થાશ્રમ ત્રણે આશ્રમોની સેવા બજાવી શકે છે. તે દૃષ્ટિબિન્દુથી ગૃહસ્થાશ્રમ પણ મહાન ઉપયોગી આશ્રમ છે.

સંસ્કૃતિદ્વારા માનસિક અને ખોરાકદ્વારા શારીરિક નિર્વાહ કરનાર અને વિકાસમાર્ગમાં એક વિસામા સમાન એ જ ઉત્તમ ગૃહસ્થાશ્રમ આજે કેવી કઢંગી પરિસ્થિતિમાંથી પસાર થાય છે, તે નીચેનાં ચિત્રોથી કંઈક સમજાશે.

**ચિત્રો**

આખો હિંદ આજે બે વિભાગોમાં વિભક્ત છે. તે બે વર્ગમાં સુધારક અને રૂઢિચુસ્ત એમ ભાવનામાં બે વહેણ વહે છે. આથી પહેલો વર્ગ સુધારક તરીકે અને બીજો વર્ગ રૂઢિચુસ્ત તરીકે ઓળખાય છે. પહેલામાં બહુ અંશે પાશ્ચાત્ય સંસ્કૃતિની છાપ છે. કારણ કે સામાજિક સિદ્ધાંતો, ખાનપાન, રહનસહન, કળાવિકાસ, ઉદ્યોગવર્ધન

એવીએવી અનેક બાબતોમાં પ્રાયઃ ત્યાંનું અનુકરણ દેખાઈ આવે છે. જ્યારે બીજા વર્ગમાં 'જૂનું તે જ સોનું' એ માન્યતા રૂઢ થયેલી દેખાય છે. बाबावाक्यं प्रमाणं એ એમનું જીવનસૂત્ર છે. સમય, લોકમાનસ, સંયોગો વગેરેનું નિરીક્ષણ કરી તે કશું પરિવર્તન કરવા ઇચ્છતો નથી. આ રીતે પહેલામાં અર્વાચીન અંશો અને બીજામાં પ્રાચીન અંશો બહુ ભાગે નજરે પડે છે.

આ બે વર્ગના વિચારદ્વંદ્વનું ક્ષેત્ર હવે માત્ર ઘર જ નથી રહ્યું. તેનું ક્ષેત્ર સમાજ, રાષ્ટ્ર અને ધર્મસંસ્થા સુધી વિસ્તરી ગયું છે. તેનાં મૂળ પણ ઊંડાંઊંડાં નંખાઈ ગયાં હોય એમ પણ જણાય છે. આ સમરાંગણે ચડેલો એક પક્ષ સમાજબંધારણ ઉખેડવાનો પ્રયત્ન કરે છે; અને બીજો જર્જરિત ખોખાંને થૂંકના સાંધાથી કાયમ ટકાવવાનો પ્રયત્ન કરે છે.

હવે ગૃહસ્થનાં વ્યાવહારિક જીવન પર દૃષ્ટિપાત કરીએ.

## બીજું ચિત્ર

આ સામે ઊગતો યુવાન બેઠો છે. તેનું વદન ઉલ્લાસ અને સ્મિતથી ઝળકી રહ્યું છે; ભવ્ય કલ્પનાઓ તેના મસ્તિષ્કમાં ઘડાઈ રહી છે; ક્રાન્તિના ઓળા, ઉત્સાહનો તરવરાટ ને સ્નેહની ઊર્મિઓની જીવંત મૂર્તિ સમો એ દેખાય છે. તે દામ્પત્યજીવનનાં મધુર સ્વપ્નાં સેવે છે; સમાજસુધારના સિદ્ધાન્તો પર તેનું માનસમંથન ચાલે છે; રાષ્ટ્રસ્વાતંત્ર્યની ભાવનામાં તે મહાલે છે.

ફરીથી જુઓ—તે જ યુવાન ગૃહસ્થાશ્રમમાં પગરણ માંડે છે. થોડા જ સમય પછી તેના યૌવનની ચમક હરાઈ ગયેલી જણાય છે. નિરાશાની અંધારકોટડીમાં, પ્રકાશ અને પવન વિના, તેનો પ્રાણ ગુંગળાતો દેખાય છે. બેકારી અને કુટુંબકલેશથી તેનું ભેજું શક્તિહીન થતું સ્પષ્ટ દેખાય છે. પત્ની અને પતિ વચ્ચેના જટિલ ઝઘડાની ઝાળમાં તેના સુખદ ગૃહસ્થાશ્રમનું સોણલું ભસ્મીભૂત થતું જણાય છે.

### ત્રીજું ચિત્ર

અહીં સંપત્તિ છે, પુત્ર છે, માતાપિતા છે, અને પત્ની પણ છે. આ રીતે ગૃહસ્થાશ્રમનાં આવશ્યક અંગો તો છે. પરંતુ સંપ નથી, સ્નેહ નથી અને સમજ નથી. કુસંપ, સ્વાર્થ અને મૂર્ખતાની ત્રિપુટીથી ત્રાસી ગયેલા યુવાનને જુઓ. તેના મોં પર નૂર દેખાય છે?

### ચોથું ચિત્ર

જુઓ આ ચોથું ચિત્ર. અક્કલના ઓથમીર પતિને પનારે પડેલી એક કોમળ બાળા છે. તેના પતિમાં સામર્થ્ય અને સમજણનો અભાવ છે. સાસુ તો કંકાસનું ઘર છે. આ બાળાનો બળાપો કેવો અસહ્ય છે?

### પાંચમું ચિત્ર

પિતા અને પુત્ર વચ્ચે, સાસુ અને વહુ વચ્ચે વિચારોનો સુમેળ નથી. સૌસૌની દિશાઓ જુદી છે.

### છઠ્ઠું ચિત્ર

એક લાખો રૂપિયાનો માલિક બની હજારો ચેતનવંતા માનવોનાં દેહ અને બુદ્ધિ બન્ને ખરીદે છે, તે જ માલિક પર કોઇ અધિકારીની સત્તાનો કોયડો ફરી વળે છે. વળી તે અધિકારી પણ કોઈ જુલ્મી સત્તા નીચે ચગદાઈ રહ્યો છે.

આવાં અનેક ચિત્રો એ સમજાવે છે કે આજનું ગાર્હસ્થ્ય નંદનવન કે કલ્પવૃક્ષ નથી રહ્યું. તે બગીચામાં પુષ્પોને બદલે કાંટા છવાયા છે. તેનાં ફળોમાં રસ ને ચેતનતાને બદલે શુષ્કતા ને કટુતા અનુભવાય છે.

### દોષ કોનો?

આવી પરિસ્થિતિમાં જે વર્ગ કેવળ કર્મ કે પ્રારબ્ધનો જ દોષ ગણે છે તે વાસ્તવિક નથી. કારણ કે મનુષ્ય પોતાના જીવન વચ્ચેની

ઘણી ગૂંચો પુરુષાર્થદ્વારા ઉકેલી શકે છે. પ્રારબ્ધને ક્યાં સુધી અવકાશ આપવો તે સંબંધમાં એક મહાપુરુષે કહ્યું છે કે यत्ने कृते यदि न सिध्यति कोऽत्रदोषः એટલે કે યત્ન કરવા છતાં કાર્યસિદ્ધિ ન થાય તો પ્રથમ તે પ્રયત્ન ભૂલરહિત છે કે કેમ તે જોઈ જોવું; અને તેમ છતાં નિષ્ફળતા પ્રાપ્ત થાય તો તેનું કોઈ અગમ્ય કારણ હશે એમ માનીને શાંતિપૂર્વક પ્રયત્ન જારી રાખવો.

આ પરથી પુરુષાર્થના પ્રધાનપણામાં ગૃહસ્થાશ્રમી યથાશક્ય ફાળો જો આપી શકે છે તો તે પ્રયત્ન કેવા પ્રકારનો હોવો જોઈએ તે પ્રશ્ન સ્વાભાવિક જ ઉપસ્થિત થાય છે.

આ 'આદર્શ ગૃહસ્થાશ્રમ'નું પુસ્તક તેના જ પ્રત્યુત્તરરૂપે છે. તેમાં ગૃહસ્થાશ્રમી જીવનને લગતા કોયડા ઉકેલવાનું હિતાવહ માર્ગદર્શન છે. તે ધ્યેય જાળવવા આ પુસ્તકમાં જે જે દૃષ્ટિબિન્દુઓ રાખવામાં આવ્યાં છે તે જણાવી દઉં.

**દૃષ્ટિબિન્દુઓ**

[૧] ગૃહસ્થાશ્રમ પણ જીવનવિકાસનું એક શ્રેષ્ઠ સ્થાન અને સહાયક અંગ છે. વિકાસની નીસરણી પર ચડનારે પ્રત્યેક સોપાનની ખૂબ કાળજી ધરાવી આગળ ધપવાનું છે તે બતાવવું.

[૨] જવાબદારીવાળો ગૃહસ્થાશ્રમ નક્કર રસમય રહે, નીરસ ન બની જાય, તેમજ તે રસવૃત્તિ પણ પતનને માર્ગે ન ખેંચી જાય, તેવી સંભાળનું લક્ષ્ય રજૂ કરવું.

[૩] સ્ત્રીજાતિ અને પુરુષજાતિ બન્ને તે આશ્રમનાં સમાન ઉપયોગી અંગો હોવાથી સ્ત્રીજાતિ અને પુરુષજાતિ બન્નેનાં બાલ્યવયથી માંડી જીવનપર્યન્તનાં ઉપસ્થિત થતાં ક્ષેત્રોને અવકાશ હોવો ઘટે અને તેથી આયુષ્યના ત્રણ ખંડો પાડી બ્રહ્મચારીજીવન, સત્કર્મપરાયણ ગૃહસ્થજીવન અને વાનપ્રસ્થજીવનને [ વાનપ્રસ્થ એટલે વનવાસ નહિ પણ પોતાનો વ્યાવહારિક બોજો પ્રજાને સોંપી શાંતિમય

અને સાત્ત્વિક જીવન ગુજારવા માટે નિવૃત્તિ લેવી તે ] લગતી કર્તવ્ય-પ્રણાલિકા અહીં રજૂ કરવી.

[૪] રસમયતા અને વિકાસનો સંબંધ કેવળ વૈયક્તિક જીવન સાથે નહિ પરન્તુ સમષ્ટિ સાથે પણ છે. સમાજનો સંક્ષોભ વ્યક્તિ-શાંતિને ખળભળાવી મૂકે છે તેથી વ્યક્તિ અને વિશ્વ સુધીના પ્રત્યેક સંબંધનું ધીમેધીમે વહેન ચાલુ રહે તેવી પરિસ્થિતિ બતાવવી.

આ બધાં દૃષ્ટિબિન્દુઓથી છણાતા ગૃહસ્થાશ્રમને યથાર્થ ન્યાય મળે તે સારુ આ પુસ્તકને ત્રણ ખંડમાં વિભક્ત કર્યું છેઃ (૧) નિર્દેશ-ખંડ, (૨) કર્તવ્યખંડ, અને (૩) વિકાસખંડ. તેમાં ખાસખાસ કયા મુદ્દાઓ વિચારાયા છે તેનું સાંકળિયામાં સ્પષ્ટ વર્ણન છે. છતાં અહીં થોડું તાત્ત્વિક દર્શન કરાવવું એ પ્રસંગોચિત થશે.

**તત્ત્વદર્શન**

પ્રથમ નિર્દેશખંડનાં પાંચ પ્રકરણો પૈકી પહેલામાં આશ્રમની ઉત્પત્તિ કેવા સંયોગોમાં અને કયા ઉદ્દેશે થવા પામી છે, તેનો પૂર્વા-પર ઐતિહાસિક સંબંધ અને તેને લગતી ચર્ચા આવે છે.

બીજામાં બ્રહ્મચર્યાશ્રમ, તેની આવશ્યકતા, તેના લાભ વગેરેનું દર્શન કરાવવામાં આવ્યું છે. આ બીનામાં પ્રાચીન ગુરુકુળની પ્રથાનું ધ્યેય અને વર્તન કેવું હતું તેનું ચિત્ર પણ દોરાયું છે.

ત્રીજામાં ત્યાગાશ્રમની અને ગૃહસ્થાશ્રમની તારતમ્યતાની તાત્ત્વિક વિવેચના કરવામાં આવી છે, જે વાંચવાથી અમુક વર્ગ કે જે શ્રમણસંસ્કૃતિના એકાંત વિરોધમાં કે એકાંત સમર્થનમાં માને છે તેને સમાધાન મળી રહે અને વિકાસનો અનુક્રમ પણ બરાબર સમજાય.

ચોથામાં ગૃહસ્થાશ્રમીની જવાબદારી અને ગૃહસ્થાશ્રમનું સ્થાન સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક દૃષ્ટિએ કેવા પ્રકારનું છે તે અનેક દૃષ્ટિબિન્દુઓથી રજૂ કરવામાં આવ્યું છે.

પાંચમામાં લગ્નચર્યાનો વિષય છે. લગ્નજીવનનું ધ્યેય પણ

કેટલું ભવ્ય હોઈ શકે અને લગ્નજીવન વિકૃત ન બનતાં તેનું સુકાન વિકાસ તરફ ગતિમાન રહે તે નીતિકારોનાં કથનને અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

એક તરફ લગ્નવ્યવસ્થાની અરાજકતાનો વેગભર આવતો જુવાળ અને બીજી બાજુ વર્તમાન લગ્નવ્યવસ્થાનું શિથિલ બંધારણ તથા લગ્નવિષયક ઉપસ્થિત થતા સિદ્ધાંતોની છણાવટ વગેરે મુદ્દાઓ ચર્ચાયા છે.

વળી આ પ્રકરણમાં લગ્નજીવનનું ધ્યેય સાધવાનો ગૃહસ્થ સાધકને બોધ થાય અને નિર્દોષ ગાર્હસ્થ્યજીવન ટકાવી વિકાસના સોપાનમાં આગળ વધે તે વિચારસરણીનું મૂળ પણ ગૂંથાયું છે.

## દ્વિતીય ખંડ

બીજા કર્તવ્યખંડમાં ક્રમશઃ ગૃહજીવનની દીક્ષાનો ખ્યાલ આવે; અને તે આશ્રમમાં પ્રવેશતાં પહેલાં દમ્પતીની કેવી યોગ્યતા હોવી જોઈએ અને કઇ જાતના સંયમી નિયમોથી તે દમ્પતીનું જીવન મર્યાદિત રહેવું ઘટે, ઇત્યાદિ પતિપત્નીના પારસ્પરિક પાલ્યનિયમો તથા માતાપિતા, સાસુવહુ, સસરાજમાઇ, ભાઇબહેન, સાળોઅનેવી, વેવાઇવેલાં વગેરે કુટુંબ પ્રતિનાં કર્તવ્યો તથા પાડોશીધર્મ અને વ્યવસાયી જીવનનાં ધંધાદારીને અંગે ઉપસ્થિત થતાં કર્તવ્યક્ષેત્રોનો આ પ્રકરણમાં ખૂબ સ્પષ્ટતાથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## તૃતીય ખંડ

ત્રીજા વિકાસખંડમાં કુટુંબની બહાર ડોકિયું કરીને સમાજ, દેશ અને વિશ્વની સાથે વ્યક્તિનો સંબંધ અને તેને લઈને વિશાળ કર્તવ્યક્ષેત્ર પડ્યું છે તે કેવી રીતે અને કયા પ્રકારનું તે બધું બતાવ્યું છે.

આધ્યાત્મિક ધર્મ નામના પ્રકરણમાં નીતિ, માનવતા, સજ્જનતા કર્તવ્યપરાયણતા અને આધ્યાત્મિકતા એમ ક્રમશઃ વિકાસસીડીએ ચડતાંચડતાં ગૃહસ્થસાધક વિકાસને પંથે કેવી રીતે આગળ ધપે છે તેનું સ્પષ્ટ ચિત્ર દોરવામાં આવ્યું છે.

સૌથી અંતના ભાગમાં ગૃહસ્થાશ્રમી જીવનમાં કયા કયા મુખ્ય સદ્‌ગુણો આવશ્યક છે તે બતાવ્યું છે.

આ ત્રણ ખંડના ત્રણ પાયા જેટલે અંશે મજબૂત થાય, તેટલે અંશે ગૃહસ્થાશ્રમની આદર્શતા સિદ્ધ થાય અને એ આદર્શતાથી જીવન રસમય અને સુખમય બને એ ભાવ પ્રગટ કરી, આ પુસ્તકનું સળંગ સંકલન આ રીતે પૂર્ણ થઈ જાય છે....

## એક ખુલાસો

કોઇને અહીં એ પ્રશ્ન થાય, કે "વળી મુનિને આ બધા વિષયો ચર્ચવાનું શું પ્રયોજન? એ તો માત્ર ત્યાગની જ વાતો કહે કે લખે."

આ પ્રશ્નનું સમાધાન થોડું કરી લઉં.

મુનિનું લક્ષ્ય ત્યાગ તરફ જ હોય, અને તેના દરેક વ્યવસાયમાં પણ ત્યાગની જ પ્રેરણા હોય, તે નિર્વિવાદ વાત છે. અને તેને હું સ્વીકારું છું, પરન્તુ તે ત્યાગના દૃષ્ટિબિન્દુમાં ભિન્નભિન્ન વ્યક્તિપરત્વે તેની તેની યોગ્યતાના ક્ષેત્ર પ્રમાણે ઇતરને બતાવાતા ત્યાગમાં તારતમ્યતા પણ હોવી જોઈએ. આ મનુષ્યસ્વભાવને પણ ભૂલી જવો જોઇતો નથી.

તે દૃષ્ટિબિન્દુથી બધાને એ જ પ્રકારનો એકાંત ઉપદેશ કરવો હિતાવહ નથી. કેવળ ગૃહસ્થધર્મનો ત્યાગ એ જ ત્યાગનો માર્ગ નથી, જેવી જેનામાં શક્તિ તેવો અને તેટલો તેમને ત્યાગ કરાવવો ઘટે, અને તે જ હિતાવહ છે.

આજે સમાજ બીજું તો શું પરન્તુ કેટલેક અંશે માનવતાને સુદ્ધાં પરવારી બેઠો છે. એ જો ક્રમશઃ વિકાસના સોપાન નહિ ચડે, તો અપૂર્વ ત્યાગને લાયક નહિ બની શકે; અને યોગ્યતા વિના જો ત્યાગપંથમાં પગરણ માંડશે, તો ત્યાગને યથાર્થ રીતે આરાધવામાં

ખામી રહેવાનો સંભવ રહેશે. આથી પૂર્વના ત્યાગી પુરુષોએ તે સોપાનના ક્રમ પ્રમાણે જનતાને પ્રેરવાનો પ્રયાસ આ રીતે કર્યો હતો.

જૈનદર્શન પણ એમ જ માને છે, અને તે ભગવાન મહાવીરના શબ્દોથી અહીં સ્પષ્ટ થાય છે. તે ભગવાને કહ્યું, કે પહેલાં મનુષ્યત્વ (માનવધર્મ) પછી જ ઇતર ધર્મોને સ્થાન હોઈ શકે. વળી તેમણે પોતાના શાસનમાં શ્રમણસંસ્થા અને ગૃહસંસ્થા એ બન્નેને સમુચિત સ્થાન આપ્યું છે; અને પોતાના સપૂતોને એમ સમજાવ્યું છે કે જ્યાં જે વસ્તુની ત્રુટિ હોય ત્યાં તમારા શ્રમણધર્મને ક્ષતિ ન પહોંચે તે ધ્યેયને જાળવી તે તે આપો. જે સમાજમાં નીતિતત્ત્વની ત્રુટિ હોય ત્યાં નૈતિક સિદ્ધાંતોને સમજાવી માનવસમાજને આગળ ધપાવો, પણ તે બધું ક્રમપૂર્વક આગળ વધવામાં કાર્યસિદ્ધિની સફળતા છે અને જોખમ પણ નથી. આ રીતે વિકાસના ધ્યેયે વાળવામાં અને માનવસમાજને શાન્તિ પહોંચાડવામાં ઉદાર અને નિઃસ્વાર્થ ત્યાગીસંસ્થા વધુ સરસ અને સુંદર કાર્ય કરી શકે, એમ દરેક ધર્મસંસ્થાપકને લાગવાથી તેમણે ત્યાગી સંસ્થા પર આ ભાર સોંપ્યો હોય તેમ લાગે છે.

તે જ લક્ષ્યબિન્દુથી આ પુસ્તક ગૂંથાયું છે. નીતિ, કર્તવ્ય અને ધર્મના જે જે સિદ્ધાંતો જ્યાં જ્યાં રજૂ કરવામાં આવ્યા છે, ત્યાં ત્યાં તે તે નીતિકારો અને ધર્મસંસ્થાપકોનો નિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

અંતમાં, આ ગ્રન્થમાં મુખ્યત્વે જેમનાં વ્યાખ્યાનોના વિચારોનું દોહન છે અને જેમણે આ ગ્રન્થનું સાંગોપાંગ નિરીક્ષણ અને બહુમૂલી સૂચનાઓ આપી સંશોધન કર્યું છે, તે પરમપૂજ્ય ગુરુદેવનો આભાર માની વિરમું છું.

સુંદરવન, વીલેપારલેઃ  
તા. ૨૪–૬–૩૫.

**'સંતબાલ'**

# નવી પ્રસ્તાવના

'આદર્શ ગૃહસ્થાશ્રમ'ની આ ચોથી આવૃત્તિ ઘણા જ લાંબા સમયે બહાર પડે છે. મહાવીર સાહિત્ય પ્રકાશનમંદિરનું કામ ખોળંભે પડ્યા પછી કાગળનિયમન આવ્યું અને કવોટા અંગે કશો પ્રયત્ન ન થયો. મંદિરની ઇચ્છા હોય તોયે હવે પ્રકાશનની સ્થિતિ ન રહી. પરંતુ રાષ્ટ્રીય પ્રધાનોએ સત્તાસૂત્રો હાથ ધર્યા પછી મંદિરને જે કવોટા મળ્યો તેમાંથી આ પ્રકાશન પ્રગટ થઇ શક્યું છે. બીજી સંસ્થાએ આ પુસ્તકના પ્રકાશનની માગણી કરી હતી; પરંતુ એ સંસ્થાનું ધોરણ વગેરેનો વિચાર કરી જોતાં એના સ્વીકારમાં સંકોચ થતો હતો, જ્યારે પુસ્તકની માગણી દિનપ્રતિદિન વધ્યે જતી હતી. છેવટે મોડું છતાં આ પ્રકાશન આ રીતે મૂળસંસ્થાદ્વારા જ થાય છે, એ મારે મન સંતોષની વાત છે.

હિંદુસ્તાનને આઝાદી આટલી વહેલી મળી જશે એ કલ્પનામાંયે નહોતું, પણ એ થયું. આઝાદી આવી, પરંતુ એ ભાગલાવાળી આવી. ભાગલા પડવા છતાંયે હિંદુ–મુસ્લિમ વચ્ચે તત્કાળ એકદિલી ન થવાને કારણે પ્રથમ અજ્ઞાન અને ગરીબ મુસ્લિમો નિમિત્ત બન્યા. એના પ્રત્યાઘાતો હિંદુઓ પર પણ કમનસીબ રીતે પડ્યા. મહાત્માજી ન હોત તો કદાચ આ ઝેર હજુ ક્યાં જઈને અટકત તે ન કહી શકાય. પરંતુ એ મહાપુરુષે કોમવાદના ઝેરને ઉલેચતાં ઉલેચતાં શેષ જિંદગીનું

બલિદાન આપી દીધું. હવે એ કોમવાદ દફનાઈ જવાનો છે, એ વિષે શંકા નથી. પરંતુ મુસ્લિમો પ્રત્યે હિંદુઓને વિશ્વાસ બેસતાં હજુ વાર લાગશે. બીજી બાજુ પ્રજામાં અહિંસાને ઓઠે કાયરતા—અને હવે તો કાયરતાનું સંગઠિત સ્વરૂપ થયું છે, એટલે તે કાઢવા માટે ભરચક પ્રયત્ન કરવો પડશે. ત્રીજી બાજુ અસ્પૃશ્યતાનું તૂત ગામડાંઓમાં તો એમ જ ઊભું છે. ચોથી બાજુ સ્ત્રીઓમાં તાકાત અને સ્વમાન ખીલતાં જાય છે, પણ એમનો ખ્યાલ પુરુષવર્ગમાં વ્યાપક નથી થયો. પાંચમી બાજુ હમણાં હમણાં તો મહારાષ્ટ્રીઓ કહે છે, 'મુંબઇ અમારું"; ગૂજરાતીઓ કહે છે, 'મુંબઈ અમારું—' આમ પ્રાંતીય સંકુચિતતા પાંગરતી જાય છે. છઠ્ઠી બાજુ સત્તાની પડાપડીમાં નવાનવા રાજદ્વારી પક્ષો ફૂટતા જાય છે. સાતમી બાજુ સત્તાનાં સૂત્રો અને પ્રલોભનો વચ્ચે કોંગ્રેસમાં પેસી જવા પામેલાં કેટલાંક સ્વાર્થી તત્ત્વો કોંગ્રેસની કારકીર્દિ પર પીંછી ફેરવવામાં લાગી ગયાં છે. આઠમી બાજુ પડોશી પાકિસ્તાન હિંદી સંઘના નાયકોની ભલાઇને સમજી ન શકવાને કારણે ઊલટો રાહ લઈ રહ્યું છે. નવમી બાજુ ભાગ્યે જ કોઈ એવો દિવસ જતો હશે કે નાસી જવાના, આપઘાત કરવાના અથવા અગ્નિસ્નાન કરવાના પ્રસંગો સમાજમાં ન બનતા હોય. દશમી બાજુ સમાજમાં સંગ્રહખોરી અને નફાખોરીએ માનવતાની હદ ક્યારનીયે વટાવી દીધી છે. અગિયારમી બાજુ સ્થાપિત હિતો, જૂની અમલદારી રીતરસમો અને પ્રત્યાઘાતી તત્ત્વો દેશમાં અંધાધૂંધી ફેલાવવા મથી રહ્યાં છે. બારમી બાજુ લોકશાહી પ્રથા પ્રમાણે માથાંદીઠ મત પ્રમાણે રાજતંત્ર ચાલશે, તેમ છતાં માથાંઓને આની કશી જ ગમ નથી. સ્વરાજ્ય એટલે એકેએક માણસની જવાબદારી એવું થોડા જ લોકો સમજ્યા હોવાથી 'આ આપો અને તે આપો' એવી સરકાર તરફ બૂમો નાખ્યા કરે છે. તેરમી બાજુ ધર્મને નામે હજુ છૂપી રીતે કોમવાદનું ઝેર ફેલાવાય છે અને વટાળવૃત્તિ પણ ચાલે છે.

આવી અનેક બાજુઓનો ઉકેલ એકમાત્ર માનવની જીવનશુદ્ધિમાં જ છે. માનવ એ સૃષ્ટિનું, દેશનું અને સમાજનું અદ્ભુત અંગ છે. એ જો દષ્ટિસંપન્ન થાય અને તેમાંય આદર્શ ગૃહસ્થાશ્રમની દૃષ્ટિએ પતિપત્ની બન્ને દષ્ટિસંપન્ન થાય, તો અનેક પ્રશ્નોનો એકીવારકો નિવેડો આવે જ. આ બધામાં અંતઃકરણસ્ફુરિત ધર્મ જ કામ આપી શકે. કારણ કે કાયદાઓ તો જડ છે. તેમાંય રાજતંત્રના કાયદા તો ગુલામી તરફ જ ઘસડી જવાના. એટલે ધર્મ જ સમાજ, રાષ્ટ્ર અને દુનિયાને તારશે. આ પુસ્તકમાં જે ચિત્ર ખડું કરવામાં આવ્યું છે અને દિશાસૂચન આપવામાં આવ્યું છે, તે ઉપલી દૃષ્ટિએ કંઈક પણ ઉપયોગી થશે, એમ હું માનું છું. છેલ્લા થોડા સમયમાં તો દુનિયાના અને ખાસ કરીને હિંદના સંયોગોમાં જબરદસ્ત પલટો થયો છે. આથી આ આવૃત્તિનું પુનઃ વાચન કરતાં ઘણો સુધારોવધારો કરવો પડ્યો છે. ભાગ્યે જ એકાદબે પ્રકરણ કશા જ સુધારા વિના એમ જ રહેવા દીધાં હોય. કેટલાંકમાં થોડો તો કેટલાંકમાં ઘણો જ સુધારોવધારો થયો છે. કેટલુંક લખાણ લગભગ નવેસરથી જ લખવું પડ્યું છે.

આમાં 'વિશ્વવાત્સલ્ય'ના સંપાદક ભાઈ નવલભાઈ પણ નિમિત્ત થયા છે. તેમણે ન પ્રેર્યો હોત તો ભાગ્યે જ આટલો સુધારોવધારો કરવાનું બની શક્યું હોત. સમયની તાણમાં એમણે પૂર્તિ કરવા પ્રયત્ન કર્યો છે. પ્રૂફશોધન, કઠિન શબ્દોનો સુધારો અને ઉપરાંત આર્થિક પ્રવૃત્તિ પ્રકરણ તો મારા વિચારોને અનુરૂપ રહી તેમની જ કલમે લખાયું છે. આ રીતે નવલભાઈના આ હિસ્સાની વાચકોને જાણ રહે.

'સંતબાલ'

# નિર્દેશખંડ

★

१

# ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન

एक एव इदं सर्वं पूर्वं आसीद् युधिष्ठिर
**क्रियाकर्मविभेदेन चातुर्वर्ण्यं व्यवस्थितम् ॥–महाभारत**

મહાભારત એ વેદધર્મનો પ્રાચીન ગ્રંથ છે. તેમાંનો આ શ્લોક છે. તેનો અર્થ એ છે કે પૂર્વકાળમાં આ આખું વિશ્વ એક જ પ્રવાહમાં વહેતું હતું. પરંતુ પાછળથી રાષ્ટ્રની વ્યવસ્થા જાળવવા સારુ ક્રિયા અને કર્મના ભેદ પ્રમાણે ચાર વિભાગો નક્કી કરવામાં આવ્યા. તે વિભાગો તે વખતે સમાજરૂપે હતા. બ્રાહ્મણસમાજ, ક્ષત્રિયસમાજ, વૈશ્યસમાજ અને શૂદ્રસમાજ એ તેનાં નામો હતાં.

વિદ્યા અને સંસ્કૃતિનો પ્રજાવર્ગમાં પ્રચાર કરનારની ગણના બ્રાહ્મણવર્ગમાં; પ્રજાનાં સંરક્ષણ કરનારની ગણના ક્ષત્રિયવર્ગમાં; કૃષિ અને વાણિજ્યદ્વારા પ્રજાવર્ગમાં સેવા કરનારની ગણના વૈશ્યોમાં અને કેવળ સેવાભાવી વર્ગની ગણના શૂદ્રવર્ગમાં થતી હતી. આ જ કથનની જૈન અને બૌદ્ધ શાસ્ત્રોમાં પણ પૂર્તિ છેઃ

**कम्मुणा बम्भणो होइ, कम्मुणा होइ खत्तियो ।**
**वइसो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ॥**

**उत्तराध्ययनसूत्र, अ. २५.**

"વર્ણવ્યવસ્થા જાતિગત નથી પણ કર્મગત છે. કર્મથી જ મનુષ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તરીકે ઓળખાય છે."

न जच्चा वसलो होति, न जच्चा होति ब्रह्मणो ।
कम्मुणा वसलो होति कम्मुणा होति ब्रह्मणो ॥

बौद्ध ग्रंथ, सुत्तनिपात, सूत्र ६.

"જાતિથી મનુષ્ય હલકા વર્ણનો ગણાતો નથી, પરંતુ કર્મથી જ ઉચ્ચ કે નીચ ગણાય છે."

**પ્રજાવર્ગનું પૂર્વચિત્ર**

મનુષ્યજાતિ જ્યાં સુધી આવી રીતે સમાજમાં પરિણત થઈ નહોતી ત્યાં સુધી તે કેવી સ્થિતિમાં હતી તેનો ઉલ્લેખ પ્રાચીન જૈન શાસ્ત્રોના ઇતિહાસમાંથી મળી આવે છે: "ઘણાં ઘણાં વર્ષો પહેલાં જ્યારે મનુષ્યવર્ગ તદ્દન અજ્ઞાન હતો, પોતાની જાતને સંબંધ ધરાવતા નિયમોનું તેને ભાન સુદ્ધાં નહોતું, શરીરનિર્વાહનાં ઉપયોગી સાધનોના જ્ઞાનથી પણ તે વંચિત હતો, ત્યારની આ વાત છે."

આ આખા વિશ્વમાં પ્રાણીજીવન સાથે સંબંધ ધરાવતા નિયમો બે પ્રકારના હોય છે:–(૧) આકસ્મિક નિયમો અને (૨) કર્તવ્ય નિયમો.

આકસ્મિક નિયમોમાં વિધિનિષેધ હોતાં નથી. કારણ કે તેનું સંચાલન માનવપુરુષાર્થથી પર રહેલી સત્તાને અધીન હોય છે. આને કોઈ પ્રારબ્ધ, કોઈ કુદરત, તો કોઈ કર્મ તરીકે કલ્પે છે. પરંતુ બીજા નિયમો જેમને આપણે કર્તવ્યનિયમો તરીકે ઓળખીએ છીએ તેમાં મોટે ભાગે પુરુષાર્થનું જ સ્થાન હોય છે, તેથી જેટલે અંશે પુરુષાર્થમાં સંગીનતા આવે તેટલે અંશે જીવનયાત્રાનો* સરળતાપૂર્વક નિર્વાહ થાય અને જીવનઉદ્દેશ પણ સફળ થઈ શકે.

---

* જીવનયાત્રાના નિયમોમાં શરીર, મન અને આત્માને લગતા નિયમોનો પણ સમાવેશ થાય છે.

### ઉદ્‌બોધક

એ આવશ્યકતા પૂરી પાડવા સારુ આવા જ પ્રસંગે ભગવાન ઋષભદેવ, કે જેઓ જૈનશાસનના આદિસંસ્થાપક ગણાય છે અને જેમને વેદોમાં બહુ માનભર્યાં પૂજન અને અર્ચન કરવાનાં વિધિ-વાક્યો મળી આવે છે, તે પોતે મનુષ્યવર્ગના ઉદ્‌બોધક અને પ્રેરક તરીકે ઉત્પન્ન થયા.

તેમણે તે અવિકસિત માનવસમાજને શરીરશાસ્ત્રને લગતો તથા કૃષિવિદ્યા, વાણિજ્યવિદ્યા અને શસ્ત્રવિદ્યાનો વ્યવહારુ અભ્યાસ કરાવ્યો. માનવસમાજને ટકી રહેવાને અન્નની જે અનિવાર્ય જરૂર હતી તે કૃષિ-વિદ્યાથી પૂરી પડી. વાણિજ્યવિદ્યાથી પરસ્પરના વિનિમયાદિ વ્યવહારમાં સરળતા આવી અને શસ્ત્રવિદ્યાથી પ્રાણીવર્ગનું સંરક્ષણ કરવાની અનુકૂળતા પેદા થઈ. આ રીતે ભિન્નભિન્ન વિદ્યાઓના શિક્ષણમાં પણ તે વર્ગ આગળ વધવા લાગ્યો.

### સમાજની ઉત્પત્તિ

આવી રીતે મનુષ્યવર્ગ સેંકડો વર્ષો સુધી આ પ્રમાણે અનેક પ્રકારની અવનવી શોધો કર્યે જતો હતો અને બુદ્ધિબળને વિકસાવ્યે જતો હતો. તેવા સમયે એટલે કે મહાભારતકાળ પહેલાં એ મનુષ્યવર્ગ સમાજરૂપે પરિણત થયો. અર્થાત્ કે સૌસૌનાં વિભિન્ન કર્મ પ્રમાણે તેમને ભિન્નભિન્ન સંજ્ઞાઓ પ્રાપ્ત થઈ. ત્યારથી બ્રાહ્મણસમાજ, ક્ષત્રિય-સમાજ, વૈશ્યસમાજ ને શૂદ્રસમાજની રચના થવા પામી છે. આ રીતે ઉપરના વિભાગો પોતપોતાનાં વિશિષ્ટ કર્તવ્યોના સૂચક છે અને કર્તવ્યની વ્યવસ્થા સારુ જ તે રચાયા છે.

આ વર્ણવ્યવસ્થા થયા પછી માનવસમાજમાં એક બીજી આશ્રમવ્યવસ્થા ઉત્પન્ન થઈ છે. પ્રસ્તુત સ્થળે તે આશ્રમવ્યવસ્થા કયા પ્રસંગમાં જન્મી હશે તેની વિચારણા કરવી ઉચિત છે.

## આશ્રમવ્યવસ્થા અને તેની ઉપયોગિતા

શારીરિક અને માનસિક એ બન્ને શક્તિઓનો ખ્યાલ આવ્યા પછી તે ઉભય શક્તિઓનું પ્રેરણાજનક કોઈ એક તત્ત્વ પોતાનામાં છે એવું માનવસમાજ જ્યારથી સમજવા લાગ્યો ત્યારથી તેને આત્મતત્ત્વના શોધનની તીવ્ર જિજ્ઞાસા જાગી, અને તેને અંગે નીતિ અને ધર્મ જેવાં આત્મવિકાસનાં ઉપયોગી તત્ત્વો નિર્માયાં.

આવા જ પ્રસંગમાં આશ્રમવ્યવસ્થાની પ્રણાલિકાનો પ્રારંભ થયો હોય તેમ લાગે છે. પરંતુ તે સમયે તો માનવસંસ્કૃતિવિકાસના માત્ર બે પ્રવાહો હોવા ઘટેઃ—(૧) ગૃહસ્થી જીવન અને (૨) ત્યાગી જીવન. જૈનદર્શનના પરમપ્રાચીન ગ્રંથોમાં તેવા જ ઉલ્લેખો નજરે પડે છેઃ—(૧) अणगारि मग्गो અને (૨) अगारि मग्गो य. બૌદ્ધ ગ્રંથમાં પણ તેવી જ પ્રણાલિકા નજરે પડે છે.

## ચાર આશ્રમોની પ્રણાલિકા

તે બન્ને માર્ગોની સુવિશેષ યોગ્યતા ને સુવ્યવસ્થા સાચવવા સારુ વેદધર્મમાં જીવનવિકાસના ચાર વિભાગો શરૂ થયા હોવા જોઇએ. સંન્યસ્તવર્ગનો બહુ સ્પષ્ટ ઉલ્લેખ તો ભગવાન શંકરાચાર્યના કાળ પછી જ મળી આવે છે. તે ચાર આશ્રમોનાં નામો ક્રમશઃ આ પ્રમાણે છેઃ—(૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યસ્તાશ્રમ (ત્યાગાશ્રમ).

ઐતિહાસિક દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમનું આટલું અવલોકન કર્યા પછી બધા આશ્રમોના મૂળભૂત અને જીવનવિકાસના દૃઢ પાયારૂપ બ્રહ્મચર્યાશ્રમનું ચિત્ર અવલોકીએ.

## ૨

# બ્રહ્મચર્યાશ્રમ

બ્રહ્મચર્યાશ્રમ એટલે જીવનશક્તિને સંગ્રહિત કરવાનું અત્યુત્તમ સ્થાન. વીર્યનું સંરક્ષણ અને સુસ્તંભન જે આશ્રમમાં રહીને થાય તે આશ્રમનું નામ બ્રહ્મચર્યાશ્રમ. સામાન્ય રીતે મનુષ્યનો જીવનકાળ સો વર્ષનો નક્કી કરી શાસ્ત્રકારોએ આશ્રમના ચાર વિભાગો નક્કી કર્યા છે. તે અપેક્ષાએ બ્રહ્મચર્યાશ્રમનો કાળ પચીસ વર્ષ સુધીનો ગણ્યો છે.

બાળવયમાં માનસ તદ્દન કોરું હોય છે, તેમાં જે જે પ્રકારની સંસ્કૃતિનાં ચિત્રો અંકિત કરવામાં આવે તેવાં ચિત્રો શીઘ્ર અંકાય છે. તે સારુ પૂર્વકાળે નૂતન પ્રજાજીવનમાં સુસંસ્કૃતિનાં ચણતર ચણવા સારુ ગુરુકુળોની વ્યવસ્થા પ્રચલિત હતી અને તે ગુરુકુળોમાં બાળ-વિદ્યાર્થીઓને પચીસ વર્ષની વય સુધી રાખવામાં આવતા.

**બ્રહ્મચર્યનું માહાત્મ્ય**

પૂર્વપશ્ચિમ આદિ સર્વ દેશોમાં બ્રહ્મચર્યનું માહાત્મ્ય તો આજે પણ તેવું ને તેટલું જ છે. બ્રહ્મચર્યપાલનના ઉપાયોની માન્યતામાં ભલે મતભેદ હોય, પરંતુ બ્રહ્મચર્યની આવશ્યકતામાં કોઈ સ્થળે બે મત છે જ નહિ. કારણ કે પ્રત્યેક કાર્યમાં જીવનશક્તિની આવશ્યકતા છે, અને તે શક્તિ હોય તો જ પ્રત્યેક કાર્યમાં સફળતા મળી શકે છે. પરંતુ અબ્રહ્મચર્ય અને તે પણ કાચી વયમાં સેવાયેલું અબ્રહ્મચર્ય તો જીવનશક્તિના વિકાસના મૂળમાં જ ઘા કરે છે.

**અબ્રહ્મચર્યનું પરિણામ**

એક અનુભવી પુરુષ કહે છે કે જેનું બાલ્યવયમાં બ્રહ્મચર્ય ખંડિત થયું છે તે ત્યાગી બનીને પણ નથી તો શાંતિને આરાધી શકતો કે નથી ગૃહસ્થાશ્રમને સફળ બનાવી શકતો. તે વિશ્વમાં માત્ર બોજારૂપ જીવન વહન કરે છે. પોતે દુ:ખી થાય છે અને અન્યના દુ:ખનું કારણ બને છે. વળી मूलमेतमधम्मस्स અર્થાત્ અધર્મ કે અનર્થનું મૂળ અબ્રહ્મચર્ય જ છે, એમ પ્રાચીન શાસ્ત્રકારોએ પણ સમજાવ્યું છે.

**બ્રહ્મચર્યાશ્રમની પ્રણાલિકા**

તેથી જ પ્રાચીન કાળમાં બાલ્યવયથી બ્રહ્મચર્યના પાલન સારુ આવી આશ્રમની પ્રણાલિકારૂપ ઉત્તમ સગવડ ચાલુ હતી.

તે કાળમાં ગૃહસ્થજીવનના વૈભવવિલાસોનો ત્યાગ કરી જે ઋષિવર્ગ વાનપ્રસ્થ જીવન ગુજારતો હતો, એકાંત અરણ્યવાસ સેવી પોતાની આવશ્યકતાઓ હળવી કરી ખેતીદ્વારા સ્વાવલંબી જીવન જીવી રહ્યો હતો, તે પીઢ, પવિત્ર અને સંપૂર્ણ સદાચારી વર્ગને ચરણે ગૃહસ્થો પોતાની પ્રજાને ધરતા હતા. કૃષ્ણ, રામ ઇત્યાદિ મહાપુરુષોનાં જીવનવૃત્તાંતો પરથી આપણે તે સ્પષ્ટ જાણી શકીએ છીએ.

આ પ્રણાલિકાથી ત્યારની પ્રજાની બાલસંસ્કૃતિમાં ચાર મહાન સદ્ગુણો વ્યાપક હતાઃ (૧) વિશ્વબંધુત્વ (૨) સ્વાવલંબીપણું (૩) સદાચાર અને (૪) કર્તવ્યપરાયણતા. આ ચારે સદ્ગુણ સાચું સુખ પ્રાપ્ત કરાવવા માટે પ્રત્યેક આશ્રમને એકસરખા ઉપયોગી છે.

**આશ્રમજીવનનું ચિત્ર**

ત્યાં નહોતા રાજા કે રંકના ભેદ, નહોતી ઉચ્ચનીચ ભાવનાની મલિન વૃત્તિ. ત્યાં હતાં મનુષ્યજાતિ વચ્ચેની સમાનતા અને સમાન હક્ક. જે કાર્ય સુદામા જેવા નિર્ધન બ્રાહ્મણપુત્રને કરવાનું હતું તે જ કાર્ય રાજપુત્ર શ્રીકૃષ્ણને પણ કરવાનું હતું. ત્યાં નહોતી શહેરી જીવનના કૃત્રિમ સ્નેહ અને સ્વાર્થની બદબો. ત્યાં તો પ્રસરતી હતી સ્વાભાવિક અખંડ સ્નેહની સુવાસ. તેના કાને નહોતા પડતા બિભત્સ

શબ્દોના ધ્વનિ કે તેની આંખે નહોતું જોવાતું શહેરી જીવનનું શૃંગાર-ચિત્ર. પણ તેના કાને અથડાતાં હતાં કુદરતનાં ભાવમય ગુંજન અને દૃષ્ટિગોચર થતા હતા મૃગલાંના નિર્દોષ વિનોદો.

ઋષિપત્નીઓના પૂર્ણ વાત્સલ્યમય અને પવિત્ર વાતાવરણમાં બ્રહ્મચર્યનું પાલન સ્વાભાવિક રીતે જ સુરક્ષિત હતું. તે માતાઓની મંગળમય મૂર્તિ જોતાં જ માતૃભાવના વિશુદ્ધ સંસ્કારો જાગૃત થતા હતા. આવી સંસ્કૃતિમાં જે બાળકો પચીસપચીસ વર્ષો સુધી રહે તેની શક્તિ તથા ઓજસ્ કેવાં અપૂર્વ હોઈ શકે તે કલ્પના પણ ભવ્ય અને આહ્લાદજનક છે.

આવી રીતે જીવનવિકાસની ભિન્નભિન્ન ઉપયોગી વિદ્યાઓ શીખવી, સર્વ કળાઓમાં નિપુણ બનાવી નિયત કાળ સમાપ્ત થતાં તે કિશોરને પુનઃ તેનાં માતપિતાને સુપ્રત કરવામાં આવતો.

## બ્રહ્મચર્યાશ્રમ પછીની બે શ્રેણી

બ્રહ્મચર્યાશ્રમને વટાવી ગયા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી પરોપકાર, દયા, દાન, ઇત્યાદિ સદ્‌ગુણોદ્વારા સમાજની સેવા બજાવવાની તથા સુંદર અને સુદૃઢ પ્રજા ઉત્પન્ન કરવાની વૃત્તિ જે યુવાનને થતી હતી તે ઉપકુર્વાણ બ્રહ્મચારી યુવાનને સુયોગ્ય પત્ની સહ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવાતો, અને એ પરિણીત યુગલને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશતાં પહેલાં એ આશ્રમ સુંદર, સુખી અને સ્વર્ગીય બનાવવા માટે શિક્ષા પણ આપવામાં આવતી.

પરંતુ જે યુવાન આજીવન બ્રહ્મચર્ય પાલન કરવા સમર્થ હોય તે નૈષ્ઠિક બ્રહ્મચારી રહી, ઉપદેશક કે ત્યાગી સંસ્થામાં ભળી, પ્રજાવર્ગમાં ધર્મજાગૃતિનું મહત્ત્વભર્યું કાર્ય કરતો હતો.

આ ઉપરથી બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમની ભૂમિકા કેવા સંજોગોમાં અને કેવી રીતે શરૂ થતી હતી તે સ્પષ્ટ થાય છે. હવે આપણે પ્રસ્તુત વિષયનું નિદર્શન કરીએ.

## ૩

# વિષયનિર્દેશ

બ્રહ્મચર્યાશ્રમના ગત પ્રકરણથી આપણે સ્પષ્ટ રીતે જોઈ શક્યા કે બ્રહ્મચર્યાશ્રમ એ ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમ બંનેનું મૂળ છે અને તેથી તે ત્રણે આશ્રમોનો પરસ્પર ગાઢ સંબંધ છે. વાનપ્રસ્થાશ્રમ તો લગભગ ત્યાગાશ્રમ જેવો જ હોય છે. પરંતુ ફેર એટલો જ કે વાનપ્રસ્થાશ્રમીને ત્યાગી જેવા કડક નિયમો પાળવાના હોતા નથી, અને તેથી વાનપ્રસ્થાશ્રમી મનુષ્ય ગૃહસ્થાશ્રમને લગતાં સત્કર્મો અવશ્ય કરી શકે છે, પરંતુ ત્યાગમાર્ગમાં તો ગૃહસ્થજીવનને લગતા કોઈ પણ કાર્યને સ્થાન હોતું નથી.

આટલા સંક્ષિપ્ત પૃથક્કરણથી સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે કે આ બધા આશ્રમો એકબીજાના સહાયક અને પોષક છે. કોઈ પણ આશ્રમ અન્ય આશ્રમને બાધક હોતો નથી.

હવે આપણે પ્રસ્તુત વિષયની ચર્ચા પર આવીએ.

ગૃહસ્થાશ્રમ અને ત્યાગાશ્રમ એ બન્નેમાં ઉત્તમ આશ્રમ કયો? તે સંબંધમાં અનેક મતભેદો અને માન્યતાઓ દૃષ્ટિગોચર થાય છે. એક પક્ષ કહે છે કે गृहस्थाश्रमसमो धर्मः न भूतो न भविष्यति । ગૃહસ્થધર્મ સમાન અન્ય કોઈ ઉત્તમ ધર્મ નથી. તેનાં કારણો નીચે

પ્રમાણે છેઃ—(૧) ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ભગવાન કૃષ્ણ વગેરે વિશ્વવંદ્ય વિભૂતિઓ ગૃહસ્થાશ્રમના ઉત્તમ ફળસ્વરૂપે જ જન્મ પામી હતી, કે જેમણે વિશ્વનાં ગરીબ તથા પામર પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો છે. (૨) ભીષ્મ અને કર્ણ જેવાં અનેક વીરરત્નો પણ ગૃહસ્થાશ્રમના રત્નાકરમાંથી જ જન્મ પામ્યાં છે, કે જેમણે ભારતીય સંસ્કૃતિને વીરતાના ઓપથી અજવાળી છે. (૩) સંન્યાસી, ત્યાગી, બ્રહ્મચારી, ગ્લાન, રોગી, બાળ અને વૃદ્ધ વગેરે સૌનું રક્ષણ અને પાલન પણ ગૃહસ્થાશ્રમથી જ થાય છે. (૪) આખા સંસારની ઉત્પત્તિનું મૂળ પણ ગૃહસ્થાશ્રમ જ છે. આથી ગૃહસ્થાશ્રમને સર્વોત્તમ માનવાની કોણ ના કહી શકે ?

બીજો વર્ગ કહે કે ત્યાગાશ્રમ એ જ ઉત્તમ છે. કારણ કે ત્યાગ વિના માનવજીવનનો વિકાસ સંભવતો નથી.

ત્યાગ એ જ માત્ર મુક્તિ સાધવાનો માર્ગ છે. અનેક ત્યાગી મહાનુભાવોએ તે માર્ગને સ્વીકારી સ્વ અને પરનું કલ્યાણ સાધ્યું છે. દૃષ્ટાંતરૂપે, અર્વાચીન કાળના શ્રી શંકરાચાર્ય પોતે પણ ત્યાગી હતા. પ્રાચીન કાળમાં તો અનેક મહર્ષિઓએ એ જ રાજમાર્ગમાં મુક્તિની સાધના સાધી હતી. પ્રાચીન ઇતિહાસ તેની સાક્ષી આપી રહ્યો છે.

આ બન્ને પક્ષોની દલીલોમાં બહુ અંશે વાસ્તવિકતા છે ખરી. પરંતુ તે ઉભય આશ્રમોમાં આ ઉત્તમ કે તે ઉત્તમ એવી ચર્ચામાં ઊતરવું યોગ્ય નથી. કારણ કે આ પ્રશ્નનો નિર્ણય તે તે વ્યક્તિની યોગ્યતા પર અવલંબે છે. જે વ્યક્તિ ગૃહસ્થાશ્રમને યોગ્ય હોય તેને માટે ત્યાગમાર્ગ ઉચ્ચ હોવા છતાં આચરણીય નથી થઈ શકતો. તે જ રીતે જે વ્યક્તિ ત્યાગાશ્રમને યોગ્ય હોય તેને માટે તે જ આશ્રમ ઉત્તમ ગણી શકાય. સારાંશ કે તે બન્નેની ઉત્તમતાનો તોલ વિવેકબુદ્ધિદ્વારા તે તે સ્થાને કરી લેવો ઘટે, અને તેથી જ શાસ્ત્રકારોએ તે બન્નેમાં કોઈની ન્યૂનતા કે ઉત્તમતા ન વર્ણવતાં ભૂમિકાઓનો વિકાસક્રમ આ પ્રમાણે સમજાવ્યો છેઃ

माणुसत्तं, सवणे, नाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।

સૌથી પ્રથમ માનવતા, પછી સદ્ધર્મશ્રવણ, વિવેક, વિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન), આવશ્યકતા ઘટાડવાના નિયમો અને ત્યારબાદ ત્યાગ. આ બધી ક્રમપૂર્વકની ભૂમિકાઓમાં ત્યાગનું માહાત્મ્ય સર્વોત્કૃષ્ટ છે. કારણ કે જગતનાં સર્વ પ્રાણીઓ જે સુખને ઇચ્છે છે તે સુખનો સંબંધ વૈભવની પ્રાપ્તિ સાથે નથી, પરંતુ આત્મસાક્ષાત્કાર પર તે નિર્ભર છે. એ આત્મસાક્ષાત્કારનું કેન્દ્રસ્થાન અંતઃકરણ છે. અંતઃકરણની શુદ્ધિ સંતોષ અને પ્રેમ વિના સુલભ નથી, અને સંતોષ તથા પ્રેમનાં અમૃત તો વૈભવવિલાસના ત્યાગથી જ પામી શકાય છે.

પરંતુ વૈભવનો ત્યાગ કરવો એટલે સાધુવેશ ધારણ કરવો એમ નથી. ત્યાગનો આદર્શ સેવી, પોતપોતાની યોગ્યતા અનુસાર તે તે સ્થાનનાં વિશિષ્ટ કર્તવ્યોને ન્યાય આપી, તે તે ભૂમિકામાંથી પસાર થઈ આગળ વધવું, એવું જ તે પરથી ફલિત થાય છે. ઉપરના શાસ્ત્રકથનનો પણ એ જ સાર છે. સાધુજીવન યદ્યપિ ઉચ્ચ છે છતાં જે મનુષ્ય માનવધર્મ કે ગૃહસ્થધર્મની ભૂમિકામાંથી પસાર ન થયો હોય, તે ત્યાગી જીવન ઉચ્ચ હોવા છતાં તેનો અધિકારી બની શકતો નથી.

તે દૃષ્ટિબિંદુથી અને બીજી રીતે કહીએ તો ગૃહસ્થાશ્રમ એ પણ ત્યાગી જીવનના સ્થંભ સમાન છે. જો તે સ્થંભ વધુ સુદૃઢ હશે તો ત્યાગી જીવનની ઇમારત સુવ્યવસ્થિત ટકી રહેશે. તે ધ્યેયને અનુસરીને પણ આજે ગૃહસ્થાશ્રમનો આદર્શ સમજાવવાનો પ્રયાસ કરવો યોગ્ય માની આ વિષયને આ ગ્રંથમાં ન્યાય આપવાનું ઉચિત ધાર્યું છે. એટલો વિષયનિર્દેશ કરી હવે આપણે રાષ્ટ્ર, સમાજ અને ધર્મમાં ગૃહસ્થાશ્રમનું સ્થાન શું છે તે વિચારીએ.

૪

# ગૃહસ્થાશ્રમનું સ્થાન

## રાષ્ટ્રીય દૃષ્ટિએ

રાષ્ટ્ર એટલે દેશ. જુદાંજુદાં ગામો તથા શહેરોનો સમૂહ તે પ્રાંત, અને પ્રાંતોના સમૂહને દેશ કહેવામાં આવે છે. ગામોમાં પ્રજા વસે છે માટે જ તેને ગામ એવી સંજ્ઞા મળી છે. આ પરથી પ્રજાનો મોટો સમૂહ તે જ દેશ તરીકે ઓળખાય છે, કે જે સમૂહમાં એકધારી સંસ્કૃતિ અને રહનસહન હોય છે.

પ્રત્યેક પ્રજાનું જનન, રક્ષણ, પોષણ અને સંવર્ધન એ ચારે વસ્તુઓ ગૃહસ્થાશ્રમમાંથી જ ઉદ્ભવે છે. આથી રાષ્ટ્રીય દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમનું સ્થાન કેટલું મહત્વનું છે તે સ્પષ્ટ સમજાય છે.

## સામાજિક દૃષ્ટિએ

મનુષ્યના સમાન આચારવિચારથી રંગાએલા સમૂહને સમાજ કહેવામાં આવે છે, અને તેના પેટા વિભાગોને મંડળ (જ્ઞાતિ) કહેવાય છે. વ્યક્તિગત જીવનની સારી કે માઠી અસરનું પરિણામ સીધી રીતે સૌથી પ્રથમ તો તે મંડળ અને પછી સમાજ પર થાય છે.

આથી જેટલી દેહને ચેતનશક્તિની આવશ્યકતા છે તેટલી સમાજને વ્યક્તિગત આદર્શ ગૃહસ્થાશ્રમની પણ છે. ગૃહસ્થનું વ્યક્તિગત

જીવન જેટલે અંશે ઉત્તમ અને ભવ્ય હોય તેટલે અંશે તે સમાજ સુખી અને સ્વર્ગીય બનવાનો.

**ધાર્મિક દૃષ્ટિએ**

રાષ્ટ્રીય અને સામાજિક હિતમાં ગૃહસ્થાશ્રમનો ફાળો છે તે વાત સૌ કોઈ એકમતે સ્વીકારે તેમ છે. પરંતુ ધાર્મિકતામાં ગૃહસ્થાશ્રમનો ફાળો હોઈ શકે કે કેમ તે સંબંધમાં આજે મોટો વર્ગ શંકાશીલ છે.

તે વર્ગ એમ માને છે કે ગૃહસ્થાશ્રમ એટલે પાપ, અને પાપ એટલે અધર્મ. અધર્મ હોય ત્યાં ધર્મ હોઈજ શી રીતે શકે? અને આવા ગૃહસ્થાશ્રમમાં આત્મવિકાસને પણ સ્થાન ક્યાંથી હોય?

આવી માન્યતા અમુક કાળથી પ્રચલિત થયેલી હોય તેમ જણાય છે. આ માન્યતાનો અજ્ઞાન વર્ગમાં પ્રચાર થવાથી પરિણામ એ આવે છે કે ગૃહસ્થાશ્રમી પોતાની જાતને પાપી માની પોતાની પવિત્ર ફરજોમાંથી ડગી જાય છે. કારણ કે તે માને છે કે ગૃહસ્થાશ્રમમાં તો પાપ જ છે અને પાપના પરિણામે સંસારપરિભ્રમણ છે, તો પછી પાપીને વળી પાપ શાં! એમ માની, જાણવા છતાં દુર્લક્ષ રાખી, તે કેટલાક અનર્થો ગૃહસ્થાશ્રમમાં રહી કરી બેસે છે.

**ગૃહસ્થાશ્રમીની જવાબદારી**

ઉપરની માન્યતા કેવળ ભ્રમમૂલક અને તદ્દન વજૂદ વગરની છે. ગૃહસ્થાશ્રમ એ પણ આત્મવિકાસનું પ્રથમ પગથિયું છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ મનુષ્ય સત્ય, અહિંસા, સંયમ ઇત્યાદિ સદ્‌ગુણોની આરાધના કરી ઉચ્ચ કોટિએ પહોંચી શકે છે. જૈન શાસ્ત્રકારોએ કહ્યું છે કે "भिक्खाए वा गिहत्थे वा सुव्वए गम्मइ दिवं ।" અર્થાત્ ત્યાગી ભિક્ષુ હો, ગૃહસ્થ હો, તે ઉભય પૈકી જે કોઈ સંયમી હોય તે સ્વર્ગ મેળવવાનો અધિકારી છે. ગીતાજી પણ પુનઃ પુનઃ પોકારીને કહે છે કે

ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ઊર્ધ્વગતિએ જઈ શકાય છે. માત્ર આ સૂત્ર યાદ રાખવું જોઈએ કે "कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन।" સત્કર્મ કરવાનો જ મનુષ્યને અધિકાર છે, તેના ફળની વાસનાનો તેને અધિકાર નથી. કારણ કે ફળ તેના એકલાના હાથની વસ્તુ નથી. એટલે આ રીતે ધાર્મિક દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમનું લક્ષ્યબિંદુ ઉચ્ચ કોટિનું જ છે. અને ગૃહસ્થાશ્રમ પણ નંદનવન સમાન બધા આશ્રમોનું વિશ્રામસ્થાન છે, એમ સ્વીકાર્યા વિના ચાલતું નથી.

**લક્ષ્યબિન્દુ**

આદર્શ ગૃહસ્થાશ્રમનું ધ્યેય વિલાસ ભોગવવાનું નથી પણ વિકાસ સાધવાનું છે. ગૃહસ્થનું બ્રહ્મચર્યખંડન સુંદરતમ પ્રજોત્પત્તિ-અર્થે છે, વિકારવાસનાની પૂર્તિઅર્થે નથી. આથી આવા બ્રહ્મચર્ય-ખંડનમાં પાપ હોવા છતાં તે પાપ ગૃહસ્થાશ્રમીને પીડી શકતું નથી. આદર્શ ગૃહસ્થાશ્રમીની પ્રવૃત્તિ પરને પીડવા માટે નહિ પણ પરોપકારાર્થે હોય છે, તેથી તે પ્રવૃત્તિ પુણ્યકારી બની રહે છે.

પરંતુ જો તે જ ગૃહસ્થાશ્રમ આદર્શ ન હોય તો નંદનવનને બદલે નરકાગાર જેવો થઈ પડે, તે વાત પણ ભૂલવી ન ઘટે. કારણ કે ગૃહસ્થાશ્રમનું સ્થાન જેટલે દરજ્જે ઉચ્ચ તેટલી જ તેની જવાબદારી પણ ગંભીર છે.

# ૫

# લગ્નચર્ચા

જે આશ્રમમાં રહી ગૃહસ્થજીવન ગાળવાનું હોય છે તેને ગૃહસ્થાશ્રમ કહેવાય છે, અને ગૃહસ્થજીવનનો પ્રારંભ વાસ્તવિક રીતે તો વિવાહિત જીવન પછી જ થાય છે. એટલે વિવાહિત જીવન એ ગૃહસ્થાશ્રમનું પ્રથમ અને આવશ્યક અંગ છે. તેથી આ પ્રકરણમાં લગ્નજીવનને લગતા પ્રશ્નોની વિચારણા કરીશું.

**લગ્ન એટલે શું ?**

લગ્ન શબ્દ लग् ધાતુ પરથી આવ્યો છે, લીન થવું એ તેનો શબ્દાર્થ છે. વિવાહ એ પણ લગ્નનો પર્યાયવાચી શબ્દ છે, અને તે પણ वि+वह् અર્થાત્ ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યોને વહન કરવાનું સૂચવે છે.

જાયા એટલે સ્ત્રી, જાયા+પતિ એ બન્ને શબ્દો મળીને દંપતી શબ્દ બને છે. સારાંશ કે સ્ત્રી અને પતિ ઉભયનું પ્રેમમય મિલન થવું તેનું નામ દંપતીલગ્ન. શાસ્ત્રીય દૃષ્ટીએ દમ્પતીલગ્નની આ વ્યાખ્યા છે.

પશ્ચિમના વિચારોની અસર આપણા સમાજ પર પણ થઈ અને યુવાનો મુક્ત સહચારની આકર્ષક વાતોથી અંજાયા, તેઓને લગ્નજીવન બંધનરૂપ લાગ્યું. લગ્નવ્યવસ્થા માનવજીવન માટે તદ્દન નિરુપયોગી છે, એમ પણ કેટલાક માને છે.

આપણે આ માન્યતાને અહીં સુધી સહમત થઈ શકીએ કે જે બ્રહ્મચારી પુરુષ કિંવા બ્રહ્મચારિણી સ્ત્રી જીવનપર્યંત નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવા માગતાં હોય તેને માટે વિવાહિત જીવનની આવશ્યકતા નથી. તેમજ કોઇપણ શાસ્ત્રકારોએ તેવા વર્ગને વિવાહિત જીવન ગાળવું જ જોઈએ એવી ફરજ પાડી નથી. પરંતુ જેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવા માગતાં નથી છતાં લગ્નવ્યવસ્થાને એક પ્રકારની પરતંત્રતા માની તે વ્યવસ્થાનો ભંગ કરે છે, તેઓ તો બન્ને માર્ગ ચૂકે છે, પોતાનું પતન કરે છે, અને ભાવિ પ્રજાની સંસ્કૃતિનું ખૂન કરે છે. તત્ત્વચિંતકો આવી સ્વતંત્રતાને હળહળતી સ્વચ્છંદતાનો જ નમૂનો માને છે. ભલે પછી તેને પ્રગતિકારક સુધારાનું આકર્ષક નામ આપવામાં આવ્યું હોય.

આવી સ્વચ્છંદતાનો વાયુ છેલ્લા અમુક સમય થયાં તો વેગભર ફુંકાઇ રહ્યો છે. આનું પરિણામ વ્યક્તિ અને સમાજ બન્ને પર કડવું આવ્યું છે. અને તેવા પ્રસંગે લગ્નના આદર્શની વિચારણા કરવાનો દરેક વર્ગને સારુ સમય આવી લાગ્યો છે.

## લગ્નનો આદર્શ

ગૃહસ્થાશ્રમનો આદર્શ જેટલો ઉચ્ચ અને ઉન્નતિસાધક છે, તેટલો જ લગ્નજીવનનો આદર્શ પણ ઉચ્ચ અને વિકાસસાધક છે. પતિપત્ની વચ્ચેની પ્રેમઝરણીનું એક સરિતારૂપ બની વહેવું તે જ લગ્નનો આદર્શ. જે જીવનથી નિર્દોષ પ્રેમનું મંડાણ થાય તે જ લગ્નજીવન. તેથી જ સમાજહિતૈષીઓએ લગ્નજીવનને ઉચ્ચ કોટિનું કલ્પ્યું છે. શાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે લગ્ન એ માત્ર દેહલગ્ન નથી પરંતુ તે મનોલગ્ન અને આત્મલગ્ન પણ છે. એ જ દૃષ્ટિબિંદુથી નારીને ધર્મપત્નીનું માનનીય બિરુદ પણ આપવામાં આવ્યું છે.

પત્નીએ પતિના સ્થૂળ દેહની જેટલે અંશે દરકાર રાખવી જોઇએ તે કરતાં વિશેષ રીતે પતિની માનસિક તેમજ આધ્યાત્મિક શુદ્ધિ

પરત્વે રાખવી જોઇએ. અને એ ત્યારે જ બની શકે કે જ્યારે દમ્પતી-જીવનમાં શિક્ષણ અને સદાચારને સંપૂર્ણ સ્થાન મળ્યું હોય તથા વિશુદ્ધ પ્રેમના હેતુપૂર્વક પરસ્પરનાં લગ્ન થયાં હોય.

પ્રાચીન કાળમાં આ આદર્શ યથાર્થ જળવાઈ રહે તે હેતુએ જ યુવક અને યુવતીનાં હિતૈષી મુરબ્બીઓ પર તે બન્નેનાં લગ્નજીવનની પસંદગી કરવાનો અધિકાર સોંપાયો હતો, અને આજે પણ તે ધોરણ અસ્તિત્વ ધરાવે છે.

જો કે આજે બહુધા એવું બને છે ખરું કે પુત્ર અને પુત્રીનાં માતાપિતા સ્વાર્થ કિંવા લોભને વશ થઈ, પોતાની ઉપલી ફરજથી ચ્યુત થઇ, પોતાનાં ફરજંદોના હિતમાં ભારે નુકશાન પહોંચાડે છે; અને આ જ કારણે સમાજની લગ્નવ્યવસ્થા પરત્વે આજે અનેક વિચારોના પ્રહારો થઈ રહ્યા છે. બીજી તરફથી વિધવાવિવાહ જેવા પ્રશ્નો ચર્ચાઈ રહ્યા છે. પરંતુ ઊંડા ચિંતનથી અવશ્ય એમ જણાઇ આવશે કે આમાં પ્રાચીન બંધારણ કે લગ્નવ્યવસ્થા લેશમાત્ર દૂષિત નથી; માત્ર તેને નહિ અનુસરનાર અપવાદિત વ્યક્તિઓ જ તે પરત્વે જવાબદાર છે.

સમાજની વ્યવસ્થા, પછી તે પ્રાચીન હો કે અર્વાચીન હો, માનવજાતિને માટે સર્જાયેલા સ્વાર્થ ઇત્યાદિ દોષોને લઈને તેમાં અપવાદો તો અવશ્ય નીકળવાના. આવા અપવાદોની ખાતર આવા સમાજબંધારણનો લોપ કરવાની ભાવના સેવવી કે તેવા પ્રયત્ન કરવા તે કરતાં અપવાદનું મૂળ શોધી તેની સુધારણા કરવી તે જ પ્રજાના સામુદાયિક હિતની દૃષ્ટિએ વધુ ઉપયોગી છે.

## વર્તમાન સુધારાનું નિદર્શન

આજે તો કોઇ પ્રાચીન નીતિ કે નિયમ, પછી ભલેને તે ઉપયોગી અને જીવનવિકાસ માટે અનિવાર્ય હોય, પણ તેનો લોપ કરી એક ડગલું આગળ વધવું તેને કેટલોક વર્ગ સુધારો માની રહ્યો છે,

અને તેવી રીતે આચરી પણ રહ્યો છે. આવા સુધારામાં નથી દેખાતું વ્યક્તિગત હિત કે નથી હોતું સામાજિક હિત. આવા સુધારાને વાસ્તવિક સુધારો કઈ રીતે ગણી શકાય ?

## સુધારાની આવશ્યકતા

સુધારાની આવશ્યકતા તો દરેક કાળમાં હોય છે, પરંતુ તે સુધારાઓ સમાજજીવનના સંરક્ષક નિયમોને અનુલક્ષીને જ થયા હોવા જોઇએ. તેવા સમાજને હિતકારી સુધારાઓ દરેક કાળની વિશિષ્ટ વ્યક્તિઓએ કર્યા હોય છે. જે આપણે આજ સુધીનાં ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના અવલોકનથી જોઈ જાણી શકીએ છીએ.

દૃષ્ટાંતરૂપે, એક કાળ એવો હતો કે તે વખતે કોઈ એક પુરૂષને એકથી વધુ પત્નીઓનાં સંરક્ષણ અને પાલન કરવાની પણ છૂટ આપવામાં આવતી, અને એકથી વધારે પત્ની સાથેના લગ્નમાં સામાજિક ગુનો ગણાતો નહિ. પરંતુ ત્યારપછી સમય પ્રમાણે પરિવર્તન થતાં એક પતિએ એક પત્ની સાથે લગ્ન કરવું તે જ સામાજિક સભ્યતા ગણાવા લાગી અને આજે પણ તે જ બંધારણ ચાલુ છે. પરંતુ આવી સમય પરત્વેની અનુમતિઓ નારીજીવનના સંપૂર્ણ રક્ષણ અને હિતના દૃષ્ટિબિંદુથી જ યોજાયેલી હતી તે ભૂલવું ન ઘટે.

સારાંશ કે આજ સુધીના સમાજબંધારણના જે જે નિયમો ઉપસ્થિત થતા આવ્યા છે તે બધા સમાજની સાર્વદૈશિક સુરક્ષાને અનુલક્ષીને જ યોજાયેલા છે, આથી તેને યથાર્થ રીતે અનુસરવાની અને તેને સુદૃઢ બનાવવાની સમાજના પ્રત્યેક અંગની ફરજ છે. કારણ કે સમાજબંધારણના નિયમોની અધીનતામાં વ્યક્તિગત સ્વાતંત્ર્યની હાનિ નથી પણ સુરક્ષા છે.

હમણાં હમણાં મુક્ત સહચાર અને પ્રેમલગ્નના આકર્ષક નામના બહાના હેઠળ લગ્નવ્યવસ્થાની જે અરાજકતા સમાજમાં પ્રવર્તી રહી છે તેની વાસ્તવિકતા શી છે, અને સામાજિક દૃષ્ટિએ તેની ઉપયોગિતા

કેટલી છે, તેનો વિચાર કરીએ.

**મુક્ત સહચાર**

જે યુવતીઓ બ્રહ્મચર્યાવસ્થામાં જીવન ગાળવાની ઇચ્છા ન હોવા છતાં પણ અવિવાહિત રહી પુરુષો સાથે મુક્ત સહચારથી જીવન ગાળવા ઇચ્છે છે, તથા તે સ્થિતિમાં સ્વતંત્ર સુખ મેળવવાની આશા રાખે છે, તેમની દશા કેટલીક વાર બજારુ સ્ત્રી કરતાં પણ સહસ્રગણી બૂરી થઈ જાય છે, કારણ કે મુક્ત સહચારમાં એક જ પ્રેમનું પાત્ર હોય તેવી કશી નિશ્ચિતતા સંભવતી નથી. તેથી તે બિચારી પ્રેમના બહાના હેઠળ અનેક હવસખોરોનો શિકાર બની જવા પામે છે, આથી જે પરિણામની યૌવનકાળમાં કલ્પના સુદ્ધાં હોતી નથી તેવું અકથ્ય કષ્ટ પાછલી વયમાં તેને સોસવું પડે છે.

સમાજથી તો તે પ્રથમથી જ સ્વયં અલગ થયેલ હોય છે અને પાછળથી તેના કહેવાતા પ્રેમીઓથી પણ તરછોડાય છે. આવી પરિસ્થિતિમાં તેનું સ્નેહી કે સંરક્ષક કોઈ રહેતું નથી ત્યારે તો તેનો પશ્ચાત્તાપ પરાકાષ્ઠાએ પહોંચી જાય છે.

તેવી જ રીતે જે યુવકો પણ આવી જાતનું જીવન ગુજારે છે તે નિર્વીર્ય અને નિઃસાધન બની પોતાનું અને સાથે સાથે સમાજનું પણ બહુ બૂરું કરી નાખે છે.

આવાં યુવક અને યુવતીઓ અત્યાચાર, અધર્મ અને એવા કંઈક અનર્થોની પીડા પામે છે, અને તેમનું માની લીધેલું સ્વચ્છંદી સુખ પરિણામે તેમને પોતાને પણ એટલું તો ઠગે છે કે તેઓ પોતે જીવનપર્યંત દુઃખની યાતનાઓ વહન કરે છે. અને સમાજ તથા રાષ્ટ્રને પણ તેને અંગે બહુ સોસવું પડે છે. અંગત જીવનમાં પણ વિશુદ્ધ પ્રેમનો વિકાસ રૂંધાઈ જતાં સુખ અને સંતોષને બદલે તિરસ્કાર અને અસંતોષ જન્મે છે. માટે આવા દુઃખમય અને હાનિકારક ભવિષ્યથી બચવા સારુ "अन्यभार्यां नोपगच्छेत् स्वदारनिरतःसदा ।" (मनुस्मृतिनीति)

એક પતિએ એક પત્નીની અને એક પત્નીએ એક પતિની પસંદગી કરી વિવાહિત જીવન ગાળવું તેમાં ભવિષ્યની પ્રજાનું હિત છે.

આ રીતે દર્શનશાસ્ત્રોએ તથા નીતિકારોએ એકભાર્યાવ્રતની ધાર્મિક દૃષ્ટિએ જે ઘોષણા કરી છે તે સામાજિક દૃષ્ટિએ પણ વધુ ઉપયોગી છે તે સ્પષ્ટ જાણી શકાય છે.

જો કે જૈનશાસ્ત્ર ત્યાગમાર્ગ પર વધુ ભાર આપે છે. કારણ કે અનંત જ્ઞાનીઓએ અનેક અનુભવોથી સિદ્ધ કર્યું છે કે મનુષ્યજીવનનું ઐચ્છિક સુખ ત્યાગભાવના પર જ નિર્ભર છે. તેમ છતાં તેટલી યોગ્યતા ન હોય તો ગૃહસ્થજીવનની વ્યવસ્થાને પણ તે ન્યાય આપે છે, અને તેને ઉદ્દેશીને કહે છે કે ગૃહસ્થોએ "स्वदारासंतोष" એટલે કે પ્રજોત્પત્તિનો જ શુદ્ધ હેતુ હોય તો તે દમ્પતીપ્રેમ પણ અચળ અને સ્થિર ટકી રહે છે.

આવાં લગ્ન તે જ સાચાં પ્રેમલગ્ન ગણાય. આવાં પ્રેમલગ્નમાં દેહ-સૌન્દર્યની કસોટીથી જ માત્ર યુવક અને યુવતીને જોડી દેવામાં આવતાં નથી. પણ તેઓનાં પારસ્પરિક ગુણદોષો, પ્રકૃતિ, વય, ઇત્યાદિ બાબતોનો સુમેળ સાધી લગ્ન કરવામાં આવે છે. આવાં પતિ અને પત્નીઓનાં જીવન વિશ્વાસ, સહકાર અને સ્નેહના સ્રોતથી તરબોળ રહે છે.

પોતાનાં પુત્રપુત્રીને જીવનપર્યંતના સળંગ પ્રશ્નરૂપ લગ્નજીવનને આ રીતે યોજી આપવાં એ જ તે ઉભયના વડીલોની પવિત્ર ફરજ છે એમ સમાજબંધારણ પણ પોકારીને જણાવે છે.

**પ્રેમલગ્ન**

હમણાં હમણાં ઉપર કહેલા મુક્ત સહચારની માફક પ્રેમલગ્નના નામે એક બીજો ભ્રમ પણ ક્વચિત્ દેખાવ દે છે. આવા કહેવાતા પ્રેમલગ્નમાં યુવક અને યુવતી બન્ને કોઈની સલાહ સ્વીકાર્યા વિના કેવળ પોતાની જ પસંદગીથી લગ્ન કરવાની માન્યતા ધરાવે છે.

મુક્ત સહચારના સિદ્ધાંતની માફક આ માન્યતામાં લગ્નવ્યવસ્થાનો તિરસ્કાર નથી. તો પછી તે સિદ્ધાંતમાં શી ત્રુટિ છે કે જેથી તેની ભ્રમમાં ગણના થાય, તે શંકા નિવારવા સારુ તેની વાસ્તવિકતા વિચારીએ.

## વયની અસર

યુવક અને યુવતી કે જેમને જીવનપર્યંત એકબીજાનો સહકાર સાધી ગૃહસ્થાશ્રમરૂપી શકટનો ભાર વહન કરવાનો હોય છે, તેઓ રાજીખુશીથી પરસ્પર પોતાની મેળે યોગ્ય પાત્ર શોધી લે તે કાંઈ ખોટું નથી. પરંતુ તે પ્રસંગ જ એવો હોય છે કે તેવે સમયે આવાં યુવકયુવતીઓમાંનાં ઘણાંખરાં એક પ્રકારના આવેશને અધીન હોય છે, અને તે વસ્તુ તે વયમાં સ્વાભાવિક છે. બીજું, તેઓને પરિપક્વ વયના અનુભવનું જ્ઞાન પણ હોતું નથી, અને ઘણાંખરાં તો એકબીજાના દેહસૌન્દર્યથી જ આકર્ષાયાં હોય છે. એવાં કારણોને લઈને જ પારસ્પરિક ગુણદોષોની નિરીક્ષણબુદ્ધિ તેઓમાં જાગૃત થવા પામતી નથી.

## અનુભવ

આ સ્થળે મહાત્મા ગાંધીજીના પુત્રના લગ્નપ્રસંગની વસ્તુસ્થિતિનું દર્શન કરાવવાથી તે પરિસ્થિતિનો ખ્યાલ આવશે અને લગ્ન-વ્યવસ્થાની આવશ્યકતાનો પણ બોધ થશે એમ ધારી તેનું સંક્ષિપ્ત અવતરણ અહીં આપ્યું છે.

“ગાંધીજીના પુત્રે પોતાની ઇચ્છા જેમ બને તેમ જલદી વિવાહિત જીવન સ્વીકારવાની છે, એમ ગાંધીજીને જણાવ્યું. અને એમાં એમની મદદ અને સંમતિ માગી. ગાંધીજીએ બન્નેને મંજૂરી આપવા કબૂલ કર્યું, અને જ્ઞાતિબંધન તોડીને વિવાહ કરવો એવો એમણે નિશ્ચય કર્યો.

એમણે શોધ ચલાવી અને એક કન્યા એમને વિવાહ માટે

પસંદ કરવા જેવી લાગી, પણ એ કન્યા વિવાહ માટે સંમત નહોતી. બીજી કન્યા પસંદ કરી, એ વિવાહિત જીવન ઈચ્છતી હતી.

ગાંધીજીએ પોતાની સ્વભાવસિદ્ધ સરળતાથી પોતાના દીકરાના ગુણદોષોનું કન્યા અને એનાં માતાપિતા આગળ વર્ણન કર્યું અને વિચાર કરવા કહ્યું. ગાંધીજીએ કન્યાના ગુણદોષો પોતાના પુત્રને લખી જણાવ્યા અને પોતાની ભલામણ લખી જણાવી. કન્યામાં એક શારીરિક ખોડ હતી.

એક મિત્રે ગાંધીજીને સૂચવ્યું કે 'તમારે વરકન્યાને મેળવી આપવાં જોઈએ, અને બન્નેને એકબીજાનો પરિચય થવા દેવો જોઈએ. અને કન્યાની શારીરિક ખોડને નિભાવી લેવા પુત્ર કેટલે અંશે તૈયાર છે, તથા પરિચય થયા બાદ એકબીજા સાથે લગ્ન કરવા સંમત રહે છે કે કેમ, તે જોવું જોઈએ.'

ગાંધીજીને આ સૂચના ઠીક ન લાગી. એમણે કહ્યું, 'મને આવી પદ્ધતિ બરાબર લાગતી નથી. આજે એ બન્ને લગ્ન માટે ઉતાવળાં થયાં છે. એમની દૃષ્ટિ આજે મોહાંધ ગણાય. એ ભેગાં થઈ 'હા' ભણે તોયે વિચારપૂર્વક હા કહી છે એમ નહિ કહી શકાય. 'ના' નીકળી શકે એવાં જેટલાં કારણો હોઈ શકે તે બન્નેને સ્પષ્ટ કરી સમજાવ્યાં છે. જેમનામાં કામેચ્છા ઉદ્ભવી છે એવાં સ્ત્રીપુરુષ, એકબીજા પ્રત્યે સકામદૃષ્ટિ એકવાર પોષ્યા બાદ લગ્ન કરવા ન કરવાનો ઠરાવ કરવાની છૂટ લેવા ઇચ્છે, એ મને અયોગ્ય લાગે છે. એમાં સમાજની અને ખાસ કરીને સ્ત્રીજાતિની રક્ષા નથી. સમાજને એ અપવિત્ર કરનારી વસ્તુ છે.' " ('જૈનજ્યોતિ'માંથી)

આવી સાહસિક લગ્નપ્રણાલિકાને અનુસરવામાં ખૂબ જોખમ છે. યુવાનીના આવા પ્રેમપ્રસંગો બહુધા વાસનાથી જન્મે છે, તેથી તે સ્નેહ કૃત્રિમ હોવાથી ગૃહસ્થાશ્રમના જીવનકાળમાં તેનો રંગ ઝંખવાય છે અથવા નાબૂદ થાય છે.

## ફલનિદર્શન

આવેશ અને મોહથી ઉત્પન્ન થયેલાં લગ્ન કસોટીમાં સાંગોપાંગ પાર ઊતરી શકતાં નથી. ગૃહસ્થાશ્રમનું નાવ જેમજેમ આગળ ધપતું જાય છે, તેમતેમ તેવા યુગલને અવનવા અનુભવો થતા રહે છે. ધીમેધીમે વય વધતાં સૌંદર્યનું આકર્ષણ ક્ષીણ થતું જાય છે, અને સુખદુઃખમાં પરસ્પરની વૃત્તિઓની કસોટી પણ થતી જાય છે.

આવા પ્રસંગે યુવાનની મહત્ત્વાકાંક્ષાના હવાઈ કિલ્લાઓ એક પછી એક જમીનદોસ્ત થતા જણાય છે, ત્યારે પોતાની સાહસ-વૃત્તિનું અને ભૂલનું તેને ભાન થાય છે ખરું. પરંતુ હવે તો તેઓ જીવનની મુસાફરીમાં બહુ આગળ વધી ગયેલાં હોય છે. તેથી પ્રકૃતિના અણબનાવમાં પણ તેમના ગૃહસ્થાશ્રમનું રગસિયું ગાડું સુખે અગર દુઃખે પસાર થયે જ છૂટકો છે. તેઓ ભલે તે સમયે સમાજ તરફ શાપ વરસાવે, પરંતુ નથી તેમાં સમાજના બંધારણનો દોષ કે નથી ઇતરનો દોષ; દોષ માત્ર તેમની પોતાની જ વૃત્તિનો છે.

## વડીલોએ શું કરવું ?

આથી જ આવા ભવિષ્યથી બચવા માટે નીતિકારોએ વરકન્યાના ગુણદોષોનો ભાર અનુભવી વડીલોને સોંપ્યો છે. કારણ કે તેઓ પરસ્પરની વય, ઉભયનાં માતાપિતાની કુલીનતા, કન્યાની યોગ્યતા અને સદ્‌ગુણાદિની પરીક્ષા કરવાનો પાકો અનુભવ ધરાવે છે.

જે વડીલો નિસ્વાર્થી અને પ્રજાનાં હિતૈષી હોય છે તેઓ પોતાની ફરજને બરાબર સમજી શકે છે, અને પોતાની સંતતિનું ગૃહસ્થજીવન સુંદર રીતે પસાર થાય તેવી યોગ્ય જોડીની પસંદગી કરી આપે છે. તે પસંદગી થયા પછી પોતાની સંતતિને પણ તે વસ્તુસ્થિતિનું યથાર્થ ભાન કરાવી, તેઓની પાકી અનુમતિ મળ્યા પછી જ તેઓનાં લગ્ન કરી આપે છે. આવા

ગૃહસંસારમાં તે યુવકયુવતીને તેમનું મનોરથપૂર્ણ સ્વર્ગીય જીવન ગાળવાની તક સાંપડે છે. અને તેવા દંપતીજીવનમાં સૌજન્ય અને સ્નેહની સુવાસ ઠેઠ સુધી પ્રસરી રહે છે.

એ ખેદનો વિષય છે કે આજનો વડીલ વર્ગ આ પવિત્ર ફરજને કેટલેક અંશે પરવારી બેઠો છે. આજે તો પુત્રપુત્રીને ગમે તેની સાથે જોડી આપવાં એટલામાં જ પોતાના કર્તવ્યની ઇતિસમાપ્તિ માની બેસે છે, અથવા સ્વાર્થવશ અયોગ્ય કાર્ય કરી બેસે છે.

લગ્નવ્યવસ્થામાં વ્યાપી રહેલી અરાજકતા અને આજના ગૃહસ્થાશ્રમની દુર્દશામાં આ પણ એક પ્રબળ કારણ છે. તેઓમાંનાં કેટલાંક તો લગ્નજીવન માટે વરકન્યાના ગુણદોષોનો તો શું પરંતુ યોગ્યાયોગ્ય વયનો સુદ્ધાં વિચાર કરવાનો અવકાશ લેવા માટે થોભતાં નથી. એક પિતા પોતાના સ્વાર્થની ખાતર કોઇ બુઢ્ઢાસુઢ્ઢા કે સડેલા પુરુષના કરમાં પોતાની કૂમળી કળી જેવી નિર્દોષ બાળાનું જીવન હોમતાં લેશમાત્ર અચકાતો નથી. કોઈ પિતા પોતાની પુત્રીનો લગ્નસંબંધ બાળવયમાં જ કરી નાખે છે, અથવા તો અયોગ્ય સંબંધ પણ જોડી દે છે.

આવા નિયમવિરુદ્ધ તથા અણમેળ લગ્નોથી એ કિશોર બાળાઓ દામ્પત્યજીવનના સુમધુર રસથી વંચિત રહે છે, અને એવાં એવાં કારણોથી અબળાઓના આર્તનાદો અને વૈધવ્યજીવનની કરુણ કહાણીઓ પ્રાયઃ જન્મે છે. વધારામાં વૈધવ્યજીવનને પવિત્ર અને સુરક્ષિત રાખવાનાં ઉપાયો અને સાધનો તરફ પણ આવાં કહેવાતાં હિતૈષીઓ બેદરકારી સેવે છે [illegible]રિણામે સમાજને કલંકિત કરનારાં દુષ્ટ કાર્યોની પરંપરા એક પ[illegible]એક ઉત્પન્ન થતી જાય છે, જે નિવારવા વિધવાવિવાહ અને એવી એવી પ્રવૃત્તિની ઝુંબેશ ઉઠાવતો એક વર્ગ સમાજ સામે છડેચોક તૈયાર થતો જાય છે.

સમાજનાં આ બધાં દર્દોને મૂળથી નાબૂદ કરવા સારુ વરકન્યાના વડીલોને પોતાની પવિત્ર ફરજનું ભાન થાય તેવી વ્યવહારુ કોશિશ કરવાની પ્રત્યેક સાચા સુધારકની સૌથી પ્રથમ અને અગત્યની ફરજ છે. આ પ્રવૃત્તિમાં વિચારબળ ઉપરાંત કાર્યકારક શક્તિની પણ પૂર્ણ આવશ્યકતા છે, અને સાથેસાથે ફળ પરત્વે ધીરજ અને સહિષ્ણુતાની પણ અપેક્ષા છે. પરંતુ "मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखं।" આ ફરજ યથાર્થ રીતે બજાવી શકાય તો સમાજજીવનને કોરી રહેલાં અનેક દર્દોનો જડમૂળથી નાશ થઈ શકે, એ નિર્વિવાદ વસ્તુ છે.

### છૂટાછેડા

અત્યાર સુધી આપણે જે ચર્ચા કરી ગયા તે બધી લગ્નજીવનના પ્રારંભકાળની હતી. આ પ્રશ્ન લગ્નજીવન પછીનો છે. એટલે તેની પણ પ્રાસંગિક ચર્ચા ગૃહસ્થજીવનમાં અનિવાર્ય હોવાથી અહીં તે પ્રશ્નની વાસ્તવિકતાની વિચારણા કરી લેવી ઉચિત છે.

દામ્પત્યજીવન યોગ્ય હોવા છતાં શારીરિક આકર્ષણની હીનતાને કારણે અથવા વાસનાની અતૃપ્તિને કારણે કેટલેક સ્થળે એક ઉપરાંત બીજું પત્નીલગ્ન અથવા છૂટાછેડાનો ઉપયોગ વર્તમાનકાળમાં કેટલીક વાર થતો હોય તેમ દેખાય છે.

આવી જાતના છૂટાછેડાનો વાયુ પ્રાયઃ વિદેશી સંસર્ગથી ઊતરી આવેલો જણાય છે. જો કે પતિ અને પત્નીનું સન્માન અને લગ્ન-જીવનની વ્યવસ્થા યથાર્થ જાળવવા સારુ અતિ પ્રબળ કારણવશાત્ તો ભારતવર્ષની પ્રાચીન સમાજવ્યવસ્થામાં પણ આવી છૂટનો ઉલ્લેખ સ્મૃતિમાં છે ખરો.

**नष्टे मृते प्रव्रजिते क्लिबे च पतिते पतौ ।**
**पंचस्वापत्सु नारीणां, पतिरन्यो विधियते ॥**

"પતિ નષ્ટ થયો હોય, મૃત્યુ પામ્યો હોય, તજી ગયો હોય, નપુંસક થઈ ગયો હોય અને પતિત થયો હોય તો આવાં પ્રબળ કારણથી તે બીજા પતિ સાથે લગ્ન કરી શકે છે."

પરંતુ આજે જેવા રૂપમાં તે પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે તેવા છૂટાછેડાની છૂટ તો ગૃહસ્થાશ્રમની સંસ્થાને લેશમાત્ર ઉપયોગી નથી, એટલું જ નહિ બલ્કે તે દામ્પત્યજીવનનાં નિર્મળ સ્નેહમાં બહુ હાનિકારક છે એમ દીર્ઘવિચારને અંતે જણાયા વિના રહેતું નથી. કારણ કે એક પતિ પોતાની પ્રેમપાત્ર પત્નીનો અને એક પત્ની પોતાના પ્રાણવલ્લભ પ્રીતમનો જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે (ગળે ઊતરે એવા એક પણ સબળ કારણ સિવાય) ત્યાગ કરી શકે તેવી જાતની સાર્વદેશિક છૂટ ભારતીય સંસ્કૃતિ સારુ બિલકુલ અનાવશ્યક અને તદ્દન નિરુપયોગી છે.

જે ભારતમાં પતિના મૃત્યુ પાછળ પત્નીનું જીવન અને પત્નીના વિયોગથી પતિનું જીવન નીરસ બની જતું એવો અપૂર્વ દામ્પત્યપ્રેમ હતો તે જ ભારતમાં છૂટાછેડાની આવી અનાવશ્યક પ્રથાની ચર્ચાઓ ઊભી થાય છે, તે ખરેખર ભારતીય સંસ્કૃતિ માટે લજ્જાસ્પદ વસ્તુ છે. અને ગૃહસ્થાશ્રમની હીનતાનો પણ એક નમૂનો છે તેમ જાણીને ક્યા સમાજપ્રેમીને હૈયે દર્દ ઉત્પન્ન નહિ થાય?

હવે તો પાશ્ચાત્ય દેશોના સમાજહિતચિંતકો પણ આવી જાતના છૂટાછેડાની અનાવશ્યકતા સ્વીકારતા થઇ ગયા છે. તેથી સ્પષ્ટ જણાય છે કે તે વસ્તુ સમાજ સારુ ઉપયોગી નથી. આને માટે પશ્ચિમમાં છાશવારે છૂટાછેડા ન થાય એવા કાયદાઓ અને પુનર્લગ્નના પ્રસંગ ભારે કર નાખી લગ્નજીવન વ્યવસ્થિત કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે. માટે સમાજના પ્રત્યેક જવાબદાર અગ્રેસરે તથા લોકનેતાએ આવા પ્રશ્નો પર ઊંડી ચિકિત્સા કરી તે કારણોનો જ નાશ કરવો એ જ તેમનું અનિવાર્ય કર્તવ્ય છે. કારણ કે સમાજની સુધારણા તથા સમાજની સુરક્ષિતતા આવા પ્રશ્નો પર જ અવલંબે છે.

### છૂટાછેડાનું મૂળ

આજના દુઃખી ગૃહસ્થાશ્રમ પરત્વે વડીલોની બેદરકારી સિવાય એક બીજું પણ પ્રબળ કારણ છે કે જે છૂટાછેડાના ઉપસ્થિત થયેલા પ્રશ્નોનું મૂળ છે. તે છે દામ્પત્યપ્રેમનો અભાવ.

શુદ્ધ દામ્પત્યપ્રેમને આજે વિકારની વાસનાના શેતાને ચૂંથી ખાધો છે. વિલાસની અતિમાત્રાઓથી વિકારને પુષ્ટિ મળી છે અને મળ્યે જાય છે. વળી બ્રહ્મચર્ય અને સંયમની ઉપયોગિતા માત્ર ધાર્મિક દૃષ્ટિએ નહિ પરંતુ સામાજિક દૃષ્ટિએ પણ આજે ઊભી થવા પામી છે. વળી આ બન્ને સિદ્ધાંતોનો પ્રચાર જેવી રીતે ગૃહસ્થાશ્રમના લગ્નવિષયક અંગને વ્યવસ્થિત રાખવા સારુ જેટલો ઉપયોગી છે તેટલો જ રાષ્ટ્રની વ્યાપી રહેલી બેકારીના નિવારણ માટે પણ આવશ્યક છે તેમ ઊંડાણથી વિચારતાં જણાઈ આવે છે. હવે તો આપણી સરકારે એવા કાયદા કર્યા છે કે જેથી સમાજ જો તેને સાચા અર્થમાં અપનાવી લે તો એવા પ્રસંગો ક્વચિત જ બનશે.

### સંતતિનિયમનનો સિદ્ધાંત

લગ્નવિષયક ચર્ચામાં આગળ વધતાં એક બીજો પણ સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે લગ્નજીવનમાં સંતતિનું સ્થાન છે કે કેમ? કારણ કે શાસ્ત્રકારોએ તો "प्रजा हि गृहमेधिनाम्।" ઉત્તમ પ્રજોત્પત્તિઅર્થે લગ્નવ્યવસ્થા નિર્માણ કરી છે. તે સંતતિનિયમનનો સિદ્ધાંત શાથી અસ્તિત્વમાં આવ્યો તે જાણવું જોઈએ.

કેટલાક એમ માને છે કે પ્રજા વધવાથી રાષ્ટ્રીય બેકારીમાં વધારો થાય છે, માટે સંતતિનિયમન સમાજને આવશ્યક છે. આ સિદ્ધાંતમાં પણ પ્રાયઃ વિદેશોનો જ ચેપ છે.

### ભારતની બેકારી

આજે ભારતની બેકારીનો પ્રશ્ન ઉકેલવા માટે કેટલાક જવાબદાર વિચારકો પણ તે તરફ આકર્ષાયા છે ખરા. પરંતુ આ સિદ્ધાંત જેટલો ઉપલક દૃષ્ટિએ સરળ અને સુંદર લાગે છે તેટલો જ પરિણામે સમાજજીવનનો નાશક છે. વળી રાષ્ટ્રીય બેકારી દૂર કરવાની દૃષ્ટિએ

પણ તેની ઉપયોગિતા યથાર્થ રૂપમાં સિદ્ધ થઈ શકતી નથી તે ભૂલવું ન ઘટે. કારણ કે આખી સૃષ્ટિમાં એ કુદરતી નિયમ છે કે જે જે પ્રાણીઓ જન્મે છે તેની ઉત્પત્તિની સાથે જ તેની જીવનોપયોગી સામગ્રીનું સર્જન પણ થતું રહે છે. દૃષ્ટાંતરૂપે આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે બાળક ઉત્પન્ન થાય છે ત્યારે તેને હવા, જળ અને ખોરાકની આવશ્યકતા હોય છે. તો હવા કુદરતી રીતે તેને મળી રહે છે તથા જળ અને ખોરાકની ગરજ પૂરી પાડવા સારુ તે જ વખતે માતાના પયોધરમાં દૂધની વ્યવસ્થા થયેલી હોય છે, અને એ જ પ્રકારે જેમજેમ તેનું જીવન લંબાતું જાય છે તેમતેમ શક્તિ અને સાધનો પ્રાપ્ત થતાં રહે છે.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ અવલોકન કરતાં હેન્રી જ્યૉર્જ નામના એક વિદ્વાન અર્થશાસ્ત્રીએ આ જ માન્યતાને પુષ્ટિ આપતાં કહ્યું છે, કે "વસ્તીના વધવાથી કંઈ જિંદગીની ખોરાકી ખૂટી જતી નથી. માનવશક્તિનો આજે દૃષ્ટિગોચર થતો હ્રાસ અને માનવદુઃખોનો ગંજ એ કુદરતના કાયદાને અંગે નથી. એ તો કુદરતના કાયદાને નહિ અનુસરવાનાં જ સીધાં પરિણામો છે."

એટલે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જેઓ રાષ્ટ્રની બેકારી દૂર કરવા માટે આ સંતતિનિયમનના સિદ્ધાંતનો પ્રચાર કરે છે તે તદ્દન અવાસ્તવિક છે.

## સંતતિનિયમનનું ધ્યેય અને તેનું પરિણામ

પણ જો સંતતિનિયમનનો સિદ્ધાંત વીર્યસંરક્ષણના શુદ્ધ લક્ષ્યબિંદુથી યોજાતો હોય તો આજે તેવા નિયમનની આવશ્યકતા છે ખરી. કારણ કે એક મહાપુરુષે જણાવ્યું છે કે જે પ્રજા વિકારી ભાવનાને અંગે ઉત્પન્ન થાય છે તે કદી માતા, પિતા, કુટુંબ, સમાજ કે રાષ્ટ્રની સેવા તો કરી શકતી નથી, બલ્કે ઊલટું માતૃદ્રોહી, પિતૃદ્રોહી, કુટુંબદ્રોહી, સમાજદ્રોહી તથા રાષ્ટ્રદ્રોહી બને છે. તે મહાસ્વાર્થ અને વાસનાના વમળમાં ગોથાં ખાઈ પોતાનું જીવન પૂરું કરે છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કેઃ—

जायन्ते दुर्विवाहेषु ब्रह्मकर्मद्विषः सुताः । क० ३–४१.

વિવાહની પવિત્ર ભાવના લુપ્ત થયા પછી અર્થાત્ વિકારી વાસનાથી જે પ્રજા જન્મે છે તે અધાર્મિક જ બને છે. આવી પામર પ્રજાને ઉત્પન્ન કરવી તે પણ એક પ્રકારનું પાપ છે.

પરંતુ જે પ્રજા ધર્મભાવના અને ઉચ્ચ સંસ્કારથી ઉત્પન્ન થાય છે તે જ પ્રજા પોતાના કર્તવ્યનું પાલન કરવા સારુ વિવિધ આત્મભોગો આપી શકે છે. તેથી જ્યાં જ્યાં વિલાસ અને સ્વાર્થનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હોય ત્યાં તેવા વાતાવરણમાં તેવી પ્રજાની વૃદ્ધિ થાય તે કરતાં સંયમની ભાવના ફેલાય તે વધુ યોગ્ય છે.

વળી પરિણીત દંપતી કાયિક બ્રહ્મચર્ય પાળે તો પોતાનું સ્વાસ્થ્ય કે જે તત્ત્વ આજે સમાજમાં બધે અલ્પ પ્રમાણમાં માલૂમ પડે છે તેને પુનઃ પ્રાપ્ત કરી પોતાની અમૂલ્ય શક્તિના સંચયનો પરમાર્થ ખાતર સદ્વ્યય કરી શકે. પૂર્વકાળમાં આવી ભાવના ખૂબ વ્યાપક હતી અને તેથી પ્રજાજીવન અનેક પ્રકારે સુખી હતું.

આવું દમ્પતી સહ બ્રહ્મચર્યનું પાલન કરનાર વર્ગ ભલે અલ્પ પ્રમાણમાં તૈયાર થઈ શકે. પરંતુ તે વર્ગ સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ પ્રજાની આશિષો અવશ્ય મેળવી શકે તેમાં તો લેશ માત્ર આશ્ચર્ય નથી.

પરંતુ જો કોઈ વિકારી વાસનાને પોષીને કૃત્રિમ પ્રયોગદ્વારા પ્રજનનના કાર્યને અટકાવવાની કોશિશ કરે તો તો પરિણામ એ આવે કે પુરુષજાતિ નપુંસક બને અને સ્ત્રીજાતિનાં વાત્સલ્ય તથા સૌજન્યના સ્રોતો સુકાઈ જાય. પરિણામે રાષ્ટ્રીય હિતને બદલે રાષ્ટ્રીય સંસ્કૃતિના મૂળમાં જ કાપ પડે, અને સંસ્કૃતિ નાશ પામ્યા પછી માનવજાતિમાં જીવન જેવું કશું તત્ત્વ રહેવા પામે નહિ.

વળી જેઓ વિકારવાસનાને પણ ખાવાપીવા કે મળત્યાગની ક્રિયાની પેઠે કુદરતની હાજત માને છે તે પણ એક ભ્રમપૂર્ણ માન્યતા છે. તેવી માન્યતા ધરાવનાર વર્ગે સમજી લેવું જોઈએ કે

બ્રહ્મચર્ય એ અસ્વાભાવિક વસ્તુ નથી, તેમ અસાધ્ય પણ નથી. વળી વાસનાને વહેતી મૂકવી એ ખાવાપીવા જેવી અનિવાર્ય ક્રિયા નથી, કારણ કે જેમજેમ તેને વહેતી મુકાય છે તેમતેમ हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते । (महाभारत) એટલે કે જેમ આહુતિથી અગ્નિ શાંત પડતો નથી બલ્કે વધે છે, તેમ તે પણ વધ્યે જાય છે.

માટે જો કોઈ વ્યક્તિ યા સમૂહ આ સિદ્ધાંતનો વાસનાના પોષણ અર્થે જ દુરુપયોગ કરે તો તે વર્ગ પોતાના અને પ્રજાના હિતને મહાન હાનિ પહોંચાડે છે. અને તે અધાર્મિક કાર્ય માનવતાને પણ લજાવે તેવું છે, તેમ તેણે સમજી લેવું ઘટે.

## લગ્નજીવનની પરિસ્થિતિ

આ બધાં દર્દોનું મૂળ આજના લગ્નજીવનની ધ્યેયશૂન્ય પરિસ્થિતિ જ છે. વિચારમાં ભલે ન હો પરંતુ વર્તનમાં તો માત્ર વિકારને પોષવા સારુ જાણે લગ્ન ન હોય, તેવું ધ્યેય સમાજમાં બહુ અંશે દેખાય છે. તેથી જ સ્ત્રીનું જીવન પણ એક શણગારેલી પૂતળી જેવું નિષ્પ્રાણ થઈ ગયું છે.

વિવાહિત જીવન પછી જ્યાં સુધી પતિ અને પત્ની ઉભયની વાસના તૃપ્ત થતી રહે છે ત્યાં સુધી તે માની લીધેલો પ્રેમ ટકી રહે છે. પછી તો તેનો વિલય થાય છે, કિંવા ક્ષીણ થતો જાય છે. દમ્પતીજીવનમાં લાગણીની એકાકારતા એટલે કે એકબીજાનાં સુખે સુખ અને દુઃખે દુઃખ થાય તેવી સ્થિતિનાં દર્શન જ થતાં નથી. આ પ્રશ્ન એટલો ગંભીર અને અગત્યનો છે કે તેના ઉકેલ પર જ આદર્શ ગૃહસ્થાશ્રમની ઇમારતના પાયાની દૃઢતાનો આધાર છે.

જ્યારે પતિ અને પત્ની એ બન્ને વિકારી વાસનાની પૂર્તિનાં સાધન નહિ પણ ગૃહસ્થાશ્રમનાં બે ચક્રો છે, પ્રત્યેક કાર્યમાં બન્નેને પરસ્પરના સહકારથી જીવવાનું હોય છે, સ્ત્રીજાતિને પણ પુરુષજાતિ જેટલો અધિકાર છે, આટલું સમજી વર્તનમાં મુકાશે ત્યારે આજની

દેખાતી લગ્નજીવનની અવ્યવસ્થાનો ઉકેલ સહેજે આવી રહેશે, અને તે દિવસ એવો ભવ્ય હશે કે ઘેરઘેર સ્વર્ગ ઊતરશે અને આનંદમંગળના કલરવ સંભળાશે.

આવી રીતે લગ્નવ્યવસ્થાની વિચારણા પછી સમાજમાં દંપતી-જીવનનું એક અંગ કે જે રોગિષ્ટ છે તેની વિચારણા કરવી અહીં આવશ્યક છે.

## સ્ત્રીસમાજની વર્તમાન હાલત

સ્ત્રી પણ ગૃહસ્થાશ્રમરૂપી રથનું ચક્ર છે, તેથી જેટલે અંશે તે ચક્ર મજબૂત ન હોય તેટલે અંશે ગૃહસ્થાશ્રમમાં શિથિલતા આવે એ સ્વાભાવિક જ છે.

છેલ્લા શાસનકાળમાં નારીજીવનની શિક્ષણપ્રણાલિકા ઘણી જ અવ્યવસ્થિત થઈ ગઈ હતી. તેના જીવનને ઉપયોગી વિષયોનું બહોળે અંશે તેને જ્ઞાન મળતું નહોતું. તેથી નારીજીવન નિર્માલ્ય પ્રાયઃ થઈ ગયું.

પૂર્વકાળે નારીજીવન કેટલું મહત્ત્વનું હતું તેનું મનુસ્મૃતિનાં આ સૂક્તો સ્પષ્ટ પ્રમાણ આપે છેઃ

" यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।" જ્યાં ગૃહદેવીઓનાં સન્માન હોય છે ત્યાં જ દેવોનાં રમણ હોય છે. આ સિવાય રાધા-કૃષ્ણ, સીતારામ ઇત્યાદિ ભક્તિમંત્રોમાં પણ સન્નારીનું સૌથી પ્રથમ સ્થાન છે.

આ ઉપરથી સમજી શકાય છે કે જે વર્ગ, વર્તમાન નારી-જીવનની દુર્દશામાં ભારતની પ્રાચીન પ્રણાલિકાની ઊણપ આગળ ધરે છે તે તદ્દન અસ્થાને છે. આ વિશે નથી શાસ્ત્રનો દોષ કે નથી સમાજબંધારણનો દોષ, દોષ છે માત્ર પુરુષોની મૂઢ સ્વાર્થપરાયણતાનો.

જ્યારથી નારીજીવન પ્રત્યે પુરુષવર્ગ બેદરકાર બન્યો અને નારી-જીવન પ્રત્યેનું સન્માન ઘટી નારી એ પગની મોજડી અને વાસના-

તૃપ્તિના એક સાધન તરીકે મનાવા લાગી, ત્યારથી "यादशी भावना यस्य सिद्धिर्भवति तादशी" તે કથનાનુસાર આ ભાવનાના ફળસ્વરૂપે ગૃહસ્થાશ્રમની અને ક્રમશઃ રાષ્ટ્રની પણ દુર્દશાની શરૂઆત થવા પામી છે.

આજે ભગવાન મહાવીર, ભગવાન કૃષ્ણ વગેરે મહાપુરુષો પ્રસવનાર એ રત્નકુંખધારિણીઓમાંથી મોટે ભાગે નિષ્પ્રાણ અને નિસ્તેજ પ્રજા ઉત્પન્ન થવા માંડી છે.

એક કવિએ કહ્યું છે કેઃ

દૈવીભાવથી દેવ બને, પણ ગોલીથી ગોલા થાવે,
ઊંદરડી સમજે સ્ત્રીને તો તેમાંથી ઊંદર પાવે.
ગુલામડીથી ગુલામ પાકે, રાણી પ્રસવે છે રાણા;
ભાવો જેવી તમે ભાવના, શાણીથી પ્રગટે શાણા.

સ્ત્રી તરફ આવી ભાવના થવાનું કારણ આપણી ધન તરફની સંકુચિત દૃષ્ટિ છે.

## નારીનું વૈધવ્યજીવન

આજે સ્ત્રીઓમાં પણ સૌથી વધુ ખરાબ દશા જો કોઈની હોય તો તે આપણી વિધવા બહેનોની છે. બાલ્યવયમાં પોતાના પતિજન્ય સુખથી વંચિત થયેલી અને યાવજ્જીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રબળ પિપાસુ આવી ત્યાગમૂર્તિને જોઈ, પુરુષવર્ગે પોતાની વિકારી અને વિલાસી વૃત્તિ માટે શરમાવું જોઈએ, અને તેવી વિધવા બહેનો પ્રત્યે પૂજ્યભાવ કેળવી વફાદાર થવું ઘટે. એ તેની પવિત્ર ફરજ છે. તેને બદલે પોતાની વિધવા બહેનો પર અત્યાચાર ગુજારનાર જે વર્ગ આજે સમાજમાં અસ્તિત્વ ધરાવે છે તે વર્ગ ખરેખર નારીજીવનની હત્યાનો ગુનેગાર છે.

## આ પ્રશ્નને ઉકેલવાનો ઉપાય

વિધવા બહેનો એ સમાજની એક આદર્શ અને જીવતી જાગતી સંયમની પ્રતિમા છે. તેના કઠિન માર્ગમાં સરળતા કરી, તેને શિક્ષણ અને સંસ્કારથી સજ્જિત કરી તેને માટે યોગ્ય સગવડ કરી આપવી, અને સમાજમાં તેનું માનભર્યું સ્થાન સ્થાપિત કરવું, તે સૌથી ઉત્તમ કર્તવ્ય છે; અને વિધવા બહેનોનું તેમાં જ વાસ્તવિક કલ્યાણ નિર્માયું છે, તે વાત સમાજના દરેક હિતૈષીએ સમજતા થઈ જવું ઘટે.

આ માર્ગે જ તે બહેનો સ્વેચ્છાએ વૈધવ્ય પાળવા સમર્થ બની શકે અને બ્રહ્મચર્યના પ્રભાવને તાદૃશ કરાવી શકે. પરંતુ ઊલટું જો તે વર્ગને સમાજ કેવળ જુલમની જંજીરોથી જકડી લેશે તો સમાજ આજે જે કટુ પરિણામ ભોગવે છે તેમાં ઉમેરો થશે. આજનો યુગ સમાજના પ્રત્યેક અંગના સહકારને સાધવાનો છે, તિરસ્કાર કરવાનો નથી.

## વૈધવ્યનું એક કારણ

આકસ્મિક કારણો બાદ કરતાં વૈધવ્યજીવનનું વિશેષ પ્રમાણ પ્રાયઃ માતાપિતાની પોતાની સંતતિ પ્રત્યે ફરજ ભુલાવાથી જ જન્મવા પામ્યું છે તેમ ઊંડાણથી વિચારતાં જણાશે.

એટલે બીજા ઉપાય તરીકે બાળલગ્ન, વૃદ્ધવિવાહ અને અણમેળ ગણાતી લગ્નસંબંધોની પ્રથા સમાજમાંથી શીઘ્ર નાબૂદ થવાની આવશ્યકતા છે. સ્ત્રીજીવનની ઉન્નતિ અર્થે કાયદો તો આવ્યો છે જ પણ સમાજે એને દિલથી સમજપૂર્વક અપનાવવો જોઇએ.

## સ્ત્રીસ્વાતંત્ર્ય

નારીજીવનની સુધારણા સારુ આજે સ્ત્રીસ્વાતંત્ર્યની ઘોષણા ચારેકોરથી આવી રહેલી સંભળાય છે. જો કે આ પ્રકારની સ્વતંત્રતાનો નાદ સન્નારીઓના પોતાના અંતઃકરણનો અવાજ છે કે કેમ અને

જે પ્રકારની સ્વતંત્રતાની માંગ આજે કરવામાં આવે છે, તે સ્વતંત્રતા સ્ત્રીઓને ઉપયોગી છે કે કેમ, તે એક વિચારણીય પ્રશ્ન છે.

થોડા જ વખત પર 'अर्जुन' નામના હિન્દી દૈનિકમાં નારીજીવનના પ્રશ્નની ગંભીર સમાલોચના કરતી એક લેખમાળા એક વિદુષી બહેન તરફથી પ્રસિદ્ધ થઈ હતી કે જે બહેન પોતે સમાજજીવનનાં અભ્યાસી અને અનુભવી તરીકે સુપ્રસિદ્ધ છે. તેમણે સન્નારીઓના પ્રતિનિધિ બનીને આજની સ્વતંત્રતા પર શિષ્ટ સ્ત્રીઓનો કેવો અભિપ્રાય છે અને તે કેવી સ્વતંત્રતા ચાહે છે, તેનો આબેહૂબ ખ્યાલ નીચેનાં વાક્યોથી આપ્યો હતોઃ "આજની સ્વતંત્રતા ઉપરથી તો અમૃત જેવી મધુર અને દૂધ જેવી ઉજ્જવલ દેખાય છે, પરંતુ તેની ઊંડાણમાં તો છલોછલ વિષ ભર્યાં છે. તેમાં નારીજીવનનો વિકાસ નથી, પણ હ્રાસ છે. જે સ્વતંત્રતામાં જીવનનો વિકાસ નથી, તે જીવન સ્વતંત્ર કહેવડાવવાને લેશમાત્ર લાયક ન હોઈ શકે. અમને આજે સ્વતંત્રતા અવશ્ય જોઇએ છે પરંતુ તે સભ્યતાભરી સ્વતંત્રતા, નહિ કે સ્વચ્છંદતા." આમ કહી આજના નારીજીવનની પરતંત્રતાનાં મૂળ કારણો પામરતા, ખોટી લજ્જા અને વિલાસની નબળી વૃત્તિને દર્શાવી, આ નિર્બળતાઓનો પરિહાર જ્યારે સન્નારીઓ પોતે જ કરી શકશે ત્યારે જ સ્વાભાવિક અને સાચી સ્વતંત્રતા તેઓ પ્રાપ્ત કરી શકશે, એમ દિશાસૂચન કર્યું હતું.

નારીજીવન માટે ઉપર્યુક્ત ચિકિત્સા સમુચિત અને વાસ્તવિક છે એમ આપણને લાગ્યા વિના રહેશે નહિ. પ્રાચીન કાળમાં નિડરતા અને સંયમ જેવા સદ્‌ગુણોથી નારીજીવન સુખી અને ઉન્નત હતું. પુરુષોની જેમ સ્ત્રીઓ પણ સુશિક્ષિત હતી, અને તેથી જ ગૃહસ્થાશ્રમને લગતા પ્રત્યેક કાર્યમાં ઉપયોગી થઈ અર્ધાંગનાના વિશેષણને ચરિતાર્થ કરી શકતી હતી. જ્યારે યુદ્ધકાર્યમાં આવશ્યકતા પડતી ત્યારે તે કેસરિયાં પહેરી રણે ચડતી, ગૃહજીવનના વહેવાર ચલાવવામાં તે નિપુણ હતી. પ્રસંગ પડચે જ્ઞાનચર્ચામાં પણ તે રસ લઈ શકતી.

જ્ઞાનમાં સ્ત્રીઓ કેટલી આગળપડતી હતી તે શંકરાચાર્યની સાથે થયેલા મંડનમિશ્રનાં ધર્મપત્નીના સંવાદથી સમજી શકાય છે. આટલી યોગ્યતા હોવા છતાં તેઓનું મુખ્ય કાર્ય તો પોતાના ગૃહમંદિરમાં સ્વર્ગ બનાવવા સારુ પતિસેવા અને પ્રજાપાલનનું હતું. કારણ કે પતિસેવામાં દામ્પત્યપ્રેમની સુરક્ષા અને પ્રજાપાલનમાં રાષ્ટ્રીય સંસ્કૃતિનાં સંરક્ષણ સમાયેલાં છે.

સ્ત્રીઓને જે આનંદ પતિના વિશુદ્ધ પ્રેમની છાયા તળે મળી રહે છે, તે આનંદ પ્રમુખપદની ખુરશી મળવાથી મળી શકતો નથી. અને રાષ્ટ્રની સેવા પણ તેઓ ગૃહમંદિરમાં રહેવા છતાં ઉત્તમ રીતે બજાવી શકે છે. કારણ કે જે કુમળાં બાળકો ભવિષ્યના નાગરિકો બની રાષ્ટ્રની સેવા કરવાનાં છે, તેમનામાં રાષ્ટ્રભક્તિ અને ધાર્મિકતાના ઉત્તમ સંસ્કારોનું બીજારોપણ કરીને આ ગૃહલક્ષ્મીઓ જ સો શિક્ષકોની ગરજ સારી શકે છે.

આ ઉપરથી ગૃહિણીનું બિરુદ ધરાવનાર સ્ત્રીઓનું રાષ્ટ્ર કેટલું ઋણી છે અને ગૃહમંદિરમાં સ્ત્રીનું સ્થાન રાષ્ટ્રિય દૃષ્ટિએ કેટલું ઉપયોગી છે તે સ્પષ્ટ સમજી શકાય છે. અને ગૃહકાર્યને જે લોકો તુચ્છ કોટિમાં લેખે છે તેઓ ગંભીર ભૂલ કરે છે, તે વસ્તુ પણ વિશેષ રૂપે સમજાવવાની હવે આવશ્યકતા રહેતી નથી.

આ રીતે નારીજીવનનું સ્વાતંત્ર્ય અને સ્વાભાવિક સુખ શિક્ષણ અને સદાચારના વિકાસ પર અવલંબે છે, તેથી નારીજીવનના વિકાસ-સાધક અને તેઓને બંધબેસતા સુશિક્ષણની પૃથક વ્યવસ્થા થવાની ખૂબ આવશ્યકતા છે. કારણ કે જો નારીજીવન સુવ્યવસ્થિત થશે તો જ આખો ગૃહસ્થાશ્રમ સુવ્યવસ્થિત બનશે.

આજે છેલ્લા બે સૈકામાં દિવસે દિવસે નિષ્પ્રાણ બનેલા સ્ત્રી-જીવનને ફરીથી ઊંચું લાવવાને માટે સરકાર કાયદાઓ તો કરે જ છે, તે આ દિશામાં આશાજનક પગલું છે. પણ કાયદાઓને સમાજ સમજી શકે અને પચાવી શકે તથા સ્ત્રીઓ પણ પોતાના અધિકારોની સુરક્ષા કરી શકે તેવું ઘડતર ખાસ થવાની જરૂર છે.

આ પ્રમાણે લગ્નજીવન અને ગૃહસ્થાશ્રમના અંગની સુદૃઢતાની વિચારણા પછી ગૃહસ્થાશ્રમને આદર્શ બનાવવામાં બીજા જે જે પ્રયાસોની આવશ્યકતા છે, તેની આપણે દ્વિતીય ખંડમાં વિવેચના કરીશું.

૨

# કર્તવ્યખંડ

★

१

# પતિપત્નીનાં કર્તવ્યો

## ગૃહસ્થજીવનનો પ્રારંભ

**चतर्थमायुषो भागमुषित्वाद्यं गुरौ द्विजः ।**
**द्वितीयमायुषो भागं कृतदारो गृहे वसेत् ॥**
**मनुस्मृतिः ४ः १**

"જિંદગીના ચાર વિભાગો પૈકી પહેલો વિભાગ બ્રહ્મચર્યાશ્રમમાં ગાળી ગૃહસ્થાશ્રમ ઇચ્છતા મનુષ્યે વિવાહિત થઈને ગૃહસ્થજીવન ગાળવું જોઇએ."

આશ્રમવ્યવસ્થામાં ગૃહસ્થજીવનનું સ્થાન જેટલું મહત્ત્વનું છે તેટલું જવાબદારીવાળું પણ છે. આથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એટલે એક મહાન જવાબદારીભરી સ્થિતિમાં યોજાવું, અને તેથી જ ગૃહસ્થજીવનના સ્વીકારને પણ એક પ્રકારની દીક્ષા કહેવામાં આવે છે.

બ્રહ્મચર્યાશ્રમનો કાળ જેમ પચીસ વરસનો નક્કી કરવામાં આવ્યો છે, તેમ આ આશ્રમનો કાળ પણ પચીસ વર્ષનો છે. અને ત્યારબાદ વાનપ્રસ્થાશ્રમ આદિ આશ્રમોમાં તે પરિણમે છે. પરંતુ આજે વાનપ્રસ્થાશ્રમની પ્રણાલિકા લુપ્તપ્રાય થઈ ગઈ હોવાથી જીવન-પર્યંત પતિ અને પત્નીને ગૃહસ્થસ્થિતિમાં સંપૂર્ણ જીવન ગાળવાનું હોય છે.

## પતિ અને પત્ની એટલે

કુટુંબ એ સમાજનું અગત્યનું અંગ છે, તો પતિપત્ની એ કુટુંબનાં આભૂષણ છે. તેથી એ બંને પોતપોતાનાં કર્તવ્યો સમજીને આચરતાં થાય, તો તેમના જીવનમાં સુખનાં ઝરણાં વહે અને કૌટુંબિક જીવન સમૃદ્ધ બનતાં સમાજ પણ ઉન્નત થાય. દામ્પત્યજીવનના આ આદર્શો સળંગ જળવાઈ રહે તે માટે નીચેની પ્રતિજ્ઞાઓ અને એક-બીજા પ્રત્યેનાં કર્તવ્યો માટે સતત જાગ્રત રહેવું જોઇએ.

## ગૃહસ્થજીવનની પ્રારંભિક પ્રતિજ્ઞાઓ

૧. પતિએ પોતાની પત્ની સિવાય ઇતર સ્ત્રીઓ પ્રત્યે માતૃદષ્ટિ કેળવવી અને તે જ રીતે પત્નીએ પણ અન્ય પુરુષો પ્રત્યે ભ્રાતૃદષ્ટિ ધારણ કરવી.

૨. અમે બંને જીવનપર્યંત સહજીવન ગાળવાનાં છીએ. તેથી તે સહજીવન સુરમ્ય રહે તે સારુ મનુષ્યજાતને સુલભ એવી સામાન્ય ભૂલોને પરસ્પર ગળી જતાં અમો શીખીશું.

૩. પતિ અને પત્ની એ બન્નેનાં કાર્યક્ષેત્રો ભિન્ન હોવા છતાં ગૃહસ્થાશ્રમરૂપી રથને વહન કરનારાં તે એકસરખાં ઉપયોગી ચક્રો છે. એમાં એક પણ ઓછું ઉપયોગી કે નકામું નથી. બંને એકબીજાનાં પૂરક છે.

૪. જેટલા પ્રમાણમાં પતિ પત્નીને હિતબુદ્ધિથી કહી શકે છે, તેટલા જ પ્રમાણમાં પતિની ભૂલના પ્રસંગમાં પત્ની પણ વિનીતભાવે શિખામણ આપવાની હકદાર છે.

૫. જેમ પતિની યોગ્ય બાબતોમાં તેને સંતોષ આપવો એ પત્નીની પવિત્ર ફરજ છે, તે જ રીતે યોગ્ય બાબતોમાં પત્નીના અંતઃકરણને સંતોષવું અને સન્માનવું એ પતિની પણ અનિવાર્ય ફરજ છે.

૬. અમારો ગૃહસ્થાશ્રમ કેવળ અમારા સ્વાર્થની પૂર્તિ સારુ નથી, પરંતુ વિશેષતઃ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની ઉચિત અને ઉપયોગી સેવા બજાવવા અર્થે છે; તેથી અમારું જીવન એવું હળવું બનાવીશું કે જેથી બીજાને બોજારૂપ ન થતાં ઉપકારક થાય.

૭. અમારું પરસ્પર સંયોજન વિકાર અર્થે નથી, સ્નેહ અને સહકાર અર્થે છે—જે સહકારથી આતિથ્યસત્કારમાં, ધાર્મિક યમનિયમોના આચરણમાં તથા ઇતર પ્રાણીઓની સેવામાં સરળતા થાય.

૮. "सहोभौ चरतां धर्ममिति।" આ સૂત્રનો અર્થ એ છે કે પતિ અને પત્ની બન્નેએ એ ધર્મ પ્રતિ પ્રત્યેક ક્ષણે લક્ષ્ય આપવું ઘટે.

ગૃહસ્થાશ્રમનો ધર્મ એટલો કઠિન છે કે ત્યાં શાણા માણસો પણ જાણવા છતાં ભ્રાન્તિમાં પડે છે. પાપનો પ્રસંગ પડચે પણ ધર્મમાં અડગ રહેવું, એ દમ્પતીનું અનિવાર્ય કર્તવ્ય છે.

આટલી બાબતો જાણ્યા પછી અને તેવા આચરણની યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી જે યુવકયુવતીઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે, તેઓનાં ગૃહસ્થજીવન સ્વર્ગીય શાં બની રહે છે.

**એક આવશ્યક સૂચના**

દામ્પત્યજીવનમાં પ્રવેશતાં જ જે એક વસ્તુ તરફની ઉપેક્ષા, ગૃહસ્થાશ્રમની આદર્શતામાં ઊણપ લાવી મૂકે છે, તે સંબંધમાં અહીં એક આવશ્યક સૂચન કરવું યોગ્ય છે.

યુવાનીમાં પગલાં માંડતો યુવાન નવા જ પ્રકારના અનુભવો કરે છે. વીર્ય એના દેહમાં ઊછળી રહ્યું હોય છે. એને યોગ્ય માર્ગ અને વહન ન મળે તો શરીરમાં પેદા થયેલી આ અદ્ભુત શક્તિ વિકૃત માર્ગે વળી જાય છે. એને મદ કહેવાય છે. જેમનાં મન બ્રહ્મચર્યાશ્રમમાં ઘડાયેલાં નથી તેઓ આનો ભોગ બને છે.

યુવતી પર પણ આ વયની ગુપ્ત અસર યુવાન કરતાં વધુ પ્રમાણમાં હોય છે. તે તેનાં અંગ, વાણી અને હાવભાવ પરથી પ્રતિત થાય છે.

પરંતુ સ્ત્રીજીવનને સુલભ એવા લજ્જા, સહિષ્ણુતા, ધૈર્ય, કોમલતા ઇત્યાદિ ગુણોને લઇને તે બાહ્યરૂપમાં તો ક્વચિત જ દેખાવ દે છે, અને તે દૃષ્ટિએ તેવી સ્થિતિમાં તે યુવતી કરતાં યુવાનની જવાબદારી સંયમની બાબતમાં વધુ હોય છે.

આવા આવેગને અધીન થયેલો જે જુવાન વિવાહિત જીવન પહેલાં વાતાવરણ કે કુસંગના પરિણામે પોતાનો પથ ચૂકી ગયો હોય છે, તેનું વિવાહિતજીવન કેટલું કષ્ટપ્રદ અને કેવું શોચનીય થઇ પડે છે, તેનું વર્ણન કલ્પનાથી અતીત છે. પરંતુ જે યુવાન હજુ સુપથ પર સ્થિર રહી શક્યો છે, અને જેના ઉદ્દામ અંતઃકરણમાં આદર્શ ગૃહસ્થાશ્રમની મહત્ત્વાકાંક્ષા છે, તેવો યુવાન પણ વિવાહિત થયા પછી ગૃહસ્થાશ્રમના પ્રારંભમાં જ પોતાના દુઃખને નોતરવાનું પગલું ભરવાની મહાભૂલ કરી નાંખે છે. જોકે પતિપત્નીનો પરસ્પર વિશુદ્ધપ્રેમ હોય એ દમ્પતીજીવનનો મુખ્ય ધર્મ છે. કારણ કે—

**यदा भर्ता च भार्या च परस्परवशानुगौ ।**
**तदा धर्मार्थकामानां त्रयाणामपि संगतम् ॥**

**मनुस्मृतिः ३ः ६२**

"જેમ જેમ પતિ અને પત્ની પરસ્પર વિશુદ્ધપ્રેમ ધરાવે છે તેમ તેમ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોની વિશુદ્ધિ અને ઉન્નતિ થાય છે."

પરંતુ જે યુવક અને યુવતી આ આવેશને અધીન થાય છે તેનો પ્રેમ અખંડ ન રહેતાં વિકૃત બની વિકારવાસનાના રૂપમાં પલટાઇ જાય છે. તે બન્નેનાં અંતઃકરણમાં એક પ્રકારની પહેલાં ન અનુભવી હોય એવી આગ સળગે છે અને તેની શરીર અને મન પર પણ કારમી અસર થાય છે. આવા પ્રસંગે તે બન્ને એકબીજા પ્રત્યે એટલાં તો આસક્ત હોય છે કે તેઓને પોતાનાં કર્તવ્યોનું ભાન સુદ્ધાં રહેતું નથી. આવી તીવ્ર આસક્તિને પણ તેઓ ભ્રાન્તિથી પ્રેમ માની

લે છે. આવા સંમોહને વશ થઈ પુરુષ સ્ત્રીની વાસના સંતોષવા ખાતર પોતાનું સત્ત્વ નિચોવવાની શરૂઆત કરી દે છે; પોતાના ચેતનને વેચી મન અને વાસનાના ગુલામ બને છે. તે જ રીતે સ્ત્રી પણ પુરુષના પતનનું પ્રબળ સાધન બની પોતાનું પતન નોતરે છે, તેમજ અમૂલ્ય સ્વાસ્થ્ય અને સૌન્દર્ય ગુમાવે છે.

આવે વખતે તેમનાં વડીલો કે જેઓ જીવનની આવી કારમી કસોટીમાંથી પસાર થયાં હોય છે, અથવા જેઓ આવા પ્રસંગનાં પરિણામોથી જ્ઞાત હોય છે, તેવાં હિતૈષી મુરબ્બીઓ તે યુગલને પોતાના કર્તવ્યનું ભાન કરાવવા મથે છે. પરંતુ ત્યારે તો તેઓ એમ માની બેસે છે કે આ બધાં અમારા સ્નેહમાર્ગમાં કાંટા વેરવાનું ક્રૂર કૃત્ય કરે છે, અને મીઠા દાંપત્યમાં વિષ રેડે છે. આવી ભ્રમ-મૂલક માન્યતાને અંગે તેમની શિખામણ સ્વીકારવાને બદલે તેઓ તેમનો સામનો કરે છે અથવા બંડખોર પ્રવૃત્તિ આદરે છે.

## અનિચ્છનીય પરિણામ

આમ થવાનાં બે મુખ્ય કારણ હોઈ શકે: (૧) નવા વાતાવરણમાં આવતી કન્યાને માબાપોએ તાલીમ આપી હોતી નથી. (૨) પુરુષની આસક્તિ ગાઢ હોય છે, કારણકે સંસ્કારભર્યું પણ જાતીય વિજ્ઞાન એને શીખવવામાં આવતું નથી, તથા સ્ત્રીપુરુષ વચ્ચે સમાજની કહેવાતી શુદ્ધિને ખાતર કૃત્રિમ દીવાલ વધુ પડતી ઊભી કરી દેવામાં આવી હોય છે.

એકાંતનો લાભ લઈ હમેશાં પત્ની પોતાના પતિ પાસે પોતાનાં સાસુ, સસરા, નણંદ વગેરેના દોષોનું દિગ્દર્શન કરાવે છે; દિયર, જેઠ વગેરે કુટુંબીજનો સાથે રહેવામાં મુશ્કેલીઓનું ભાન કરાવે છે; અને આવી પરતંત્રતામાંથી છૂટકારાનો દમ ખેંચવા અને સ્વતંત્ર સુખ મેળવવાની તક લેવા માટે વારંવાર વિનવણી કર્યા કરે છે, અથવા ઉશ્કેરે છે.

મોહાંધ યુવાન તેનાં પરિણામનો વિચાર કરવા બેસી રહેતો નથી. જો તે સશક્ત હોય છે તો તો તુરત જ પોતાના સ્નેહીજનોનાં વાત્સલ્ય કે પ્રેમને ઠોકરે મારી તેમનાથી દૂર થવાનું પસંદ કરે છે. જો પોતાના પગ પર ઊભો રહી શકે તેમ ન હોય તો કોઈ બીજો માર્ગ શોધી લે છે. આવી સાહસવૃત્તિથી થયેલું કાર્ય જ મોટે ભાગે તેના ખારા સંસારનું નિમિત્ત બને છે તેનો ખ્યાલ તેને પાછલા જીવનમાં જ આવી શકે છે. પરંતુ આ વૃત્તિને, આવા આવેગને વશ થઈ તે તેવા સમયે રોકી શકતો નથી. આવી રીતે આખા કુટુંબના કલહનું વાતાવરણ પ્રાયઃ આવા નશાથી જ જાગે છે, તેમ કહેવું લેશમાત્ર અસ્થાને નથી.

પરંતુ જે યુવાને બ્રહ્મચર્યનું મહત્ત્વ જાણ્યું છે, જેનામાં માતા-પિતા તરફથી મળેલા સંસ્કારો તથા પૂર્વગત સંસ્કૃતિનો વારસો છે, જે હિતાહિત સમજી શકે છે અને જેનું મન બળવાન હોય છે તેવો વીર યુવાન આવા નશાને વશ થતો નથી; પણ આ નશાને પોતાના કાબૂમાં રાખે છે; તેમ જ પોતાની પત્નીને સુશિક્ષા આપી યથાર્થ સમજૂતીથી ઠેકાણે લાવે છે. કદાચ પોતાનાં માતાપિતા કે કુટુંબી-જનોની પ્રકૃતિને અંગે ગૃહમંદિરમાં અણબનાવ રહેતો હોય તો તેનું મૂળ શોધી તેને નિવારવાની કોશિશ કરે છે અને પોતાની ભાર્યાને સહનશીલ બનાવી ગૃહસ્થાશ્રમની મહાન ફરજોનું ભાન કરાવે છે.

**એક વ્યાપી રહેલો ભ્રમ**

આ સ્થળે કહેવું જોઇએ કે કેટલાક બુદ્ધિમાન ગણાતા પુરુષોમાં પણ 'પરણ્યા એટલે વિષયોપભોગ કરવો જ જોઇએ' એ જાતની ભ્રાંતિ હોય છે. ખરેખર આ એક મહાહાનિકારક માન્યતા છે, અને તે આદર્શ ગૃહસ્થાશ્રમના કલંકરૂપ છે.

વિવાહિતજીવન વિલાસ અને વિકારની પૂર્તિ અર્થે નથી જ. કેવળ સુદૃઢ અને સંસ્કારી પ્રજોત્પત્તિના શુભ હેતુ માટે જ દાંપત્યજીવન

નિર્માયું છે. તેથી જ નીતિકારોએ પ્રજોત્પત્તિના હેતુપૂર્વક "ऋतुकालाभिगामि स्यात्" અર્થાત્ ઋતુકાળે જ અભિસરણ કરવું એ સિદ્ધાંત પર ભાર મૂક્યો છે.

આ પરથી ગૃહસ્થજીવનમાં પણ બ્રહ્મચર્યની મહત્તા અને ધાર્મિકતાની કેટલે અંશે આવશ્યકતા અને સ્થાન છે, તેનો ખ્યાલ આવી શકે છે. જો આવી વૃત્તિ પતિ અને પત્ની ઉભય યુવાનવયમાં સેવે અને તેમાં ક્વચિત્ સ્ખલના થાય તો તેને તુરત સુધારી લેવાનું લક્ષ્ય રાખે તો ખૂબ જ લાભ થાય. આવી રીતે જેટલે અંશે દંપતી-જીવનમાં બ્રહ્મચર્યનું પાલન થાય તેટલે અંશે તેઓનો ગૃહસ્થાશ્રમ સફળ અને સુખી નીવડે અને તેમની પ્રજા પણ વીર્યવાન અને સંયમી બને.

## પતનની પરિસીમા

બ્રહ્મચર્યના ખંડનથી સુખ મળે છે તેવી માન્યતા અવાસ્તવિક છે. કારણ કે જે દ્વારા તેવો જીવાત્મા જે સુખ મેળવવા મથે છે તે જ સુખ ગુમાવે છે. વીર્યના સ્ખલન પછી ઊંડાઊંડા તેના અંતઃકરણમાં આઘાત થાય છે. અતિવિકારના પરિણામે તે રોગિષ્ઠ બને છે, અને શારીરિક સંપતિ ગુમાવ્યા પછી ભ્રાંતિથી માની લીધેલા વિષયજન્ય સુખનો ઉપભોગ પણ તે કરી શકતો નથી.

આવા પતનની પરિસીમા રહેતી નથી. જેઓ બ્રહ્મચર્યનું માહાત્મ્ય સમજે છે તેવા પુરુષો પણ એકવાર પોતાનો પંથ ચૂકયા પછી મનના એવા તો ગુલામ બની જાય છે કે તે વિષયના વ્યસન વિના તેનો એક પણ દિવસ પસાર થઈ શકતો નથી. આવા પુરુષો સ્વસ્ત્રીરક્ત હોવાનો દાવો ભલે કરતા હોય, પરંતુ સ્વસ્ત્રી સાથે પણ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવાનું હોય છે. કારણ કે સ્ત્રી એ કાંઈ વિષય-વાસના સંતોષવાનું યંત્ર નથી. સ્ત્રી એ ધર્મપત્ની છે. પ્રજોત્પત્તિના

શુદ્ધ હેતુ સિવાયનો સંભોગ એ વ્યભિચાર છે. તેથી જે તેવું કૃત્ય કરે છે, તેની ગણના ખરેખર વિષયાંધ કે લંપટમાં થાય છે.

જેણે યુવાની જાળવી નથી તેવા આ અજ્ઞાન નરભ્રમરો વય વધવા છતાં પણ પોતાની દુષ્ટ લાલસાને રોકી શકતા નથી. તેથી એક સ્ત્રી હોવા છતાં સંતતિની ઇચ્છાને મોખરે કરી તે બીજી સ્ત્રી પરણે છે, અથવા પરસ્ત્રીગામી બની તે વાસનાને તૃપ્ત કરવા સારુ અનેક અબળાઓનાં જીવન ભ્રષ્ટ કરી સમાજદ્રોહી બને છે; અથવા જેઓની પાસે સંપત્તિ કે તેવાં સાધનો હોતાં નથી તેવા પામરો સ્ત્રીજાતિ પર દૃષ્ટિવિકાર સેવતા હોય છે. કોઈ પણ રૂપવતી સ્ત્રીને જોતાં વાર જ તેની દબાયેલી વાસના ભભૂકી ઊઠે છે અને તેની તૃપ્તિના સંયોગો મેળવવા તે આતુર બને છે. આવા પુરુષો અનિચ્છાએ શારીરિક રીતે બ્રહ્મચર્ય પાળે તો પણ તેઓને બ્રહ્મચારી ગણી શકાય નહિ. કારણ કે તેમનાં મન અને વાણી તો વિકારી થઈ ચૂક્યાં હોય છે.

આવા પુરુષોની શારીરિક સંપત્તિનો બમણો હ્રાસ થાય છે. અને આમાંના કેટલાક તો રાક્ષસી વૃત્તિને અધીન બની કૈંક કુમળાં બાળક અને બાલિકાઓનાં જીવનનું અધઃપતન પણ કરે છે.

પત્નીવાળા યુવાનો આ વૃત્તિને અધીન થઈ સ્વપત્ની સાથેનું મર્યાદિત બ્રહ્મચર્યવ્રત પાળી શકતા નથી, અને તેથી પોતાની સ્ત્રીની સગર્ભાઅવસ્થામાં પણ તે સંયમી રહી શકતા નથી. પત્નીની ઇચ્છા ન હોય તો પણ આ સેતાનિયતને અધીન થયેલા તેઓ બળાત્કાર કરે છે. અને નાની વયની પત્ની હોય તો પણ અત્યાચાર કરતાં ચૂકતા નથી.

એવા વિકારી પુરુષો ઘરડા થતાં એમની ઇંદ્રિયો અને શરીર તો શિથિલ થાય છે, પરંતુ એમની વાસનાનો વેગ શિથિલ નથી થતો. જુવાનીમાં જેણે સંયમનો પ્રયત્ન કર્યો નથી તેને વૃદ્ધાવસ્થામાં પણ વિકારો સતાવ્યા કરે છે, અને એવો માણસ જીવનના કળશરૂપી વૃદ્ધત્વની સુખશાંતિ પામી શકતો નથી.

આપણા દેશનું ગભરાવી મૂકે એવું મોટું મરણ-પ્રમાણ અને કસુવાવડમાં માતાના મૃત્યુના અનેક પ્રસંગો આ વયના વિકારોનું જ પરિણામ છે.

આ વિષયમાં કેવળ પુરુષો જ જવાબદાર નથી, પરંતુ કેટલેક અંશે સ્ત્રીઓ પણ છે. જોકે સ્ત્રીઓ પોતે ભલે અત્યાચાર કરતી ન હોય; પરંતુ અત્યાચાર કરનાર કરતાં અત્યાચારનો ભોગ થઈ પડનાર વર્ગ પણ ઓછો ગુનેગાર ગણાતો નથી. આ દિશામાં નિરંકુશ વિકારનો સામનો કરવાની જે વૃત્તિઓ સ્ત્રીઓમાં આવતી જાય છે, તે આવકારલાયક છે.

## સ્ત્રીજાતિ

જો સ્ત્રીજાતિ પોતાના સ્થાનને સુરક્ષિત રાખી શકે, તો પુરુષોને સ્વયં પોતાના સ્થાનનું ભાન થાય. પ્રાચીન ઇતિહાસમાં ઘણે સ્થળે એવાં જ્વલંત દૃષ્ટાંતો છે કે અનેક સ્ત્રીરત્નોએ પોતાના સતીત્વનું રક્ષણ કરવા સારુ અનેક વિષયાંધ પામરોને પોતાના સ્થાનનું ભાન કરાવ્યું છે. જેસલ તોરલનું અર્વાચીન ચિત્ર આનો જ ખ્યાલ આપે છે.

આજે પણ ભારતને ખૂણે એવી એવી કેંક વીરાંગનાઓ પડી છે કે જે લાલચ કિંવા વિકારને વશ નહિ થતાં સાત્ત્વિક વીરતાથી પોતાના સ્ત્રીધર્મનું રક્ષણ કરી રહી છે. હવે તો સેવાના કામમાં પણ ઠીકઠીક પ્રમાણમાં બહેનો બ્રહ્મચર્યનું પાલન કરી આગળ આવી રહી છે. અહીં એક સૂચન કરવાનું મન થાય છે. લાંબા કાળ સુધી સહેલા અન્યાયોના પ્રત્યાઘાત ઊઠે તે સ્વાભાવિક છે. પણ એમાંથી દ્વેષની વૃત્તિ ન જન્મે એ તરફ સ્ત્રીજાતિએ ખાસ ધ્યાન આપવાનું છે. સ્ત્રી-પુરુષ સમાનતામાં માનતી બહેનો પ્રત્યે મારી ખાસ અપેક્ષા છે.

## કૃત્રિમ ફેશન

પશ્ચિમના સંસર્ગથી તેમના સદ્‌ગુણો કરતાં નિરુપયોગી વસ્તુઓનો આપણે વિશેષ પ્રમાણમાં સ્વીકાર કરતા આવ્યા છીએ તે આજ સુધીનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. તે જ રીતિને અનુસરીને ત્યાંની ફેશનેબલ રીતિનો પણ આપણને ભૂરો પાશ લાગ્યો છે કે જેણે પુરુષો કરતાં પણ ભારતના સ્ત્રીજીવન પર ભારે ખરાબ અસર ઉપજાવી મૂકી છે.

જેમ પુરુષો વિષયના ગુલામ હોય છે તેમ સ્ત્રીજાતિ પણ હોય છે ખરી. પરંતુ તે બન્ને વચ્ચે તારતમ્ય હોય છે. તે જ રીતે સૌંદર્યના સંબંધમાં પણ છે. સુંદર બનવાની વૃત્તિ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિશેષ હોય છે. પુરુષ સાંદર્યને ચાહે છે ખરો, પરંતુ તેની પ્રાપ્તિ માટે જેટલો ભોગ સ્ત્રીઓનો હોય છે તેટલો પુરુષોનો હોતો નથી. સારાંશ કે સ્ત્રી એ સૌંદર્યની ઉત્કૃષ્ટ ઉપાસિકા છે, અને સૌંદર્યસંવર્ધન સારુ તે ભારે ઉત્કંઠા ધરાવે છે.

## સૌંદર્ય એ શું છે?

સૌંદર્ય એ નૈસર્ગિક વસ્તુ છે. તે બહારથી મેળવાતું નથી. શરીરસૌંદર્યનો પણ મોટો આધાર શારીરિક તંદુરસ્તી પર જ નિર્ભર હોય છે. સ્વાસ્થ્ય ગયા પછી સૌંદર્ય ટકી શકતું જ નથી, એ નિર્વિવાદ વસ્તુ છે. આમ છતાં યુવાનવયમાં તે વાતને ભૂલી જઈ ઘણી યુવતીઓ શરીરનો દુરુપયોગ કરી પોતાના વાસ્તવિક સૌંદર્યને લુપ્ત કરી બેસે છે, અને પછી તે સૌંદર્યની પ્રાપ્તિ સારુ ખોટી ફેશનોનાં અવલંબન લઈ તેની પાછળ સતત ફોગટ કોશિશો કર્યા કરે છે.

જોકે ફેશન કેટલીકવાર બહારની કૃત્રિમ સુંદરતા લાવે છે ખરી, પરંતુ તે વિનાશી અને કૃત્રિમ હોય છે. તેવી કૃત્રિમતાથી ગૃહસ્થાશ્રમમાં લાભને બદલે ખૂબ હાનિ પહોંચે છે. ફેશનથી કઈ જાતનાં નુકસાન થાય છે તેનું સંક્ષિપ્ત અવલોકન કરીએ.

## ફેશનના ગેરફાયદા

પ્રથમ તો આવી સૌંદર્યલોલુપ સ્ત્રીઓનો ઘણોખરો સમય ફેન્સી વસ્ત્રો પહેરવામાં તથા વાળ ઇત્યાદિની અનાવશ્યક ટાપટીપમાં વ્યર્થ ચાલ્યો જાય છે. બીજું, આ ફેશનનો શોખ પૂર્ણ કરવા સારુ તેઓને એવા અનેક પદાર્થો વાપરવાની આવશ્યકતાઓ વારંવાર ઊભી થાય છે અને તે ખાતર આર્થિક નુકસાન થાય છે.

આટઆટલો ભોગ આપ્યા છતાં પણ લાભને બદલે પ્રાયઃ હાનિ પહોંચે છે, કારણ કે એ પદાર્થ સૌંદર્યવર્ધક થવાને બદલે ઊલટો રહ્યાસહ્યા સૌંદર્યને પણ વિકૃત બનાવી દે છે. એટલે તે દૃષ્ટિએ પણ કૃત્રિમ ફેશનનો નાદ તદ્દન નિરુપયોગી છે.

આ ઉપરાંત બીજું અગત્યનું નુકસાન એ છે કે ફેશન તો રોજ ને રોજ બદલાતી રહે છે, પણ એની અસર મન પર પડતાં મન ચંચળ બની જાય છે.

આર્થિક હાનિ થવાથી રાષ્ટ્રીય દૃષ્ટિએ તો તે સહસા ત્યાજ્ય જ છે. આજે દેશ ઘણો દરિદ્ર છે. તેને આવાં અનાવશ્યક ખોટાં ખર્ચો પરવડી શકે તેમ નથી. આ વાત જેટલે અંશે પુરુષોએ વિચારવી જોઈએ તેટલે જ અંશે સ્ત્રીઓએ પણ વિચારવી એ તેમની ફરજ છે. કારણ કે તેઓ પણ સમાજનું એક અંગ છે. આથી સમાજ અને રાષ્ટ્રના હિત ખાતર તેમણે પોતાની રૂઢિઓ અને ત્રુટિઓને દૂર કરવા માટે સજ્જ થઈ જવું જોઈએ.

સ્વરાજ આવ્યા પછી સમાજને દૃષ્ટિ સામે રાખીને જ પોતાની જરૂરિયાતોનો વિચાર કરવો જોઈએ.

જ્યાં પ્રજાનો મોટો વર્ગ આજે બેકારી ભોગવી રહ્યો છે, ગરીબાઈથી રિબાઈ રહ્યો છે, પહેરવા સારુ પૂરતાં વસ્ત્ર કે ખાવા સારુ પૂરતું અન્ન સુદ્ધાં મળી શકતું નથી, ત્યાં ખોટા મોજશોખ તથા ખોટા

એશઆરામોની ખાતર દ્રવ્યનો દુર્વ્યય કરવો કે કરાવવો એ કાર્યની ગણના પાપમાં જ થઈ શકે.

જો કે તેમના પતિઓ તો આજે કદાચ પોતાની પત્નીઓને ઢીંગલી માની શણગારવા સારુ ગમે ત્યાંથી અને ગમે તે રીતે લાવીને આવા પદાર્થો પૂરા પાડશે, અને તે દ્વારા સ્ત્રીઓની આવી ઇચ્છાને સંતોષી પોતાની વાસના પણ પૂર્ણ કરશે. પરંતુ તેનું પરિણામ એ આવશે કે આથી આખા રાષ્ટ્રમાં અન્યાય અને સ્વાર્થનું સામ્રાજ્ય વ્યાપી દેશને હજુ પણ વધુ કંગાળ અને પામર બનાવશે.

માટે આવા માઠા ભવિષ્યથી બચવા સારુ પણ આપણા સ્ત્રી-સમાજે આવી ખોટી ફેશનના ફાંસામાં ન ફસાતાં તે માર્ગથી દૂર થઈ પોતાની જરૂરિયાતોનું ક્ષેત્ર સંકોચી લેવું ઘટે, અને સાચા સૌંદર્યને નિભાવવા સારુ વિષયવૃત્તિ પરત્વે સંતોષ કેળવી લેવો જોઈએ. આથી રાષ્ટ્રની આબાદી અને નીતિ એમ બન્નેનો વિકાસ થશે. સ્ત્રીઓમાં વીરત્વ પ્રગટશે, અને તે પોતાના પ્રભાવથી પોતાના પતિ પદભ્રષ્ટ થતા હશે તો તેમને ઠેકાણે લાવવામાં સફળ થશે તેમ જ ફલતઃ પોતે પણ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખોનો સાક્ષાત્કાર કરી શકશે.

## પતિ અને પત્નીએ પાળવાના નિયમો

પતિ અને પત્નીએ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવા સારુ અને સંયમની આરાધના કરવા સારુ તદ્દન સાદા અને સરળ નીચેના નિયમો પર ખ્યાલ આપવાની આવશ્યકતા છે.

૧. ઋતુકાળ સિવાય પ્રાયઃ બ્રહ્મચર્ય પાળવું જોઈએ, અને તેના પાલન સારુ શય્યા પૃથક્ હોવી જોઈએ.

સહશય્યાને લીધે પરસ્પરના અંગસંસર્ગથી વિકારની સવિશેષ જાગૃતિ થવા પામે છે, તેથી તે મર્યાદા પાળવી ઘટે. બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા ધરાવતા કેટલાક પુરુષો પોતાના મનોબળને મજબૂત માની "એમાં તે શું?" એમ ઉપેક્ષા કરી સહશય્યા રાખે છે. તેમનું મન

વહેલું યા મોડું ચલિત થઈ બહુધા તેમના સંકલ્પમાં ક્ષતિ જ પહોંચાડે છે.

બ્રહ્મચર્યની આરાધના કરનાર ગૃહસ્થ સાધક સૂવાનું પણ અલગ ખંડમાં રાખે એ ઇષ્ટ છે.

૨. રાત્રે સૂતી વખતે સાત્ત્વિક વાંચન અથવા એ માર્ગે પ્રેરણા આપે એવાં સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્ર વાંચવાં. જપ-પ્રાર્થના પણ મદદગાર થઈ શકે.

૩. **इन्द्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ।**
**'भगवद्गीता'**

ઉત્તેજિત થયેલી ઇન્દ્રિયો મનને ચંચળ બનાવે છે. આ વિષય પર જૈનદર્શને તો બહુ ગંભીર સમાલોચન કર્યું છે. જેમ વૃક્ષના રક્ષણ માટે મજબૂત વાડ કરવી પડે છે તે જ રીતે બ્રહ્મચર્યપિપાસુઓને માટે બ્રહ્મચર્યના રક્ષણ સારુ તેણે નવ વાડો બતાવી છે, તે પૈકી આ ત્રણ વસ્તુઓ પર તો ખૂબ જ ભાર આપવામાં આવ્યો છેઃ

વિભૂષા, સ્ત્રીતણો સંગ, રસાળાં સ્વાદુ ભોજનં,
કરાલ ઝેરના જેવાં, તે આત્માર્થી મુમુક્ષુને.

શરીરની ટાપટીપ, રસાળાં ભોજન અને ગાઢ એકાંતમાં પુરુષ અને સ્ત્રીનો પારસ્પરિક સંસર્ગ આત્મહિતાર્થી જનને અને બ્રહ્મચારીને માટે હાનિકારક છે. આથી સાત્ત્વિક ખોરાક ખાવો જોઈએ, સાદો પોશાક પહેરવો જોઈએ અને શુદ્ધ વાતાવરણમાં રહેવું જોઈએ.

૪. આવા ઉત્તમ જીવનને માટે કેફી ખાણાં અને પીણાંનો ત્યાગ કરવો સૌથી અધિક આવશ્યક છે.

મદિરા કે તેવી કેફી ચીજો જ્ઞાનતંતુઓને ઉશ્કેરી મૂકે છે તથા નિર્બળ પણ બનાવે છે. માંસ અને મદિરાનો ઉપયોગ કરનાર વધુ વધુ તામસી વૃત્તિમાં ઘસડાઈ જાય છે. અને તેથી તે વૃત્તિને આધીન થઈ તે સાત્ત્વિક જીવન ગુજારી શકતો નથી.

જો કે આજે તો આ પ્રશ્ન જેટલો શારીરિક દૃષ્ટિએ વિચારાય છે તેટલો ગૃહસ્થાશ્રમીને આર્થિક દૃષ્ટિએ પણ અતિ વિચારણીય થઈ પડયો છે. ભારતની અઢળક સંપત્તિ આવાં આવાં કેફી પીણાં અને વિવિધ ખાણાંઓ પાછળ દરવર્ષે વેડફાઈ જાય છે.

૫. મોહક અને આકર્ષક છતાં જે ખરાબ વૃત્તિને ઉશ્કેરે છે તેવું નિરુપયોગી સાહિત્ય અને નૈતિક જીવનને હાનિ પહોંચાડે તેવાં નાટક અને સિનેમામાં દેખાડાતાં દૃશ્યો તથા તેવા જ પ્રકારના મોહક વાતાવરણથી પણ દૂર રહેવું જરૂરી છે.

કારણ કે સંસર્ગ, દર્શન તથા વાચનની સારી કે માઠી અસર ગુપ્ત રીતે થતી જ રહે છે. અને તેથી બ્રહ્મચર્યના વાસ્તવિક ફળને ઇચ્છનાર સજ્જનોએ ઉપર્યુક્ત વિષયોમાં સાવચેત રહેવાની જરૂર છે.

અન્ય પ્રદેશોમાં તો આવી બધી પ્રવૃત્તિઓ ઉપર ખૂબ તકેદારી રાખવામાં આવે છે. પ્રજાજીવન પર ખોટી અસર પડે તેવી જાતનાં સાહિત્ય, કળા, અને પ્રયોગોની છૂટ ત્યાં આપવામાં આવતી જ નથી.

ભારતમાં હજુ તેવી સ્થિતિ નથી. તેથી પ્રજાના હિત ખાતર કળાના ઉપાસકોએ કળાની વિકૃતિઓ દૂર કરવા કમર કસવી ઘટે, અને તે કળાઓ કુપાત્રમાં વેડફાઈ જતી હોય તો તેવાઓને ખસેડી પોતાને હાથ કરી લેવી ઘટે. કારણ કે આજે તે ધોધ એટલો બધો જોશભેર વહી રહ્યો છે કે પ્રજાની સંસ્કૃતિના સુધાર કે બગાડનું આ એક જ સુકાન છે.

૬. ઉચ્ચ ભાવનાવાળાં યુવાન યુગલોએ પોતાનાં પતિ-પત્ની સિવાય અન્ય સ્ત્રીપુરુષો સાથે એકાંત સંસર્ગ અને ખાનગી પરિચયના પ્રસંગથી દૂર રહેવું ઘટે. કારણ કે તેથી નૈતિક જીવનમાં વિશેષ હાનિ પહોંચવાનો સંભવ છે.

આ નિયમનો હેતુ એ નથી કે સ્ત્રી અને પુરુષજાતિ વચ્ચે

દ્વેષ કે અતડાઈ ઊભી કરવી. કારણ કે સ્ત્રી અને પુરુષની સમાનતા તો ગૃહસ્થજીવનમાં અનિવાર્ય આવશ્યક છે. પરંતુ સ્ત્રીપુરુષની સમાનતા તે બન્નેના અતિ સંસર્ગથી જ સાધ્ય થાય છે તેવું કશું નથી. પુરુષની સમાનતાનો આધાર તો પુરુષોની સ્ત્રીઓ પ્રત્યેની ઉદાર ભાવના અને વિવેક પર જ અવલંબે છે.

અતિ સંસર્ગના પરિણામે કેટલીક વખત સમાનતાના યોગ્ય લાભને બદલે વિશેષ પ્રમાણમાં હાનિ થતી દેખાય છે.

પુરુષના સ્વભાવગત સાહસને લઈને પુરુષોને સ્ત્રીઓના અતિ સંસર્ગથી તો નુકસાન થયાનાં અનેક દૃષ્ટાંતો આપણે જાણીએ છીએ. પરંતુ સ્ત્રીઓને પણ પુરુષોના અતિ સહવાસથી ઘણું વેઠવું પડયું છે, તે વાત પણ નવીન નથી.

એટલે તે દૃષ્ટિએ આ નિયમનું વિવેકપુરઃસર પાલન કરવું આવશ્યક છે.

૭. પતિએ પોતાની પત્ની અને પત્નીએ પોતાના પતિ પ્રત્યે સમાનતા કેળવવી જોઇએ.

જો પત્ની પોતાના પતિ સિવાય અન્ય પુરુષો સામે ભ્રાતૃબુદ્ધિથી અને પુરુષ પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓ પ્રત્યે માતૃબુદ્ધિથી જોતાં શીખે તો આવી ઉચ્ચ ભાવના વર્તનમાં આવી શકે, અને તેવું વર્તન થવાથી તે બન્ને સમાનતા અનુભવી શકે.

સમાનતાની ભાવનાવાળી સ્ત્રી સ્વાભાવિક રીતે જ પતિનું એક વિરામસ્થાન બની રહે છે. પતિ પોતાના વ્યાવહારિક બોજાથી કંટાળી જતો હોય ત્યારે આ અર્ધાંગના તેનો ભાર હળવો કરી શકે છે અને પતિના દુઃખે દુઃખી અને સુખે સુખી બની શકે છે. આવી સ્ત્રીઓને જ શાસ્ત્રકારોએ ઉત્તમ કોટિની ગણી છે. તે જ રીતે જે પતિ પોતાનું ગૃહમંદિર એ જ સ્વર્ગ છે અને પોતાની પત્ની એ જ પોતાના પ્રેમ

અને સુખનું કેન્દ્રસ્થાન છે એમ સમજે છે તે જ આદર્શ પતિ છે. એમ સમજાવ્યું છે.

આ બધા નિયમોની આદર્શ ગૃહસ્થાશ્રમી જીવનમાં અનિવાર્ય ઉપયોગિતા છે. કારણ કે જો આ નિયમોનું પતિ અને પત્ની બન્ને યથાર્થ પાલન કરે તો તેના ગૃહસ્થજીવનનું સ્વર્ગ દેવોને પણ આકર્ષી શકે. અને તેવાં યુગલો પોતાના ગૃહસ્થાશ્રમમાં રાષ્ટ્રીય અને ધાર્મિક ફરજો પ્રતિ લક્ષ રાખી ઐહિક અને પારલૌકિક હિત સાધી આખા સમાજને પોતાનો આદર્શ પૂરો પાડી શકે.

## ૨

# સંતતિ પ્રત્યે માબાપનું કર્તવ્ય

જે દેશમાં પ્રજાની સંસ્કૃતિ પર વધુ લક્ષ અપાય છે તે દેશ સુખી અને આબાદ હોય છે. કારણ કે સારાયે રાષ્ટ્રની ઉન્નતિનો આધાર પ્રજાની સંસ્કૃતિ પર નિર્ભર છે.

સુપ્રણયી દંપતીના ગૃહસ્થાશ્રમના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી સંતતિને ગર્ભપ્રવેશથી માંડીને પુખ્ત વય પર્યંત માતાપિતાએ તેમનામાં કઈ જાતના સંસ્કારો રેડવા ઘટે તથા તેમની પ્રત્યે કેવી જાતનું વર્તન રાખવું ઘટે તે વસ્તુને વિચારીશું.

### પિતાની ફરજ

ગર્ભધારણ થયા પછી પ્રસૂતિકાળ પર્યંત પત્નીસંગ કરવો તે એક ભયંકર પાપ છે. એટલું જ નહિ બલ્કે ત્યાં સુધી પત્ની પ્રત્યે વિકારી દૃષ્ટિથી જોવું કે વિકારી વાતો કરવી તે પણ પાપવૃત્તિનું જ એક સ્વરૂપ છે.

કારણ કે બાળક જ્યારથી ગર્ભમાં આવે છે ત્યારથી માતાની અને તેની નાડી એક જ હોય છે. માતાના શ્વાસોચ્છ્વાસદ્વારા જ ગર્ભ જીવે છે. તેથી માતા પર થતી સારી કે માઠી અસર સંતતિ પર પણ તાત્કાલિક થાય છે.

જે સંતતિનાં માતાપિતા બાળક દૂધ પીતું થાય ત્યાં સુધી પરિપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે, તે સંતતિ સંયમી અને બલિષ્ઠ બને છે. પરંતુ જે સંતતિનાં માતાપિતા પોતાની બૂરી વાસનાને રોકી શકતાં નથી, તેમની સંતતિ વિકારી અને રોગિષ્ઠ બને છે. તેવાં માબાપો તે સંતતિનાં ધર્મમાતા કે ધર્મપિતાને બદલે સંતતિનાં સંહારક સમાં ગણાય છે. એટલે વિકારસંયમ એ માબાપનું સંતતિ પ્રત્યેનું સૌથી પ્રથમ કર્તવ્ય છે.

જે માબાપો પોતાના આ કર્તવ્યને ચૂકયા પછી ભવિષ્યમાં પોતાની સંતતિ તરફથી સદ્‌ભાવના કે સેવાની આશા રાખે છે, તેઓ બાવળનું બીજ વાવી કેરીની ઇચ્છા રાખનાર મૂર્ખના જેવું બેહૂદું કાર્ય કરી રહ્યાં છે, તેમ લાગે છે.

## પુરુષોને ઉપાલંભ

આવે સમયે ગર્ભ માટેની પિતાની જવાબદારી માતા કરતાં અધિક છે. પરંતુ તેઓમાંથી પોતાની ફરજ સમજનાર બહુ થોડો જ વર્ગ આજે નજરે પડે છે. વિશેષાંશે તો એવા મૂર્ખ અને વાસનામય પુરુષો હોય છે કે જે પ્રસૂતિકાળ થતાં સુધી પણ પોતાની કારમી વાસનાને રોકી શકતા નથી. ખરેખર, આવા પુરુષો પિતાના પવિત્ર નામને પણ લજાવે છે. કસુવાવડ અને ખોડીલી સંતતિનું ઉત્પન્ન થવું, એ મોટે ભાગે એવા પ્રકારની વાસનાનું જ પરિણામ છે; સ્ત્રીઓનાં અનેક દર્દોનું પણ આ એક મુખ્ય કારણ છે.

આજે સુવારોગોનો તો રાફડો ફાટ્યો છે. સેંકડે ૨૫ ટકા માતાઓ તો સુવાવડમાં જ મૃત્યુ પામે છે; અને બાકીની જે જીવે છે તે શક્તિહીન થઈ જીવન પૂર્ણ કરે છે. તેમનું નૂર ચોરાઈ ગયેલું હોય છે. પ્રદર, હિસ્ટીરિયા અને તેવાં જીવલેણ દર્દોથી તે હમેશાં પીડાતી રહે છે. પછી અનેક શક્તિવર્ધક પીણાંઓ કે જે શારીરિક અને ધાર્મિક દૃષ્ટિએ હાનિકારક અને એકાંતત્યાજ્ય હોય છે, તેમનું

તેને સેવન કરવું પડે છે. છતાં પણ ગયેલું સ્વાસ્થ્ય તેને ફરીથી સાંપડી શકતું નથી, અને બેચાર બાળકોની માતા બની ગયા પછી ભલેને વય માત્ર ૩૦ વર્ષની હોય પરંતુ એક ૮૦ વર્ષની ડોશી કરતાં તે ઓછી ઘરડી કે ઓછી શિથિલ દેખાતી નથી.

આ બધાં દર્દોનું મૂળ વિકારની વાસના જ છે. અતિ વિકારનું પરિણામ કેવળ પુરુષોને જ ભોગવવું પડે છે તેવું કાંઈ નથી. તેની અસર આ રીતે સ્ત્રીઓ ઉપર પણ બહુ બૂરી થાય છે. આવી રીતે ગુમાવેલા આરોગ્યને મેળવવા જે સંતતિનિયમનના ઉપાયો માટે ફાંફાં મારે છે, તેમણે થાકીને તો આખરે પોતાની વિકારી વાસનાને કાબૂમાં લાવવાને રસ્તે જ વળવું પડશે. પરંતુ પછીથી વળવું તે કરતાં પ્રથમથી જ વળવું એ વધુ ઉચિત છે, કારણ કુદરતના કાનૂનને અધીન થઈ આખરે તેમ વર્તવાની ફરજ અવશ્ય ઊભી થાય છે.

પ્રથમના છ વર્ષનો ગાળો એ બાળકના જીવનને માટે સૌથી વધુ અગત્યનો હોય છે. એ સમય દરમિયાન બીજાં સંતાનનો બોજો માબાપ પર આવી પડે તો તેઓ પ્રથમ બાળક પ્રત્યે પૂરતું લક્ષ્ય આપી શકતાં નથી. આની અસર ભાવિ પ્રજાના જીવન પર પડે છે. વધુ જવાબદારીનો બોજો સહન ન થતાં માબાપ ચીડિયાં બને છે, અને એનાથી બાળકની અનેક ઊર્મિઓ અને ભાવનાઓ કચડાઈ જાય છે.

## સ્ત્રીઓને સૂચન

આ પરિસ્થિતિમાં સંતતિની માતા કંઈ ઓછી જવાબદાર નથી. તેણે આવા પતિને સદ્‌બોધદ્વારા પોતાની પવિત્ર ફરજનું ભાન કરાવવું ઘટે અને જો તે ન માને તો સત્યાગ્રહથી પણ તેને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ; પરંતુ આવી વાસનામય વૃત્તિને અધીન તો કદી ન જ થવું ઘટે.

પતિની આવી વાસના તૃપ્ત કરવામાં કોઈ પતિભક્તિ સમજતું

હોય તો તે કેવળ ભ્રમ છે. યાદ રાખવું જોઇએ કે પત્ની એ પતિની ગુલામડી ( વિષયવાસનાની તૃપ્તિઅર્થે ) નથી, પણ જીવનની સાથીદાર છે. તેથી આવા પદભ્રષ્ટ થયેલા પતિને ભાનમાં લાવવા માટે શક્ય તેટલા બધા પ્રયત્નો કરવાનો તેને સંપૂર્ણ હક્ક છે. આવે સમયે જો તે આટલી પણ નૈતિક હિંમત ન દાખવે તો તે અત્યાચારી પતિની પેઠે પોતે પણ ગુનેગાર બને છે, અને તે જ વખતે તે સંતતિની પવિત્ર માતા મટી ઘાતિની બની રહે છે.

## સંયમનું શુભ પરિણામ

જે માબાપો પોતાની સંતતિ ત્રણચાર વર્ષની થતાં સુધી બ્રહ્મચર્ય પાળે છે તેમની સંતતિ સૌંદર્ય, સ્વાસ્થ્ય અને સંસ્કારથી ભરપૂર દેખાય છે. તેના વદન ઉપર લાલી ચમકે છે, તેનું લલાટ ભવ્ય અને સુરેખ જણાય છે. અને આવું બે વર્ષનું બાળક પણ પાંચ વર્ષની વય જેટલું પુષ્ટ લાગે છે.

## ગર્ભાધાન પછી માતાએ પાળવાના નિયમો

૧. મન અને વાણીથી પણ બ્રહ્મચર્યની ભાવનાનું વહેણ ચાલુ રહે તે સારુ ઉચ્ચ અને પવિત્ર વાતાવરણમાં રહેવું.

૨. સતીઓનાં જીવનચરિત્રો વાંચવાં કે સાંભળવાં.

૩. ખોટી નિંદા, કૂથલી કે નિરર્થક વાતો કરવી કે સાંભળવી નહિ.

૪. કુત્સિત (વિકારવર્ધક) દશ્યો જોવાં નહિ.

૫. લડાઇટંટા કે ઝઘડામાં રસ લેવો નહિ. પણ નવું નવું ઉપયોગી શિક્ષણ મેળવવામાં સમય પસાર કરવો.

તે સમયની દરેક ક્રિયાની અસર અવ્યક્તપણે બાળક પર અવશ્ય થાય છે. અભિમન્યુને ગર્ભમાં જ છ કોઠાના યુદ્ધનું જ્ઞાન માતાની વૃત્તિથી જ થયું હતું તે વાત તો શાસ્ત્રપ્રસિદ્ધ છે. એટલું જ નહિ બલ્કે આજે પણ આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે

ગર્ભવતી માતા જેવા વિચારો સેવે છે અને જેવી રીતે વર્તે છે તેવી પ્રકૃતિનું બાળક જન્મે છે.

"આદત જેવી હોય માતમાં તેવી પુત્રમાં આવે છે,
ગર્ભવતીની સઘળી ચેષ્ટા ગર્ભે ગર્ભ જમાવે છે."

—સંતશિષ્ય

એટલે જે ગર્ભવતી માતા તે સમયે બેદરકાર રહે છે, તેનું પરિણામ તે સંતતિ સંસ્કૃતિહીન થવાથી તેને પોતાને પણ ભવિષ્યમાં ભોગવવું પડે છે.

**દોહદ**

'દોહદ' શબ્દને ગૂજરાતી ભાષામાં ડોહળો કહેવામાં આવે છે. દોહદ એટલે બે હૃદયવાળી ગર્ભવતીની ઉત્કટ ઇચ્છા. જેમ દર્દીને આરામ થતો જાય છે ત્યારે ભિન્નભિન્ન જાતની ભોજનરુચિઓ જાગૃત થાય છે, તેમ ગર્ભવતી સ્ત્રીને પણ આવા સમયે જુદાજુદા પ્રકારની ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે.

જે બહેનો સુશીલ અને સંસ્કારી હોય છે તેમને આવી ઉત્તમ પ્રકારની રુચિઓ પ્રગટે છે; કોઇને ધાર્મિક વાતો સાંભળવાની, કોઇને કુદરતી દૃશ્યો જોવાની, કોઇને દાન દેવાની, કોઈને સુમધુર ખાનપાન લેવાની, તો કોઈને સત્કાર્યાદિ કરવાની, વગેરે.

આવી ઉત્તમ રુચિઓને પરિપૂર્ણ કરવી તે તેમનાં પતિ, સાસુ અને વડીલોની ફરજ છે; કારણ કે તેવી ઉત્તમ ઇચ્છાઓ પરિપૂર્ણ ન થાય તો તેના અંતઃકરણમાં દુઃખ થવાને લીધે સંતતિને પણ ઇજા પહોંચવાનો સંભવ છે.

પરંતુ કેટલીક બહેનોને માટી કે રાખ ખાવાની નિરર્થક વાતો કરવાની, નિરુપયોગી જોવાસાંભળવાની, કે ખાટું, ખારું, તીખું-તમતમતું ખાવાની પણ ઇચ્છા થાય છે. આવી ઇચ્છાઓ પ્રાયઃ આસપાસના ખરાબ વાતાવરણથી કે હલકી ખાસિયતની સ્ત્રીઓના

સંસર્ગથી અથવા તો શારીરિક પોષક દ્રવ્યોની ખામીથી જન્મે છે. શાણી માતાઓએ એવી ઇચ્છાને સ્વયં સંયમપૂર્વક દાબી દેવી જોઇએ અથવા યોગ્ય ઉપચાર કરવા જોઈએ. અન્યથા પોતાની પ્રજા પર તેવા ખોટા સંસ્કારોની છાપ પડી જવાનો ભય રહે છે.

**ખાનપાન**

જેવી રીતે પ્રજાના સંસ્કારોનો આધાર માતા પર છે તે જ રીતે ગર્ભની તંદુરસ્તીનો આધાર પણ માતાનાં રહેનસહેન અને ખાનપાન પર છે. તેથી અતિ મરચાવાળાં, અતિ મીઠાં, તૂરાં, ખાટાં કે ખોરાં ખાણાં ખાવાં નહિ, પણ સાદું અને સાત્વિક ભોજન અને તે પણ પરિમિત લેવું. ચા, કૉફી કે તેવાં બીજાં કોઈ પણ જાતનાં કેફી પીણાં ન પીવાં, અને હલનચલનાદિ ક્રિયાઓ પણ ગર્ભને તકલીફ ન પડે તેમ તદ્દન અશક્ત ન બની જાય તેવી રીતે કરવી, એ બાળકની માતા બનનાર દરેક બહેનની ફરજ છે.

**વડીલોને નિર્દેશ**

આવે પ્રસંગે તે બહેનનાં વડીલો અને તેમાં પણ ખાસ કરીને તેમની સાસુઓનું અનિવાર્ય કર્તવ્ય છે કે તેમણે તેમની પાસેથી શ્રમ પડે તેવું કાર્ય ન લેવું, બહુ ઊઠબેસની ક્રિયાઓ ન કરાવવી, તેને ધ્રાસકો પડે તેવું વર્તન ન રાખવું, અને તેને વિશેષ શાંતિ કેમ રહે, તે તરફ સાવચેત રહેવું.

ગૃહકાર્યની સત્તા ઘણુંખરું સાસુના હાથમાં હોય છે તેનો ઘણીવાર કેટલીક સાસુઓ દુરુપયોગ કરી નાખે છે. કેટલીક સાસુઓ ગર્ભવતી વહુઓ પાસે અતિ તકલીફ પડે તેવું કાર્ય લે છે. આમ કરવામાં તેઓ કદાચ પોતાનો સ્વાર્થ સરે છે એમ માનતી હશે. પરંતુ તેનું પરિણામ એ આવે છે કે તે વહુની તબિયત લથડે છે, અને સાથે સાથે સંતતિને પણ દુઃખ થાય છે. આવું પરિણામ ભવિષ્યમાં મોટી આફતનું કારણ બની રહે છે, માટે આ સંબંધમાં પહેલેથી જ કાળજી રાખવી ઘટે.

## સુવાવડનો પ્રશ્ન

દવાખાનામાં જે સ્વચ્છતા અને સગવડો હોય છે તે સાધનો સારા સાધનસંપન્નને ત્યાં પણ હોતાં નથી. અને તેની આવશ્યકતા પણ છે.

હવે તો આપણે ત્યાં પણ ઠેર ઠેર પ્રસૂતિગૃહો નીકળવા લાગ્યાં છે અને તે જરૂરી પણ છે. પરંતુ એની ઉપચારો કરવાની રીતમાં હિંદની પરિસ્થિતિને અનુકૂળ થાય તેવું ઘણું સંશોધન જરૂરી છે. આજના નવા વિજ્ઞાન પાસે શરીરશાસ્ત્ર તથા સ્વચ્છતા વિષેના જે ખ્યાલો છે તે વર્ષોથી ચાલી આવતી દાયણો પાસે નથી, અને તેથી તે ખૂબ જ સુધારા માગી લે છે. જો એ બંનેનો વ્યવહારુ સમન્વય કરી નવું જ શાસ્ત્ર નિર્માણ કરવામાં આવે તો પશ્ચિમના માત્ર અનુકરણથી જે નુકસાન થાય છે તેમાંથી આપણે ઉગરી જઈશું.

વળી કેટલીક વખત એવું પણ બને છે ખરું કે દેશી સુયાણી જેટલું નર્સને પરિપક્વ વ્યવહારુ જ્ઞાન ન હોવાને કારણે ગર્ભને અને માતાને સોસવું પડયું હોય! પરંતુ જ્યાં સુધી શાસ્ત્રીય દૃષ્ટિએ શરીર-શાસ્ત્રનો અભ્યાસ કરાવી એવાં દેશી પ્રસૂતિગૃહો તૈયાર ન થાય ત્યાં સુધી આમ કર્યા વિના છૂટકો થતો નથી, કારણ કે આજની શહેરી સ્ત્રી એટલી તો નિર્બળ હોય છે કે થતું પ્રસૂતિકષ્ટ સહન કરવાની શક્તિ તેણે ગુમાવી દીધી છે.

બીજી બાજુ તન્દુરસ્ત ગ્રામીણ સ્ત્રીઓ પ્રાચીન કાળની પેઠે આજે પણ તે કષ્ટ સહેલાઈથી સહન કરી શકે છે. કારણ કે તેમનામાં તાકાત પરિપૂર્ણ હોય છે. પ્રાચીન પ્રસૂતિશાસ્ત્રનું જ્ઞાન આજે નષ્ટ-પ્રાય થઈ ગયું છે તેની પુનર્રચના કરવાની અને ગર્ભવતી પાસે સ્વચ્છ વાતાવરણ અને વ્યવસ્થા રાખવાની શિક્ષાનો પ્રચાર કરવાની પણ આવશ્યકતા જણાય છે.

બાળક એ રાષ્ટ્રનું ધન છે, એટલે પ્રસૂતિકાળ દરમ્યાન માતાને

અને બાળકને પૂરતું પોષણ મળે એ માટે સમાજ અથવા સરકારે વ્યવસ્થા કરવી જોઇએ.

**નિર્બળતાનો જન્મ**

સ્ત્રીઓની આ નિર્બળતા જન્મવાનું મૂળ એકમાત્ર વ્યાયામનો અભાવ જ છે. પહેલાં કમોદ, ડાંગર, તલ ઇત્યાદિની ખાંડવાની ક્રિયાથી હાથના સ્નાયુઓ અને ફેફસાંને ખૂબ કસરત મળતી. દળવાથી પેટનાં આંતરડાંને વ્યાયામ મળતો. દૂરદૂરથી પાણીનાં બેડાં ભરી લાવવાથી પગ, ડોક ઇત્યાદિ દરેક અંગને તાલીમ મળતી. પશુપાલનનો રિવાજ વિશેષ પ્રમાણમાં હોવાથી સ્ત્રીઓને સતત કાર્ય રહ્યા કરતું હતું. જીવનનાં આવશ્યક તત્ત્વો જેવાં કે હવા, જળ અને ખોરાક તે ત્રણે આવા કુદરતી વ્યાયામોથી સાત્ત્વિક અને સ્વચ્છ મળતાં હતાં, અને તેથી શારીરિક, માનસિક બન્ને તંદુરસ્તી જળવાઈ રહેતી હતી. આવો વ્યાયામ જતાં આજે શારીરિક અને આર્થિક એમ બન્ને દૃષ્ટિથી ખૂબ વેઠવું પડે છે. તેમાં પણ હજુ કાંઈ બાકી રહી ગયું હોય તેમ દેશની દુર્દશા કરનારાં અનેક વ્યસનો પુરુષસંસર્ગથી સ્ત્રીજીવનમાં પણ લાગુ પડી ગયાં છે.

**ચાની બદી**

બીજાં નાનાંમોટાં વ્યસનો બાદ કરીએ તો પણ સ્ત્રીઓમાં આ વ્યસન જ્યાં જુઓ ત્યાં બહુ અંશે દેખાવ દે છે. શારીરિક, આર્થિક, રાષ્ટ્રીય અને ધાર્મિક એમ ચારે દૃષ્ટિએ ચા હાનિકર્તા છે, તે વાત હવે ચાના ગેરફાયદાનું આટલું સાહિત્ય નીકળ્યા પછી વિશેષ સમજાવવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ આ સ્થળે એટલું નિર્દેશ કરવાનું જરૂર મન થાય છે કે તેઓ પોતાનાં શરીર તરફ ભલે બેદરકાર હોય, પણ પ્રજાના હિત માટે તો તેમણે જરૂર આ બદીમાંથી છૂટી જવું જોઇએ.

જે બાળકની માતા ચા પીએ છે તે બાળકને ગળથૂથીમાં જ

અમૃતને બદલે વિષ પાય છે, અને પ્રજાનું આયુષ્ય અર્ધું બનાવવાની પાશવી ક્રિયા કરે છે, તેમ માનવું અસ્થાને નથી. આ બદીએ સ્ત્રીઓમાં, વિધવા હો કે સધવા હો, કોઈને બાકી રહેવા દીધાં નથી. આ કુટેવ દરેક સ્ત્રીઓએ શીઘ્ર તજી દેવી જોઈએ.

## બાળઉછેરના જ્ઞાનનો અભાવ

નાના બાળકને જરા આંખ, માથું દુખે કે તુરત જ 'બોલાવો ડૉકટરને' એમ કહેવું પડે તે બાળઉછેરના જ્ઞાનના અભાવનો નમૂનો છે. અનુભવી ડોશીઓ પણ ગઈ અને ઘરવૈદાનો લોપ થતો ગયો, પરંતુ તેનું પરિણામ તો બાળકોને જ ભોગવવું પડ્યું. માંદગીઓ વધી અને દવાઓના બાટલા પીવરાવીને બાળકોને માયકાંગલાં બનાવી મૂકયાં.

આ દુઃખથી છૂટવા માટે માતા થયા પહેલાં દરેક બહેને ઘરગથ્થુ વૈદકનો અભ્યાસ કરવાની ખૂબ જ જરૂર છે.

## નાનાં બાળકો પ્રત્યે

બાળકો જ્યાં સુધી માતાનું દૂધ પીએ ત્યાં સુધી માતાએ પોતાની દરેક ક્રિયામાં સંયમી રહેવું ઘટે અને દૂધપાનની સાથે ઉચ્ચ સંસ્કારોનું પાન પણ કરાવવું ઘટે. બાળકના કાનમાં મીઠાં અને મધુર વચનો ભરવાં જોઈએ. કારણ કે આ વખતે બાળકની માતા સાથે એટલી તો એકાકારતા હોય છે કે તે પોતાની માતા સિવાય જગતમાં કોઈને ઓળખતું જ નથી.

કેટલીક માતાઓ તો બાળકની પૂરી શરીરસ્વચ્છતા પણ રાખી શકતી નથી, ત્યાં સંસ્કૃતિની તો વાત જ શી? આવી માતાની ગણના શંખણી સ્ત્રીઓમાં થાય છે. તેનાં બાળકો રૂપાળાં અને તંદુરસ્ત હોવા છતાં કોઈને રમાડવાનું કે જોવાનું મન સુદ્ધાં થતું નથી. તેમની આંખમાં ચીપડા બાઝ્યા હોય છે. નાકમાંથી લીંટ અને મોઢામાંથી લાળ ઝરતી હોય છે. તેમ જ કાનમાં મેલના થર જામેલા

હોય છે. શાણી માતાઓએ બાળક પ્રત્યે આવી બેદરકારી દૂર કરી સાવધાન રહેવું જોઇએ.

**બે ઉપયોગી વાતો**

બાળકને છાનું રાખવા અગર સુવરાવવા માટે કેટલીક માતાઓ ‘ રે બાવો આવ્યો, એ બાઘડો આવ્યો, સૂઈ જા, જો બિલાડી આવી ! તને ખાઈ જશે, છાનો રે’, એવી એવી ત્રાસદાયક રાડો પાડી બાળકમાં બીકની લાગણી ઉત્પન્ન કરે છે. કેટલીક વળી બાળકને ખૂબ રડાવવાની આદત પાડે છે, એ પણ સારી ટેવ નથી. આથી બાળક પોચું અને બીકણ બને છે. માતાએ બાળકને રોતલ અને પામર ન બનાવતાં સર્વદમનની પેઠે સિંહના દાંત ગણે તેવું નિર્ભય અને શૂરવીર બનાવવું જોઈએ.

કહ્યું છે કે :

“ જનની જણ તો ભક્તજન, કાં દાતા, કાં શૂર,
નહિ તો રે’જે વાંઝણી, મત ગુમાવીશ નૂર. ”

કારણ કે બાળકના સારામાઠા ભવિષ્યની વિધાતા એક માતા જ છે. આથી બાળઉછેરનું કાર્ય જે માતાને આવડતું નથી, તે સારા રાષ્ટ્રની દ્રોહી બને છે. પ્રજોત્પત્તિ કરવી તેમાં જ કંઈ માબાપનાં કર્તવ્યની ઇતિસમાપ્તિ થઈ જતી નથી. તેનો ફરજનો મોટો પ્રશ્ન તો બાળક જન્મ્યા પછી જ ઊભો થાય છે.

**બાલશિક્ષણ**

બાળક પાંચ છ વર્ષનું થાય ત્યાં સુધી તેના શિક્ષણનો ભાર તેની માતા પર નિર્ભર હોય છે. આ કાળ જોકે બહુ અલ્પ છે, છતાં તેટલા જ સમયમાં પૂરેલા સંસ્કારો જીવનપર્યંત સ્થાયી રહી શકે છે. આટલી વય સુધી તો માબાપોએ બાળક પ્રતિ હરેક પળે જાગ્રત રહેવું જ જોઇએ, અને પછીથી તે બાળકને યોગ્ય શિક્ષકના હાથ તળે સોંપી દેવું ઘટે.

શિક્ષકોના હાથ તળે ગયા પછી પણ માબાપો દેખરેખ રાખવાની ફરજથી તો કદી છૂટી શકતાં જ નથી. પરંતુ શિક્ષણનો બોજો તેમના પરથી શિક્ષકોદ્વારા આ રીતે ઊતરી જાય છે.

## શિક્ષકોનું કર્તવ્ય

શિક્ષક એટલે પંતુજી નહિ, ભાડૂતી માણસ નહિ, પણ આખા રાષ્ટ્રના નાગરિકોનો એ નિર્માતા પિતા છે. વિદ્યાર્થી પ્રત્યેનો તેનો પ્રેમ અને સહિષ્ણુતા માતા જેવાં ઉદાર હોવાં ઘટે.

શિક્ષકો પોતાના આ કર્તવ્યથી ચૂક્યા છે ત્યારથી તેઓ પંતુજી બની ગયા છે. પ્રથમના વખતમાં વિદ્યા આપવાનું કાર્ય પ્રાયઃ ત્યાગી વર્ગ જ કરતો હતો, અને તેથી ગુરુપદનું ગૌરવ તથા સન્માન હતું.

આજે શિક્ષકોનું સ્થાન વિદ્યાર્થીઓનાં હૃદયમાં નથી. કારણ સ્પષ્ટ છે. શિક્ષકોની દૃષ્ટિ મુખ્યપણે પૈસા તરફ વળી ગઈ છે. તેઓ પોતાનું પદ અને મહત્તા ચૂક્યા છે. સમાજ પણ એ જ રોગનો ભોગ બન્યો છે. બાળકોના સંસ્કાર કરતાં પૈસા એને વધુ આકર્ષે છે. એટલે શિક્ષણ આજે નિષ્પ્રાણ બની ગયું છે. અને જેનો બીજે ક્યાંય પત્તો નથી ખાતો એવા જ લોકો શિક્ષકો બને છે. હવે, સમાજે સારા શિક્ષકો મેળવવા હોય તો તેમને પ્રતિષ્ઠા અને પોષણ આપવાં જોઈએ. શિક્ષકની પસંદગી શિક્ષણની સાથે સાથે ચારિત્રની રીતે કરવી જોઈએ. આ કામ સરકાર ન કરી શકે એટલે શિક્ષણની સંસ્થા મોટા ભાગે પ્રજાના હાથમાં હોવી જોઈએ.

આવી કેળવણીમાં કેવળ અક્ષરજ્ઞાનનો જ સમાવેશ થતો નથી; બલ્કે જીવનોપયોગી કળાઓ ઉપરાંત શરીરશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો પણ તેમાં સમાવેશ થાય છે. આવું શિક્ષણ આપવામાં પોપટિયું શાળાજ્ઞાન જ માત્ર કાર્ય આપી શકતું નથી. પણ શિક્ષકોમાં પરિપક્વ

અનુભવ અને સાથેસાથે તેમનામાં ચારિત્રની સુવાસ પણ પૂર્ણ હોવી જોઈએ.

આપણા રાષ્ટ્રના સદ્‌ભાગ્યે ગાંધીજીએ શિક્ષણના ક્ષેત્રમાં પણ ક્રાંતિ કરી ‘ પાયાની કેળવણી ’થી આપણને પરિચિત કરી દીધા છે. આજ સુધી શિક્ષણ અને જીવન બે છૂટાં પડી ગયાં હતાં. હવે જીવનમાંથી જ શિક્ષણ એ વ્યાખ્યા સ્વીકારાઈ છે. અને કામ કરતાં કરતાં, હાથપગ હલાવતાં માણસ જીવન જીવતાં શીખે અને ઘડાય એવા પ્રયોગ થઈ રહ્યા છે. આ છે નવી તાલીમનો આત્મા. આ શિક્ષણ જેટલું વહેલું વ્યાપક બનશે તેટલે અંશે મેળવેલા સ્વરાજનો પાયો મજબૂત બનશે.

## ઉપયોગી શિક્ષણ

આટલું ઉપયોગી જ્ઞાન તો બાળકને અવશ્ય મળવું જોઈએ કે જેથી તે ભવિષ્યનો આદર્શ નાગરિક બને:

૧. માતૃભાષાનું ઊંડું અને રાષ્ટ્રભાષાનું પરિપક્વ જ્ઞાન.
૨. કૃષિ, વાણિજ્ય અને ઇતર હુન્નરો; જેવાં કે સુથારી, લુહારી, વણાટ, રંગાટ વગેરેમાંથી પોતાની પસંદગી પ્રમાણે તેમાંથી એકાદનું તલસ્પર્શી જ્ઞાન કે જે જ્ઞાનદ્વારા મનુષ્ય સ્વાવલંબી રીતે પોતાની આજીવિકા ચલાવી શકે.
૩. દેશની પરિસ્થિતિ તથા તે પ્રત્યેની પોતાની ફરજ.
૪. રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સંબંધોનો પરિચય.
૫. પોતાના રાષ્ટ્રના રાજકારણના મુખ્ય મુખ્ય વિષયોનું જ્ઞાન.
૬. દેશની અને વિશ્વની મહાન વિભૂતિઓનાં જીવનચરિત્રોનું જ્ઞાન.
૭. જગતના મુખ્ય મુખ્ય ધર્મો જેવા કે વૈદિક, જૈન, બૌદ્ધ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી અને યહૂદી વગેરેનું રહસ્ય, તેની ઉત્પત્તિ તથા તેના સંસ્થાપકોના ઉદ્દેશનું સમન્વયાત્મક જ્ઞાન.

૮. સાહિત્ય, કળા, વિજ્ઞાન અને સંગીતનું જ્ઞાન.

**કળા કઈ ?**

આજે કળાની જે વ્યાખ્યા સમાજમાં પ્રચલિત છે તે કળા નથી પણ કળાનું એક વિકૃત સ્વરૂપ છે. જે કળાદ્વારા સાચી રસવૃત્તિ જાગ્રત થાય અને તેનો વેગ વિકાસ પ્રતિ વળે તે જ (કળા) સાચી કળા છે. આવી રસવૃત્તિ કાર્યમાં ઉત્પન્ન થઇ શકે. પરંતુ જ્યારે અમુક જ કાર્યમાં રસવૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે જાણવું જોઈએ કે તે રસવૃત્તિ નથી પણ રાગવૃત્તિ છે, અને તે કળા પણ આવી રાગવૃત્તિથી વિકૃત થઈ જાય છે.

દાખલા તરીકે, સંગીત એ કળા છે. વાદ્યસંવાદન એ કળા છે. પરંતુ જ્યારે તે હલકા પાત્રમાં અને આવી શૃંગારિક વૃત્તિ ઉત્પન્ન કરવામાં યોજાય છે ત્યારે તે કળા મટી જઈ વિકૃત થાય છે અને વિકાસને બદલે પતન પણ કરે છે. સંગીતની જેમ જીવનનાં બધાં ક્ષેત્રોમાં સમજવું.

શાળા અને કૉલેજમાં મળતું શિક્ષણ બાળકના માનસને બોજો ઉત્પન્ન કરે છે. સેંકડો અનુપયોગી બાબતો તે વિદ્યાર્થીને શીખવી પડે છે અને સંસ્કૃતિસુધારમાં પણ તે જ્ઞાન ઉપયોગી થતું નથી. તેથી શિક્ષણ વિષયક સુધારણા અને પુનર્રચનાની આજે અનિવાર્ય અગત્યતા છે. તે ખાતર પ્રત્યેક રાષ્ટ્રહિતૈષીએ બનતું કરી છૂટવું ઘટે, અને શિક્ષણ સંસ્થાના સંચાલકોનું આ વિષય પર ધ્યાન ખેંચાવવું ઘટે.

સ્વરાજ આવ્યા પછી આ દિશામાં ઝડપભેર પ્રગતિ થવી જોઈએ. અને આપણી શાળા પશ્ચિમના અનુકરણરૂપ નહિ પણ ભારતીય સંસ્કૃતિના કેંદ્રરૂપ બનવી જોઈએ.

**બાળક અને બાલિકાઓની શિક્ષણપ્રણાલિકા**

સ્ત્રી અને પુરુષના શરીરબંધારણમાં જેટલો કુદરતી ફેરફાર છે

તેટલું જ તેમની પ્રકૃતિમાં પણ પરાવર્તન હોય છે. સ્ત્રીઓમાં પુરુષ કરતાં શ્રદ્ધા, સરળતા, સહિષ્ણુતા અને સેવા ઇત્યાદિ ગુણ વિશેષ રૂપે હોય છે. આવા ગુણપરાવર્તનને અંગે જ સમાજના માનસશાસ્ત્રીઓએ બન્ને પાત્રો સ્વતંત્ર અને સમાન હોવા છતાં ભિન્નભિન્ન કાર્યોમાં તેમની પૃથક્પૃથક્ યોજના કરી છે. અને તેથી તેઓના શિક્ષણમાં પણ ભિન્નભિન્ન દિશાઓ હોવી જોઈએ એમ લાગે છે. જોકે કેટલોક વ્યવહાર સમાન રીતે જાળવવાનો હોય છે. તેથી પ્રાથમિક જ્ઞાન બન્નેને સમાન અપાય તે ઉચિત છે અને તેથી નાની વય સુધી તેઓનું સહશિક્ષણ હોય તે સ્વાભાવિક છે.

પરંતુ આજે સમાજમાં એક મોટો પ્રશ્ન અનેક રીતે ચર્ચાઈ રહ્યો છે તે તો કૉલેજના સહશિક્ષણનો છે. પુખ્ત વયનાં યુવકયુવતીઓનું અમર્યાદિત સાથે રહેવું એ નૈતિક દૃષ્ટિએ હાનિકારક છે, એ વસ્તુને બાજુ પર મૂકીએ તો પણ એટલું તો જરૂર સ્વીકારવું પડે છે કે તેવું શિક્ષણ સ્ત્રીજીવનની ઉપયોગિતામાં બહુ આવશ્યક નથી, એટલે તે દૃષ્ટિએ પણ તે વસ્તુ વિવાદગ્રસ્ત છે.

**પરિણામ**

કૉલેજનું શિક્ષણ લીધા પછી કદાચ તે બહુ આગળ વધીને શિક્ષિકા, ડૉક્ટર કે બૅરિસ્ટર બનશે. પરંતુ આખરે તેને પ્રાયઃ વિવાહિત તો બનવું જ પડશે, અને ત્યારે તેનું કાર્યક્ષેત્ર સ્વાભાવિક રીતે જ બદલી જવાનું. માનો કે તે પોતાનું કાર્યક્ષેત્ર પુરુષની માફક નૈતિક હિંમત રાખી ચલાવે, તો પણ નારીજીવનને અંગે એકલા આ દિશાના શિક્ષણથી તેનું કાર્ય સંપૂર્ણ રીતે સરી શકશે નહિ. પતિપ્રેમ, પ્રજાપાલન ઇત્યાદિ કાર્યો તો નારીજીવનને માટે અનિવાર્ય રહેવાનાં જ.

ઇતર દેશની પદ્ધતિ, રીતરિવાજ, વાતાવરણ અને એ બધી પરિસ્થિતિ અંગે કદાચ ત્યાં આવું શિક્ષણ સ્ત્રીઓને માટે ઉપયોગી

હશે. જેમકે રશિયામાં આજે પ્રજા ઉત્પન્ન થયા પછી તેના પાલનનું કાર્ય માતાપિતા પર રહેતું નથી. એ બાલપણથી માંડીને મોટી ઉમ્મર—સ્વાવલંબી ન બને ત્યાં સુધી તેનો બધો ભાર ત્યાંની સરકાર માથે લે છે, અને બધી વ્યવસ્થા કરી આપે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને મનુષ્યના સહજ વિકાસની નજરે તે બંધબેસતું પણ નથી.

ભારતમાં ચારિત્ર એ જ જીવન છે. પ્રેમ સ્નેહ અને સેવા એ જીવનવૃક્ષનાં રસિક ફળો છે. આવા રસોના આસ્વાદનમાં ભારતીય સ્ત્રીઓ પોતાનું સદ્ભાગ્ય સમજે છે.

ઘડીભર માની લો કે આજનો સમાજ પુનર્રચના પામે અને સ્ત્રી અને પુરુષો બન્નેને એક જ કાર્યપરત્વે યોજાવાનું થાય, તો પણ આવો સુશિક્ષિત વર્ગ તો અપવાદરૂપે જ નીકળવાનો, અને તે માર્ગમાં પણ મનુષ્યહૃદયની મહત્ત્વાકાંક્ષા જે વસ્તુના શોધન પાછળ મથે છે તે તેમાંથી મળે છે કે કેમ, એ એક ગંભીર અને ચિંતનીય વસ્તુ છે.

અહીં એ વસ્તુ ખાસ યાદ રાખવી જોઈએ કે પુરુષના કરતાં સ્ત્રીનો દરજ્જો અને અધિકાર જરાયે ઓછો નથી. અને તેથી પુરુષની જેમ સ્ત્રીને પણ કેળવણી પ્રાપ્ત કરવાનો પૂર્ણ અધિકાર છે.

પરંતુ સેંકડે નવ્વાણું ટકા સ્ત્રીઓને માતૃપદ ભોગવવાનું હોય છે. તેથી તે પદને ઉપયોગી જ્ઞાન તો તેને મળવું જ જોઈએ. તે ઉપરાંત સ્વરાજ મળ્યા પછીના સામાજિક ઉત્થાનમાં સ્ત્રીઓએ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. આર્થિક પરાધીનતાને કારણે જે બધાં ક્ષેત્રોમાં સ્ત્રીઓને પરાવલંબી બનવું પડ્યું છે તેમાંથી તેમનું ઉત્થાન કરી સમાજને ઊંચે લાવવાનો છે.

## નારીજીવનને ઉપયોગી કળા

અક્ષરજ્ઞાન, ગણિત વગેરે જ્ઞાન ઉપરાંત સ્ત્રીજીવનમાં વિશેષાંશે કળાજ્ઞાનની આવશ્યકતા છે. હુન્નરનો સમાવેશ પણ કળામાં થઈ

શકે છે. આજે બાળાનાં માબાપો બાળાના શિક્ષણ તરફ જેટલાં બેદરકાર રહે છે તેટલું જ દુઃખમય પરિણામ તેને પાછળથી ભોગવવું પડે છે, તે પ્રત્યક્ષ અનુભવાય છે. સ્ત્રીજીવનના આજના દુઃખદ પારતંત્ર્યનું મૂળ કારણ પણ આ જ છે.

કેટલાંક માબાપ એમ કહે છે કે બાળાને કયાં નોકરી કરવા જવું છે કે શિક્ષણની તેને જરૂર હોય ! એમ માની અક્ષરજ્ઞાનથી પણ તેને વંચિત રાખે છે. આ માન્યતા સ્ત્રીજીવનના વિકાસમાં મહાન રોધ કરે છે, તેમ સમજી તેને ઉપયોગી દરેક કળા મર્યાદિત ક્ષેત્રમાં રહીને તેને જરૂર શીખવવી ઘટે.

ગૃહસ્થધર્મના દૃષ્ટિબિંદુએ અક્ષરજ્ઞાન ઉપરાંત પાકશાસ્ત્રની કળા, બાળઉછેર, ઘરગથ્થુ વૈદું, શીવણ, ગૂંથણ અને ભરતની કળા તથા ગૃહઉદ્યોગ, જેવાં કે દળવું, રેંટિયો કાંતવો વગેરે તેમને સહજસાધ્ય હોઈ આવડવાં જોઈએ. આવા શિક્ષણની તાલીમ આપી પહેલાં તેવી શિક્ષિકાઓ ઉત્પન્ન કરી લેવાની ખૂબ આવશ્યકતા છે. બાળાઓના જીવન પર શિક્ષિકા સ્વજાતીય હોવાથી સંસ્કૃતિ અને શિક્ષણ બન્ને પર તેમની ઊંડી અસર સારી રીતે પડે છે. આથી એક સામાન્ય વર્ગના કુટુંબ પાછળ દોઢસોથી બસો રૂપિયા જેટલું ફાલતું ખર્ચ આવે છે તે બચી જાય અને કપડાંનું ખર્ચ નીકળી ગયા પછી ખોરાકનું ખર્ચ તો બહુ જ જૂજ આવે.

આથી તે ગૃહસ્થાશ્રમને સુખમય બનાવી શકે એટલું જ નહિ, બલ્કે નારીજાતિને વૈધવ્યજીવનમાં જે દુઃખ ભોગવવું પડે છે તે દુઃખનો પણ આવી રીતે સ્વાવલંબી બની પરિહાર કરી શકે.

દંપતીજીવનનાં સુખસાધનોમાં પુરુષ કરતાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓ માટે પોતાના પતિને રંજન કરવા સારુ બીજી કળાઓ, જેવી કે સંગીતાદિની આવશ્યકતા હોય છે ખરી; પરંતુ તેમનું સ્થાન તેના

ઉદ્દેશ પૂરતું મર્યાદિત હોવું ઘટે. આ કળાના વિકાસ માટે જ ગરબા, રાસ વગેરે પદ્ધતિઓ સમાજમાં ચાલુ હતી.

પરંતુ અતિ બારીક અને મર્યાદાવિહીન સ્વાંગ સજી અન્ય પુરુષોની સાથે જાહેરમાં નાટ્યાદિ પ્રયોગો કરવા તે કદાચ પાશ્ચાત્ય સભ્યતાને અનુરૂપ ભલે હોય, પરંતુ ભારતીય સંસ્કૃતિ માટે તે બંધબેસતું થઈ શકે તેમ નથી. અને તેમ કરવામાં કળા પણ નથી.

સારાંશ કે કળાપ્રેમીઓએ કળાની સંસ્કૃતિ તરફ વધુ લક્ષ રાખી તેનો વિકાસ કરવો જોઈએ.

## સંસ્કારિતા

બાળકોનો શિક્ષણવિષયક બોજો શિક્ષકો ઉતારી શકે છે; પરંતુ તેમ છતાં બાળક યથાર્થ શિક્ષણ લે છે કે કેમ, તથા તે શિક્ષણની બાળકના જીવન પર કેવી અને ક્યા પ્રકારની અસર થાય છે તે તપાસવાનું કામ તો માબાપોનું જ રહે છે. દિવસના છ થી આઠેક કલાક જ બાળક નિશાળમાં હોય છે. ત્યાં તેને વિવિધ વિષયોનું જ્ઞાન અપાય છે. પણ દિવસનો મોટો ભાગ તો તે ઘેર જ હોય છે. ત્યાં જ તેનું ભણતર પાકું થાય છે, સાચું ચારિત્ર ઘડાય છે.

નાનાં બાળકો જેમની સાથે રમતાંખેલતાં હોય છે તે બાળકોનાં માબાપોની ખાસિયત ઉચ્ચ હોવી જોઈએ. હલકાં માબાપોનાં જે સંતાન હોય છે તેમનામાં સંસ્કારગત કુટેવો લાગુ પડી ગયેલી હોય છે. આવા સંસર્ગથી સાથે રમતાં સારાં બાળકો પણ ખરાબ થઈ જાય છે, અને તેમનામાં કેટલીક કુટેવો એવી જડ ઘાલી બેસે છે કે જે શરીર અને મન પર કારમી અસર કરે છે, અને પછી જિંદગી સુધી તે કુટેવ છૂટી શકતી નથી.

કોઈની એંઠી બીડીઓ પીવી, પરસ્પર ગાળાગાળી કરવી, ચારિત્રવિષયક ખોટી ખોટી અશ્લીલ ચેષ્ટાઓ કરવી, આ બધાં

બાળસંસ્કૃતિનાં દેખાવમાં નાનાં છતાં મહાન દર્દો છે. તેવા સંસર્ગથી માબાપોએ બાળકોને દૂર રાખી તેના સુસંસ્કાર તરફ સાવચેત રહેવું ઘટે.

કેટલાંક માબાપો બાળક જરા ભૂલ્યું એટલે તેને મારવા મંડી પડે છે; કેટલીક માતા બાળાઓને 'નપીરી, નભાઈ, વા'લા મૂઈ' ઇત્યાદિ ગાળો દે છે, તે બહુ બૂરી કુટેવ છે; કેટલીક માતાઓ પોતે કોઈ પર કોઈ કારણથી ગુસ્સે થાય છે તો પોતાનો ગુસ્સો બાળકોને મારીને ઉતારે છે. આ બધી માબાપની પોતાની જ ખામી છે. જોકે બાળકોને સુશિક્ષા આપવી અને તેના જીવનમાં વક્રતા ન આવે તેવી સુધારણા કરવી એ માબાપોની ફરજ છે. પણ બાળકોને મારવાથી તે કદી સુધરતું નથી; બલ્કે વધુ બગડીને હઠીલું થઈ જાય છે. એથી એની ઊર્મિ અને સહજ વિકાસ રૂંધાય છે.

**સાચું ધન**

બાળકોને સંસ્કારિતા અને શિક્ષણ આપવું એ જ સાચું ધન છે. તે ધનને કોઇ છીનવી શકતું નથી. જે માબાપો આવા શાશ્વત ધન તરફ બેદરકાર રહે છે અને તેના સારુ ધાતુનાં ધનનો સંચય કરે છે, તે ખરેખર ભૂલે છે.

ધનના સંચયથી બાળકો સુખી થાય છે તે માન્યતા કેવળ ભ્રમપૂર્ણ છે, ઊલટું જ્યાં ધન હોય છે ત્યાં વૈભવવિલાસ, મૂર્ખતા અને મદ વધે છે કે જે દુર્ગુણોથી કુળનું પતન થાય છે, અને સંતાનો દુ:ખી થાય છે કિંવા ભાઈ ભાઈ વચ્ચે લડી સંપત્તિ અને શરીર બન્ને ગુમાવે છે.

સંસ્કારસંચય કરવાથી ધનસંચયની તૃષ્ણાથી ઉત્પન્ન થતાં અનેક પાપો, રાષ્ટ્રદ્રોહ અને બિમારીઓનો અંત આવી જશે અને રાષ્ટ્રનાં ભૂખે ટળવળતાં ભારતીમાતાનાં બાળકોને પણ રાહત મળશે. આ વસ્તુ નિર્વિવાદ સત્ય છે.

આજે એવાં ઘણાં દૃષ્ટાંતો મળશે કે જેનાં માબાપો ધનનો

વારસો મૂકી ગયાં છે તેમની સંતતિ દુઃખ અને બેકારીની ખાઈમાં ગોથાં ખાતી ખાતી માબાપો પર અભિશાપ વરસાવી રહી છે. અને એવાં પણ ઘણાં દૃષ્ટાંતો છે કે જેમનાં માબાપો સ્થૂળ ધન નહિ પણ સદ્‌ગુણો અને શિક્ષણનો વારસો મૂકી ગયાં છે, તે સંસ્કાર અને સંપત્તિથી સદાચાર અને સુખમાં ઝીલી રહી છે. માટે માબાપોએ તેવા ધનસંચયને બદલે શિક્ષણ અને સંસ્કારિતાનો પોતાનાં પ્રત્યેક બાળકોમાં વારસો ભરવો એ જ ઉચિત છે, અને એ જ તેમની પવિત્ર ફરજ છે.

### વ્યાયામ

શરીરને તંદુરસ્ત રાખવા માટે કંઈ ભારે ભારે ખોરાકોની આવશ્યકતા રહેતી નથી. પણ આ વાતને નહિ સમજનાર ઘણાં માબાપો પોતાના બાળકને ન પચી શકે તેવા બલિષ્ઠ પદાર્થો પરાણે ખવડાવી પુષ્ટ બનાવવા ચાહે છે, અને એ રીતે બાળકો પ્રત્યેના પોતાના પ્રેમને વ્યક્ત કરે છે, તે જબરી ભૂલ છે. તેમણે પોતાનાં બાળકોને તંદુરસ્ત રાખવા માટે બહુ સાદો અને સાત્ત્વિક ખોરાક આપવો ઘટે, અને સાથેસાથે વ્યાયામની તાલીમ પણ આપવી જોઈએ.

જ્યાં સુધી બાળક નાનું હોય ત્યાં સુધી તો તેને દોડવાનું, કૂદવાનું વગેરે જાતજાતની નાની નાની રમતોથી વ્યાયામ મળી રહે છે. પરંતુ જેમ જેમ મોટું થાય તેમતેમ તેને સારી વ્યાયામશાળાઓમાં ઉપયોગી કસરતો શીખવાની તાલીમ આપવી જોઇએ. આવી તાલીમ આપવાથી વગર ઔષધે અને વગર બલિષ્ઠ આહારે તેનું સ્વાસ્થ્ય સુંદર રહે છે અને તેની માનસિક શક્તિ પણ વિકસિત થાય છે.

બાલિકાઓને તો ઘરગથ્થુ કાર્યોથી કસરત કરાવવી જોઈએ, જેથી તેમના શરીરસ્વાસ્થ્યની સાથે તેમને ગૃહઉદ્યોગનું જ્ઞાન મળે, અને આર્થિક દ્રષ્ટિએ પણ લાભ થાય.

હિંદુસ્તાન હવે સ્વતંત્ર થયું છે. પોતાના નૈતિક પતનમાંથી એને ઊંચે આવવું છે. હજુ પણ દુનિયાના દેશો વૈજ્ઞાનિક હિંસક શસ્ત્રોની શોધ અને હરીફાઈમાં મચી પડેલા છે. એવે વખતે બહારનાં રાષ્ટ્રોના આક્રમણથી બચવા–એની સામે ટકી રહેવા પોલિસરાજ નહીં ચાલી શકે. તેથી દેશનાં પ્રત્યેક યુવકયુવતીને વ્યાયામની તાલીમ ઉપરાંત પૂર્વકાળની જેમ લશ્કરી તાલીમ આપવી આવશ્યક છે.

આ શિક્ષણ અને વ્યાયામ ઉપરાંત બાલિકાઓને માતાએ ઉત્તમ પ્રકારના સંસ્કારોનું શિક્ષણ પણ વિશેષ આપવું જોઈએ. કારણ કે પુત્રનું જીવન પુરુષજાતિ હોવાથી સદા સ્વતંત્ર રહે છે, પણ બાળાઓને તો વિવાહિત થયા પછી શ્વસુરગૃહે જ જવાનું હોય છે. ત્યાં તે સહિષ્ણુ, ઉદાર અને સુંદર જીવન ગાળી શકે તો જ તેનો ગૃહસ્થાશ્રમ આદર્શ બની શ

આ રીતે બાલક અને બાલિકાઓને તે તે અંગને ઉપયોગી શિક્ષણ અને સંસ્કાર આપ્યા પછી યોગ્ય વય થયે, તેમને યોગ્ય સ્થળ જોઈ તેમની સંમતિ મેળવી ગૃહસ્થાશ્રમમાં જોડી આપવાં, એ માતા-પિતાની ફરજ છે. એ ફરજના પાલનથી આર્યભાવનાનું મૂળ દૃષ્ટિ-બિન્દુ બરાબર જળવાઈ રહે છે.

કેટલાંક માબાપો બાળક અને બાળા પ્રત્યે અસમાન ભાવનાઓ રાખતાં હોય છે. તેમને ઘેર જ્યારે પુત્ર અવતરે છે ત્યારે તે ઉત્સવ ઊજવે છે, પણ જ્યારે પુત્રી અવતરે છે ત્યારે જાણે મહાન દૈવી કોપ ન થયો હોય તેવી દુઃખદ સ્થિતિ અનુભવે છે. આ ભેદ બાળપણથી માંડીને ઠેઠ સુધી રાખે છે. આવી ભેદભાવના એ ભારતીય સંસ્કૃતિ માટે મહાન કલંકરૂપ છે. તેવી વૃત્તિ ઉત્પન્ન થવાનું મૂળ કારણ તો 'પુત્ર કમાઇ લાવે, અને પુત્રીને તો આપવું પડે; પુત્ર તો લાડી લાવે જ્યારે પુત્રી તો સાસરાને ઘેર ચાલી જાય!' આવી આવી જાતની સ્વાર્થી વૃત્તિ જ છે. આવી મનોદશા પાશવવૃત્તિથી પણ નિકૃષ્ટ ગણાય.

**લગ્નસમય**

> **पञ्चविंशे ततो वर्षे पुमान्नारी तु षोडशे।**
> **समत्वागतवीर्यौ तौ जानीयात् कुशलो भिषक्॥**
> **"सुश्रुत वैद्यक"**

પચીસમા વર્ષે પુરુષ અને સોળમા વર્ષે સ્ત્રી સમાનવીર્ય થાય છે એમ કુશળ વૈદ્ય જાણવું.

શાસ્ત્રીય આજ્ઞા પણ એ છે કે લગ્નેચ્છુ સંતાનો હોય તો ૨૫ વર્ષનો પુત્ર અને ૧૬ વર્ષની પુત્રી થયા પછી જ તેના લગ્નસંબંધ જોડી આપવા. આથી વધુ વય હોય તો ચાલી શકે, પણ અલ્પ વય તો નહિ જ; કારણ કે તેટલી પરિપક્વ વય થયા પછી જ ગૃહસ્થાશ્રમને વહન કરવાની શક્તિ તેમનામાં આવે છે, અને પરસ્પરના હિતાહિતને પણ ત્યારે જ જાણી શકે છે. પરંતુ આજે આ પ્રણાલિકાનો ઘણા સમાજમાં ભંગ થતો જોવામાં આવે છે.

આજની પરિસ્થિતિમાં સંતતિનિયમન અત્યંત જરૂરી છે. તેથી લગ્નની વય સોળથી વધારીને વીસ કરવામાં આવે તો તેથી સ્ત્રીઓના વિકાસમાં પણ ઉપયોગ થાય, અને ઘણી ભાવિ મુશ્કેલીઓ ટળી જાય.

ઉચ્ચ ગણાતાં એવાં ઘણાં કુટુંબોમાં એવી ખાસિયત હોય છે કે તેઓ નાનપણથી જ બાળકોના અજ્ઞાનપણામાં તેમનાં વેવિશાળ કરી દે છે, અને કેટલેક સ્થળે તો અજ્ઞાનદશામાં લગ્ન પણ કરી નાખે છે.

નાની ઉમ્મરનાં લગ્નોથી દેખીતી રીતે નીચે પ્રમાણે નુકસાન થાય છે: (૧) પતિ અને પત્ની વચ્ચેનું જે વયનું અંતર રહેવું જોઈએ તે રહેતું નથી. તેને પરિણામે કજોડાં થાય છે. આવાં કજોડાંની સંતતિ કદરૂપી અને નિર્બળ જન્મે છે. (૨) વયની અસમાનતાથી પ્રકૃતિનો મેળ ખાતો નથી. (૩) અજ્ઞાન દશામાં થઈ ગયેલાં લગ્નને અંગે દામ્પત્યપ્રેમનો પ્રવાહ એકરૂપતામાં વહેતો નથી. (૪) આથી બાલવયમાં જ વૈધવ્યદુઃખની સંભાવના પણ બહુ અંશે રહે છે.

મારે ઘેર જલદી વહુ આવે અને મારા કાર્યમાં જલદી ભાગ લે એમ પુત્રની માતા માનતી હોય છે. અને પિતા એમ માને છે કે પુત્રને જેટલો જલદી પરણાવું તેટલો કરજથી જલદી છૂટો થાઉં. કાલ કોણે દીઠી છે ? માટે પરણાવીને લહાવો લઈ લઈએ.

માબાપની આવી મનોદશા બાળલગ્નાદિનું કારણ છે. અને તે પુત્રપુત્રીના ભાવિ જીવનની ભારે ઘાતક છે. તેથી તેવી માન્યતાનો ત્યાગ કરવો ઘટે.

### અણમેળ લગ્ન

કેટલાંક માબાપો ખાનદાન (કુલીન) મૂરતિયો મળે તે માટે નાની ઉમ્મરમાં પોતાની પુત્રીનાં લગ્ન કરી નાખે છે. એટલું જ નહિ પણ કેટલીક વાર તો આ ભ્રાન્તિને વશ થઈ પોતાની પુત્રી કરતાં નાની ઉમ્મરના બાળક સાથે વિવાહસંબંધ જોડી દે છે. આ પણ એક જાતનું અણમેળ લગ્ન જ છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે નીતિકારોએ જે ૭–૮ વર્ષનું અંતર રાખ્યું છે તે શરીરશાસ્ત્રને અનુસરીને જ નક્કી કરવામાં આવ્યું હોય છે.

પરંતુ તેને ઠોકરે મારી જેઓ આવાં અણમેળ લગ્ન કરી નાખે છે અને તેમને તેથી જે હાનિ થાય છે તે અકથ્ય છે.

### કન્યાવિક્રય

"એક દીકરી ને બીજી ગાય, જ્યાં દોરે ત્યાં જાય" તેવી સરળતાનો દુરુપયોગ કરી કેટલાંક માબાપો પોતાની કન્યાનું લગ્ન કરાવી તેમાંથી ધન મેળવે છે. આ એક કરુણાજનક પગલું છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

गृह्णंश्छुल्कं हि लोभेन स्यान् नरोऽपत्यविक्रयी ॥ मनुस्मृति

'જે પુરુષ કન્યાનું થોડું પણ ધન લે છે તે પોતાની પ્રજાનો વ્યાપાર કરનાર અધમ ગણાય છે.'

જે પોતાની સંતતને ઉત્પન્ન કરી વેચે છે તે પિતા કે માતા મનુષ્ય નથી, પશુ નથી, પણ તેનાથી યે અધમ છે. આવાં માબાપોમાં પોતાની સંતતિ પ્રત્યે વાત્સલ્યનું બિંદુ પણ ક્યાંથી હોઈ શકે? પોતાનો માલ સરસ અને સુંદર બને તે સારુ તે પોતાની પુત્રીને ઉછેરે છે અને પોષે છે; જ્યારે માલ પાકીને તૈયાર થઈ જાય ત્યારે કોઈ ગ્રાહક શોધી તેને વેચી નાંખે છે. માંસવિક્રેતા બીજાં પશુઓ પ્રત્યે ભલે નિર્દય હોય, પરંતુ પોતાના હાથ નીચે ઉછરેલાં પશુઓ પર તો તે પણ પ્રેમાળ વૃત્તિ દાખવે છે. જ્યારે અહિંસક અને સભ્ય ગણાતાં જે કુટુંબોમાં આ પ્રથા છે તે તો ખરેખર નિર્દયતાની પરાકાષ્ઠા જ ગણાય.

કન્યાવિક્રય આ રીતે ઉદ્ભવે છે. (૧) પિતા ઋણી–દેવાદાર બનેલો હોય, (૨) પહેલાં સારી સ્થિતિમાં હોય અને પછી નિર્ધન બની ગયો હોય, (૩) પોતે બેકાર હોઈ સામાજિક રૂઢિ એટલે કે જમણવારો, કરિયાવર વગેરેને પહોંચી વળવાને ખાતર અને (૪) કેટલેક સ્થળે પોતાના દીકરાને વરાવવા કે પોતાને પરણવા ખાતર સાટાં કરે છે. તે પણ એક જાતનો વિક્રય જ છે.

ઉપરનાં ચાર કારણો પૈકી જે કોઈ કારણથી આ કાર્ય થાય છે તેમાં એકલો પિતા જ નહિ બલ્કે કન્યાની માતા અને સમાજ પણ જવાબદાર છે.

## માતાની ફરજ

જે માતા સુશીલ હોય છે તે પોતાના પતિને આવા વખતે સારા વિચારો આપી પોતાના કર્તવ્યનું ભાન કરાવે છે. પરંતુ ખેદની વાત એ છે કે કેટલીક વાર માતા પોતે જ દાગીના, ધન, વસ્ત્ર એવા ક્ષુદ્ર સ્વાર્થ ખાતર આવા દુષ્ટકાર્યમાં સંમત થાય છે. જો માતા સંમત ન હોય તો જરૂર આ કાર્ય ન થાય. પણ અજ્ઞાન અને સ્વાર્થાંધતાને વશ થયેલી આવી નારીઓ પોતાની જ નારીજાતિની કફોડી સ્થિતિ કરવામાં આડકતરી રીતે કારણભૂત થાય છે.

## સમાજની જવાબદારી

આ સ્થળે વધુમાં વધુ જો કોઈ જવાબદાર હોય તો તે સમાજ જ છે. સમાજજીવનને કોરી રહેલાં આવાં ગુપ્ત પાપો પર 'એમાં તે શું?' એમ કહી સમાજ આંખમિંચામણાં કરી લે છે, અને કેટલીક વાર સમાજની જવાબદાર ગણાતી વ્યક્તિઓ છડેચોક થતા આવા ગુનાઓને મિષ્ટભોજન કે ધનની થેલીઓમાં લોભાઈ નિભાવી લે છે તથા કેટલીક વાર આવા વ્યક્તિગત દોષો પર ઢાંકપિછોડો કરી નાંખે છે. એથી જ એ દોષો ધીમે ધીમે વધતા જાય છે. આ રીતે આવી બાબતોમાં સ્વાભાવિક પણે જ તેઓ વિશેષ જવાબદાર બની રહે છે.

જ્યાં સુધી આવા બનાવો ક્વચિત જ બને છે, ત્યાં સુધી તે કાર્ય કરનાર માબાપોને સમાજ તરફથી સંક્ષોભ રહ્યા કરે છે. પરંતુ જેમ જેમ તેવી સંખ્યા વધતી જાય છે તેમ તેમ વિષ્ટાના કીડાની માફક તે એટલા તો ટેવાઈ જાય છે કે પછી તેને આ ઘાતકી પ્રથા ત્યાગવાનું મન થતું નથી. અને તેનું ઉદાહરણ આપણે આજે ઘણા સમાજમાં પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. તેવી ઘાતકી રૂઢિનાં મૂળ એટલાં તો ઊંડાં પેસી ગયાં હોય છે કે શાણાં અને વિચારક ગણાતાં લોકો પણ તે બૂરી પ્રથાથી છૂટી શકતાં નથી.

વાસ્તવિક રીતે તો કન્યાને દાન તરીકે આપવી એ જ માબાપની ફરજ છે. શાસ્ત્રવિહિત કન્યાદાન શબ્દ પોતે જ તે સૂચિત કરે છે. ઘણા સમાજમાં આ રીતિ આજે પણ પ્રચલિત છે, તેઓ કન્યાનું ધન લેતા નથી એટલું જ નહિ, સમયેસમયે તેને સહાય કરવાનું પણ ચૂકતા નથી. પારસી અને એવી જાતોમાં તો પુત્રની માફક જ પુત્રીને પણ મિલકત સમાન રીતે વહેંચી આપવાની રીતિ છે. સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેની સમાનતાનું આ એક દૃષ્ટાંત છે. કન્યાને મૃત્યુ સુધી અથવા ત્યાર પછી પણ એ કુટુંબ પ્રત્યે પોતાની ફરજ સમજીને કંઈક ને કંઈક આપતા રહેવું એવું ધર્મનું અંગ છે.

## કન્યાવિક્રયનું પરિણામ

જે માબાપ આપત્તિની ખાતર કન્યાવિક્રય કરે છે તે પણ તેટલાં જ અધર્મી છે. કારણ કે આપત્તિ એ માનવધર્મની કસોટી છે. તેમાં જે માનવધર્મ ચૂકે છે તેઓ પોતાનું મૃત્યુ જ ખેંચી લાવે છે.

કોઈ પ્રશ્ન કરે કે કન્યાવિક્રય કરવાથી નુકસાન શું? તેનો ઉત્તર સ્પષ્ટ છે કે કન્યાવિક્રય કરનાર પ્રથમ પોતાનો આત્મા વેચે છે. કારણ કે પ્રેમ એ આત્માનું સ્વરૂપ છે. જ્યારે આ કાર્ય તો અંતઃકરણમાં વહેતી પ્રેમમય લાગણી સાવ સૂકાઈ જઈ તે નિર્દય બને ત્યારે જ બની શકે છે. એટલે એ કાર્ય પ્રથમ તો આત્મસ્વરૂપનું જ ઘાતક છે.

વળી જે માબાપ લેશ પણ સ્વાર્થની આશા રાખે છે તે પોતાની કન્યા માટે યોગ્ય પાત્ર જોઈ શકતાં નથી. તેથી આવા અયોગ્ય પાત્રને પનારે પડેલી તે અબળાના દિલને દુભાવવાના પાપમાં ભાગીદાર પણ તે જ બને છે.

## વૃદ્ધલગ્ન

વૃદ્ધલગ્નનો વિકાસ આ વૃત્તિને અંગે જ થવા પામ્યો છે. એને તેનું પરિણામ શું આવ્યું છે તે તો સામે ઊભેલી વિધવાઓ પોતે જ સાક્ષી આપી રહી છે, અને જ્યાં જ્યાં અણમેળ લગ્નો અને કજોડાંનાં લગ્નો થયાં હોય છે ત્યાં ત્યાંથી ફલાણી સ્ત્રી બળી મરી, ફલાણીએ કૂવો પૂર્યો, એવીએવી અશ્રોતવ્ય વાતો અને આર્તનાદો સંભળાય છે. સમાજની મહાન દુર્દશા કરનાર આ ઘાતકી પ્રથાને શીઘ્રાતિશીઘ્ર નાબૂદ કરવી જોઈએ, અને માબાપોએ પોતાની પુત્રીની યથોચિત સંમતિ મળ્યા પછી જ તેમનાં લગ્ન કરવાં જોઈએ.

કેટલેક સ્થળે કન્યાવિક્રયને બદલે વરવિક્રય થતો જોવામાં આવે છે. જે સમાજમાં કન્યાઓનું પ્રમાણ અધિક હોય છે ત્યાં આવી જાતની કુપ્રથા ચાલી રહેલી હોય છે. આ કુપ્રથાના પરિણામે એક ઉપર બીજી કે ત્રીજી પત્ની પરણતાં મનુષ્ય લાજતો નથી. ત્યાં સોક્ય-

(સપત્ની)માં પરસ્પર કલહ અને કંકાસની બદબો નીકળતી દેખાય છે. એટલું જ નહિ બલ્કે સ્ત્રીજાતિનાં અધઃપતન પણ આવી કુપ્રથાઓમાંથી જ ઉત્પન્ન થાય છે. બંગાળમાં ઉચ્ચ કોમની બનેલી હજારો વેશ્યાઓ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે.

આ કુપ્રથા જ્યાં ચાલુ હોય છે ત્યાં નારીજાતના સ્વમાનની હિંસા થાય છે, પુરુષને મન સ્ત્રીઓનું કાણી કોડી જેટલું મૂલ્ય હોતું નથી અને તેથી તેના જીવન તરફ બેદરકાર રહી બજારુ માલ તરીકે તેનો ઉપયોગ કરી શકે છે.

આવા ગૃહસ્થાશ્રમમાં પ્રેમનું બિંદુ પણ ક્યાંથી હોય! જે સન્નારીએ રત્નસમાન પુત્રપુત્રીઓ આપ્યાં હોય છે તેની જ બળતી ચિતા ઉપર બીજું સગપણ કરતાં એ નરાધમને લેશ પણ આંચકો લાગતો નથી. છતાં આ ઘાતકી કાર્ય જે સમાજમાં ખાનદાનીના એક સ્વરૂપ તરીકે ગણાય છે તે સમાજ કઈ કોટિનો હશે તે કલ્પી શકાતું નથી.

આવી રીતે કન્યાવિક્રય અને વરવિક્રય એ બન્ને કુપ્રથાઓમાં નારીજાતિનું ઘોર અપમાન અને હિંસા છે, તેમ જ આવી હિંસા સામાજિક અને નૈતિક બન્ને દૃષ્ટિએ ત્યાજ્ય છે. આથી બાળ, યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ દરેકે આ ઘોર પ્રથાનો નાશ કરવા હરપળે સુસજ્જ રહેવું જોઈએ, પછી તે પોતાના સમાજમાં હો કે અન્ય સમાજમાં હો. કારણ કે આ કંઈ એકલા સમાજનો જ નહિ, બલ્કે આખી સ્ત્રીજાતિનો અને સારા રાષ્ટ્રનો પ્રશ્ન છે.

**લગ્નસમયે**

સમાજમાં એવી અનેક કુરૂઢિઓ વ્યાપી રહી છે કે જે લખવા બેસીએ તો તેનું એક મોટું પુસ્તક ભરાય. પ્રસ્તુત સ્થળે લગ્નવિષયક કુરૂઢિઓની વિચારણા કરવાની છે. કારણ કે તે કુરૂઢિ માતાપિતાઓથી જ પોષાય છે.

## પોશાક

લગ્નસમયે બહુ ભારે પોશાક વર, વહુ અને તેના લાગતાવળગતાઓએ ધારણ કરવો જોઇએ જ, પછી ભલે ઘર પહોંચતું હોય કે ન હોય. એટલું જ નહિ બલકે વહુ માટે ૨૫–૨૫ વસ્ત્રોની જોડ અને તે પણ બહુ ભારે કિંમતની આપવી જ જોઈએ; તે વિના સારું ન દેખાય, એવો રિવાજ સમાજમાં ચાલુ છે. જ્યારે આ રિવાજ પ્રથમ ચાલુ થયો હશે ત્યારે તે આખા સમાજને માટે ફરજિયાત નહિ જ હોય. કારણ કે સૌ કોઈ તેવા ધનાઢ્ય હોતા નથી. પણ આજે તો કન્યાવિક્રય કરે કે વૃદ્ધવિવાહ કરે; પરંતુ આ બધું તો કરવું જ જોઇએ, એવો રિવાજ સમાજમાં રૂઢ થઇ ગયો છે. અને આજે તો એ કુરૂઢિના પરિણામે અનેક ગુપ્ત પાપો આચરવાં પડે છે.

આવાં વસ્ત્રોમાં કઇ જાતની શોભા છે તે સમજાતું નથી. તેવાં બારીક વસ્ત્રોમાં કેટલી હિંસા, કેટલી આર્થિક મુશ્કેલી વગેરે પડે છે તે જાણવા છતાં સુધારક ગણાતો વર્ગ પણ જૂના ચીલે ઘસડાયા કરે છે તે જ આ કુરૂઢિની ક્રૂરતાનો નમૂનો છે.

દિવસે દિવસે વધતી જતી ફેશનોની ખાતર તેવા પોશાકના વસ્ત્રની કિંમત ઉપરાંત વધુ તો સિલાઇની પાછળ દ્રવ્ય વેડફાઇ જાય છે. અને જે વસ્ત્રો ખરીદાય છે તે પણ એટલાં કસવિનાનાં હોય છે કે એકાદબે ધોણ ધોયા પછી તેને ફેંકી જ દેવાં પડે છે.

આવા ખર્ચાળ અને આછકડા પોશાક ઉપરાંત દાગીનાનું પણ એક એક લગ્ન પાછળ ઘણું મોટું ખર્ચ હોય છે. પહેલાંના વખતમાં ઘરેણાંની સંખ્યા અલ્પ હોવાથી તે ભારે ભારે કરવામાં આવતાં હતાં.

આ રીતિની પાછળનો ઉદ્દેશ એ હતો કે તે બાઇને સુખેદુઃખે તે ધન કામ આવે. કારણ કે તે દાગીના (સ્ત્રીધન)ની માલિકી તે બાઇની જ ગણાતી. આજે એ ઉદ્દેશ ભૂલી જવાયો છે. નાનાં નાનાં

અનેક ફેશનદાર આભૂષણોની મજૂરી પાછળ ધાતુની કિંમત કરતાં વધુ દ્રવ્ય નકામું વેડફાઇ જાય છે. કેટલાંક કુટુંબોને કરજ કરી આ રૂઢિને અનુસરવું પડે છે, તો કોઇને બીજાનાં ઉછીતાં લાવી આ સમય સાચવી લેવો પડે છે.

કન્યાને શોભાર્થે જે દાગીનાઓ પહેરાવાય છે, તે શોભાને બદલે ઊલટાં કાન, નાક વગેરેના છેદવાથી દુઃખરૂપ બને છે. તે ઉપરાંત કાન તથા નાકમાં મેલ ભરાય છે. ડોક, હાથ અને પગ પણ ઘસાય છે, અને ખૂબ બોજો થાય છે તે નફામાં. આ રીતે તે આભૂષણો સુખને બદલે દુઃખ અને શોભાને બદલે કેટલીક વાર બેડોળતા લાવે છે. શાણી માતાઓએ સુસંસ્કાર ભરી બાળાઓને સારા સદ્ગુણોનાં આભૂષણોથી શણગારી લહાવો લેવો ઘટે. અને આવી કુરૂઢિને તોડી પોતાની સજ્જનતાનો પરિચય સમાજને આપવો ઘટે. આથી દેશને પણ આર્થિક દૃષ્ટિએ ઘણો લાભ થશે. આભૂષણોનો નિષેધ કરવાનો અહીં આશય નથી. પરંતુ તે આભૂષણો ઉપયોગિતા અને સુંદરતાની દૃષ્ટિએ હોવાં જોઇએ અને તે પણ સમાજમાં રૂઢિરૂપે તો ન જ હોવાં જોઇએ, તે સમજાવવાનો ઉદ્દેશ છે.

## અશ્લીલ ગીતો

લગ્નઅવસરે કેટલીક બહેનો અશ્લીલ (ગંદા) ગીતો ગાઇને લહાણુ લે છે. તે પણ એક પ્રકારની કુરૂઢિ છે. આવી જાતની હાંસી અને મશ્કરીથી પાસેનાં બાળકોના માનસ પર તેના બૂરા સંસ્કારોની છાપ પડે છે. વાતાવરણ બિભત્સ ને શૃંગારિક બને છે. આથી તેવાં અશ્લીલ ગીતોને બદલે તેવે સમયે શિક્ષાપદો અને સંગીત સુમધુર સ્વરે ગાવાં ઘટે, જેથી ગમ્મતની સાથે સારું જ્ઞાન પણ મળે.

## લગ્નવિધિ

લગ્નસમયે જે વિધિદ્વારા ગૃહસ્થજીવનનાં કર્તવ્યોનો નિર્દેશ અને પ્રતિજ્ઞા કરવામાં આવે છે તેને લગ્નવિધિ કહેવાય છે.

પ્રાચીન કાળમાં તે વિધિનું ગૌરવ કેવું હશે અને તે વખતના મંત્રોચ્ચારણો કેવી સ્પષ્ટ શૈલીથી ઉચ્ચારાતાં હશે તે તો દૈવ જાણે, પરંતુ આજે એવી પવિત્ર અને ઉપયોગી લગ્નવિધિ 'समोर्तं शुभलग्न आरोग्यं शुभं भवतु । समो वरते सावधान।' એવા એવા અસ્ફુટ, અશુદ્ધ અને એકના એક મંત્ર વારંવાર બોલી સવાબે ચોપડી ભણેલા ગોરબાપા હડસેલીને પૂરું કરી દે છે, અને વર, કન્યા તથા ઇતરને છૂટકારાનો દમ ખેંચાવે છે. ચોરીમાં આ બધી ક્રિયાઓ અબોધ યુવાન અને મુગ્ધા બાળા તેમનાં સ્નેહીઓનો સહારો લઈ ઉત્સાહહીનપણે માંડમાંડ પૂરી કરી કાંઠે પહોંચી જાય છે. બધી વિધિનો સમય લગભગ રાત્રિનો જ હોય છે. સામૈયું કરી મોડી રાતે આવેલા, થાકીને લોથ થયેલા એ વર અને કન્યાપક્ષના માણસોને રાત્રિના બાર કે એક વાગ્યા સુધી આ ક્રિયામાં જોડાઈ રહેવું પડે, ત્યાં રસ પણ શાનો હોય!

આજે તો વરને પોંખવા આવતી સાસુ રૂઢિ મુજબ ધોંસરું, ત્રાક, રવાઇયો, અને સાંબેલું બતાવીને ચાલી જાય છે. તેના ગૂઢ અર્થને પોતે જ જ્યાં ન સમજતી હોય ત્યાં જમાઈને તો ભાન જ ક્યાંથી હોય!

આખી લગ્નવિધિ અને તેને અંગેનાં સંજ્ઞાત્મક ચિહ્નો એવાં તો પ્રેરક અને બોધપ્રદ છે કે જો તે સુયોગ્ય દમ્પતીને સંપૂર્ણ રીતે રહસ્ય સાથે વિસ્તારથી સમજાવ્યાં હોય, તો આજે ગૃહસ્થાશ્રમની જે વિટંબનાઓ ઉઠાવવી પડે છે તેનો સહેજે ઉકેલ આવી રહે.

સમાજના ભડવીર ગણાતા આગેવાનો જેટલો રસ લગ્નોના લાડુ પાછળ લઈ રહ્યા છે તેટલો રસ જો આવા ઉપયોગી પ્રશ્નો પરત્વે લે તો ઘણું ઉત્તમ ગણાય. મોટી મોટી જાનો લઈને જવું, પોતાને માટે અને કન્યાના વડીલોને માટે હાડમારીઓ ઊભી કરવી, તે કાંઈ લગ્નજીવનની લહાણ નથી. થોડાંક માણસો, સાદાઈ અને એકાદ ટંકનું ભોજન, આટલેથી જો લગ્ન પતી જાય તો સમાજના આવા અવસરો પાછળ વ્યર્થ વેડફાતા સમય અને ધનની ખૂબ રક્ષા થાય અને લગ્નની ધમાલિયા વિધિને બદલે તેમાં પણ આદર્શતા આવે. એથી ત્રણ

કલાક સુધી કોઈ સારા ગૃહસ્થાશ્રમના અનુભવી અને પીઢ વિદ્વાન પાસે શાંતિપૂર્વક આ વિધિ કરાવાય તે યોગ્ય ગણાય.

**વિદાયશિક્ષા**

જે બાળાઓ સોળસોળ વર્ષ સુધી કુટુંબના પ્રેમમય વાતાવરણમાં ઊછરેલી હોય છે, જેણે માતાનું વાત્સલ્ય, પિતાના લાડ અને ભાઈનાં મીઠડાં સ્નેહસંભારણાં વચ્ચેનો સ્વર્ગીય આનંદ લીધો હોય છે, તે બાળાને બધા આનંદને છોડી પોતાની પ્રેમાળ સહચરીઓના સ્નેહવિનોદને દૂર કરી અને જન્મસ્થાનની મીઠી મમતાને પરહરી અજાણ્યા અણઅનુભવેલ વાતાવરણમાં મુકાવું પડે છે. તેની તે વખતની માનસિક સ્થિતિ કેવી કરુણ હશે! તેના અંતઃકરણને આ પ્રસંગની કારમી વેદના કેવી પીડતી હશે! તે દશ્ય ખરેખર કવિઓની કલ્પનાથીયે પર છે.

આવે પ્રસંગે માતાનું હૃદય પણ ચિરાતું હોય છે. તેની આંખમાંથી ઝરતાં પ્રેમાશ્રુઓ વાતાવરણને કરુણ બનાવી દે છે. તેની વાચા ઊપડતી નથી, છતાં આવે સમયે તેના પ્રેમની કપરી કસોટી બીજી રીતે થાય છે. તે કસોટી એટલે વિદાયની શિખામણ. પુત્રી પાસે જતાં તેનું હૃદય વલવલે, છતાં કર્તવ્યના દાબથી તેને દબાવી પુત્રીનાં સ્નેહાશ્રુઓને લૂછતી અને ગોદમાં લેતી એ માતા જ્યારે વિદાયશિક્ષા આપે છે ત્યારે કવિશ્રી બોટાદકરનું 'જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ'નું ચિત્ર પ્રત્યક્ષ થાય છે અને વજ્રસમા કઠોર હૃદયને પણ કોમળ બનાવી એકવાર તો રડાવી મૂકે છે અને સાથેસાથે નતમસ્તક બનાવી દે છે. ત્યારે તે માતાના હૃદયની શી સ્થિતિ થાય છે તે ભાવ આ 'અભિજ્ઞાનશાકુંતલ'નો એક શ્લોક વ્યક્ત કરે છેઃ

**शुश्रूषस्व गुरून् कुरु प्रियसखीवृत्तिं सपत्नीजने**
**भर्तुर्विप्रकृतापि रोषणतया मा स्म प्रतीपं गमः।**
**भूयिष्ठं भव दक्षिणा परिजने भाग्येष्वनुत्सेकिनी**
**यान्त्येवं गृहिणीपदं युवतयो वामाः कुलस्याधयः॥**

"બેટા! સાસુ, સસરા ને વડીલની ભક્તિપૂર્વક સેવા કરજે. તેના સ્વભાવ કે દુર્ગુણ સામું જોઇશ નહિ, અને તારી દેરાણી, જેઠાણી વગેરે સાથે સાહેલીની જેમ પ્રેમાળ હૃદયે વર્તજે. પદાર્થના ઓછાવત્તાપણા સામે જોઇશ નહિ. સ્નેહ આગળ રત્નોનાં પણ કશાં મૂલ્ય નથી. પતિના પ્રેમની પળેપળે ઝંખના કરજે. સ્વપ્નામાં પણ તેની સાથે રોષ કરીશ નહિ. તેના લેશમાત્ર કોપનું નિમિત્ત કદી બનીશ નહિ. કદાચ કારણવશાત્ તે ક્રોધે ભરાય તોપણ તું ઉજ્જ્વલ અંતઃકરણને કોપથી કાળું ન કરીશ. તારી નીચેના માણસો પર તું અમીદૃષ્ટિ રાખજે, અને દયાદૃષ્ટિથી તેમનાં દુઃખો દૂર કરવા પ્રયત્ન કરજે. તમારા દામ્પત્યજીવનમાં ગમે તેવી વિપત્તિ આવે તોપણ પતિપત્ની બન્નેની એકાકારતા જાળવી રાખજે. પતિનાં દુઃખમાં ભાગીદાર બનજે. વસ્ત્ર, આભૂષણ અને ખાનપાનનો મોહ ન રાખજે. ગરીબ દશામાં ગમગીન અને તવંગરપણામાં ઉછાંછળી ન બનજે. તારી આટલી યોગ્યતા તને ગૃહિણીપદ માટે યોગ્ય બનાવે છે. આ પ્રમાણે જે બાળા નથી વર્તી શકતી, તે આ ગૃહિણીપદને લાયક નથી."

માતાની આ છેલ્લી શિખામણ દામ્પત્યપ્રેમનો મીઠો આશીર્વાદ છે. જે માતાના આવા ઉદ્‌ગારો હોય છે તેની પુત્રીનો ગૃહસ્થાશ્રમ પણ તેવો જ સુંદર બને છે.

આવી સાસુઓ પોતાના જમાઇને પણ પુત્રવત્ માને છે અને તેના હિત સારુ સતત જાગૃત રહે છે. પોતાની પુત્રીના ગુણદોષોનું હૃદય ખોલી તેની પાસે નિવેદન કરી તેનો માર્ગ સરળ બનાવી આપે છે.

કેટલીક માતાઓ કે જે આ ફરજને નથી સમજી શકતી તે નાનપણથી જ પોતાની બાળાઓમાં હલકા સંસ્કારો રેડે છે. સારું-સારું ખાવું, સારાં કપડાં પહેરવાં, દાગીનાઓથી શરીર શણગારવું, પછી ભલે પતિ ગરીબ કે બેકાર હોય. અવા સંસ્કારથી તે શ્વશુર-ગૃહે જઈ પોતે સુખી થતી નથી અને બીજાઓને પણ દુઃખી કરે

છે. સ્વાર્થ તરફ તેની દૃષ્ટિ વિશેષ રહે છે. તેથી તે નાની નાની બાબતોમાં દેરાણી, જેઠાણી, સાસુ વગેરે સાથે લડે છે. આવી વઢકણી બાળાઓને વળી તે માતાઓ પિયરમાં આશ્રય આપી ઉશ્કેરે છે કે આડકતરી રીતે તેનું ઉપરાણું લે છે. તેવી માતાઓ પોતાની પુત્રીના મીઠા સંસારમાં ઝેર રેડે છે, માતાઓ થઇને શત્રુનું કાર્ય કરે છે. તેમનું આ જાતનું વહાલ એ પણ હળાહળ વિષ છે. માટે દરેક માતાએ પોતાની પુત્રીના સાચા હિતની ખાતર દીર્ઘદૃષ્ટિથી પ્રસંગ પડયે ઉપરના જ સંસ્કારો રેડવા જોઈએ અને શિખામણ પણ તેવી જ આપવી જોઇએ.

આ રીતે પુત્રપુત્રી પુખ્ત વયનાં થયા પછી અને તેમનાં લગ્ન ઇત્યાદિ ક્રિયા પતી ગયા પછી તેમનાં માબાપ પોતાની જવાબદારીથી ઘણે અંશે મુક્ત થાય છે. જોકે પિતાની હિતબુદ્ધિ અને માતાનું વિમળ વાત્સલ્ય એ બન્ને વહેનો તો વહેતી ગંગાની પેરે જીવનભર પુત્રપુત્રી પર વહેતાંજ રહે છે. તે કદી સુકાઈ શકતાં નથી. પરંતુ કાર્યની જવાબદારીનો બોજો તો જરૂર તેના પરથી ઊતરી જ જાય છે.

પુત્રી પોતાને સાસરે સિધાવ્યા પછી તેનું પોતાના પિયરમાં આગમન પણ ક્વચિત જ થાય છે. જોકે તે વારતહેવારે કે કોઇ સારેમાઠે પ્રસંગે જ આવે છે. તેમ છતાં તેનો મહિયરનો પ્રેમ તો અખંડ જ રહે છે.

### પુત્રીપ્રત્યે

જ્યારે જ્યારે તે માતાપિતાને ત્યાં આવે ત્યારે માબાપની ફરજ છે કે તેનું સુખદુઃખ પૂછી તેનાં દુઃખને દૂર કરવા યથાશક્ય પ્રયત્નો કરવા, તેની આર્થિક, સામાજિક વગેરે મુશ્કેલીઓ ઉકેલવી, તેમના શ્વશુરપક્ષ સાથે સુમેળ રખાવવો, તેનાં સાસુસસરા ઇત્યાદિની સેવા કરવાની તક આપવી, તેનાં સુખદુઃખમાં ભાગ લેવો અને તેને શુભ શિક્ષા આપવી. બાળાના સુખી જીવન સારુ પોતાનું કર્તવ્ય હંમેશાં બજાવતા રહેવું, એ તો માબાપની ઠેઠ સુધીની

ફરજ છે. કારણ કે પુત્ર કરતાં પુત્રીનું જીવન જેટલું વધુ દયનીય છે તેટલું જ વધુ નિરીક્ષણીય છે.

**પુત્રપ્રત્યે**

**प्राप्ते तु षोडशे वर्षे पुत्रे मित्रवदाचरेत् ।**

પુત્ર મોટો થયા પછી તેના પ્રત્યે માબાપોએ તેને મિત્ર સમાન ગણી વર્તન રાખવું એમ નીતિકારો કહે છે. પછીથી પ્રત્યેક કાર્યમાં તેની સંમતિ લેવી. તેની સંમતિ લેવાથી તેનું હૃદય સદા પ્રેમાળ અને પ્રફુલ્લ રહે છે. કદાચ તેના અને પોતાના વિચારોમાં વયનું અંતર હોવાથી તારતમ્ય સંભવે છે ખરું. પરંતુ માતાપિતાની ફરજ છે કે યુવાન પુત્રના વિચારો સાંભળવા. તેના પર પોતાની દીર્ઘદૃષ્ટિ ફેરવવી અને જે ગ્રાહ્ય હોય તે ગ્રહણ કરવું અને ખોટું લાગે તે સુધારવા સારુ મીઠી શિક્ષા આપવી, પણ તે વિચારોનો તિરસ્કાર ન કરવો. તિરસ્કાર કરવાથી તેનું અંતર દુભાય છે અને પ્રેમમાં ક્ષતિ પહોંચે છે. તેના સત્કાર્યમાં અને સદ્‌વિચારમાં સાથ દેવો, તેને ઉત્સાહપૂર્ણ બનાવવો, પણ રોધ ન કરવો. તે વ્યવહારથી અનભિજ્ઞ હોય તો પોતાનો વ્યાવહારિક અનુભવ કહેવો અને એ રીતે પ્રેમપૂર્વક તેના જીવનમાં સહાયક થવું એ પિતાની ફરજ છે. માતાનો પ્રેમ તો સદા પુત્ર પર અખંડ જ રહે છે. છતાં અધિક પુત્રો હોય તો દરેક પર સમાન પ્રેમ રાખવો. તેની ભૂલ થતી હોય તો માતૃહૃદયને છાજે તેવી ઉચિત માર્ગદિશા બતાવવી એ તેમની પણ ફરજ છે. આમ વર્તવાથી જીવનના અંત સુધી એ આખું કુટુંબ સ્નેહામૃત અને સંસ્કારસુધાથી તરબોળ રહે છે અને તેનું વાતાવરણ કૈંક પાડોશી કુટુંબોને પણ અનુકરણીય બની રહે છે.

૩

# પુત્રનાં માબાપ પ્રત્યેનાં કર્તવ્યો

પુત્રી પોતાને સાસરે સિધાવ્યા પછી તેનું કર્તવ્યક્ષેત્ર વિભક્ત થઈ પોતાનાં પતિ, સાસુ, સસરા, નણંદ, દેરાણી, જેઠાણી ઇત્યાદિ પરત્વે રહે છે તેથી તેટલું જ તેના માબાપ પ્રત્યેનું કર્તવ્યક્ષેત્ર સહેજે પરિમિત બની જાય છે. વળી જે જે સામાન્ય કર્તવ્ય માબાપ પ્રત્યેનાં હોવાં જોઈએ તે તો તેનામાં કુદરતી રીતે જ રહે છે. તેથી તેનો નિર્દેશ કરવાની અહીં આવશ્યકતા રહેતી નથી. પરંતુ પુત્રની પુખ્ત વય થયા પછી જેટલે અંશે તેનાં માબાપ કર્તવ્યમુક્ત થાય છે તેટલે જ દરજ્જે પુત્રનું પોતાનાં માબાપ પ્રત્યેનું નવીન કાર્યક્ષેત્ર ઊભું થાય છે. આજે એક કહેવત પ્રચલિત છે કે—

'પુત્રને આવી લાડી રે પછી માબાપ મૂક્યાં કાઢી રે,
પુત્રને આવી મૂછ્યું રે પછી માબાપને નવ પૂછ્યું રે.

આ કહેવત ઘણે સ્થળે ચરિતાર્થ થતી હોય છે. પુત્રની આ કર્તવ્યભ્રષ્ટતા માબાપોનાં અંતઃકરણને અતિ દુઃખિત કરે છે. વર્ષો સુધી જહેમત ઉઠાવી માબાપોએ પુત્ર તરફથી શાંતિ અને નિવૃત્તિની જે આશાઓ રાખી હોય છે, તે પુત્રની આવી વૃત્તિથી તદ્દન કરમાઇ જાય છે.

આવાં માબાપોના અભિશાપો અને અંતરની આહો જે પુત્ર પર વરસે છે તે ભલે કદાચ ધનિક હોય, પરંતુ તેના અંતઃકરણમાં આ

અકાર્યથી ઊંડુંઊંડું દુઃખ અવશ્ય ઉત્પન્ન થાય છે કે જે ભૂંસાવાને માટે બહારની ઇતર સામગ્રી તદ્દન નિરર્થક નીવડે છે.

કેટલાક પુત્રો તો પોતાનાં માબાપનું ભરણપોષણ કરવા સુદ્ધાં તૈયાર હોતા નથી, અને કોઈ કરે છે તો પણ તેના તરફ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. તે અશક્ત અને વયોવૃદ્ધ થયેલાં માતાપિતાને નિવૃત્તિ અને સંતોષ આપવાને બદલે ક્લેશ અને પરિતાપ ઉપજાવે છે અને માથાતૂટ શ્રમ પણ કરાવે છે.

કેટલાક કુલીન ગણાતા પુત્રો તો માબાપનાં ભરણપોષણ સારુ પોતાના ભાઈઓ વચ્ચે માંહોમાંહે લડે છે. તેમને જુદાં રાખે છે અને ખર્ચ માટે આનાકાની કરે છે. કેટલાંક તો વળી બે ભાઈઓ હોય તો એક માને પોષે છે અને એક બાપને પોષે છે, અર્થાત્ કે માબાપના આ રીતે વિભાગો પાડી દે છે.

પોતાના મોજશોખ અને એશઆરામની પાછળ હજારો અને લાખો ખર્ચનારને પોતાનાં માતાપિતાનું ભરણપોષણ કરવું એ ભારે પડે કે ખૂંચે એ સ્વાર્થાંધતાની પરાકાષ્ઠા અને હલકાઇની પરિસીમા છે. આવા કાર્યમાં માનવતાનો મહાન હ્રાસ છે.

**માબાપની સેવાનું સંસ્મરણ**

**ऊढो गर्भः प्रसवसमये सोढमत्युग्रशूलं**
**पथ्याहारैः स्वपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।**
**विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य सद्य-**
**स्त्रातः पुत्रः कथमपि यया स्तूयतां सैव माता ॥**

આ નીતિશાસ્ત્રનો એક શ્લોક છે અને તેમાં માતૃસેવા કેવી અદ્વિતીય અને અપાર હોય છે તેનું દિગ્દર્શન છે.

જ્યારથી બાળક ગર્ભમાં આવે છે ત્યારથી માંડીને તેની પુખ્ત ઉમ્મર ન થાય ત્યાં સુધી તેના જીવનનો મહત્ત્વભર્યો આધાર કેવળ માતાની ચીવટ પર અવલંબે છે. તેનું આ તાદૃશ ચિત્ર છે.

પ્રથમ તો એ ગર્ભના ભારને નવનવ માસ સુધી વહન કરે છે. ગર્ભને લેશમાત્ર દુઃખ ન થાય તે સારુ તે બિચારી પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુને પણ ત્યજી દે છે. ખાનપાનના સ્વાદો અને રસવૃત્તિ પર કાબૂ રાખી સાદું અને સામાન્ય ભોજન લે છે. ઊઠવામાં, બેસવામાં, બોલવામાં કે ચાલવામાં રખેને ગર્ભ દુભાય, તેમ વિચારી વિચારીને બધી ક્રિયા કરે છે. પ્રસવના સમયે તે અપાર અને અકથ્ય કષ્ટ વેઠે છે. પરંતુ પ્રસવ થયા પછી બાળકનો ધ્વનિ સાંભળે છે કે તુરત જ જાણે બધું દુઃખ ભૂલી ગઇ ન હોય તેમ તેના મુખ પર મૃદુમૃદુ સ્મિતની છાયા તરવરી રહે છે. કેટલો એ અગાધ પ્રેમ !

પ્રસવ થયા પછી પણ બાળકનું સ્વાસ્થ્ય સુંદર રહે તે સારુ ખાનપાન ઇત્યાદિમાં પૂર્વવત જ સંયમ રાખે છે, અને જ્યારે જ્યારે આવશ્યકતા હોય ત્યારે ત્યારે બીજું બધું કાર્ય છોડી બાળકને સાત્ત્વિક પયનું પાન કરાવે છે. પોતે બધું કામ કરતી હોય છે, પરંતુ તેની દૃષ્ટિ તો પોતાના બાળક તરફ જ હોય છે. જ્યારે તે રડે છે ત્યારે તેનો બધો આનંદ સુકાઈ જાય છે. પરંતુ જ્યારે તેનું વદન પ્રફુલ્લ હોય છે ત્યારે જ બહારનું બધું દુઃખ ભૂલી તે સ્વર્ગની મોજ માણે છે.

ખોળામાં સુવાડી બાળકને તે પંપાળે છે, મસ્તકે મીઠો કર ધરી બાળકને હુલાવે છે અને પારણે પોઢાડી ઝુલાવે છે. કેવાં તેનાં મીઠડાં વેણ ! કેવી તેની અમીભરી આંખડી !

સહશય્યામાં સૂતેલું બાળક મૂત્ર કે વિષ્ટાથી ઉત્તમ વસ્ત્ર ખરાબ કરે છતાં વિના ક્ષોભે તેને સાફ કરવું, ભીનામાંથી સૂકામાં સુવાડવું, રાત્રિ ને રાત્રિઓના ઉજાગરા કરવા, ભરનિદ્રામાંથી પળેપળે જાગૃત થવું; આવાંઆવાં અનેક કષ્ટોમાં પણ જેનો પ્રેમપ્રવાહ તેવો ને તેવો અખંડિત રહે એવી જો કોઈ પણ ભક્તિમાન સેવિકા હોય તો તે

એક માતા જ છે, કે જેની તુલના આખા જગતમાં શોધી જડતી નથી. સૂર્ય, ચંદ્ર, ધરણી, સમુદ્ર આદિ જગતના મહાન ઉપકારક છે. પરંતુ જનનીના અનંત ઉપકાર આગળ તેનો ઉપકાર સાવ ફિક્કો અને અલ્પ જ લાગે છે, જેના ગુણોની સંખ્યા મુખથી ગણાતી નથી અને ઉરમાં સમાતી યે નથી; એવી એ અપરંપાર ઉપકારકારિણી જનનીને કોટિકોટિ વંદન હો.

પિતાનો સ્નેહ એ પણ જેવોતેવો હોતો નથી. પુત્રનાં લાલનપાલન પાછળ તેનાં પણ સમય અને શક્તિ બન્નેનો ભોગ અપૂર્વ હોય છે. બાળકના હિતની ખાતર તે વહાલામાં વહાલી સંપત્તિને ન્યોછાવર કરે છે. તેના સુખની પાછળ તેની સેવાનો પણ આવો મહતીય ફાળો છે.

### અધમતાનો પરિચય

પરંતુ એ પ્રેમપ્રવાહિની, અનેકઉપકારિણી પૂજ્યપાત્ર જનનીને 'બેસ, બેસ, ડોકરી!' અને પૂજ્ય પિતાને 'સાઠે બુદ્ધિ નાઠી' એવાંએવાં તિરસ્કૃત વચનો અને વિશેષણોથી વધાવી લેનારા કેટલાક પુત્રો આજે ભારતમાં દૃષ્ટિગોચર થાય છે. ખરેખર, આ કેટલી દુર્ભાગ્યની બીના છે! આવા વર્ગની ગણના પશુમાં કરવી કે ક્યાં કરવી તેય સમજાતું નથી.

જે શિક્ષણ આવી જાતની નિષ્ઠુર વૃત્તિ જાગૃત કરતું હોય તે શિક્ષણ ભલે દફનાઈ જાઓ. તેની લેશમાત્ર આવશ્યકતા નથી. અને જે વાતાવરણમાં આવી એકાંત સ્વાર્થવૃત્તિને પોષણ મળતું હોય તે વાતાવરણ પણ વિલય પામે તો જરાય ખોટું નથી. જે ધન કે જે અધિકાર માતાપિતા અને પુત્ર વચ્ચે તથા ભાઈભાઈ વચ્ચે કલેશ ઉત્પન્ન કરે, તેવી સંપત્તિમાં મહાલવું તે કરતાં ગરીબીમાં દિન ગાળવા એ માનવસંસ્કૃતિ માટે વધુ સલામતીભર્યું છે.

**અભક્તિનું કારણ**

માતાપિતા પ્રત્યે આવી અભક્તિ થવાનાં મૂળ કારણો મુખ્યત્વે કરીને નીચે પ્રમાણે હોય છે:

૧. વહુ અને સાસુનો અણબનાવ—તે બે રીતે ઉદ્‌ભવે છે: એક તો કાર્યમાં અને વિચારમાં પરસ્પરની અસહિષ્ણુતા અને બીજું સામાન્ય ભૂલ થતાં ટોંકટોંક કરવાનો સ્વભાવ.

શાણી સ્ત્રી હોય છે તે આવી સામાન્ય વસ્તુને બહુ મહત્ત્વ આપતી નથી અને પોતાની સાસુ સાથે સુમેળ સાધી લે છે. અને કેટલીક સાસુઓ પણ એવી હોય છે કે તે પોતાની જુવાન વહુને પ્રેમની ગાંઠથી બાંધીને કેળવી લે છે. પણ જે સાસુઓમાં આટલી આવડત હોતી નથી તે પરસ્પર વિગ્રહ કરે છે અને પુરુષોને હથિયારરૂપ બનાવે છે. તે વસ્તુ આપણે આ જ ખંડના પહેલા પ્રકરણમાં વિચારી ગયા છીએ. આ પણ એક સ્ત્રીજાતિના દુર્ભાગ્યનો નમૂનો છે કે જેનું પરિણામ આખા કુટુંબને સોસવું પડે છે.

૨. વયનો મદ—શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

**यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता।**
**एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयं॥**

ધન, અધિકાર અને યૌવન; એ ત્રણેનું જ્યાં મિલન થાય છે ત્યાં પ્રાયઃ અવિવેકિતા જન્મે છે, એટલે કર્તવ્યાકર્તવ્યનું તેને ભાન રહેતું નથી. તે નશામાં માતાપિતાના પૂર્વઉપકારોનું તેને વિસ્મરણ થઈ જાય છે. તેથી પણ આવી બેદરકારી આવે છે.

૩. વિચારોની અસમાનતા—વિચારોની અસમાનતાથી પણ ઘણીવાર માબાપની સાથે મેળ ખાતો નથી. શાણાં બાળકો આવે સ્થળે સહનશીલ અને ઉદાર બની પોતાનું કાર્ય બરાબર બજાવ્યે જાય છે, અને ભક્તિ તથા પ્રેમથી પોતાનાં માબાપને પણ સત્ય વસ્તુ સમજાવી શકે છે. પરંતુ જે ઉછાંછળાં હોય છે તે

સહન કરી શકતાં નથી, અને માબાપ સાથે લડવાનું શરૂ કરી દે છે. આ રીતે માબાપ અને પુત્ર વચ્ચે મીઠા સ્નેહમાં ક્લેશનાં ઝેરી બીજો વવાવાં શરૂ થાય છે.

આ અભક્તિનાં ત્રણ કારણો પૈકી પહેલા કારણની વિસ્તૃત વિવેચના ચોથા પ્રકરણમાં કરીશું. અહીં બીજા અને ત્રીજાની વિવેચના કરીએ.

**સ્વચ્છંદતા**

જ્યાં સુધી સમાજ વ્યવસ્થિત હોય છે ત્યાં સુધી સમાજનાં સૌ અંગોને ઇચ્છાએ કે અનિચ્છાએ પોતપોતાનાં કર્તવ્યોમાં પરાયણ રહેવું પડે છે. પરંતુ સમાજમાં જ્યારે રૂઢિઓનાં તાંડવનૃત્ય થાય છે, સમાજના નેતાઓ—અગ્રેસરો પોતાની ફરજ ચૂકે છે, કર્તવ્યભ્રષ્ટ બને છે ત્યારે સમાજમાં અવ્યવસ્થા વધે છે, ત્યારે કોઈ કોઇને કહી શકતું નથી, અને આવી અરાજકતામાંથી જ સ્વચ્છંદતાનો જન્મ થાય છે. પૂર્વ-વર્ણિત મદ, મોટાઇ, યુવાની, ધન અને મૂર્ખતા એ બધા સ્વચ્છંદ-તાનાં વર્ધક કારણો છે. આથી સ્વચ્છંદતા ફૂલે છે, ફાલે છે અને ફળે છે.

આજે આવી સ્વચ્છંદતા ઘણાખરા યુવાનોમાં બહુ અંશે દૃષ્ટિ-ગોચર થાય છે, અને આ દોષથી તેમના વિચારો અને ઉત્સાહ અતિ ઉચ્ચ હોવા છતાં તે આગળ વધી શકતા નથી, એટલું જ નહિ બલ્કે ઘણી વાર ઠોકર ખાતા નજરે દેખાય છે. આ સ્વચ્છંદી વૃત્તિ પ્રથમ તો સમાજની પ્રણાલિકા અને નિયમો પ્રત્યે જ લાગુ પડે છે. પરંતુ આખરે તો તેનાં પગરણ સર્વ ક્ષેત્રોમાં વ્યાપક બને છે. આવા યુવાનોને નિયમોની અધીનતા લેશમાત્ર પરવડતી નથી. તેને માત્ર સ્વચ્છંદી વિહાર ગમે છે. આવે સમયે તે યુવાનની આ પ્રવૃત્તિનો પાશ તેની સહચારિણીને કદાચ લાગુ પડી જાય તો તો તેનું પરિણામ બહુ બૂરું આવે છે. તેઓ બન્ને નૈતિક બાબતો પ્રત્યે પણ પછીથી બેદરકાર બનતાં જાય છે.

'આજે સ્વતંત્રતાનો જમાનો છે, અને અમે સ્વતંત્ર રહેવા ઇચ્છીએ છીએ,' તેમ માની આ વૃત્તિનો સ્વતંત્રતામાં સમાવેશ કરે છે. વસ્તુતઃ આ સ્વતંત્રતા તો નથી જ, પણ નરી સ્વચ્છંદતા છે. આવી સ્વચ્છંદતામાં વિકાસને લેશમાત્ર અવકાશ નથી.

### સ્વચ્છંદતાનું પરિણામ

આવાં યુવાન યુગલો ખોટી ફેશન પાછળ પુષ્કળ ધનની બરબાદી કરે છે. નાટક, સિનેમા અને બીજી અનેક બાબતો પાછળ તે લાગ્યાં રહે છે, પોતાનું ઘર તપાસવાની તેમને પરવા હોતી નથી.

પોતાના હાથમાં ઘરની માલિકીની લગામ આવ્યા પછી તે ખૂબ ઉડાઉ બને છે, કમાવાને બદલે દિનપ્રતિદિન ખોટા ખરચમાં વૃદ્ધિ થતી જાય છે. આમાંના કેટલાકને ખોટા સંગથી બૂરી બદીઓ પણ લાગુ પડી જાય છે.

આવી સ્વચ્છંદી વૃત્તિને લઈને તેમનાં માબાપો તેમનો રોધ કરે તે સ્વાભાવિક છે. પરંતુ તેઓ તેમનો આ રોધ સાંખી શકતાં નથી, અને તેમની શિખામણ માનવા માટે થોભી પણ શકતાં નથી. પરિણામે માબાપો અને તેમની સાથે કલેશ થતા રહે છે. માબાપ પ્રત્યે અભક્તિ થવાનું કેટલેક સ્થળે અને કેટલેક અંશે આ પણ એક કારણ છે.

### વિચારોની અસમાનતા

સાસુવહુના અણબનાવ અને સ્વચ્છંદતા સિવાય માબાપ પ્રત્યે અભક્તિ કે અપ્રેમ થવાનું બીજું કારણ વિચારોની અસમાનતા છે. પરંતુ ઉપરનાં બે કારણોથી માબાપોની જેવી કફોડી સ્થિતિ થાય છે તેવી આ કારણમાં થતી નથી. કારણ કે આ કારણ મૂર્ખ કે સ્વચ્છંદી પુત્રથી ઉત્પન્ન થતું હોતું નથી. પરંતુ આ કારણ તો વિચારક ગણાતા પુત્રોમાંથી જન્મે છે, અને આ કારણમાં માબાપનો પણ કેટલેક અંશે દોષ હોય છે. તે એટલાં બધાં રૂઢિચુસ્ત

અને અજ્ઞાન હોય છે કે ' આગેસે ચલી આતી હૈ,' 'बाबावाक्यं प्रमाणम्' ઇત્યાદિ કહી ગતાનુગતિ કરી રહ્યાં હોય છે. તેથી સામાજિક કે ધાર્મિક ક્રિયામાં કોઇ યુવાન જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન કરે કે રૂઢિ સામે અણગમો બતાવે તો તેને તુરત જ નાસ્તિક અને અવિનીતનાં વિશેષણોથી તેઓ વધાવી લે છે. કેટલાક પિતા તો ગુસ્સે થઇ જઇ ગાળો ભાંડે છે અથવા ક્વચિત્ તાડન પણ કરે છે.

આ પ્રસંગે તેને હવે પોતાનો પુત્ર પુખ્ત થયો છે તેથી તેની સાથે મિત્રને છાજે તેવી સભ્યતા રાખવી જોઇએ તેવો કશો ખ્યાલ રહેતો નથી. આવી રીતે તે યુવાનને મનોદુ:ખ થાય તેવું કાર્ય બને છે અને એવાંએવાં કારણોથી વડીલ પ્રત્યેનો તેનો હાર્દિક ભાવ સુકાઈ જાય છે અને પરસ્પર અસંતોષ જન્મે છે. જે પુત્રમાં કાંઇક સભ્યતા હોય છે તે આ બધું બોલ્યા વિના સહી લે છે ખરો, પરંતુ તેના માનસમાં પણ અસંતોષવૃત્તિથી અમેળના સંસ્કારો આ રીતે વધવા પામે છે. અને કોઇવાર આવેશ કે ઉચ્છૃંખલતા આવી જાય તો આ મનોવૃત્તિ કાર્યમાં પરિણમવાનો પણ સંભવ રહે છે.

## પુત્રોને સૂચન

આવાં માબાપોને તો બીજું શું કહેવાય ? કારણ કે તેમની આવી ભૂલો સમાજની ભૂલોમાંથી જ જન્મી હોય છે. વળી તેમાંનાં ઘણાખરાં તો બિચારાં ભોળાં અને અણસમજુ હોય છે. વળી તેઓ જે કાળમાં જન્મ્યાં હોય છે તે કાળના સંસ્કારની પણ તેમના પર મોટી અસર હોય છે. તેથી સૌથી મહત્ત્વભરી જવાબદારી આ સ્થળે પુત્રોની જ છે. એક તો તેઓ માતાના મહાન ઉપકાર તળે દબાયેલા છે, તેઓમાં યુવાનીનો ઉત્સાહ છે, શિક્ષણ છે અને સંસ્કારો પણ છે. ભલે તેઓ પોતાના વિચારો અને વર્તનથી કુરૂઢિ અને કુરીતિનો પરિહાર કરે અને સમાજ સામે બંડ પણ જગાવે, પરંતુ સાથે સાથે વિવેક અને સહિષ્ણુતાને ન ગુમાવે. કારણ કે અવિવેક અને અસહિષ્ણુતા એ બન્ને

યુવાનીના ન ભૂંસાય તેવા દોષો છે એમ નીતિકારો કહે છે. જે સાચો વીર છે તેમાં લેશમાત્ર ક્રોધ નથી. ક્ષમા એ જ એનું ભૂષણ છે.

### માતૃપિતૃસેવા

વળી જે યુવાનો પોતાનાં અપાર ઉપકારી માબાપની સેવા સુદ્ધાં કરી શકતા નથી, તે પોતાના કુટુંબની, સમાજની કે રાષ્ટ્રની સાચી ભક્તિ કરવાને લાયક બની શકતા નથી. જે પોતાના પગ નીચે બળતું બુઝાવ્યા વગર અન્ય સ્થળે દોડે છે તે પરની કે પોતાની એકે શાંતિ આરાધી શકતો નથી. સારાંશ કે સેવાનું પ્રાથમિક ક્ષેત્ર પોતાનાં પવિત્ર વડીલો જ છે. શાસ્ત્રકારોએ અનેક તીર્થોનું માબાપરૂપી પવિત્ર જંગમ તીર્થ બતાવ્યું છે, તે આ રીતે સામાજિક હિતના દૃષ્ટિબિંદુને અનુલક્ષીને જ.

આ સ્થળે ભક્ત શ્રવણનું ચેતનવંતું દૃષ્ટાંત સાંભળતાં અદ્ભુત આશ્ચર્ય જગાડે છે. કાંધે કાવડ ફેરવી પગપાળા ચાલી અંધ માતાપિતાની ભાવનાને પૂર્ણ કરનાર એ શ્રવણની અપ્રતિમ અને અપૂર્વ ભક્તિની યશોગાથા આજે પણ ગુંજી રહી છે. આનું નામ જ ધર્મપુત્ર.

### સેવાનું રહસ્ય

હમેશાં માતાપિતાની પાસે રહેવું, તેઓ જે બોલે તે બધું સાચું જ માની લેવું, તેમની દરેક વૃત્તિને અધીન થવું, તેમના પગ દાબવા, એટલામાં જ કાંઈ વિનય કે ભક્તિની ઇતિસમાપ્તિ થઈ જતી નથી.

વડીલોનાં વચનોમાં પણ ત્રુટિ હોય, તેમની વૃત્તિમાં ભૂલ હોય, તો સુધારવામાં પણ ભક્તિ જ છે. આવા પ્રસંગનો ઉકેલ અને સાચી ભક્તિનું રહસ્ય જૈનદર્શનના ‘ ઠાણાંગસૂત્ર ’માં આપેલું છે:

‘ચાર પ્રકારનાં દૃષ્ટાંતો આપી તે પુત્ર ઉત્તમ અને ધર્મપુત્ર છે અને તે જ માબાપની સેવાના ઋણમાંથી છૂટી શકે છે કે જે પોતે સત્યમાર્ગને સમજીને વિવેક અને ભક્તિથી પોતાનાં વડીલોને પણ ધર્મમાર્ગમાં પ્રેરે છે.’

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જે કાર્ય નીતિ અને ધર્મ-વિહિત છે તે કાર્ય વિવેકપૂર્વક કરી વડીલોના અંતઃકરણને સંતોષવું એ સાચી ભક્તિ છે.

આવી ભક્તિની આરાધનામાં અપાર આત્મભોગ આપવાનો જ હોય છે ખરો, પરંતુ તે સુપુત્રોનું આદિમ અને અનિવાર્ય કર્તવ્ય છે.

કેટલાક પુત્રો કે જેઓ સમાજની લજ્જા ખાતર ઉપરઉપરથી ભક્તિ બતાવતા હોય છે તે કંઈ સાચી ભક્તિ ન કહેવાય, તે તો એક પ્રકારની સફેદ શઠતા છે.

કેટલાક એવા પણ પુત્રો હોય છે કે જે જીવનભર તો માબા-પનાં સુખદુઃખ સામે જોતા નથી, પરંતુ તેમના મરણ પછવાડે મોટાં મોટાં રુદન અને મહાખર્ચાળ મૃત્યુભોજન, પિતૃશ્રાદ્ધ અને એવી અનેક ક્રિયાઓ કરે છે, પણ તે સાચી ભક્તિ નથી.

આવી નિરર્થક વસ્તુઓ કરતાં જીવનપર્યંત તેમની સેવા કરવી, એ અગત્યનું કાર્ય છે. તેઓ વૃદ્ધ થાય ત્યારે તેમના માથેથી કાર્યભાર હળવો કરી તેમને નિવૃત્ત કરવાં, પરમાર્થકાર્યમાં તેમને સગવડ કરી આપવી, તેઓની યોગ્ય રુચિઓને માન આપવું, પ્રત્યેક વ્યાવહારિક કાર્યમાં તેમની ઉચિત સલાહ લેવી, અને હમેશાં તેમનું સન્માન સાચવવું, તે જ સાચી ભક્તિ છે. આવી ભક્તિ ન કરતાં જેઓ વડીલોનું અપમાન અને તિરસ્કાર કરે છે કે તેમનાં દિલ દૂભવે છે, તેઓને ગૃહસ્થાશ્રમમાં તેનાં કટુ ફળ ચાખવાં પડે છે. પરંતુ જેઓ ઉપર પ્રમાણે સાચા હૃદયથી ભક્તિ કરે છે તેનું કુટુંબ આદર્શ બને છે, સમાજને અનુકરણીય બને છે, અને તેઓ પોતે પણ માબાપના અંતઃકરણના ઉદાર આશીર્વાદ મેળવી ઐહિક અને પારમાર્થિક બન્ને પ્રકારનાં હિત સાધી સુખી થાય છે.

---

૪

# સાસુસસરાનાં કર્તવ્યો

પિતા, માતા, સ્વજન અને વહાલું વતન એ બધાંથી વિખૂટી પડી જ્યારે પરિણીત નવવધૂ પોતાના શ્વશુરગૃહ તરફ પગરણ માંડે છે ત્યારે જાણે નવજન્મ થયો હોય તેમ એ બાળા સાવ મુગ્ધા બની જાય છે.

થોડા દિવસ તો તેને કશુંય ચેન પડતું નથી. માતાનાં વહાલ તેને ક્ષણેક્ષણે સાંભરે છે. સાહેલીઓના સ્નેહ અને મીઠી મશ્કરીની યાદ તેને વારેવારે રડાવે છે. વીરાનાં હેત અને ભાભીના લાડ તેને ગદ્દગદિત બનાવે છે. કેવી એ વિરહવેદના !

આવી વિરહવેદનાનાં દર્દોથી ભરેલી એ નવયુવતીને આવા પ્રસંગે પતિના વિશુદ્ધ પ્રેમની અને સગી જનેતાને ભુલાવે તેવાં સાસુનાં મીઠાં આશ્વાસનની આવશ્યકતા છે.

## ત્યારે બને છે શું ?

પુત્રના જન્મસમયથી માંડીને આજ સુધી એટલે વીસબાવીસ કે પચ્ચીસ વર્ષ સુધી એ પુત્રની માતાએ એ જ વિચાર સેવ્યા હોય છે કે 'વહુ ક્યારે આવે અને હું સાસુ બનું !' 'સાસુ બનીશ ત્યારે

હું બાજોઠ પર બેસીશ અને આમ કરો–તેમ કરો એવાએવા હુકમો કરવાના દિવસો આવશે.' 'વહુ બધું કામ ઉપાડી લેશે અને મારી સેવા કરશે.' આવીઆવી મનોભાવના તેણે ખૂબ સેવી રાખેલી હોય છે, અને વહુ ઘેર આવે તે પહેલાં તેને સારુ આગળથી મનોરથોનો ઢગ પણ ભરી રાખ્યો હોય છે. તેથી ઘણાં વર્ષે જાણે ખાજ ન મળ્યું હોય, તેમ વહુ આવે ત્યારથી તેને દબાવવાની તથા તેની પાસે ધમકાવીને કામ લેવાની પદ્ધતિનો તે સાસુ અમલ કરવા માંડે છે.

## સાસુશાહીના સંસ્કાર

વહુ પાસે કામ કરાવવું અને તેની ભૂલ થાય તો માતાને છાજે તેવી શિખામણ આપવી, તે કાંઈ ખોટું નથી. પરંતુ આવી પ્રેમાળ સાસુઓ તો ક્વચિત જ સાંપડે છે. ઘણીખરી તો દમદાટીભર્યું જ વર્તન રાખે છે. કારણ કે તેમનામાં સાસુશાહીના સંસ્કારો હોય છે. આ સંસ્કારો બહુધા તેની સાસુના અને તેની સાસુમાં વળી પ્રસાસુના એમ પરંપરાથી ઊતરી આવેલા હોય છે. આવી પરંપરા ક્યા સ્થાનથી અને ક્યારથી શરૂ થઈ તેનો કશો ચોક્કસ ઇતિહાસ આજે મળી શકતો નથી, પરંતુ જે સાસુએ આ સાસુશાહીનો પ્રારંભ કર્યો હશે તેણે કુહાડાના હાથારૂપ બની આખી સ્ત્રીજાતિની અવનતિના શ્રીગણેશ માંડવાનું પાપ વહોરી લીધું છે. આ અવાજ સાસુશાહીના પંજામાં સપડાયેલી અબળાઓના અંતઃકરણમાંથી ઊંડોઊંડો આજે ચાલ્યો આવે છે. કઈ પતિતપાવની સાસુ આ અવાજને ઓળખી સ્ત્રીજાતિના આ કલંકને સાવ સાફ કરી સ્ત્રીશક્તિની ઉદ્‌બોધિકા બનશે, તે કૌસલ્યા જેવાં સાસુ સ્વર્ગમાં રહ્યાંરહ્યાં આકાંક્ષી રહ્યાં છે.

પતિને પગલે વનવાટ સંચરતી એ સીતાદેવીને રોકતી માતા કૌસલ્યાનું ઐતિહાસિક ચિત્રપટ કેવું આદર્શ છે! આજે પણ સાસુના આદર્શને તે આબેહૂબ ખડું કરી દે છે. આવી સાસુઓ એકવાર તે ચિત્રપટને હૃદયાંકિત કરે તો કેવું સારું!

### ટોંકટોંકની કુટેવો

આજે એવી અનેક સાસુઓ ઘેર ઘેર મળી આવે છે કે જેને ટોંકટોંક કરવાની તો ટેવ જ પડી ગઈ હોય છે. પોતાની વહુ જરા ઊંચે સાદે બોલે કે તુરત જ 'વહુ છે કે વવો !' કામમાં જરા મોડું થાય કે જરા ભૂલ થાય તો તે ગાળોની ઝડી વરસાવી મૂકે છે, અને રજનું ગજ કરી આખા કુટુંબમાં તે બિચારી નવવધૂને અળખામણી કરી મૂકે છે. આટલું જાણે અપૂર્ણ રહ્યું હોય તેમ તે પોતાના પુત્રને પણ એવો તો ભરમાવે છે કે તે તેનો પ્રેમી મટી વૈરી બને છે. આવા પ્રસંગથી ઘણીવાર તે બિચારી નિરપરાધ બાળાઓને એવો તો મૂઢ માર પડે છે કે તે હિંદુસંસારને અભિશાપ વરસાવતી વરસાવતી પરલોકની વાટ પકડી લે છે. આવી રીતે ઝઘડાઓનાં અહીંથી જ મંડાણ શરૂ થાય છે. જો તે યુવતીનો પતિ સાચો પ્રેમી અને સમજુ હોય તો તેના આશ્વાસનથી તે આવે વખતે બધું સહન કરી શકે છે, અને તેવો પતિ પોતાની માતાને અને પત્નીને સુમેળ સધાવવાની કાર્યદક્ષતા પણ વાપરી શકે છે ખરો. પરંતુ જ્યાં પતિ નમાલો અને મૂર્ખ હોય છે, ત્યાં તો આવી અબળાઓની બહુ બૂરી દશા થાય છે; અને આવાં કુટુંબોમાં એવી નિરાધાર અબળાઓ અત્યાચારની કારમી વેદનાથી છૂટવા ખાતર ગળે ફાંસો ખાય છે, કૂવામાં પડે છે કે બળી મરે છે.

આવા કિસ્સાઓમાં કંઈક અંશે વહુઓનો દોષ પણ હશે ખરો. પરંતુ તે દોષોને હિતશિક્ષાથી નિવારવા તે જ સાસુનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. કારણ કે વહુ કરતાં સાસુની જવાબદારી અધિક છે.

### કર્તવ્યો

જો નીચેની બાબતો પર શાણી સાસુઓ લક્ષ આપે તો આ પ્રશ્નનો ઉકેલ ઘણે અંશે લાવી શકે.

[૧] પુત્રવધૂ પર પુત્રીભાવ રાખવો.

પોતાની પુત્રી પર માતાને કુદરતી વાત્સલ્ય હોય છે. પુત્રીની અનેક ભૂલો થવા છતાં માતાની આંખમાં રોષ ભરાતો નથી. તે જ રીતે તે વાત્સલ્ય સાસુ બનેલી સ્ત્રીએ પોતાની વહુ પર રાખવું જોઈએ. કારણ કે પોતાની સાચી પુત્રી તો પુત્રવધૂ જ છે, જે જીવનભર સાથે રહી સેવા કરવાની છે.

[૨] વહુને યોગ્ય છૂટછાટ

માનવમાત્રને સ્વતંત્રતા ગમે છે અને યોગ્યતા પ્રમાણે તે હકદાર પણ છે. ખોટી રીતે તેનો રોધ કરવાથી તેની લાગણી દુભાય છે અને આવા અત્યાચારથી તેની વૃતિ બંડખોર બનતી જાય છે. દબાણ કરવાથી માત્ર અમુક સમય કે જ્યાં સુધી તેની સત્તા ક્ષીણ હોય છે ત્યાં સુધી તે આ બધું મૂંગે મોઢે સહન કરે છે ખરી. પરંતુ પ્રસંગ આવ્યે તેનો બદલો લીધા વિના તે રહેતી નથી. ઘણી સાસુઓને વૃદ્ધવયમાં આનાં કડવાં ફળ ચાખવાં પડે છે અને ખૂબખૂબ સોસવું પડે છે, તેવાં દૃષ્ટાંતો આજે પણ સમાજમાં કયાં થોડાં છે ?

આ દર્દને મૂળથી મટાડવા માટે વહુને યોગ્ય છૂટો સાસુઓએ આપવી તે તેમની ફરજ છે. હા, તે છૂટમાં સ્વચ્છંદતા ન પોષાય તેટલું લક્ષ રાખવું જોઈએ. આવી યોગ્ય છૂટ ઘરનાં નાનાંમોટાં કામકાજમાં અને દમ્પતીજીવનમાં ન આપવામાં આવે તો દમ્પતી કેટલીકવાર નિર્લજ્જ બની જવાનો સંભવ રહે છે. માટે આવું દુષ્પરિણામ અટકાવવાની ખાતર પણ સાસુઓએ જ સમજી જવું જોઈએ.

[૩] કાર્યમાં અને વિચારમાં સહિષ્ણુતા

નવા ઘરની બિનઅનુભવી વહુ હાલતાં અને ચાલતાં ભુલ કરી બેસે તે સ્વાભાવિક છે. તે વખતે તેને શિખામણ આપવાને બદલે કેટલીક સાસુઓ છણકા કરે છે અને ધમકાવે છે. કેટલીક

સાસુઓ તો વળી એવાં મહેણાં મારે છે કે તેના ઘાવ જિંદગીભર રુઝાતા નથી. સહેજસહેજ વાતમાં તેનાં માતાપિતાથી માંડી સાત પેઢી સુધીની ગાળો આપવી અને અણછાજતા આક્ષેપો અને મહેણાં-ટોણાં મારવાં તેમાં માનવજાતિની ક્રૂર હિંસા છે. તેનું આવી 'અહિંસક' સાસુઓને ભાન હોતું નથી તે મહાદુઃખની બીના છે,

સાસુઓના વિચારોની અસમાનતાનું પરિણામ પણ બૂરું આવે છે. કેટલીક સાસુઓ અવિશ્વાસુ સ્વભાવની હોય છે. ખાવાપીવા જેવી સામાન્ય વસ્તુ પર પણ તે તાળાકૂંચીથી જાપ્તો રાખે છે. સમાન વયની સખીઓ સાથે મળેહળે તોપણ રખેને મારી વાતો કરે, તેવા ભયથી ડરીને પોતાની પ્રકૃતિ સુધારવાને બદલે તેના પર આપખુદી વાપરે છે અને તેને ઘરમાં ને ઘરમાં ગોંધી રાખે છે. તેને મહિયરમાં જવાનો રોધ કરે છે. આટલું પણ જાણે અધૂરું હોય તેમ તેના પતિ સાથે પણ મળવાની તક ઓછી જ લેવા દે છે. એક આશાભરી યુવાન વયની નિર્દોષ બાળાને આવા ત્રાસ આપતી વખતે તેવી સાસુ પોતાની યુવાનીનું ચિત્ર સાવ ભૂલી જાય છે. આવા ત્રાસથી આખું કુટુંબ દુઃખી થાય છે. તેથી નીતિકારો કહે છે કે આવાં ક્લેશકારણોનો અંત લાવવામાં શાણી સાસુએ પ્રેમ, ક્ષમા અને ધીરજ કેળવવાં જોઇએ.

## વિધવા બહેનોનાં વીતક

પતિની ઉપસ્થિતિમાં જે બાળાઓ ઉપર આવો કેર વર્તી રહ્યો છે તેનું વૈધવ્યજીવન કેટલું રોમાંચકારી હશે તે કલ્પી શકાય તેવું નથી. સૌભાગ્યવિહીન વધૂ તરફ આવે વખતે સાસુ અને સસરાની ફરજનો બોજો પ્રથમ કરતાં અવશ્ય વધે છે. તે વસ્તુ તેમણે પુનઃ પુનઃ યાદ રાખવી ઘટે.

ખેદનો વિષય એ છે કે તેઓ પોતાની પવિત્ર ફરજ આવે સમયે છેક જ ભૂલી જાય છે.

આજે અંગત દૃષ્ટિએ વિધવા એટલે—

(૧) સંપૂર્ણ પરાધીન સ્ત્રી.
(૨) કુટુંબ ઉપર ભારણ.
(૩) કુટુંબમાં ક્લેશનું કારણ.
(૪) સંબંધીઓની ભયંકર ચિંતાઓનું પાત્ર.

સમાજની દૃષ્ટિએ—

(૫) અપશુકનિયાળ તિરસ્કૃત સ્ત્રી.
(૬) સગાંવહાલાંની મજૂરણ.
(૭) કેવળ નિરુપયોગી વસ્તુ.

સ્ત્રીજાતિના આવા હડહડતા અપમાનથી સમાજને જે વેઠવું પડે છે તે વસ્તુથી આજે ભાગ્યે જ કોઈ અજાણ હશે.

## સાસુસસરાની ફરજ

તેમનાં સાસુ અને સસરાઓએ સમજી લેવું જોઇએ કે વિધવા પણ એક મનુષ્ય છે. તેનામાં પણ સુખદુઃખની લાગણી છે. પતિ જવાથી તેની સાથે તેની વૃત્તિઓ કંઇ ચાલી જતી નથી. વયની અને વાતાવરણની તેને પણ અસર થાય છે, તે ચેતનહીન જડ વસ્તુ નથી, એમ જાણી મનુષ્યતાને છાજે તેવા સદ્‌ભાવથી તેમની સાથે વર્તવું જોઈએ.

જે પિતાને ત્યાં બાળવિધવા પુત્રી છે અને જેને ઘેર યુવાન પુત્રવધૂ છે તેણે પોતાની વૃત્તિઓ પર કાબૂ રાખવો ઘટે. જે સાસુ અને સસરા પોતાની યુવાન પુત્રવધૂની પાછળ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લે છે, જે વિધવા બહેન પ્રત્યે વાત્સલ્ય અને સહિષ્ણુતા ધરાવે છે અને સદ્‌વાચન તથા સુસંસ્કારો તેના હૃદયમાં રેડે છે, તે સાસુ-સસરાઓ એ ત્યાગમૂર્તિના અંતઃકરણના આશીર્વાદો પ્રાપ્ત કરે છે, અને વૈધવ્યજીવનનું દુઃખ ટાળી તે બહેનને અમરપંથે પ્રેરી શકે છે.

જે સાસુ અને સસરા ભવિષ્યકાળમાં પોતાને માટે પણ સુખી જીવન ગાળવા ઇચ્છતાં હોય, જેને જીવનપર્યંત પુત્ર તથા પુત્રવધૂની

હાર્દિક સેવા જોઈતી હોય તેણે પોતાના સ્વાર્થ માટે પણ આટલા કર્તવ્યમંત્રો જપી લેવા જોઇએ:

૧. આવતી વહુ ગુલામડી નથી પણ પુત્રી છે તેમ ધારી તેને પ્રેમાળ પાત્ર બનાવવું.

૨. કુટુંબનું તે પણ એક અંગ છે. તેથી કોઈ પણ જવાબદારી-વાળું કાર્ય તેને અજાણપણે રાખી ન કરવું.

૩. ઘરની તે સાચી ધણિયાણી છે તેમ માની યોગ્ય માર્ગમાં તે પદાર્થો વાપરે તો તેનો વિરોધ કે ટોંકટાંક ન કરવી.

૪. પતિ અને પત્ની યોગ્ય રીતે પોતાના માર્ગમાં ચાલ્યાં જતાં હોય ત્યાં સુધી ખાસ પ્રસંગ વિના તેમના ખાનગી જીવનમાં માથું ન મારવું.

નીતિકારોએ કહેલી આ શિક્ષાને અનુસરવામાં તેમના પવિત્ર પદની પણ પૂર્ણ રક્ષા છે.

## ૫

# સાસુસસરા પ્રત્યે વહુનાં કર્તવ્યો

પિતૃગૃહ છોડી પતિમંદિરે સંચરતી નવોઢાસ્ત્રીએ બાળપણમાં પતિસ્નેહનાં જે જે મીઠાં સ્વપ્નાં સેવ્યાં હોય છે તે જ એક આશાનું બિંદુ તેને આવો મહાન ત્યાગ કરવા પ્રેરે છે. તે પ્રેરણાના બળે જ તે નવા ક્ષેત્ર પ્રતિ આકર્ષાય છે.

પ્રાણીમાત્રમાં સ્નેહની લાગણી હોય છે. તે સ્નેહનું વહેન જ્યાં જ્યાં વહેતું જુએ છે ત્યાં ત્યાં સત્વર મળી જાય છે. આવી ભિન્નભિન્ન સરિતાઓ વિશ્વકુંજમાં વહી રહી છે. એ સ્નેહમાં જેટલી અવિકૃતિ તેટલાં જ તેમાં સૌહૃદ, સુખ અને સ્થિરતા ટકવાનાં, અને જ્યારે વધતાં વધતાં તે સ્નેહ સાવ નિર્વિકારી એટલે વિશુદ્ધ પ્રેમમાં પલટાઈ જાય ત્યારે જાતિ, મત તથા મતિના ભેદોનો તે જ સમયે વિલય થવાનો અને સ્ત્રીભાવ તેમ જ પુરુષભાવથી પર થઈ તે ઉજ્જ્વલ આત્મા આખાં વિશ્વની એક અખંડજ્યોતિનો ચિરાગ બની જવાનો.

પતિ અને પત્નીનું સહકારી જીવન પણ તે સ્નેહના વિકાસઅર્થે યોજાયું છે, રજોગુણના સંસ્કારોને ભોગવી લઈ સાત્ત્વિક ભાવનાક્ષેત્રમાં ઊડવા માટે તે બન્ને ગૃહસ્થાશ્રમરૂપી પંખીની પાંખોરૂપ બને છે. અહીં તે દમ્પતીનાં માતાપિતા તે બન્ને પાંખોનાં સંરક્ષક છે. રખેને તે પાંખો ક્લેશ કે વિકારના શસ્ત્રોથી કપાઈ જાય! તે સારુ તે બાળપણથી જ તેમનામાં સુસંસ્કારો રોપે છે અને પુખ્ત થયા પછી તેમનામાં ધર્મપ્રજા

ઉત્પન્ન કરવાની ઉત્કટ ઇચ્છા જાગે તો જ બ્રહ્મચર્યાશ્રમનો કાળ પૂર્ણ થયા પછી તેને સુયોગ્ય પાત્ર સાથે જોડી તેના માર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરવાની શક્તિ અને શિક્ષાના સંભાર ભરે છે.

### વધૂવર્તન

વિવાહિત યુવતી પોતાના પતિમંદિરમાં જ્યારથી પગ મૂકે ત્યારથી તેણે પોતાનું આખું નવકુટુંબ અહીં રચી દેવું જોઈએ. આમ કરવાથી તેનું વિરહદુઃખ ભૂલી જવાય અને ભાવિ જીવન સુખરૂપ બને.

જે પત્ની પોતાના શ્વશુરગૃહને પોતાનું નથી કરી શકતી તેનો ગૃહસંસાર દુ;ખ અને કંકાસના મળથી ગંદો બને છે, અને તેના પતિની પણ બૂરી દશા થાય છે.

### કુટુંબભાવ

શ્વશુર એ પિતા, સાસુ એ માતા, દિયર એ ભાઈ, નણંદ એ બહેન, દેરાણીજેઠાણી એ સ્નેહી સહચરીઓ અને પતિ એટલે હાર્દિક પ્રેમનું પરમ કેંદ્રસ્થાન, આ ભાવ રગેરગમાં વ્યાપક બની જવો જોઈએ. જોકે સ્ત્રીજીવનની આ એક કપરી કસોટી છે, પરંતુ આ પરીક્ષામાં જે યુવતી ઉત્તીર્ણ થાય છે તેનો ગૃહસ્થાશ્રમ સાંગોપાંગ સ્વર્ગ શો સુખદ બની રહે છે. તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

પરંતુ દુઃખની વાત એ છે કે કેટલીક બાળાઓને તો ગૃહસ્થાશ્રમમાં યોજાવા પહેલાં તે ભાર ઉઠાવવા સારુ કેટલી શક્તિ અને કેવા વિવેકની આવશ્યકતા છે તેનું કશું વ્યવહારુ જ્ઞાન હોતું જ નથી. આ એક માબાપોના સંસ્કારોની ન પુરાય તેવી ત્રુટિ છે. આ ત્રુટિને અંગે પતિ, સાસુ, સસરા, નણંદ, જેઠાણી ઇત્યાદિ પ્રત્યે કેવી રીતે વર્તવું તેનું યથાર્થ ભાન ન હોવાથી તેને પોતાને પણ ખૂબ જ સોસવું પડે છે.

કેટલીક બાળાઓને તેમનાં માબાપ તરફથી આવાઆવા આછા

સંસ્કારો પડ્યા હોય છે. તેથી તે કુટુંબભાવ લાવવાનો પ્રયત્ન કરે છે ખરી, પરંતુ જે રીતે તે આરાધવો જોઈએ તે રીતના ઉપાયોના અજ્ઞાનથી અથવા અલ્પ પ્રયત્નથી તેઓ તેમાં સફળ થઈ શકતી નથી.

કેટલીક લક્ષ્મીવાન પુત્રીઓ મૂર્ખ જેવી હોય છે. તેને પોતાના પિયરની સંપત્તિનો ખોટો મદ હોય છે. વસ્તુતઃ પિતાની કરોડની સંપત્તિ તેને લેશમાત્ર ઉપયોગી નથી. પરંતુ પતિનો પ્રેમ અને સાસુ-સસરાનો સ્નેહ જ ઉપયોગી છે. પણ એ વાતથી અજાણ હોવાથી તે ઘણીવાર પોતાના સ્વર્ગીય સંસારમાં વિષ રેડી મૂકે છે. માત્ર સાસુ, સસરા, દેરાણી, જેઠાણી, નણંદ ઇત્યાદિ પ્રત્યે જ નહિ બલકે પોતાના પતિ પર પણ તે પ્રેમ કેળવી શકતી નથી. આવી યુવતી-ઓને પાછળથી ખૂબ વેઠવું પડે છે, પરંતુ આ બાબતમાં તે યુવતી કરતાં તેનાં માતાપિતા જ વધુ જવાબદાર છે. જો તે પોતાની પુત્રીને સમજાવે કે 'તારું સાચું કુટુંબ અને સાચું ઘર તે જ છે, અમે દૂર તેટલા દૂર જ છીએ', તો જરૂર સુધારણા થાય.

કેટલીક યુવતીઓ છાજતા કે અણછાજતા ઉપાયોથી માત્ર પતિને રીઝવવામાં જ પોતાના કર્તવ્યની ઇતિસમાપ્તિ માની ઇતર સંબંધીઓ તરફ તો ઉપેક્ષા જ રાખે છે. આ પણ એક પ્રકારની ત્રુટિ જ છે. જોકે પતિ એ ગૃહસ્થાશ્રમનું મુખ્ય પાત્ર હોઈ પત્નીના હૃદયમાં તેનું ઉચ્ચ સ્થાન હોય તે અવાસ્તવિક નથી; પરંતુ જે સ્નેહ બીજા ક્ષેત્ર તરફ દ્વેષ, વૈર, કે ક્લેશ જન્માવે તે ન ઇચ્છવાયોગ્ય મોહ છે, વાસના છે અથવા રાગ છે. તે સાચો સ્નેહ તો નથી જ. એટલે આવી વાસનાથી પણ સાસુસસરા સાથે અણબનાવનાં નિમિત્તો પળેપળે ઊભાં થવાનો અને ગૃહસ્થાશ્રમ દુઃખી બનવાનો સંભવ રહે છે.

કેટલાક સ્થળે એવી પણ અક્કલહીન વહુઓ હોય છે કે જે પોતાને પોતાના ઘરની ધણિયાણી તરીકે સમજતી નથી અને પોતાનું શ્વશુરધન કંઈક બહાનું કાઢીને પિયરમાં મોકલી ખુશી થાય છે. આવી

કુટેવ જોકે બહુ અલ્પ સ્ત્રીઓમાં હોય છે, પરંતુ તે એક અત્યંત ખરાબ કુટેવ છે, જે આખા શ્વશુરકુટુંબના સ્નેહમાં મોટી ઝાંખપ લગાડે છે.

## કર્તવ્યો

૧. શાણી સ્ત્રી વિકારી કે મોહાંધ સ્નેહ વાંચ્છતી નથી, કારણ કે તે સમજે છે કે તેવા સ્નેહમાં પતિ કે પત્ની કોઈનો ઉત્કર્ષ નથી.

૨. યુવાનીના નશામાં સપડાઈ તે કર્તવ્યભ્રષ્ટ બનતી નથી, કારણ કે તે સમજી શકે છે કે સુકર્તવ્યો એ જ જીવન છે.

૩. પોતાનો યુવાન પતિ માર્ગ ચૂકે તો તેમાં ન ઘસડાતાં તેને પણ સાચી શિખામણ આપી તે ઠેકાણે લાવે છે. કારણ કે પોતાની ધર્મપ્રજાની સંસ્કારિતા પ્રત્યે તેનું સંપૂર્ણ લક્ષ્ય હોય છે.

૪. શાણી સ્ત્રી ખાનપાન, વસ્ત્ર, અલંકાર ઇત્યાદિ પોતાની વાપરવાની સામગ્રીમાં સંયમ રાખે છે. કારણ કે તેના અસંયમથી કુટુંબમાં ઘણીવાર મોટો કલહ થાય છે અને આવા વ્યસનથી કેટલીક વાર ધન જતાં અકાર્ય તરફ વૃત્તિ પ્રેરાઈ જાય છે કે જે સતીજીવનનું લાંછન છે. તેથી તે શિયળ અને સદ્‌ગુણના અલંકારો શોભાકર માની તેનું જ સંરક્ષણ કરે છે.

૫. સાસુસસરાની સેવા અને ગૃહસ્થાશ્રમના પ્રત્યેક વ્યાવહારિક કાર્યમાં તે દક્ષ રહે છે. કારણ કે આથી પોતાના પતિનો માનસિક બોજો ઓછો થાય છે, અને આ રીતે પતિભક્તિ અને પતિપ્રેમમાં વૃદ્ધિ થાય છે તેવું તે દૃઢ રીતે સમજી શકે છે.

## વહુશાહીના પંજામાં

ઉપરનાં કર્તવ્યો તરફ બેદરકાર અને યુવાનીના મદથી ભાન ભૂલેલી યુવતીઓ આજે ઓછી સાંપડતી નથી. તેના પનારે પડેલાં

સાસુસસરાનાં પણ સાસુશાહીના પંજામાં સપડાયેલી વહુના જેવા જ બૂરા હાલ થાય છે.

આવી યુવતી પોતાના વિલાસમાં અને એશઆરામમાં મશગૂલ રહેવાનું જ પસંદ કરે છે. આ વાસનાની પૂર્તિ સારુ પોતાના આત્માનું વેચાણ કરી પોતાના દેહને ભોગનું સાધન બનાવી વાસનામય પતિને પોતાનો ગુલામ બનાવવું તે ચૂકતી નથી. પતિ ગુલામ બન્યો પછી તો પૂછવું જ શું ! પ્રતિદિને તેના સ્વચ્છંદની માત્રા વધતી જાય છે. ખાનપાન, વસ્ત્ર, અલંકારો અને એશઆરામનાં સાધનો પાછળ તે અનિયંત્રિતપણે શક્તિ, સમય અને સંપત્તિને વેડફે છે.

આ સ્વચ્છંદી ક્ષેત્રમાં આગળ વધી તે પોતાના માર્ગમાં આડે આવતાં બધાં પાત્રોને કંટક માની તેમને બાજુએ ખસેડતી જાય છે. આ પંજામાંથી બીજાં છૂટી શકે છે, પરંતુ તેનાં સાસુસસરા તો છૂટી શકતાં જ નથી. કારણ કે તે હવે વયોવૃદ્ધ થવાથી પોતાની પાંખે ઊડવાની તેમનામાં શક્તિ રહી હોતી નથી. તેથી તેને નિરુપાયે વહુશાહીના પંજાનો શિકાર બનવું જ પડે છે.

પુત્ર અને પુત્રવધૂનાં આવાં સ્વચ્છંદી જીવનથી તેમને બહુ ખેદ અને દુઃખ થાય છે, અને તે સ્વાભાવિક છે. પરંતુ તેઓ જો તેમને શિખામણ આપવા જાય તો તેઓ માનતાં નથી, એટલું જ નહિ બલ્કે ઘણીવાર તેવાં માતપિતાનું અપમાન કરી તેની બૂરી દશા પણ કરી નાંખે છે. આથી આવા પ્રસંગે તો ઊનાં આંસુ સારી તેમને એક બાજુ રહેવાની જ ફરજ પડે છે.

કેટલીક વહુ તો એવાં મહેણાં પણ મારે છે કે ' અમે સગા હાથથી કમાઈને ઉડાડીએ છીએ, ક્યાં તમે કમાયાં છો ? ' ' મારો પતિ કમાઇ કમાઈને થાકી જાય છે ત્યારે માંડમાંડ પૂરું થાય છે, એમાં તમને ક્યાંથી ખવડાવીએ ? ' ' તમે ક્યાં ધન એકઠું કર્યું છે ?

કામ કરો તો ખાવા મળશે.' એવુંએવું કહી એ પવિત્ર સાસુસસરાને શાન્તિ પમાડવાને બદલે ઊલટું એવડું કષ્ટ ઉપજાવે છે.

જ્યારે પોતાનાં માબાપ પર આટલું દુઃખ સગી આંખે જોવા છતાં એ યુવાન પોતાની પત્નીને કંઈ પણ કહી શકતો નથી પરંતુ તેમાં માતાપિતાનો જ દોષ જુએ છે, ત્યારે તો આવા જીવન કરતાં મૃત્યુ ભલું એવીએવી તે વૃદ્ધોના અંતઃકરણમાંથી ઊંડીઊંડી આહ નીકળે છે. પરિણામે જે વહુ આવા જુલમો ગુજારે છે તેના પણ વૃદ્ધવયમાં આવા જ હાલહવાલ થાય છે. કારણ કે કર્મનો અચળ કાયદો કોઈને છોડતો નથી. એક મહાપુરુષ કહે છે કે—

'જેવાં કરીએ તેવાં પામીએ રે
એ છે અચળ જગતનો ન્યાય હો.
સુખ દીધે સુખ ઊપજે રે
દુઃખ દીધે દુઃખ હોય હો લાલ...જેવાં'

આ ન્યાયને સમજી સાસુસસરા પ્રત્યે અતિ સ્નેહાળ ભાવથી વર્તવું અને તેમની સેવાશુશ્રૂષા કરવી એ જ પ્રત્યેક વહુનું કર્તવ્ય છે.

કેટલાક સમાજમાં સાસુસસરાનો ઘૂમટો કાઢવાનો રિવાજ હોય છે. આ રિવાજ પણ સાસુસસરાના નિર્મળ પ્રેમથી વંચિત રાખે છે. સસરો એ પુરુષજાતિ છે, એટલે કદાચ તેની મર્યાદા રાખવી તે ઉચિત છે. જોકે તે મર્યાદા પણ શુદ્ધ પ્રેમ અને કર્તવ્યની ઘાતક ન હોવી ઘટે. તેટલો વિવેક વાપરવાની તો ત્યાં પણ આવશ્યકતા છે. પરંતુ સાસુની આવી મર્યાદાની તો લેશમાત્ર આવશ્યકતા હોતી નથી.

### સાચી સેવા

વળી સાસુના પગ ચાંપવામાં જ કે સાસુસસરાની લાજ કાઢવાથી કંઈ સેવાની સમાપ્તિ થતી નથી. પરંતુ તેમનું ચિત્ત પ્રસન્ન રહે તેવી વૃત્તિ રાખવી તે જ સાચી સેવા છે.

વૃદ્ધવયમાં ઇચ્છાનો વેગ વધે છે, ઇંદ્રિયો શિથિલ થાય છે, અને મગજશક્તિ ક્ષીણ થવાથી પ્રકૃતિ પણ ગરમ થવા પામે છે. આવા પ્રસંગે આ બધું બનવા યોગ્ય છે. પોતાની પણ, એક દિવસ એવી સ્થિતિ થવાની છે તેમ માનીને દરેક ક્રિયામાં સહિષ્ણુતા અને સેવાભાવને મોખરે રાખી તેમની વૃત્તિને સંતોષવી, એ જોકે કપરું કાર્ય છે ખરું પરંતુ ઉત્તમ સ્ત્રીઓ આ કાર્યને સાંગોપાંગ પાર ઉતારી વહુનો આદર્શ ખડો કરે છે. સાસુસસરાની કડવી શિખામણ અમૃત ગણી પીએ છે. સાસુ પ્રત્યે લેશ પણ અરુચિ રાખ્યા વિના સતત પ્રેમ અને ભક્તિભાવે તેની સેવા કરે છે. તેની માંદગીમાં તેની વૈદ્ય બને છે અને દરેક કાર્યમાં તેનું સ્થાન ઊંચું રાખવાનો વિનય કરે છે.

પાશ્ચાત્ય ઇતિહાસમાં આવા આદર્શ કદાચ અલ્પ દેખાશે, પરંતુ ભારતના ઇતિહાસમાં તો પાનેપાને અને લીંટીએલીંટીએ આ આદર્શો ભર્યા પડ્યા છે. તેમાંની એક અંજલિનું પણ પાન કરી આજની દરેક વધૂ જો ગૃહસ્થાશ્રમમાં પગરણ માંડશે તો તે ગૃહસ્થાશ્રમ દિવ્ય બનશે.

★

૬

# ભાંડુનાં કર્તવ્યો

એક જ માતાના ઉદરથી જન્મેલાં સહોદરો વચ્ચે એક એવું લાગણીમય તત્ત્વ વહેતું હોય છે કે તે અવ્યક્ત તત્ત્વના સંધાનથી તેઓ જીવનભર એકબીજાનાં સહાયક અને માબાપનાં પાળક–પોષક બને છે. આવું અવ્યક્ત આકર્ષણ એ માતાના સ્તનપાન અને સંસ્કારોના પોષણથી જન્મતું હશે કે એક પિતાની પુણ્યભાવનાથી ઉદ્ભવતું હશે, તે દૈવ જાણે. પરંતુ પરસ્પરની આ સ્નેહધારા, એક ભાઈ ઓછું કે વધતું કમાતો હોય કિંવા ઓછુંવત્તું કાર્ય કરતો હોય છતાં બધી સ્થિતિમાં સમાન રીતે વહ્યા કરે છે.

એક ભાઈ બીજા ભાઈના દુઃખે દુભાય છે, પડતાને સાથ દે છે, ડૂબતાને બચાવે છે, હારેલાને હિંમત આપે છે. તેઓ જુદાંજુદાં ક્ષેત્રમાં કાર્યપ્રસંગને લઈને વસવા કે રહેવા છતાં 'ડાંગે માર્યાં પાણી જુદાં ન થાય' તેમ પ્રેમના પ્રવાહથી એકમય રહે છે. એકબીજાના પ્રત્યેક કાર્યમાં ઠેઠ સુધી તે સહકારી રહે છે.

વાસ્તવિક રીતે જોતાં આ વિશ્વમાં સહોદર એવાં પાત્રો છે કે જે એકબીજાના વિકાસમાર્ગમાં પણ પરસ્પર આધારભૂત થઈ રહે છે. જેને સહોદર નથી તેને બીજાં બધાં સુખોમાં ઊણપ લાગે છે. ગૃહસ્થાશ્રમીનું આખું કુટુંબ ભાઇ વિના શૂન્ય ભાસે છે. લક્ષ્મણને

બાણ વાગ્યું અને તે મૂર્છિત થયા ત્યારે 'કડવી હોજો લીંબડી પણ મીઠી હોજો છાંય, બાંધવ બોલને એકવારજી'— આ વાક્યમાં ભ્રાતૃસેવ્ય રામચંદ્રજીએ સહોદરની મીઠી છાયાનું જે ચિત્ર દોર્યું છે તે અદ્વિતીય, અપ્રતિમ અને અનુભવથી યુક્ત છે. સહોદરના સ્નેહસમીર આગળ વિપત્તિઓનાં વાદળ પણ વિખરાઈ જાય છે.

રામાયણમાં દેખાતું ભરતનું ચિત્ર ભાઈ સાથેની અપાર વિનમ્રતાનું સૂચક છે. અયોધ્યા જેવી નગરીની મળતી રાજગાદી ભ્રાતૃવિહોણા એ ભરતને કંટક સમી દુઃખદ ભાસે છે. એ ભાવનાવંત જુવાન રામના વનવાસની વાત સાંભળતાં કંપી ઊઠે છે અને તે જ વખતે એ આશાભર્યો યુવાન વનની વાટે વિહરે છે. તેને સહોદરના સ્નેહ આગળ રાજગાદી ને રાજસુખ સાવ તુચ્છ લાગે છે. કેવો એ ભ્રાતૃપ્રેમ!

વહાલા વીર કૃષ્ણના મૃત્યુ પછી તેને સ્કંધ પર ઉપાડી ઠેરઠેર ફરતા બળદેવને 'કૃષ્ણનું મૃત્યુ થયું' એ શબ્દો જ કારી ઘા સમાન ભાસતા હતા. કેવી એ લાગણી! આ ચિત્ર જૈન રામાયણમાં છે.

## આજની પરિસ્થિતિ

આજના બાંધવો પર દૃષ્ટિ ઠેરવીએ.

સ્નેહનાં નિર્મળ સરોવર અને પ્રેમના પરિમલો આજે હૃદયકુંજથી વિદાય થયાં હોય તેમ લાગે છે. આજે ભાઈભાઈનાં હૃદયમાં કલહના કંટકો ચૂભે છે. આંખમાં ઈર્ષ્યાની આગ ભભૂકે છે. એકબીજાના પંથો નિરાળા પડી ગયા છે.

એક ભાઈ કરોડની સંપત્તિનો સ્વામી બની મોટરગાડીમાં અને બાગબગીચામાં સહેલગાહ કરે છે. બીજો ચીંથરેહાલ બની રખડેરઝળે છે. તેને ખાવા પેટપૂરતું અન્ન પણ મળતું નથી, છતાં તે સ્થિતિ જોઈને શ્રીમંત ભાઈનું હૃદય સ્નેહ કે અનુકંપાથી દ્રવતું નથી; પરંતુ

'એ એ જ લાગનો છે, તેના ધંધા જ એવા છે,' એવાંએવાં પથ્થરથી પણ કઠોર વચનો તેના વદનથી નીકળે છે. સમાન સ્થિતિના ભાઇઓ પણ આજે પરસ્પર સહકાર ધરાવતા હોય તેવું ક્વચિત જ દેખાય છે. લોકલજ્જાએ તે કદાચ મળે છે ખરા, સાથેસાથે રહે છેય ખરા, પરંતુ એકબીજા પ્રત્યેના ઉરઉલ્લાસ ઓસરાયેલા જણાય છે. લાગણીનું તત્ત્વ જાણે બૂઠું બની ગયું હોય તેમ દેખાય છે.

એકાએક આમ બની જવાનું કારણ નથી કળિયુગ કે નથી બીજું કંઈ. તેમ થવાનું એકમાત્ર કારણ છે સ્વાર્થની અતિમાત્રા.

મનુષ્ય જ્યારે પરહિતઅર્થે જીવે છે ત્યારે તેનું જીવન દેવ જેવું દિવ્ય અને નીર જેવું નિર્મળ હોય છે. તેવે સમયે તે કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વ ખાતર પોતાની જાતને ન્યોચ્છાવર કરી શકે છે. તેને બીજાના પ્રેમ અર્થે પોતાનો લાભ જતો હોય તો તેમ કરવામાં પણ લેશમાત્ર આંચકો લાગતો નથી. પરંતુ તે પોતાની જાત તરફ જેમ જેમ વધુ ઢળતો જાય છે, તેમતેમ તેના સ્નેહનું ક્ષેત્ર પણ ધીરેધીરે સંકોચાતું જાય છે. વિશ્વ જેવા વિશાળ ક્ષેત્રના પ્રેમનું આધારસ્થાન તેનું અંતઃકરણ જેમજેમ ટૂંકું થતું જાય છે, તેમતેમ તેનામાં વિકૃતિનું જોર પણ વ્યાપક થતું જાય છે. આખરે પ્રેમામૃત, રાગ અને મમત્વના વિષમાં પલટાઈ જાય છે, અને તેનું અંતઃકરણ તેટલું જ વિકૃત થઈ ભૂમિકાનું ક્ષેત્ર ઊતરતાં ઊતરતાં દેવ, માનવ, પશુ અને તેથી પણ પાછળ એટલે કે પિશાચ જેવું બની રહે છે.

માનવીની સ્વાર્થાંધતાને લઇને તેની આશા અને ઇચ્છાઓનું ક્ષેત્ર પણ ધીમેધીમે ખૂબ વિકસે છે અને તે ઇચ્છાઓની તૃપ્તિ ખાતર તે ઠેરઠેર મૃગજળના ઝાંઝવાની પાછળ ઝાવાં મારે છે. આવે સમયે તેને પોતાના કર્તવ્યક્ષેત્રનું ભાન ન રહે તે સાવ સ્વાભાવિક છે.

ભારતની આર્ય સભ્યતાનો લોપ કરનાર આ એક જ કારણ તે સ્વાર્થની અતિમાત્રા છે—જેણે ધર્મ, નીતિ અને કર્તવ્ય એ ત્રણે

વિકાસવેલી ઉપર કુઠારાઘાત કરી ચેતનવંતા માનવીને જડ સમો નિષ્ઠુર અને નિર્દય બનાવી મૂક્યો છે.

## વિલાસવૃત્તિ

એ સ્વાર્થમાં પણ જ્યારથી વિલાસવૃત્તિનો વેગ ભળ્યો છે ત્યારથી તો પાપની પરાકાષ્ઠા થઈ રહી છે. આખા કુટુંબને જે અલ્પ ખર્ચથી પોષણ થતું તેટલું ખર્ચ આજે એક વ્યક્તિને સામાન્ય જરૂરિયાતો પાછળ પણ પૂરતું થઈ શકતું નથી. બીજી બાજુ બેકારીનું ભૂત વળગી રહ્યું છે. આવાંઆવાં કારણોને લીધે સ્નેહનાં સ્રોતો સુકાઈ જવાના શ્રીગણેશ મંડાયા છે. વિલાસની વૃત્તિ કોને નથી અભડાવતી !

સંયમી વૃત્તિથી જેમ ખર્ચ ઘટશે તેમ પાપ પણ ઘટશે. ત્યારે ધાર્મિક વૃત્તિ અને સાથેસાથે કર્તવ્યપરાયણતા પણ વધતી જશે, અને તે જ સમયે કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રતિના પ્રેમનાં પૂર ઊભરાઈ નીકળશે. માબાપની સેવા અને સહોદરની સ્નેહધારાનાં વહેન પણ વહી નીકળશે. અને ત્યારે એ પ્રાચીન ઇતિહાસનાં જે ચિત્રો આજે પુસ્તકમાં જ અવલોકીએ છીએ, તે ઘરઘર પ્રત્યક્ષ થશે અને ગૃહસ્થાશ્રમની આદર્શતાનું આજનું ભાવનામય ચિત્ર નજરે જોઈ શકાશે.

## ભાઈબહેન

બહેનનો ભાઈ પ્રત્યે કેવો સ્નેહ હોય છે તે તો તેની પ્રત્યેક ક્રિયા પરથી વાંચી શકાય છે. બાળપણથી તેના હૃદયમાં ભાઈનું સ્થાન બહુ સજ્જડ રૂપે જડાઈ ગયું હોય છે. ઢીંગલાઢીંગલીની રમતમાં પણ તે ભાઈ અને ભાભીને વીસરતી નથી. પણ જેમજેમ વય વધતી જાય છે, તેમતેમ તે સ્નેહ ગાઢ થતો જાય છે અને પિતૃગૃહ છોડી તે શ્વસુરગૃહે સિધાવે છે છતાં તેનો તે સ્નેહ તો તેવો ને તેવો જ અખંડ રહે છે. ચાલતાં ઠેસ વાગે ત્યારે કષ્ટમાં પણ 'ખમ્મા મારા વીરને' આ હૈયામાં સંઘરેલું વચન તેના હોઠ બહાર નીકળી પડે છે. કેવો એ ભગિનીનો પ્રશસ્ત સ્નેહ !

બહેનનો ભાઈ પ્રત્યે પ્રેમ હોય છે તેમ ભાઇનો પણ ભગિની પ્રત્યે પ્રેમ હોય જ છે. પરંતુ તેનું કાર્યક્ષેત્ર પુરુષ અને સ્ત્રીના સ્વભાવ અને સદ્‌ગુણો પ્રમાણે ભિન્નભિન્ન હોય છે.

બહેન વીરાનું સદા અને સતત હિત વાંછતી હોય છે અને પ્રસંગ પડ્યે વીરાની સેવા કરવા સારુ તે તત્પર રહે છે, અર્થાત્ આવી રીતે લાગણી અને સેવા દ્વારા તેનો પ્રેમ પ્રગટ થાય છે.

ભાઈ પણ બહેનનું દુઃખ દૂર કરવા તન અને મનથી તૈયાર હોય છે. ઘણીવાર માબાપ પોતાનું કર્તવ્ય ચૂકતાં હોય તો બહેનના હિત સારુ તેમની સામે સત્યાગ્રહ કરીને પણ બહેનનું અહિત થવા દેતો નથી. બહેનની ગરીબીને કે દુઃખી હાલતને ભાઈ પોતાની ઉદારતા દ્વારા ફિટાડે છે. આ રીતે એ બન્નેના પ્રેમનો જીવનપર્યંત વિનિમય થતો રહે છે.

ઘણા ભાઇઓએ બહેન ખાતર સમાજ અને કુટુંબનાં સિતમો વેઠ્યાં હોય અને બહેનોએ પોતાના ભાઈ ખાતર પોતાનું સુખ અને સંપત્તિને સમર્પ્યાં હોય એવાં દૃષ્ટાંતો ભારતીય ઇતિહાસમાં ઓછાં નથી.

પરંતુ આજે તો જેમ ભાઈભાઈ અને માબાપ પ્રત્યેનાં કર્તવ્યો ભૂલેલાં માનવી નજરે પડે છે, તેમ ભાઈ અને બહેન વચ્ચેનાં વહાલ પણ સુકાઈ ગયેલાં દેખાય છે, અને કર્તવ્ય ચૂકતાં તેમ થવું સ્વાભાવિક જ છે. પરંતુ આટલું યાદ રાખવું જોઈએ કે આવા મીઠા સ્નેહની ગૃહસ્થાશ્રમી જીવનમાં ખૂબ ખૂબ આવશ્યકતા છે.

ભારતીય પ્રજામાં ઘરઘર ઊભરાતાં દુઃખોમાં આ પ્રશ્ન બેકારી કરતાં અધિક દુઃખજનક નીવડ્યો છે. જ્યાં કુટુંબ વચ્ચે સ્નેહ છે, પરસ્પરના મિલનથી જે કુટુંબના સભ્યોની આંખડીઓમાં અમી ઊભરાય છે, જે એકબીજાનાં દુઃખે દુઃખી બને છે તે જ આંગણે સ્વર્ગીય લક્ષ્મીનાં દર્શન થાય છે. વિપત્તિઓના ડુંગરોમાં પણ ત્યાં આનંદની લહરીઓ ચમકે છે.

અને જે કુટુંબમાં સ્નેહ કે સંપ નથી, ત્યાં સંપત્તિની છોળો ઊડવા છતાં શાન્તિ કે સંતોષનું બિન્દુય સાંપડતું નથી; અને એ સંપત્તિ પણ કંકાસના કાદવથી મ્લાન થઈ કંટાળીને વિદાય થઈ જાય છે અને 'કલેશથી ગોળાનાં પાણી સુકાય' એ કહેવત આ રીતે ચરિતાર્થ થઈ જતી દેખાય છે.

## ભાભી અને દિયર

'ભાભીના ભાવ મને ભીંજવે રે લોલ.' કવિશ્રી બોટાદકરનું આ કાવ્ય ઘેરઘેર ગવાતું હશે. આ કાવ્યમાં જે ભાવ છે તેથી અગણિત ભાવ દિયરનો ભાભી પ્રત્યે હોય તે સ્વાભાવિક છે. કારણ કે જે અંતઃકરણના ભાવો હોય છે તેનો શતાંશ પણ વાણીમાં આવી શકતો નથી. સ્નેહ એ વાણીથી અગમ્ય છે.

મનુષ્યના હૃદયમાં માતાનું સ્થાન તો સર્વોપરિ જ છે. પરંતુ ત્યારપછી આખા વિશ્વમાં જો માતૃભાવ ઢોળવાનું બીજું કોઈ પાત્ર હોય તો તે એકમાત્ર ભાભી જ સાંપડશે. મોટાં ભાભી એ જનનીનું એક પ્રતીક છે.

નીતિકારો કહે છે કે માતૃહૃદય રચીને જેમ વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે, તેમ આદર્શ ભાભીનું અંતઃકરણ પણ અદ્વિતીય રચ્યું છે. એ માતૃવિરહની વેદના ભૂલવનારી જનેતા છે. એના અંતઃકરણમાંથી વાત્સલ્યની ધારા નિરંતર પુત્રવત્ વહે છે. ઘણી ભાભીઓએ નાના દિયરને તેની માતાનો સ્વર્ગવાસ થયા પછી પોતાની દુગ્ધસુધા ચખાડી જિવાડ્યા છે, પાળ્યા છે અને પોષ્યા છે.

## ભાભી પ્રત્યે

જે રીતે ભાભીનું હૃદય માતૃવાત્સલ્યથી ભરપૂર છે તે જ રીતે દિયરના અંતઃકરણમાં પણ તેમના પ્રત્યેનો પૂજ્યભાવ પ્રબળતર હોય છે. પોતાના ભાઈ કરતાં ભાભી પર તેને વધુ પ્રેમ હોય છે. તેના પડતા બોલ ઝીલી લેવામાં પોતાની કૃતાર્થતા સમજે છે. માંદગી અને

એવા બીજા કારણે તેની સેવાવૃત્તિ તેવી ને તેવી અખંડ રહે છે. તેના અંતઃકરણમાં એમ જ થયા કરે છે કે હું શું આપું? અને તેમના ઉપકારનું ઋણ કઈ રીતે ચુકાવું?

વીર લક્ષ્મણનું દૃષ્ટાંત તેની સાક્ષી પૂરે છે. વડીલ ભાઈ અને ભાભીની સેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે તે માબાપના વિરહ-દુઃખને ભૂલી ગયો. રાજમંદિરના રમ્ય ભોગો છોડી વલ્કલો સજ્યાં, અને અરણ્યની અપાર વેદના વેઠવા સજ્જ થયો. સીતાદેવીની જે અખંડ સેવા એ વીરે બજાવી તે તેના હૃદયના અપાર અને એકાંત પ્રેમની જ સૂચક છે.

પરંતુ આજે તો ભાભી અને દિયરના સ્નેહ પણ સુકાઈ ગયેલા નજરે પડે છે. જનેતા સમાન એ ભાભી પોતાના નાના દિયર પ્રત્યે લાગણીહીન જણાય છે. તે પોતાના પતિને ઝટપટ કહી દે છે કે 'તે ક્યાં કમાય છે! તેનો બોજો આપણા પર શા માટે?' તે જ રીતે દિયરનો પણ ભાભી ઉપર જે માતૃપ્રેમ હોવો જોઈએ તે દૃષ્ટિગોચર થતો નથી. તે સુખી હોય તોપણ તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવી શકતો નથી. ભાભીની વૈધવ્યભરી જિંદગીમાં પણ તે દિયર તેનો સહાયક થઈ શકતો નથી. આ બધાંનું કારણ પોતપોતાનાં કર્તવ્યોની ત્રુટિ અને તેનું મૂળ કારણ શોધવા જઈએ તો કેવળ ટૂંકી સ્વાર્થ-વૃત્તિ જ તરી આવતી દેખાશે.

## નણંદ અને ભોજાઈ

એક બાળાને પોતાના વીરા પ્રત્યે જે પ્રેમ વહેતો હોય છે તેની ભાભી પણ પૂરી ભાગીદાર છે. ભાઈને ઘેર ભાભી આવશે એ સુખદ સોણલાં પર તે ખૂબ મહાલતી હોય છે. નાનપણમાં તેને ભાભીના લાડ ગમે છે. મોટી વયમાં તે ભાભીની અમીદૃષ્ટિ ઇચ્છે છે. કારણ કે ભાભી એ તેના પિયરસ્નેહને સતત ચાલુ રાખનારી એક સરિતા છે. ભાઈના ઘરની તે ધણિયાણી છે. ભાભીની દૃષ્ટિ ફરે તો તેનું પિયરમાં

રહેવું ભારી થઈ પડે છે. નણંદ અને ભાભી બન્ને ભિન્નભિન્ન ઘરે ઉત્પન્ન થવા છતાં તેમનો સ્નેહ સગી બહેન સમો હોય છે. જેમ ભાભી પરઘરથી આવે છે, તેમ મારે પારકે ઘેર જવું છે, એમ હમેશાં શાણી નણંદ સમજે છે. તે બન્નેનો સાચો સ્નેહ ટકવાનું કારણ આ જાતની સમાન સ્થિતિ છે.

## વર્તમાન પરિસ્થિતિ

પરંતુ આજે સ્થિતિ જુદી છે. 'નણંદ થોડા જ દિવસની મહેમાન છે' તેમ સમજવા છતાં ભાભી તેટલો વખત પણ સ્નેહ રાખી શકતી નથી. પોતાના પતિનો પોતાની નણંદ પર અપાર સ્નેહ હોય, તો તે સહન પણ કરી શકતી નથી. નણંદને અપાતી વસ્તુ પોતાના ઘરમાંથી ઓછી થાય છે એવી જાતની સ્વાર્થવૃત્તિ તેના સ્નેહમાં રોધ ઉત્પન્ન કરે છે.

આ પ્રમાણે જેટલી કર્તવ્યપરાયણતાની ભાભીમાં ખામી છે તેટલી જ નણંદમાં પણ હોય છે. ભાભી પરણીને જ્યારે ઘેર આવે છે ત્યારે એ નણંદબા પોતાની ભાભી પર હુકમ ચલાવવા લાગી જાય છે. સમાન વયની હોય તો કામકાજમાં ઈર્ષ્યા પણ કરે છે. પોતાની ભાભી પ્રત્યે પોતાનો ભાઈ વધુ સ્નેહાળ બને તો તે પણ તેને પાલવતું નથી. જાણે કેમ પોતાનું તે લઈ લેતી હોય, કે ખાઈ જતી હોય! તેમ તેના પર સતત વૈરવૃત્તિ રાખી પોતાની મા આગળ સાચાખોટા સાંધા કરી સાસુ–વહુ વચ્ચે અને ભાઈભાભી વચ્ચે કેટલીક નણંદો તો કલહ પણ જગાડે છે. પ્રસંગ પડ્યે મહેણાંટોણાં પણ મારે છે, અને જેમજેમ તેને દુઃખ થતું જાય તેમતેમ તે રાજી થાય છે. સ્ત્રીજાતિની પરસ્પરની આવી ઈર્ષા ઉભય પાત્રને તો દુઃખરૂપ નીવડે જ છે. પરંતુ સાથે સાથે તે ગૃહસ્થાશ્રમના સુખી જીવનમાં પણ દુઃખ રેડનારી બને છે. ભાભી અને નણંદ વચ્ચેનું આ વૈમનસ્ય ભવિષ્યના જીવનમાં ભાભી અને નણંદને બહુ ભારી પડે છે તેનું પણ તેને આ વખતે ભાન હોતું વથી.

કર્તવ્ય

નણંદ નાની હો કે મોટી હો, તેણે સમજી લેવું જોઇએ કે પિયરનું ઘર એ તેને માટે સંસારમાં મીઠી છાંયડી આપનારું વૃક્ષ છે. ભાભી અને ભાઈ એ વૃક્ષની ડાળી અને ફળ છે, તેઓનો જેટલો સ્નેહ વિશેષ તેટલો જ તે વૃક્ષની છાયાનો લાભ મળવાનો. આમ વિચારી પોતે મોટી હોય તો આવતી ભાભીની થતી ભૂલો ગળી જઈ તેને મીઠી શિખામણ આપી સુધારવાનો પ્રયત્ન કરવો તે તેની ફરજ છે. આથી તેમનો પ્રેમ દિનેદિને પાંગરે છે.

નણંદ જો નાની હોય તો તેણે ભાભીના કાર્યમાં સહાયક બની તેની સેવા કરવી, તેની પાસેથી ઉપયોગી શિક્ષણ લેવું અને તેના તરફ સ્નેહભાવ ધરાવવો એ તેની ફરજ છે. સારાંશ કે નણંદ અને ભાભીનો સ્નેહ એક સગી બહેન કરતાં વિશેષ હોવો જોઈએ. તો તેઓ બન્ને કુટુંબમાં સ્નેહ અને સંપની સાધિકાઓ થઈ પડે છે.

પરંતુ આ બધી બાબતોમાં સૌ સૌએ પોતપોતાનાં કર્તવ્યોમાં પરાયણ રહેવું ઘટે. એક પણ અંગ જ્યારે પોતાની ફરજ ચૂકે છે કે સ્વાર્થ તરફ ઢળે છે, ત્યારે સામેનું પાત્ર પણ તેવું જ કે તેથી વિશેષ સ્વાર્થી અને અકર્મણ્ય બની જાય છે. આમાં જે પાત્ર પહેલું હોય તે જ આ પરિસ્થિતિનું વિશેષ જવાબદાર છે.

કુટુંબનો સ્નેહ જાળવવામાં પળેપળે ગમ ખાવાની ટેવ એટલે કે સહનશીલતા કેળવવાની સૌથી પહેલી આવશ્યકતા છે, અને તેટલી જ જરૂર સ્વાર્થત્યાગની પણ ભાવના કેળવવાની હોય છે.

## ૭

# દેરાણીજેઠાણી

જેમ કુટુંબના પોષણઅર્થે દ્રવ્યાદિ મેળવવામાં અને ગૃહવ્યવહાર ચલાવવામાં ભાઈને ભાઈની આવશ્યકતા હોય છે—કારણ કે તે ભુજારૂપી બની એ બોજો વહન કરવામાં મદદગાર થઈ પડે છે–તે જ રીતે ગૃહકાર્યનો આંતરિક બોજો વિભક્ત કરવા માટે જેઠાણી ને દેરાણીની જરૂર રહે છે.

સાસુના મનમાં પોતાની પુત્રવધૂ લાવવાના કોડ જેમ રહ્યા કરે છે તેમ જેઠાણીને પણ પોતાના નાના દિયરને વિવાહિત કરવાના મીઠા કોડ અવશ્ય રહે છે, અને તે ઇચ્છે છે કે મારી નાની બહેન આવવાથી મારા કાર્યમાં સરળતા થશે.

### વર્તમાન પરિસ્થિતિ

પરંતુ આજે તો ઘણેખરે સ્થળે એ બન્નેનો પરસ્પર સ્નેહ ક્વચિત જ દેખાવ દે છે. એટલું જ નહિ બલકે જ્યારથી ભેગાં મળે છે ત્યારથી બન્ને વચ્ચે આ રીતે લડાઈ થવી શરૂ થાય છે. સાસુ મને આટલું બધું કામ આપે અને જેઠાણીને કાં નહિ? અથવા જેઠાણી એમ માને કે સાસુનો દેરાણી પ્રત્યે આટલો પ્રેમ અને મારા પર કેમ નહિ? એ કરિયાવર વધુ લાવી છે માટે ને?

ખાવામાં પણ 'મને આ મળ્યું અને તેને તે મળ્યું' એવીએવી સ્પર્ધા રહ્યા કરે છે. એક નાની બંગડીથી માંડીને સુવર્ણ કે રત્નનાં આભૂષણ અને પોશાકમાં તો એ બન્નેની હુંસાતુંસીનો પાર જ પામી શકાતો નથી. 'મારો ધણી કમાઉ છે, મારો ધણી મહેનત કરે છે, તેને પણ સરખા અલંકારો શા માટે?' એમ દરેક નાનીથી માંડીને મોટી વાત સુધીમાં ઈર્ષાખોર પ્રકૃતિથી તેઓ અંતરમાં પરસ્પર સળગ્યા જ કરે છે.

તેનાં નાનાંનાનાં બાળકોને ખાવાની નાની સરખી ચીજો આપવામાં પણ એકબીજાની વૃત્તિનું પ્રદર્શન થાય છે, અને તે બાળકની માને ખબર પડતાં જ તે લડવા તૈયાર થઈ જાય છે. છોકરાંઓ પરસ્પર રમતાં એકબીજા સાથે લડી પડે તો તેની પાછળ પણ તે માતાઓ પરસ્પર લડવામાં બાકી રાખતી નથી. આવી રીતે એ ઝઘડો માત્ર તે બન્ને વચ્ચે જ નહિ, પરંતુ પછી પુરુષોમાં પણ પેસે છે. કારણ કે તે બન્ને રોજ પોતાના પતિ પાસે નવીનવી ફરિયાદો રજૂ કરતી હોય છે, અને એવી સફાઈથી અને રોતી આંખે કહે છે કે રોજરોજ કહેતાં કોઈ દિવસ તો પતિના હૃદયમાં પણ તે વાત ઘર કરી બેસે છે. અને તેમાં પણ જો દૈવયોગે કોઈ પ્રત્યક્ષ નિમિત્ત મળી જાય તો તો પછી પૂછવું જ શું? તે ભાઇઓના પરસ્પરના સ્નેહ આવી નાનીનાની બાબતમાં બળીને ખાખ થાય છે, અને તેનું નિમિત્ત તે સ્ત્રીઓ બને છે.

ભાઈભાઈ વચ્ચે મારામારી, ગાળાગાળી કે ખૂનેખરાબી પણ થતી આપણે સાંભળીએ છીએ. ભાઇભાઈ કોર્ટે ચડ્યાના કિસ્સાઓનો તો પાર જ નથી. આ બધાંનાં મૂળ કારણભૂત તેઓ કે બીજી વસ્તુ નથી, પરંતુ ઘણું કરીને તે બન્નેની સ્ત્રીઓ એટલે કે દેરાણી અને જેઠાણી જ હોય છે.

જ્યાં સુધી બન્ને ભાઈ ન પરણ્યા હોય ત્યાં સુધી તેમનો સ્નેહ ખૂબ જ ગાઢ હોય છે. એક ભાભી આવ્યા પછી કોઈ સ્થળે કંઈ

ઊણપ અથવા તેવો ને તેવો સ્નેહ રહે છે. પરંતુ બન્ને ભાઈ પરણ્યા એટલે તો થોડા જ વખતમાં તેમને અલગ થયા વિના ચાલતું નથી. દેરાણીજેઠાણીના ઝઘડામાં ઘરનાં માબાપોની પણ ખૂબખૂબ કફોડી સ્થિતિ થાય છે. આવી રીતે સ્નેહ, સંપત્તિ અને માબાપની સેવા એ ત્રણ ઉચ્ચ વસ્તુઓ, કે જે ગૃહસ્થાશ્રમમાં બહુ આવશ્યક છે તે, આ ગૃહલક્ષ્મીઓ પોતાને સગે હાથે ફેંકી દે, તેના જેવું દુર્ભાગ્ય કયું હોઈ શકે ?

## આ સ્થિતિ થવાનું કારણ

સાસુની ઓછી આવડત કે વહુઓ વચ્ચેની અસમાનતા એ આ ઝઘડાનું બીજ હોય છે ખરું, પરંતુ જો તે બન્ને શાણી બહેનો હોય તો આવી વાતથી તે ઉશ્કેરાઈ જતી નથી. જેઠાણીએ દેરાણી પ્રત્યે ઉદાર અને માયાળુ થવું ઘટે, અને દેરાણીએ જેઠાણી ગમે તેવાં હોય તો પણ તેમને પોતાનાં વડીલ બહેન સરખાં ગણી તેમના પ્રત્યે પૂજ્યભાવથી વિનયભર્યું વર્તન રાખવું ઘટે. જો આટલું લક્ષ અપાય તો બાકીની બીજી વસ્તુઓ તો સાવ ગૌણ જ થઈ રહે, અને તેમણે સમજી લેવું ઘટે કે દાગીના કે ખાનપાનના પદાર્થો અથવા સંપત્તિ એ સ્નેહ આગળ સાવ તુચ્છ છે. જો દેરાણીઓ અને જેઠાણીઓ આ વસ્તુને યથાર્થ સમજે તો આખા કુટુંબકલહનો અંત આવી રહે અને ગૃહસ્થાશ્રમીને પોતાના પ્રત્યેક કાર્યમાં સરળતા થાય. ભાઈભાઈને ન બનવાથી જુદાંજુદાં રસોડાં અને ઘર પાછળ એકેક કુટુંબને આર્થિક દૃષ્ટિએ ચારથી પાંચગણું નુકસાન સહેવું પડે છે. અને પછી તેને પહોંચી વળવા ખાતર ગરીબ કુટુંબને બેકારીના બોજા તળે ચગદાઈ જવું પડે છે, અથવા અનૈતિક કાર્યો કરવાં પડે છે. સારાંશ કે અણબનાવ કે જે વાત આપણને સાવ સાદી લાગે છે તે પરિણામે કૌટુંબિક, સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ મહાન નુકસાનકારક નીવડે છે.

## સરળ માર્ગ

જો દેરાણીજેઠાણીઓ પરસ્પર ભગિનીભાવ કે સખીભાવથી વર્તે

તો ગૃહસ્થાશ્રમીને સૌથી વધુ સરળતા થાય. આ પ્રશ્ન તો આજે અશક્ય જેવો બની ગયો છે. ભાઈઓએ પોતાનું કુટુંબ જુદું જુદું રાખવું જોઈએ એ જાતની માન્યતા આજે ઘર ઘાલી બેઠી છે. પણ એ વાત અશક્ય નથી. અને એવી જાતનું ધ્યેય રાખવામાં આવે અને કુટુંબમાં દરેક માણસ તેવું ઇચ્છે તો તે સાવ સાધ્ય છે. આ વિષયમાં તે સ્ત્રીઓની સાસુઓએ પણ વધુ લક્ષ આપવું ઘટે.

આખું કુટુંબ એકસાથે રહેવાથી આર્થિક દૃષ્ટિએ ફાયદો થવા ઉપરાંત 'ઝાઝા હાથ રળિયામણા'ની પેઠે ગમે તેવું મોટું કાર્ય હોય તોપણ તે સહજસાધ્ય થાય અને તે કુટુંબની શક્તિ પણ એટલી વધે કે તે કુટુંબ સમાજ અને રાષ્ટ્રને પણ બહુ ઉપયોગી થઈ પડે.

## ૮

# મિત્ર

વિકાસની પ્રબળ ઇચ્છાથી સંસારમાં રહેલા પ્રત્યેક જીવાત્માની પોતાની શક્તિના વિકાસ માટે છેવટ પર્યંત અર્થાત્ તે વિકાસની પરાકાષ્ઠા સુધી દરેક અવસ્થામાં સહાયકની આવશ્યકતા રહે છે. નાનાંમોટાં ચર અને અચર સૌ પ્રાણીઓમાં આ સ્થિતિ સ્પષ્ટ જોઈ શકાય છે.

એક વૃક્ષનું બીજ ઊગતાંની સાથે બીજાં સ્વજાતીય તત્ત્વોને આકર્ષે છે અને પરસ્પરની સહાયથી તે વિકાસ પામે છે. પ્રત્યેક તત્ત્વમાં આ સિદ્ધાંત સ્વાભાવિક દેખાય છે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે તેની માતા સહાયક હોય છે. પછી પિતા, શિક્ષક, સ્ત્રી અને એમ સહાયકનાં ક્ષેત્રો કુટુંબ, સમાજ, દેશ એમ એમ વધતાં જ જાય છે. પરંતુ માનવજીવન માટે ભિન્નભિન્ન કાર્યપરત્વે ભિન્નભિન્ન સહાયકો પૈકીનું મિત્ર એ એક એવું સહાયક અંગ છે કે જે બાળપણથી માંડીને મૃત્યુના છેડા સુધી કાયમ ટકે છે, જોકે એ મિત્રતાનો ઉમેદવાર ઠેઠ પર્યંત એક જ રહે છે અથવા એક જ પાત્રપરત્વે તે મિત્રતા ટકી રહે છે તેવું કશું નિશ્ચિત હોતું નથી. પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે એક નાનાથી માંડીને મોટા સુધી સૌ કોઈ મિત્રને ચાહે છે અને મિત્રની જીવનમાં અગત્ય પણ અનિવાર્ય છે.

### મિત્રતાનું મૂળ

માનવીજીવનમાં મિત્રતા ક્યાં અને કેવા પ્રસંગમાં ઉત્પન્ન થાય છે તે તપાસીએ.

મિત્રતા જન્મવાનું કારણ સમાનતા છે. બાળપણમાં વયની સમાનતાથી મિત્રતા જન્મે છે. બાળક જરા મોટું થાય એટલે સમાન રીતે રમતગમતમાં અને સમાન ટેવોમાં એ મિત્રતા ટકે છે. પછી સહશિક્ષણથી એ મિત્રતા ફૂલે છે અને સમાન વિચારોથી તે મિત્રતા ફળે છે.

### મિત્રપદની જવાબદારી

'જેવો સંગ તેવો રંગ' આ એક નાના વાક્યમાં ગંભીર રહસ્ય છે. મનુષ્ય જેવા વાતાવરણમાં અને જેવા સંસર્ગમાં રહે છે તેવો તેવો તે ક્રમેક્રમે બનતો જાય છે, અને તે એટલી હદ સુધી કે માબાપોના ઉચ્ચ સંસ્કારથી પોષાયેલું બાળક પણ કુસંગના પરિણામે હલકી ખાસિયતનું બની જાય છે. આથી માબાપોએ બાળપણથી એવા બાળકોના સંસર્ગમાં પોતાના બાળકને મૂકવું જોઇએ કે તે ઉચ્ચ ભાવનાવાળું બને. પરિપકવ બુદ્ધિ થાય પછી તો મનુષ્ય સ્વયં ગુણદોષની કસોટી કરી શકે છે. આથી તેણે પોતે પણ એવા મિત્રો શોધી કાઢવા જોઈએ કે જે ખરેખર મિત્રના પદને લાયક હોય.

### મિત્રના સદ્ગુણો

મિત્રપદની જવાબદારી ખૂબ જ મહાન છે. તેથી તે પાત્ર શોધતાં પહેલાં નીચેના સદ્ગુણો તપાસી લેવા જોઈએ:

૧. તેનામાં ઉચ્ચ સંસ્કારિતા અને સદ્વિચાર હોવા જોઈએ.

જો તેનામાં ઉચ્ચ સંસ્કારો અને સદ્વિચાર હોય તો ખોટી કુટેવો અને હલકી ખાસિયતોથી તે મુક્ત રખાવી શકે છે, અને મિત્રનાં કર્તવ્ય કે નીતિનો ભંગ થતો હોય તો તે સારા વિચારો આપી આત્મપતનથી પણ ઉગારી લે છે.

૨ દૃઢ નિશ્ચયી.

જેનામાં દૃઢ નિશ્ચય હોય છે તે વિપત્તિમાં કે સંપત્તિમાં, સુખમાં કે દુઃખમાં, સારી સ્થિતિમાં કે નબળી સ્થિતિમાં પણ મિત્રતાને બરાબર સમાન ભાવથી જ ટકાવી શકે છે.

૩ નિઃસ્વાર્થી.

જે નિઃસ્વાર્થી મિત્ર હોય છે તે ધનના કે તેવા બીજા કશા પોતાના સ્વાર્થના લોભ ખાતર મિત્રતા બાંધતો નથી, તેથી આવી નિઃસ્વાર્થ મિત્રતા કાયમ ટકી શકે છે અને ફળપ્રદ પણ થાય છે.

૪ ઉદાર.

ઉપરાંત જે પ્રકૃતિનો ઉદાર હોય છે તે પોતે દુઃખ સહીને પણ મિત્રના અંતઃકરણને સંતોષી શકે છે.

તે ભિન્ન જાતિનો હોય કે ભિન્ન સંપ્રદાયનો હોય તેની કંઈ ચિંતા નહિ, પરંતુ આ ચાર ગુણોથી અલંકૃત હોય તો તે સાચો મિત્ર થવાને લાયક અને મિત્રતાનું સાચું પાત્ર ગણાય છે. આ ગુણો પરત્વે સુભાષિતકારોએ નીર અને ક્ષીરની મિત્રતાની કસોટીમાં આ શ્લોક આપ્યો છેઃ

**क्षीरेणाऽऽत्मगतोदकाय हि गुणा दत्ताः पुरा तेऽखिलाः**
**क्षीरे तापमवेक्ष्य तेन पयसा ह्यात्मा कृशानौ हुतः ।**
**गन्तुं पावकमुन्मनस्तदभवद् दृष्ट्वा तु मित्राऽऽपदं**
**युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्तादृशी ॥**

જ્યારે દૂધમાં પાણી ભળે છે ત્યારે દૂધ પોતાનો મિત્રધર્મ બજાવવા પોતાના ગુણો પાણીને સમર્પે છે. જ્યારે તે દૂધને ઉકાળવામાં આવે છે ત્યારે દૂધની આફત નિવારવા માટે તે પાણી પોતાનો મિત્રધર્મ સાચવે છે. અર્થાત્ કે પ્રથમ પોતે અગ્નિમાં બળે છે. વળી તે સમયે દૂધ પોતાના મિત્રની આપત્તિ જાણી તે પણ બળવા તૈયાર

થાય છે, અને મિત્ર મળ્યા પછી જ શાંત થાય છે. આવી જ સત્પુરુષોની પરસ્પર સાચી મિત્રતા હોય છે.

### મિત્રતાનું ફળ

એક મિત્રે પોતાના મિત્ર ખાતર પોતાની સંપત્તિ ફના કરી દીધી હોય, એક મિત્રે મિત્રનું દુઃખ પોતા પર વહોરી લીધું હોય, તેવા દાખલાઓ તો પુષ્કળ જ હોય છે. પરંતુ મિત્રની ખાતર મૃત્યુને ભેટનાર મિત્રોનાં પણ દૃષ્ટાંતો કંઈ ઓછાં નથી.

પહાડસિંહ અને ચાંપરાજ હાડાની મિત્રતા એ તેની મહોર-છાપ છે.[1] આવાં તો અનેક ચિત્રો ઇતિહાસને પાને ચમકી રહ્યાં છે, અને 'અત્યુત્તમ પદ મિત્રતણું આ વિશ્વમહીં જ જણાય' તેન ચરિતાર્થતા કરી રહ્યાં છે.

ગૃહસ્થાશ્રમીનો જે બોજો તેમનાં સગાંવહાલાં, સ્ત્રી કે પુત્ર નથી ઉતારી શકતાં તે એક મિત્ર ઉતારી શકે છે. જેવી રીતે ચિંતા, ખેદ અને દુઃખમાં મિત્ર એ એક પ્રબળ આશ્વાસનનું સ્થાન છે, તે જ રીતે સુખ અને શાન્તિના સ્થળમાં પણ મિત્રની સહાયની જરૂરિયાત રહે છે.

આપણે એક કુદરતના કળાધામમાં છીએ. ત્યાં વિવિધ કુદરતી સૌંદર્ય વિલસી રહ્યું છે. આપણે તેનું નિરીક્ષણ કરી આનંદ લઈ રહ્યા છીએ. પરંતુ તે આનંદ વ્યક્ત કરવાનું મિત્રપાત્ર આપણી સાથે નહિ હોય તો આપણને જરૂર ઊણપ ભાસવાની. આવો અનુભવ આપણને ઘણીવાર થાય છે, અને તેથી ક્યાંય પણ જવું હોય તો આપણને મિત્રમંડળની જરૂર રહે છે.

### વિચારમાં મિત્રની આવશ્યકતા

ઉપરની બીજી આવશ્યકતાઓમાં કદાચ મિત્ર વિના તે ખોટ બીજું પાત્ર પણ પૂરી પાડી શકે, એટલે કે ત્યાં આપણે મિત્ર વિના પણ ચલાવી શકીએ; પરંતુ વિચારોની આપ-લે કરવા માટે તો દરેક મનુષ્યને એક સાચા મિત્રની આવશ્યકતા રહે છે. જેને આવો મિત્ર

---

૧ 'સ્ત્રીઓની મર્દાનગી' એ નામનું 'માનવતાનું મીઠું જગત'નું પ્રકરણ ૯ વાંચો.

હોતો નથી તે ખરેખર આ વિશ્વમાં સુખી દેખાવા છતાં દુઃખી છે. વિચારોનો વિનિમય થવાથી માનવજીવનની મોટી જરૂરિયાત પૂરી પડી શકે છે, અને તેનું ધ્યેય બરાબર જળવાઈ રહે છે. આથી સૌએ આવા મિત્રની શોધ કરવી જરૂરી છે.

પરંતુ તે મિત્રમાં ઉપરના સદ્ગુણો હોવા જોઈએ, અને તેવો સદ્ગુણી મિત્ર પણ ત્યારે મળી શકે કે જ્યારે પોતાની જાતમાં તેટલો વિકાસ થયો હોય. જ્યાં સુધી તેવો મિત્ર શોધવાની યોગ્યતા ન હોય કે જ્યાં સુધી તેવો મિત્ર ન મળે ત્યાં સુધી મિત્રહીણા રહેવું ઉત્તમ. પરંતુ તેથી ઊલટો એટલે કે દુર્ગુણી મિત્ર કદી ન કરવો.

**મિત્રતાનાં દૂષણ**

**સ્વાર્થ**

જે મિત્ર સ્વાર્થી હોય છે તે 'વિષકુમ્ભમ્ પયોમુખમ્' જેવો ભયંકર છે. તેની મિત્રતામાં સંપત્તિ અને સુખ બન્નેની હાનિ થાય છે.

**દુર્વ્યસન**

મહાવ્યસનો સાત પ્રકારનાં છેઃ

(૧) દ્યૂત—જુગાર.

જુગારથી મનુષ્ય ચોર અને અધાર્મિક બને છે. નીતિ અને જુગાર એ બન્ને પરસ્પર વિરોધાત્મક વસ્તુ છે, પછી તે જુગાર ઉપરથી દેખાતા વ્યાપાર એટલે કે સટારૂપે હો, રમતગમતના સાધનરૂપે હો એટલે કે ઘોડાની રેઇસરૂપે હો કે ખુલ્લા જુગારરૂપે હો. આજે તો ઘણાખરા વ્યાપારો જ જુગારરૂપ થઇ ગયા છે. પરંતુ તેટલું જ આર્થિક અને નૈતિક દૃષ્ટિએ ભારતને નુકસાન પહોંચ્યું છે તેમ ગૂઢ તત્ત્વચિંતકોએ અનુભવ્યું જ છે. આ વસ્તુ કયા વિચારકથી અજાણ છે?

(૨) દારૂ, તાડી ઇત્યાદિ મોટાં અને ચા, બીડી વગેરે નાનાં વ્યસનો.

નાનું કે મોટું વ્યસન ગમે તે હો, પરંતુ તે પણ એક પ્રકારનું બંધન છે. તેથી શરીર અને ધન બન્નેની ખરાબી થાય છે. ઠેરઠેર દેખાતાં ડૉક્ટર અને હકીમનાં પાટિયાં અને બેકારીની બલ્લા તેની સાક્ષી પૂરે છે.

(૩) માંસભોજિત્વ.

માંસભોજિત્વથી શારીરિક બળ વધે છે તેવી ભ્રમજનક માન્યતા આયુર્વેદજ્ઞ વૈદ્યોના જાતીય અનુભવથી હવે દૂર થઈ ગઈ છે, અને માંસ એ શારીરિક આરોગ્યને ઊલટું હાનિકર છે એમ સિદ્ધ થયું છે. છતાં કેટલોક વર્ગ ધાર્મિક રૂઢિથી ખેંચાઇને, કેટલોક વર્ગ રસાસક્તિથી લલચાઇને અને કેટલોક વર્ગ શોખની ખાતર એ વાપરે છે. આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ હિંસા છે, અને હિંસા એ અધર્મ છે. પોતાના સુખને માટે પરનું સુખ હણી નાખવું એ માનુષિક કર્તવ્ય કદી ન ગણાય. એ ધાર્મિક દૃષ્ટિની વાત થઇ. પરંતુ માંસભોજનથી આજે રાષ્ટ્રદૃષ્ટિએ પણ ભારી નુકસાન થયું છે. પશુધન આ બદીમાં લુપ્તપ્રાય થયું છે. પશુધન જતાં કૃષિપ્રધાન દેશને કેટલું ખમવું પડ્યું છે તે અકથ્ય વસ્તુ છે. આટલા બાહ્ય નુકસાન ઉપરાંત નિર્દયતાના સંસ્કારથી જે આત્મપતન થાય છે તેનો વિચાર તો કોણ કરે છે?

(૪) વ્યભિચારનું વ્યસન—વિષયવાસનાનો અતિરેક

વિષયવાસનાનું દુષ્ટ પરિણામ તો અગાઉના પ્રકરણમાં વિસ્તૃત રૂપે વિચારાઇ ગયું છે. વીર્યની ક્ષતિમાં ચૈતન્યની ક્ષતિ છે. ધર્મપ્રજાના હેતુ સિવાય કરેલો સ્વસ્ત્રીસંગ પણ વ્યભિચાર છે, એ મહાત્માજીનું અનુભવસિદ્ધ વાક્ય છે. આવા સ્વસ્ત્રીવ્યભિચારોનાં દુષ્પરિણામ શબ્દોમાં વર્ણવી શકાય તેવાંયે નથી. અને તેનાં નુકસાનોની સંખ્યા તો વળી કલ્પનાથી પણ અતીત છે.

(૫) અતિવિલાસ.

અતિવિલાસ એ ઉપરના દુર્ગુણનું મૂળ છે. એટલે તે વ્યસન પણ તેના જેટલું જ ભયંકર છે.

(૬) ચોરી.

ચોરીમાં ઠગાઇ, દંભ, વિશ્વાસઘાત, દેશદ્રોહ, કૃતઘ્નતા ઇત્યાદિ દોષોનો સમાવેશ થાય છે. આ દુર્ગુણો વિકાસના પંથથી દૂર કરી વિનાશના પંથે ઘસડી જાય છે. આવા દુર્ગુણોએ ભારતીય સંસ્કૃતિને ખૂબ હીણપ લગાડી છે. આજે આવા દુર્ગુણોથી ટેવાયેલી પ્રજાને તેનું ભાન પણ નથી. દરજી, સુતાર અને સોનીથી માંડીને શરાફી સુધીના વેપારમાં આ દુર્ગુણ વ્યાપક છે. આ ચોરીએ ભાષાઅસત્યનું તો ઘર વ્યાપ્યું છે. એકંદરે આ દુર્ગુણે આત્મપતન અને રાષ્ટ્રપતનને નોતરી લીધાં છે.

(૭) પાપથી લક્ષ્મી કમાવી.

પાપથી લક્ષ્મી કમાવી, અર્થાત્ અતિતૃષ્ણા, ઉપરનાં બધાં પાપોનું આ એક મૂળ છે. સંયમ અને પ્રેમનાં તત્ત્વો પ્રસરે તો તેનો નાશ થઈ શકે ખરો, પરંતુ વિલાસ અને સ્વાર્થી ભાવનાનું સિંચન થાય તો તો તે વૃક્ષ પ્રતિદિન ખાંગરતું જ રહે છે.

જેમ ઉપરનાં વ્યસનો ભયંકર છે, તેમ તેવાં વ્યસનનો વ્યાસંગી મિત્ર પણ અતિ ભયંકર છે. તેના સંસર્ગથી મનુષ્ય વહેલોમોડો તેવો બનતો જાય છે. આ વ્યસનો નૈતિક, આર્થિક, શારીરિક અને સામાજિક જીવનમાં ન પુરાય તેવી મહાન ક્ષતિ પહોંચાડે છે.

**અનિશ્ચિતતા**

જે મિત્ર 'क्षणे रुष्टः, क्षणे तुष्टः' હોય છે, અર્થાત્ જેના વિચારમાં પીઢતા નથી, તે પણ ક્યારે કઈ જાતનું નુકસાન પહોંચાડે તેનો ખ્યાલ આવી શકતો નથી. વળી અનિશ્ચિત મનવાળો સુખમાં કદાચ ટકે, પરંતુ દુઃખી સ્થિતિમાં તો ટકી શકે જ નહિ.

**અવિશ્વાસુ**

મિત્ર અવિશ્વાસુ નહિ પણ વિશ્વાસુ હોવો જોઈએ, એટલે કે મિત્રનું ચારિત્ર પણ એવું ઉચ્ચ હોવું જોઈએ કે જેની પાસે પોતાની અંગત બાબતોનો પણ ઉકેલ લાવી શકાય અને જે પોતાના ઉચ્ચ ચારિત્રપ્રભાવથી સામા મિત્રની કોઈ ત્રુટિ હોય તો તે દૂર કરી શકે.

મિત્રતાના દૂષણથી રહિત અને સદ્‌ગુણોથી યુક્ત સન્મિત્ર એ આ આખા સંસારમાં સૌથી વધુ ઉપયોગી વસ્તુ છે, તેમ માનવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. મિત્રભાવના તો આખા વિશ્વને વશ કરે છે, અને મુક્તિનાં સોપાન ચડાવે છે. એ નિઃસ્વાર્થી અને વિશુદ્ધ મિત્રતાના વિકાસની આજે ખૂબ આવશ્યકતા છે.

આજની મિત્રતા સ્વાર્થ, કુટેવ અને સ્વચ્છંદતાના દુર્ગુણમાંથી ઘણે સ્થળે પ્રગટ થતી દેખાય છે. તેવે પ્રસંગે આટલો આદર્શ સમજાય અને આદર્શ મિત્રતાનો પ્રચાર થાય તેવું કોણ ન ઇચ્છે?

૯

# વડીલો અને જુવાનો

ગત આઠ પ્રકરણોમાં આપણે જે પરસ્પરનાં કર્તવ્યો વિચારી ગયા તે બધી વ્યક્તિઓની સાથે તેનોતેનો સીધો સંબંધ હતો. આ પ્રકરણમાં આપણે વડીલો અને જુવાનો વચ્ચેની પારસ્પરિક ફરજો વિચારવાની છે. વડીલોમાં જુવાનોના મામા, કાકા, બાપા એ પુરુષ-વર્ગનો અને કાકી, મામી, નાની, દાદી વગેરે સ્ત્રીવર્ગનો પણ સમાવેશ થાય છે.

જેવી રીતે પિતા, માતા, ભાઈ ઇત્યાદિ પ્રત્યેનાં કર્તવ્યો બજાવવાનાં હોય છે અને તેમાં રહેલી ત્રુટિઓ ગૃહસ્થાશ્રમની મીઠી શાંતિમાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે આ વડીલો અને જુવાનો વચ્ચેનાં પારસ્પરિક કર્તવ્યોની ત્રુટિના સંબંધમાં પણ છે.

**મામાનું કુટુંબ**

મામાનું ઘર એ મોસાળ કહેવાય છે. મામા અને મામીનું ભાણેજ પ્રત્યેનું વાત્સલ્ય પણ પુત્ર જેવું જ પ્રેમાળ હોય છે.

'મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં' એ બોટાદકરના કાવ્યભાવ પ્રમાણે ભાણેજોનાં હૃદયમાં પણ પોતાના મોસાળ તરફનું ખૂબ આકર્ષણ હોય છે. જ્યારે જ્યારે તે મોસાળમાં જાય છે ત્યારે તેને

જોતાં જ તેનાં નાના અને નાની હરખાય છે, ખૂબ લાડ લડાવે છે, તેને સારાંસારાં ભોજનો જમાડે છે. મોસાળનું આખું ગામ તેને ભાણાભાઈ તરીકે સંબોધે છે, અને સૌ કોઈ તેના તરફ સ્નેહ ધરાવે છે.

ભાણાભાઈને મોજ ઉડાવવાની ઇચ્છા થાય કે સીધા તે મોસાળના વતન તરફ પ્રયાણ કરે છે. આવી રીતે મોસાળનો તેના પર બાળપણમાં મહત્ પ્રેમ અને ઉપકાર હોય છે. તે જ રીતે યુવાનીમાં તે ઋણ ચૂકવવા તૈયાર રહેવું એ તેની પણ ફરજ છે. પોતે સુખી હોય તો પોતાના મોસાળ કુટુંબને પણ આર્થિક મદદ અને વિચારોથી સહાય કરવી એ તેનું પણ આવશ્યકીય કર્તવ્ય છે.

**કાકા**

કાકા એ પિતાના ભાઈ હોવાથી તેની સંતતિ જેવો જ તેનો ભત્રીજા પર પ્રેમ હોવો જોઇએ. જોકે તેને પોતાને પ્રજા ન હોય ત્યાં સુધી ભાઈના છોકરાઓ પ્રત્યે તેને પ્રેમ હોય છે ખરો. પરંતુ અતિ નિકટની વસ્તુ આવતાં નિકટની વસ્તુ પણ દૂર થઈ જાય છે તેવી હાલત આ સંબંધમાં પણ બને છે. જોકે કાકાકાકીનો ઓછો પ્રેમ બાળકને સહાયવિહૂણો બનાવે તેવું કશું નથી. કારણ કે અપાર વાત્સલ્યની ખાણ તેનાં માતા અને પિતા બન્ને તે અપૂર્ણતાની પૂર્તિ કરી શકે છે.-પરંતુ કાકાકાકીનો આ અલ્પ સ્નેહ જો પોતાનાં અને ભાઈનાં બાળકો પ્રત્યેની અસમાનતાના રૂપમાં પલટી જાય તો તેને અંગે ભાઈભાઈ વચ્ચે અને દેરાણીજેઠાણી વચ્ચેના ઝગડાઓનું નિમિત્ત બની જાય. એટલે એ સ્થિતિથી બચવા સારુ તે બાળકો પ્રત્યે તેમણે પુત્રભાવે કાયમ વર્તવું જોઈએ. તેમનો આ સ્નેહ મોટી ઉમ્મરમાં તેમના પ્રત્યેની ભક્તિનો વર્ધક નીવડે, અને તે યુવાન ભાવિ સમયે પ્રસંગ પડયે માતાપિતા તુલ્ય સેવા પણ કરી શકે તેવો સંભવ રહે. આ વિષયમાં કાકા અને મામા કરતાં પણ કાકી અને મામીએ તે બાળકો પર બાળપણથી વાત્સલ્ય વહેવડાવવું એ તેમની અગત્યભરી ફરજ છે.

## માશી અને ફઈબા

માશી એ માતાની બ્હેન છે. પોતાની બ્હેનની સંતતિ પર પણ તેને ભગિનીના સંબંધને લઈને સંબંધ રહે છે, અને આ સંબંધનું સ્મરણ તે પોતાને સાસરે જવા છતાં લઈ જાય છે, એટલું જ નહિ બલ્કે પોતાના પતિને પણ પોતાના કુટુંબ તરફ માયાળુ બનાવે છે. તે માસીનાં બાળકો પણ ભાઈ અને બ્હેનના નાતે વર્તે છે.

ફઈબાનો સ્નેહ પોતાના ભાઈના પુત્રને નાતે અધિક હોય છે. એ તો ભત્રીજાનો જન્મ થાય કે તુરત હરખભેર દોડી આવે છે. અને તેનું નામ પણ પોતે જ પસંદ કરીને પાડી દે છે. ફઈબાના પતિ અને બાળકોનો સ્નેહ પણ પોતાના મોસાળને નાતે આ બાળકો પર ખૂબ હોય છે.

પરંતુ આ બધાનું મિલન ક્વચિત જ થાય છે. માસીબા તો મોસાળમાં જ્યારે સારો પ્રસંગ હોય છે ત્યારે મળે છે. પણ ફઈબા અને તેનું કુટુંબ તો ઘણીવાર મળી શકે છે. ફઈબા–માસીબાનો પ્રેમ હોય છે તે જ પ્રકારે તેમના તથા તેમના કુટુંબ પર તેમના ભાણેજ અને ભત્રીજા ગણાતાએ પણ પ્રેમ કેળવવો જોઈએ.

## નાનાનાની અને દાદાદાદી

નાના અને નાની એ મોસાળના મોભ અને દાદા અને દાદી એ ઘરનાં મુખ્ય પાત્રો હોય છે. તે વૃદ્ધોનો સ્નેહ તો બાળકો પર ખૂબ હોય છે, અથવા થાય છે, એ બાબતમાં કશું આશ્ચર્ય નથી. કારણ કે પોતાનાં સગાં બાળકો કરતાં તે બાળકોની બાળસંતતિ ઉપર તેનું કુદરતી રીતે વિશેષણ આકર્ષણ હોય છે. એટલે તેમનાં બાળકો પ્રત્યેનાં કર્તવ્યોમાં તે અજ્ઞાનતાથી કે રૂઢિથી કદાચ ચૂકતાં હશે, અથવા તેમનાં પોતાનાં બાળકો આગળ તેમના વચનનું માન ન રહેતું હોય તેથી તે ફરજિયાત ગુપચૂપ રહીને કન્યાવિક્રય, અણમેળ-વિવાહ ઇત્યાદિ પોતાની પ્રજા પર થતાં અન્યાયો સહી લેતાં હશે,

પરંતુ સાચી રીતે તો તેમનો ઊંડો સ્નેહ તે બાળકો પર હશે જ. એટલે એમનાં કર્તવ્યો કરતાં બાળકનાં કર્તવ્યો જ તેમના પરત્વે વિશેષે સમજાવવાનાં રહે છે. વળી વયમાં પણ તેઓ વૃદ્ધ હોવાથી તેમની સેવા કરવી એ યુવાન બાળકોનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. પોતાનાં માબાપો એ કર્તવ્ય કદાચ ચૂકતાં હોય, તો તે યુવાન અને તેની પત્નીએ પોતાનાં માબાપોને વિનયભાવથી સમજાવવાં ઘટે અને પોતાથી બને તેટલો તન, મન અને ધનથી ભોગ આપવો ઘટે.

સારાંશ કે કાકાકાકી, મામામામી, માસીફૈબા, નાનાનાની, દાદાદાદી અને ઇતર વડીલો પ્રત્યે બહુ માનથી વર્તવું તે પ્રત્યેક દમ્પતીની પવિત્ર ફરજ છે.

### વડીલો અને યુવાનોનો મતભેદ શા માટે?

આજે બીજી બધી બાબતો કરતાં વડીલો અને યુવાનો ( એ બન્ને ) વચ્ચેના કાર્યક્ષેત્રમાં વિચારોનો બહુ મોટો મતભેદ હોય છે, અને તે જ અસંતોષનું મુખ્ય કારણ બની જાય છે.

ભારતમાં આજે નવયુગ બેઠો છે. આઝાદી મળ્યા પછી એમાં મહત્ત્વના ઝડપી ફેરફારો થયા છે. વિશ્વના પ્રત્યેક રાષ્ટ્ર સાથે ભારતનો સંબંધ દિનપ્રતિદિન ગાઢ થતો જાય છે. એશિયા સાથે તો એ સાંસ્કૃતિક અને આર્થિક બન્ને રીતે સંકળાતું જાય છે. બે એશિયાઈ પરિષદો હિંદને આંગણે મળી ગઈ અને અરસપરસ શુભેચ્છાભર્યા સંબંધો વધતા જાય છે. દરિયાઈ અને હવાઈ સાધનોમાં પ્રતિપળે ખૂબ વિકાસ થતો જાય છે. પ્રાચીન કાળમાં ભારતનો સંબંધ માત્ર પોતાના દેશપૂરતાં પ્રાંત, શહેરો અને ગામડાં સાથે હતો; તેવું રહ્યું નથી.

વિજ્ઞાનની અવનવી શોધખોળો જેવી કે રેડિયો, ટેલિફોન, તાર ઇત્યાદિ દ્વારા વિદેશનું વાતાવરણ પ્રતિસમયે ભારતને શહેરેશહેર અફળાતું રહે છે. પેપરોદ્વારા તે એક દિવસમાં ગામડેગામડે જાહેર

થઈ જાય છે. હવે જર્મન શું કરે છે? જપાનની દશા શી છે? રશિયા કયે માર્ગે છે? વિલાયતમાં શું બન્યું? એ આજે સમજવા ઇચ્છનાર સહેજે સમજી શકે છે. જેવી રીતે આ વર્તમાનો ભારતમાં આવે છે તેવી રીતે ત્યાંના વિચારો પણ પૂર જોસમાં ચાલ્યા આવે છે. મૂડીવાદ, સામ્રાજ્યવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરે અનેક વાદો એના પ્રમાણરૂપ છે. આજે રશિયાનો આદર્શ ભારતમાં વ્યાપક થાય તેવી વ્યવહારુ કોશિશો કોંગ્રેસ તરફથી જોશબંધ થઈ રહી છે.

આજે ધર્મતત્ત્વને લોકો વાસ્તવિક રૂપમાં ઇચ્છે છે. ધર્મના નામે ચાલતાં ધતિંગો કે દંભ આજની જનતાને સાલી રહ્યાં છે. તે તેમાં વાસ્તવિકતા જોવા મથે છે.

આ પ્રમાણે રાષ્ટ્રવાદ, સમાજવાદ અને ધર્મવાદમાં જબ્બર ક્રાન્તિ મચી રહી છે. આ ક્રાન્તિમાં યુવાનો ખૂબ માને છે. જ્યારે કેટલાંક વૃદ્ધો આવે સમયે પણ સમાજવાદની કુરૂઢિઓ, રાષ્ટ્રઅજ્ઞાનતા, ધર્મઝનૂન વગેરેથી જકડાયેલાં દેખાય છે.

આ બન્નેનાં પૂર્વપશ્ચિમ જેમ વિભિન્ન દિશામાં વહેતાં વહેનોની પારસ્પરિક શકિતનું ઐક્ય સંધાતું નથી. એક વર્ગ સુધારક અને બીજો રૂઢિચુસ્ત તરીકે ઓળખાવાય છે, અને આ વિચારોનાં દ્વંદ્વો માત્ર વિચારમાં જ નહિં બલ્કે પ્રત્યેક વ્યવહાર અને કાર્યમાં પણ વ્યાપક બન્યાં છે. ઘરઘર કલેશના થર બાઝ્યા છે તેનું આ પણ એક એક કારણ છે. વડીલો અને યુવાનોનો આ અસંતોષ બન્નેને કેટલીક વખત કર્તવ્યથી પણ ચ્યુત બનાવી મૂકે છે. જો કે હિંદ આઝાદ થયા પછી નવીન વિચારો અને ભાવનાઓને એટલો બધો વેગ મળ્યો છે કે જૂના રૂઢ વિચારો અને ભાવનાઓવાળાને પરાજય સાંપડ્યો છે. છતાં કરવું તો એ જોઈએ છે કે જૂના રૂઢ વિચારોવાળામાં આ નવા વિચારો અને ભાવનાઓ દાખલ થાય. આ ભગીરથ કામ પ્રેમ, ઉદારતા, ક્ષમા અને સંયમ જ કરી શકવાનાં છે.

## ઉપાયો

આ ઉપાય સહેલો અને સાદો હોવા છતાં પણ આજે બે હાથે સમુદ્ર તરવા જેવો કઠિન થઈ પડ્યો છે. છતાં તે ઉપાયની આજે કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રિય દૃષ્ટિએ પણ ખૂબ આવશ્યકતા છે. નહિ તો વ્યક્તિગત કલહ માત્ર વ્યક્તિપૂરતો રહેતો નથી. તે પોતાનું ક્ષેત્ર ખૂબ વિસ્તીર્ણ કરી મૂકી રાષ્ટ્રોન્નતિની આ સુંદર તક ખોઈ બેસાડશે.

## સહિષ્ણુતા અને સ્નેહ

વડીલોએ વિચારોમાં સહનશીલતા રાખવી અને સ્નેહભાવથી યુવાનો જ્યાં જ્યાં ભૂલતા હોય ત્યાં સાચા વિચારો આપી તે ભૂલને સુધારી લેવી.

તેમજ પોતાની રૂઢિ કે વારસાગત ખોટા સંસ્કારોને દૂર કરવા માટે આવતી મુશ્કેલીઓ તરીને પણ એ કાર્ય કરવું એ તેમની ફરજ છે.

અને જુવાનોએ પોતાના વિચારોને પ્રગટ કરતી વખતે ધૈર્ય અને ઉત્સાહ કાયમ રાખવાં. વડીલો ન માને તો મીઠા સત્યાગ્રહથી તેને ગળે આ વાત ઉતારવી. તેઓ જો વાત ન સમજી શકતાં હોય તો તેને સમજાવવાની કોશિશ કરવી, અર્થાત્ બધું કાર્ય સ્નેહપૂર્વક કરવું અને ધીરે ધીરે આગળ ધપવું, એ યુવાનોનું કર્તવ્ય છે.

## સ્મરણીય વાતો

(૧) વડીલોના સહકાર વિના સાંગોપાગ કાર્યસિદ્ધિ નથી.

(૨) વડીલો ભૂલતાં હોય તો તેમાં સમાજના પ્રાચીન સંસ્કારના વિશેષ દોષ છે. પણ તે બિચારા મોટે ભાગે અશિક્ષિત કે અજ્ઞાત હોવાથી તે વાત સમજી શકતાં નથી, અને તેમ હોવાથી જ યુવાનોની તેના કરતાં બમણી ફરજ ઊભી થાય છે. વડીલોનો તિરસ્કાર કરવો કે સ્વચ્છંદી વેગમાં તણાઈ જવું એ મહાન હાનિકર છે.

(૩) સ્વચ્છંદી વૃત્તિમાં રાષ્ટ્રનું અને સાથે સાથે આત્માનું પણ પતન છે, વિકાસ નથી.

(૪) શિક્ષણની સાથે પરિપકવ અનુભવની પણ ખૂબ અપેક્ષા છે.

(૫) જે કાર્ય સ્નેહ, ધૈર્ય, સંતોષ અને વિનયથી સાધ્ય થાય છે, તે બીજા ગુણોથી સાધ્ય કે શકય નથી.

(૬) પ્રાચીન વસ્તુઓ ખોટી નથી; ધર્મ ખોટો નથી; પરંતુ તેના રક્ષકો ખોટા છે. તેથી તે દોષારોપણ બીજી વસ્તુ પર શા માટે નાખવું?

(૭) પ્રત્યેક ક્રિયામાં વિવેક એ એક અતિઉત્તમ અને ઉપયોગી વસ્તુ છે. તેનો દરેક કાર્યમાં રચનાત્મક ઉપયોગ થવો ઘટે.

આટલી વાતો યુવકો લક્ષમાં લે અને વડીલો સમયને ઓળખી કાર્ય લેતાં શીખે તો ગૃહસ્થાશ્રમને લગતા ઘણા પ્રશ્નોનો સુંદર ઉકેલ સહેજે થઈ રહે.

**જમાઈ અને સાસુસસરા**

પોતાની પુત્રી પર જેવો માબાપનો પ્રેમ હોય છે તેના કરતાં વિશેષ સાસુસસરાનો જમાઈ પર પ્રેમ હોય છે. કારણ કે પોતાની પુત્રીનું તો તે અર્ધાંગ છે, પુત્રીનો સ્વામી છે, પુત્રીનું અદ્વિતીય પ્રેમ-પાત્ર છે, પુત્રીના સુખનું સ્થાન છે, અને પુત્રીનું સૌભાગ્ય છે. તે વધુ નીરોગી અને સુખી કેમ બને તેવી સાસુસસરાની ભાવના જમાઈ પર અખંડ રહ્યા છે.

ઘણીવાર પોતાના પુત્ર કરતાં પણ તેને તેઓ વધારે ચાહે છે. પોતાના ઘરમાંથી તેને માટે જાણે શું આપી દઈએ, તેવો તેમને ઉદાર ભાવ જાગે છે. જમાઈની સારી દશા જોઈ તેમનું હૈયું હર્ષે ભરાય છે. જમાઈને જોઈ તેઓનાં અંતઃકરણ પ્રફુલ્લ બને છે.

આ પ્રેમ પતિપત્નીના પ્રેમનો વર્ધક અને સહાયક નીવડે છે.

**કર્તવ્ય**

આ પ્રેમ પ્રશસ્ત રીતે ચાલુ રાખવો, એ સાસુસસરાનું કર્તવ્ય

છે. પરંતુ કેટલાંક કુટુંબોમાં આ સ્નેહ વિકૃત રીતે પરિણમે છે. એટલે કે સાસુસસરાનો અતિ સ્નેહ પોતાની પુત્રી પરના અતિ મમત્વથી કે સ્વાર્થથી કેટલીક વાર તે જમાઈને સ્નેહાંધ બનાવે છે.

શ્વશુરગૃહ પર આસક્ત થયેલો યુવાન પોતાના જ કુટુંબ તરફ બજાવવાનાં કર્તવ્યોથી ઘણીવાર ભ્રષ્ટ થઈ જાય છે.

સાસુ અને સસરા પણ જમાઈનાં માબાપ તુલ્ય છે. તેથી તેમણે તે ફરજ ચૂકતા યુવાન જમાઈને તેના કર્તવ્યનું ભાન કરાવવું જોઈએ. કેટલાક સસરાઓ પોતાને ત્યાં ઘરજમાઈ રાખીને કે તેને ખોટી રીતે બહુ સંપત્તિ આપીને આળસુ, અભણ અને વિલાસી બનાવી દે છે. આ પણ સાસુસસરા માટે ત્યાજ્ય વસ્તુ છે.

એક તરફ આમ બને છે ત્યારે કેટલીક વાર એમ પણ બને છે કે સસરાના કુટુંબ પર કેટલાક જમાઈઓને પ્રથમથી જ ઘૃણા હોય છે. અને તે એટલી હદ સુધી કે તે પોતાની પત્નીને સુધ્ધાં તેને પિયર જવામાં આનાકાની કે રોકટોક કરે છે. આ એક જમાઈઓનું મહાદૂષણ છે. તેમણે પોતાના શ્વશુરકુટુંબ પર મીઠો અને સાચો સ્નેહ રાખવો જોઈએ.

**વેવાઈઓ**

આ બાબતમાં વેવાઈઓએ પણ પરસ્પરનાં કર્તવ્યો બજાવવાનાં હોય છે. પોતપોતાનાં પુત્રપુત્રીને યથાયોગ્ય શિખામણ આપી તેમને પોતાના ફરજધર્મમાં દૃઢ બનાવવાં જોઈએ. અને પરસ્પરનો મીઠો સંબંધ કાયમ રહે તે સારુ અતિ લેવડદેવડના પ્રસંગમાં ન આવવું. અને પરસ્પરનું હિત ઇચ્છી એકબીજાના ઘર પર આર્થિક સંકટ આવે ત્યારે આર્થિક સહાય અને સારેમાઠે પ્રસંગે એકબીજા પ્રત્યે સહાનુભૂતિ રાખી સેવા બજાવવી જોઈએ.

**વેવાણો**

વેવાઇવેવાઈઓ વચ્ચે કેટલીકવાર લગ્નાદિ પ્રસંગે થોડુંઘણું

ઓછુંવધુ લેવાયદેવાય તો એકબીજા વચ્ચે કંકાસના પ્રસંગ જામે છે. આનું મૂળ કારણ વેવાણો હોય છે.

'લગ્ન વખતે આટલા જ લાડવા મોકલ્યા, તેના જમાઇને પાઘડી પણ ન આપી, વેવાણને તે ઘેર ગયાં પણ ચાકરી જ ન કરી;' એવી એવી નાની બાબતો સ્ત્રીવર્ગમાં બહુ મોટું સ્વરૂપ પકડે છે, અને તે બદલ ઘરમાં વહુને મેણાંટોણાં મારીને સાસુ તેનું વેર વાળે છે. તેની સામી વેવાણ વળી પોતાને ઘેર જમાઈ આવે ત્યારે તેની પાસે તેની માતાજીના દોષો ગાયા કરે છે. પોતાની છોકરીને પણ 'તારામાં માલ ક્યાં બળ્યો છે, તારું તો ઘરમાં કંઈ ચાલતું નથી,' એમ કહી ઉશ્કેરી સાસુવહુમાં વિક્ષેપો પડાવે છે.

શાણી વેવાણોએ પોતાની સંતતિના હિત ખાતર આવી કુટેવો છોડી દેવી ઘટે. કોઇનું દીધુંલીધું બેસી રહેતું નથી. વળી સૌ સૌનાં ઘરનાં અલગઅલગ ધણિયાણી છે તો શા માટે લડી મરવું જોઇએ? એમ વિચારી પરસ્પર બહેન સમાન સ્નેહ રાખવો જોઈએ અને પોતાનાં બાળકો કદાચ ભૂલતાં હોય તો તેમને પણ હિતશિખામણ આપી તેમના ગૃહસ્થાશ્રમને સુખી બનાવવો જોઈએ

## સાળાબનેવી

સાળાબનેવીએ પરસ્પરના આંતરિક જીવનમાં ન પડતાં વ્યવહારપૂરતું કાર્ય રાખવું એ જ ઉચિત છે, કે જેથી તેમનો સ્નેહ કાયમ ટકે.

કેટલાક બનેવીઓને સાળાની અતિ મશ્કરી કરવાની કુટેવ પડી ગઈ હોય છે. આ પણ મોટું દૂષણ છે. નાના ભાઈ પ્રત્યે છાજે તેવું તેણે સાળા પ્રત્યે વર્તન રાખવું ઘટે, અને એકબીજાના સહાયક બનવા પ્રયાસ કરવો ઘટે.

સાળા કે બનેવી કોઈને નાની વયમાં તો વ્યવહારનો બોજો હોતો નથી, કારણ કે તેમનાં માબાપો તે બધું સંભાળી લે છે. પરંતુ મોટી વયમાં તેમને માથે તે બોજો આવે છે, ત્યારે સાળાએ પોતાની

બહેનના હિતને લક્ષમાં રાખી પૂર્વસ્નેહ કાયમ રાખવા અને તેના દુઃખમાં ભાગ લેવા બનતું કરી છૂટવું, એ તેની ફરજ છે. અને સાળો કે તેમનું કુટુંબ દુઃખી હોય તો તેને મદદ કરવી, એ બનેવીની પણ ફરજ છે.

**સાઢુ**

બે બહેનના ભિન્નભિન્ન પતિઓનું બે વચ્ચેનું જે સગપણ હોય તેને સાઢુ કહેવાય છે.

આ સગપણ વહાલભર્યું હોય છે અને તે બે બહેનોના પ્રેમથી ઉદ્દ્ભવ્યું છે, તેથી તે બે વચ્ચેનો જેટલો સ્નેહ અધિક તેટલું આ સગપણ પરસ્પરના સંબંધનું વર્ધક અને કાર્યસાધક બને છે. ઘણા સાઢુઓનો સ્નેહ પણ ભાઇભાઈ વચ્ચેના સ્નેહ જેવો સુંદર હોય છે, અને તે જીવનપર્યંત ટકે છે.

આ બધાં સ્વજનો કહેવાય છે. એક પતિ અને પત્નીના લગ્ન-જીવનથી આ બધા સ્નેહો જન્મે છે, અને બધા સ્નેહો ગૃહસ્થાશ્રમના ગહન પથમાં વિશ્રામ સમા સુખદ અને સફળ બને છે.

મા, બાપ, ભાઈ, બહેન, કાકા, ફઈ, દાદા, દાદી એ બધાં કુટુંબી કહેવાય છે. મા અને તેનું કુટુંબ એ સ્વજન ગણાય છે.

મિત્ર અને સંબંધીવર્ગ સ્નેહી કહેવાય છે, અને માસી, ફઈ તેનું કુટુંબ એ બધાં સગાંસંબંધીઓ ગણાય છે.

આ રીતે સગાં, સ્નેહી, સંબંધીઓ, સ્વજનો એ બધાંનો યોગ મળે છે.

પતિ અને પત્નીના ગૃહસ્થાશ્રમથી બીજ ઊગી થડનું વૃક્ષ બને છે. આ બધાં તેની ડાળીઓ, પાંદડાં, પુષ્પો અને ફળો છે. જેટલે અંશે તેની દૃઢતા અને સરસતા તેટલો જ ગૃહસ્થાશ્રમનો સુંદર રસ ચાખી શકાય. આથી દરેક અંગ પછી તે સ્નેહી હો, સ્વજન હો, કે સંબંધી હો, સૌએ પોતપોતાનાં કહ્યાં તે ક્ષેત્ર પ્રમાણે પોતપોતાનાં પારસ્પરિક કર્તવ્યો બજાવવા સારુ હમેશાં લક્ષપૂર્ણ રહેવું ઘટે.

१०

# કુટુંબનિર્માણ

કુટુમ્બ અને તેનાં પારસ્પરિક કર્તવ્યો વિચારતાંની સાથે જ કુટુમ્બ શું, તેનું નિર્માણ શાથી, અને તેની ઉપયોગિતા શી, એ પ્રશ્નો સ્વાભાવિક રીતે ઉદ્‌ભવે છે. તેથી આ પ્રકરણમાં કુટુમ્બના નિર્માણ વિષે વિચારીશું.

આપણે એ સ્પષ્ટ અનુભવીએ છીએ કે ગમે તેવો સાધનસમ્પન્ન ગૃહસ્થાશ્રમી હોય છતાં જો તેનું કુટુમ્બ તેને સુખરૂપ ન હોય, તો સુખનાં અપાર સાધનો હાથમાં હોવા છતાં તે ક્લેશથી પરિતપ્ત રહ્યા કરે છે. નીતિકારોએ અભિલસ્ય પદાર્થોમાં આરોગ્ય મેળવવાની અભિલાષા પછી બીજો જ નંબર કુટુમ્બજન્ય સુખનો મૂક્યો છે. આથી પોતાનું કુટુમ્બ સ્નેહાળ અને વફાદાર કેમ બને, તે સૌ કોઇ ઇચ્છે છે તે સ્વાભાવિક છે.

## કુટુંબ શું કરે છે ?

કુટુમ્બ દુઃખમાં ભાગ પડાવે છે, સુખમાં સુખની વૃદ્ધિ કરાવે છે; સેવા અને સૌજન્યદ્વારા શારીરિક અને માનસિક શ્રમને નિવારી શાન્તિ અને આશ્વાસનની આરામશય્યામાં ઝુલાવે છે. જેનું કુટુમ્બ વિશાળ અને સુસંગઠિત છે તેનું સ્થાન સર્વત્ર સર્વોપરિ રહે છે, અને

તે સમાજ, રાષ્ટ્ર અને ધર્મની પણ સુંદર સેવા બજાવી શકે છે. એકલે હાથે જે કાર્ય અશકય અને અસાધ્ય થાય છે, તે જ કાર્ય 'ઝાઝા હાથ રળિયામણા' એ કહેવત અનુસાર કુટુમ્બના સંગઠનથી સુશકય અને સુસાધ્ય બને છે.

## કુટુંબનું મિલન

સ્ત્રી, પતિ, પિતા, માતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન ઇત્યાદિ સંબંધો કેમ અને કેવા રૂપમાં જન્મે છે? ભિન્નભિન્ન સ્થાનમાં ઊડતાં એ પંખીઓનો એક જ વૃક્ષમાં આવી રીતે સહજ મેળાપ કેવી રીતે થાય છે? એ પ્રશ્ન અહીં સહજ રીતે ઉદ્ભવે છે, અને એ પ્રશ્નની સાથેસાથે આ આખા વિશ્વનાં કાર્યકારણોનો કોયડો ઉકેલવાને બુદ્ધિ તત્પર બને છે. કઈ શક્તિ કે કયું તત્ત્વ આ આખા વિશ્વનું જ નિદાનભૂત હશે? એ પ્રશ્નનો આ પ્રશ્ન સાથે સહજ રીતે સુમેળ હોવાથી તે જાણવા મનુષ્ય ઉત્સુક રહે છે.

## વિશ્વનું નિદાન

. સૂર્ય, ચંદ્ર આદિ ગ્રહો, પૃથ્વીની ચોમેર ઘેરી રહેલા એ ગંભીર મહાસાગરો, ખળખળ વહેતી કલ્લોલિનીઓ, ઊંચાંઊંચાં ગગનચુંબી શિખરોવાળા ગિરિવરો, ઊંડીઊંડી પાતાળસ્પર્શી ભયંકર ખીણો, પશુ, પાણી, પક્ષીઓ, નાનાંમોટાં કાર્યો તથા એવીએવી અનેક અદ્ભુત વસ્તુઓ આ વિશ્વમાં છે કે જે માનવકૃતિથી પર છે, તેના રચયિતા કોણ હશે? માનવીમાત્રને આ પ્રશ્ન મૂંઝવે છે. અને ત્યારબાદ જ હું કેમ ઉત્પન્ન થયો? અહીં કેમ યોજાયો? એક બુદ્ધિમાન અને એક બુદ્ધિહીન, એક સબળ અને એક નિર્બળ, આ બધી વિવિધતા અને વિચિત્રતા શાથી? એવીએવી અટપટી પ્રશ્નમાળામાં માનવી ઘડીઘડી ગુંચવાય છે. બુદ્ધિથી શકય તેટલા બધા તર્કો કરી મૂકયા પછી પણ જ્યારે તેનો નિર્ણય થતો નથી, ત્યારે કોઈ એક તત્ત્વ તેને આશ્વાસન

આપી દે છે, તેનું હૃદય આવે પ્રસંગે ગદ્‌ગદિત થઈ બોલી ઊઠે છે કે 'કંઈકિ છે.'

આ 'કંઈકિ છે' એવી શ્રદ્ધા મનુષ્યને આગળ અને આગળ ધપાવે છે. વિવિધ પ્રકારનાં શાસ્ત્રો અને અનુભવી પુરુષોએ માનવ-જાતિના સમાધાનઅર્થે એ કંઈકિ તત્ત્વની ભિન્નભિન્ન કલ્પના કરી છે. કોઈ એ તત્ત્વને વિશ્વના નિર્માતા, કોઈ પ્રેરક, કોઈ સંચાલક કે કોઈ તટસ્થ એમ ભિન્નભિન્ન રીતે માનીને તે તત્ત્વને ઈશ્વર, શક્તિ, કર્મ કે માયા એવીએવી વિવિધ સંજ્ઞાઓ આપે છે.

ઈશ્વરતત્ત્વને સ્વીકારતાં મનુષ્યને ખૂબ આશ્વાસન મળે છે. તેના વિકલ્પો અને બુદ્ધિના વિલાસો તેને પજવી શકતા નથી. તે ઈશ્વરની અપાર શક્તિ આગળ અલ્પતાનો અનુભવ કરી નિરહંકારી અને શ્રદ્ધાળુ બની રહે છે. ઈશ્વરની અનંતતામાં તે દિવ્યતા અને ભવ્યતાનો સાક્ષાત્કાર જુએ છે.

જેવી રીતે આ તત્ત્વના સ્વીકારવામાં લાભ થાય છે, તેવી રીતે હાનિ પણ થવાનો સંભવ છે ખરો. કારણ કે ઈશ્વર પર જ્યારે મનુષ્ય વારંવાર નાનાંથી મોટાં કાર્યોનો આરોપ કરતો હોય છે ત્યારે કેટલીક વાર તે અધર્મ કે અકર્તવ્ય કરતી વખતે પણ માની લે છે અને પોતાની જાતને મનાવે છે કે મને બુદ્ધિ આપનાર પણ ઈશ્વર છે. જેમ ઈશ્વરે સુઝાડયું તેમ મેં કર્યું કે કરું તેમાં મારો શો દોષ! વળી ઈશ્વરે આખી સૃષ્ટિની વસ્તુઓ અમારે માટે તો બનાવી છે, તો તું ગમે તે વસ્તુનો ગમે તે રીતે ગમે તેટલા પ્રમાણમાં ઉપયોગ કે દુરુપયોગ કરી શકું તેમાં ખોટું શું? આવી રીતે કર્તવ્યભ્રષ્ટ બની જવાનો પણ સંભવ છે ખરો. તેમજ આવો મનુષ્ય જ્યારે સુખી થાય છે, ત્યારે ઉન્મત્ત અને આળસુ બને છે; અને જ્યારે તે દુઃખી થાય છે, ત્યારે તે અશ્રદ્ધાળુ અને અપરિશ્રમી પણ બને છે. કારણ કે ઈશ્વરકર્તૃત્વ સ્વીકારનારા મહાપુરુષોએ કેવળ આશ્વાસન સારુ તેનો

સ્વીકાર કર્યો છે, અને તેઓ પણ પુરુષાર્થ કરવાની શક્તિ જીવાત્માના હાથમાં જ ઈશ્વરે સોંપી છે તેમ સ્પષ્ટ સ્વીકારે છે, તે દૃષ્ટિબિંદુનું તેવે પ્રસંગે તે જીવાત્માને ભાન રહેતું નથી. આથી જ ગીતાજીમાં ભગવાન કૃષ્ણે એવો સ્પષ્ટ ઉલ્લેખ આપ્યો છે કે

> ન કર્તૃત્વ ન કર્માણિ લોકસ્ય સૃજતિ વિભુઃ ।
> ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥

અર્થાત્, આ વિશ્વમાં કાર્યનો કે કર્મનો કર્તા ઈશ્વર નથી એટલું જ નહીં પરંતુ તે કર્મનું ફળ આપવામાં પણ ઈશ્વર સાક્ષીભૂત થતો નથી, માત્ર આ આખું જગત પોતપોતાની સ્વાભાવિક શક્તિથી જ વિકસ્યે જાય છે. રખે કોઈ આ માન્યતામાં નાસ્તિકતાનો આરોપ નાખે! તે સારુ નીચેનું દૃષ્ટાંત તપાસીએ.

વૃક્ષના બીજમાં કુદરતી જ એવી શક્તિ છે કે તેને જો યોગ્ય ક્ષેત્રમાં મૂકવામાં આવે અને તેના સહાયક જેવાં કે જળ, વાયુ ઇત્યાદિથી પોષવામાં આવે તો તે સ્વયં પોતાનાં સ્વજાતીય તત્ત્વોને આકર્ષી વૃદ્ધિંગત થતું જશે અને આખરે વૃક્ષરૂપે પરિણામ પામશે. આ રીતે સૌ કોઈ નાનાંમોટાં જંતુમાં વિકસવાની પૂર્ણ શક્તિ છે એમ કહી ત્યાં પ્રાણીમાત્રને પુરુષાર્થની પ્રેરણા આપી છે, અને તેનાં સહાયક તત્ત્વો માત્ર નિમિત્ત કારણરૂપ છે તેમ સમજાવ્યું છે.

## નિમિત્તોનો સંયોગ શાથી?

આટલી વાત સ્પષ્ટ સમજાયા પછી પણ એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ઉપાદાન કારણોને જે નિમિત્ત કારણો મળીને ખીલવે છે તે મેળવનાર તત્ત્વ કયું હશે! આંબાના વૃક્ષમાંથી કેરી જ પાકે, પશુમાંથી પશુ જ જન્મે, માનવથી માનવ જ થાય, એમ નિયમિત જરા પણ ભૂલ વગર એવાંએવાં હજારો કાર્યકારણો સ્પષ્ટ અનુભવાય છે; તેનું સંયોજક આટલું બધું નિયમિત તત્ત્વ કયું હશે! તેનું સમાધાન અનુભવી પુરુષોએ પ્રમાણભૂત અને સ્પષ્ટ આપ્યું છે. એ તત્ત્વને પ્રારબ્ધ તરીકે તેઓ ઓળખાવે છે:

## પુરુષાર્થ અને પ્રારબ્ધ

જૈનદર્શન પુરુષાર્થ અને પ્રારબ્ધ બન્નેને સમાન કોટિનાં સ્વીકારે છે. તે બન્ને કર્મશક્તિનાં બે પાસાં છે. ફેર એટલો જ કે પુરુષાર્થ એ કરણીય તત્ત્વ હોવાથી હવે પછી કરવાનું હોય છે તેથી તેનો આત્મા, બુદ્ધિ અને શરીરદ્વારા પણ સાક્ષાત્કાર થઇ શકે છે. જ્યારે પ્રારબ્ધ એ પુરુષાર્થનું ફળ હોવાથી ગુપ્ત છે, તેથી તે સાક્ષાત્ દેખી શકાતું નથી. તેમ છતાં આ વિશ્વની વિચિત્રતા તેને જ આભારી છે. પ્રારબ્ધની પુણ્યતા કે અપુણ્યતાનો આધાર પુરુષાર્થની પુણ્યતા કે અપુણ્યતા પર નિર્ભર છે, અને એ સિદ્ધાંતને અનુસરી ઘણીવાર તે ઊણપ નવીન પુરુષાર્થથી પણ દૂર થઈ શકવાનો સંભવ રહે છે.

ભિન્નભિન્ન સ્થાને કીડી, ભમરા, પશુ, પક્ષી ઇત્યાદિ ભિન્ન સ્વરૂપે જન્મવાની પણ કારણભૂત તે વસ્તુ છે. જીવાત્માને જુદેજુદે માર્ગે ઘસડી લઈ જવા, એકબીજાના સંયોગો અને વિયોગો ઉત્પન્ન કરવા, ઇત્યાદિ બધું ગુપ્ત કાર્ય જે તત્ત્વ આકર્ષક રીતે કર્યા કરે છે તે તત્ત્વ પણ કર્મનું એક પાસું અને તેનું નામ પ્રારબ્ધ કહી શકાય.

## કુટુંબનિર્માણ

જે રીતે વિશ્વગત કાર્યોનું નિદાન કર્મ છે, તે જ રીતે કુટુમ્બ-નિર્માણમાં પણ કર્મનો જ હિસ્સો છે, કે જે ભિન્નભિન્ન સ્થળે રહેલા જીવાત્માઓને એક સ્થળે લાવી કુટુમ્બરચના કરી આપે છે. એ કુટુમ્બના મિલનમાં પ્રારબ્ધનું પાસું વિશેષતઃ કારણભૂત છે, પણ તેની સુંદરતા કે અસુંદરતા સર્જવાનું કાર્ય તો પુરુષાર્થના જ હાથમાં છે, તે અહીં પણ ભૂલવું ન ઘટે.

કેટલાક મનુષ્યો કેવળ પુરુષાર્થને જ પ્રધાન પદ આપે છે, જ્યારે કેટલાક કેવળ પ્રારબ્ધને જ આપે છે. આ બન્ને માન્યતાની એકાંત-તાને પરિણામે પહેલો પુરુષાર્થી માણસ સુકર્મનું સારું ફળ અને દુષ્કર્મનું ખરાબ ફળ ભોગવવા પ્રત્યે અવિશ્વાસુ બની જવાથી

પોતાના ઐહિક સ્વાર્થને માટે જ પુરુષાર્થ વેડફી નાખે છે. આથી તેનો પુરુષાર્થ સત્ મટી અસત્ બને છે. પુરુષાર્થનો ઉપયોગ આત્મ-વિકાસઅર્થે કરવાનો અધિકાર ઇતર પ્રાણી કરતાં મનુષ્યજાતિ માટે વધુ પ્રમાણમાં સોંપાયો છે. પરંતુ તે જ પુરુષાર્થ જ્યારે આત્મવિકાસને બદલે આત્મપતનના કાર્યમાં યોજાય, ત્યારે તે અસત્ પુરુષાર્થ એટલે કે પાપ કહેવાય છે. જે ખેડૂત બીજ વાવવાના ઉદ્દેશને ઘાસ કે ફોત-રાં પૂરતો અધર્મ માની લે ત્યારે તે મૂર્ખ ઠરે છે, તેવી જ મૂર્ખતા આ પ્રકારનો માનવી સતત કર્યા કરે છે.

વળી કેવળ ( એકાંત રીતે ) પ્રારબ્ધને જ માનનારો હાલતાં અને ચાલતાં જે થવાનું હશે તે થશે, હું શું કરી શકવાનો હતો, એમ પ્રત્યેક નાનામોટા કાર્યમાં નિરુત્સાહી વૃત્તિ દાખવી આળસુ બનતો જાય છે. પરિણામે એ બન્નેનું એક યા બીજી રીતે પતન છે, પણ વિકાસ નથી. હા, એવું બને છે ખરું કે કેટલાંક કાર્યોમાં તે બન્ને પૈકી કોઈ એકની વિશેષતા હોય ખરી. પરંતુ પ્રારબ્ધનું પાસું ગુપ્ત હોવાથી માનવી તેને જોઈ શકતો નથી. ઘણી વખત જેને એ અનિષ્ટ માનતો હોય, તે જ વસ્તુ તેની ઇષ્ટસાધક પણ નીવડી હોય, એવું આપણે ઘણી વખત અનુભવી શકીએ છીએ. આથી માનવ-જીવનને માટે અધિક હિતાવહ તો એક જ વસ્તુ છે કે તેણે સતત સત્પુરુષાર્થ કર્યા કરવો.

### સત્પુરુષાર્થ કયો ?

ભિન્નભિન્ન ધર્મના સંસ્થાપકોએ પુરુષાર્થની સત્યતા ઓળખવા ખાતર જ ધર્મતત્ત્વ ભિન્નભિન્ન રીતે સમજાવ્યું છે.

ઇતર કોઈ પણ પ્રાણીને ન દુભવવાની નીતિ રાખી પોતાની જાતનો નિર્વાહ કરી બને તેટલું વિશ્વને ઉપયોગી થઈ પડવું તે સત્ કે શુદ્ધ પુરુષાર્થનું સ્પષ્ટ ચિહ્ન છે. તેની પાલનક્રિયા કરવામાં ઉપસ્થિત થતાં સંકટોને સહી લેવાં અને લક્ષ્યપરાયણ રહેવું, તે તત્ત્વને ધર્મ

તરીકે ઓળખાવ્યું છે. એ તત્ત્વની આરાધનામાં ચૈતન્યનો વિકાસ અને શુદ્ધિ છે.

આવી રીતે પુરુષાર્થની શુદ્ધિ જાણ્યા પછી પુરુષાર્થ કરવો એ માનવીના પોતાના હાથની જ વસ્તુ છે. કુદરતે તેને તે શક્તિ પણ પૂરતા પ્રમાણમાં આપી છે. જોકે નિરંતર પુરુષાર્થ કરવા છતાં ફળની અલ્પતા કે ફળના અભાવનો કેટલીકવાર આપણને અનુભવ થાય છે ખરો. પરંતુ તેનું કારણ માત્ર પ્રારબ્ધ જ છે. તેને માટે એક મહાપુરુષે કહ્યું છે કે—

**यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ।**

જો તમે સદ્‌યત્ન કરો છતાં કાર્યસિદ્ધિ ન થાય તો નિરાશ ન થશો. માત્ર તે પ્રારબ્ધ (પૂર્વપુરુષાર્થ)નું જ ફળ છે.

આવી રીતે સમજપૂર્વક એ શક્તિઓના સ્વીકારથી મનુષ્યને આશ્વાસન અને પ્રેરણા મળે છે.

આ સ્થળે એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે પ્રારબ્ધ એ કોઈ વિકરાળ રાક્ષસ નથી. પ્રારબ્ધ એ માનવીની પોતાની પૂર્વકૃતિનું જ પરિણામ છે. જીવાત્મા પોતાનાં હવે પછી કરાતાં કર્મો પરત્વે વધુવધુ જાગરૂક રહે તે સારુ માનવી સાથે રહી તે એક પ્રબળ શિક્ષક તરીકેનું કાર્ય બજાવે છે. અને 'कडाण कम्माण न मोक्ख अत्थि' કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ નથી તે સિદ્ધાંતને ચરિતાર્થ કરે છે.

આપણે એ બન્ને શક્તિઓની આટલી વિચારણા કરી લીધા પછી તે દૃષ્ટિબિન્દુથી તપાસતાં એ સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે કુટુમ્બનિર્માણમાં પુરુષાર્થ કરતાં પ્રારબ્ધની જ મુખ્યતા છે. જે સમાન પ્રકારના જીવાત્માઓ હોય છે તેઓ 'समानशीलव्यसनेषु सख्यं' એ સિદ્ધાંતાનુસાર પોતપોતાનાં કર્મની પારસ્પરિક સમાન સામગ્રીને અંગે એક સ્થળે જન્મે છે, અથવા આવી મળે છે. એમ એકબીજાના ઋણાનુબંધો ભોગવી એકબીજાના સહાયક બનવા વિકાસ અર્થે એક સ્થળે યોજાય છે.

આથી કુટુમ્બનિર્માણ પણ આકસ્મિક કે અનાવશ્યક નથી, પરંતુ આવશ્યક અને સહેતુક હોય છે, તે વસ્તુ ઊંડાણથી સમજી લેવી જોઈએ. આટલું યથાર્થ સમજાય તો "હું જ બધું કરું છું, હું ન હોઉં તો કુટુમ્બનું શું થાય ?" એવુંએવું મનુષ્ય અભિમાન પણ ધરે નહિ, તેમજ "કૌટુમ્બિક ફરજોનું બંધન શા માટે જોઈએ ? એ તો પરાધીનતા કે મોહ છે," એવુંએવું માનીને કર્તવ્યચ્યુત પણ બને નહિ.

વ્યકિતગત સુખ ઇચ્છનારે પણ કૌટુમ્બિક સુખનો ખ્યાલ કરવો આવશ્યક છે. કારણ કે વ્યક્તિગત સુખનો ઉપભોગ પણ ત્યારે જ સફળતા પામે છે.

## કૌટુંબિક સુખ શાથી થાય ?

કૌટુમ્બિક સુખ કેવળ ધનાર્જનથી સંભવતું નથી. આ વસ્તુ જાણવા છતાં આજે મનુષ્ય ભૂલી જાય છે. તે ધનાર્જન પાછળ જેટલો શ્રમ લે છે તેટલો કુટુમ્બના સંગઠન અને સંસ્કારિતા પાછળ ભાગ્યે જ લેતો હોય છે. જેટલે અંશે પ્રથમ વસ્તુની મુખ્યતા અને બીજી વસ્તુની ગૌણતા અપાઈ છે, તેટલું જ તેનું દુષ્પરિણામ ઘરઘર અનુભવાય છે. જેઓ ધનની ઓછપ એ જ કૌટુમ્બિક કલહનું કારણ છે એમ માને છે, તેમાંના ઘણાખરાને હવે એવો પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો હશે કે ધનની અપાર વૃદ્ધિ થવા છતાં પણ કૌટુમ્બિક કલહમાં ન્યૂનતાને બદલે અધિકતા જ વ્યાપી છે. જોકે તેનું મૂળકારણ શું છે, તે તેણે હજુ સુધી વિચાર્યું નહિ હોય, પરન્તુ તે સંગઠન અને સંસ્કારિતાની ત્રુટિ સિવાય બીજું કશુંયે નથી. તેમાં પણ છેલ્લા વિશ્વયુદ્ધે તો આપણા અંગત સ્વાર્થી અને મૂડીવાદી માનસમાંથી નીપજતાં અનેક અનિષ્ટોનું ભયંકર ઝેર ચખાડી દીધું. તે આપણે દુઃખદ રીતે અનુભવી ચૂકયા છીએ જ.

## સંગઠનનો ઉપાય

બીજા ખંડના પ્રારંભથી જ સંગઠનના ઉપાયની વસ્તુ આપણે

વિચારતા આવીએ છીએ. પરસ્પરનાં કર્તવ્યો યથાર્થ રીતે બજાવાય તો સહજ રીતે સંગઠન શક્ય બને છે. પરંતુ તે ખાતર પણ સંસ્કારિતાની આવશ્યકતા છે જ.

જે સંસ્કારી કુટુમ્બ હોય છે ત્યાં મારુંતારું, હુંતું એવી ક્ષુદ્ર સ્વાર્થવૃત્તિ હોતી નથી. તેઓ એકબીજા પ્રત્યે માયાળુ અને સહિષ્ણુ રહે છે. આથી તે સંગઠન કાયમ ટકી રહે છે.

## સંસ્કારિતાનો આરંભ

ઘણાં મનુષ્યો એમ માને છે કે 'સંસ્કારિતાનો આધાર તો પ્રારબ્ધ પર જ છે, પ્રારબ્ધ આગળ બીજું શું કરી શકાય?' આ વાતમાં તથ્યાંશ છે ખરો. કારણ કે એક જ માતાના ઉદરથી જન્મેલાં બે બાળકો શરીરબંધારણ અને પ્રકૃતિથી કેટલીકવાર સાવ ભિન્ન પ્રકૃતિનાં અને ભિન્ન રુચિવાળા દેખાય છે, આ બધું પૂર્વકૃત કર્મનું વિવિધ પરિણામ છે. પરંતુ તેમ છતાં તેમાં નવીનતા સર્જવાનું કે ઓછાવધતું બનાવવાનું કાર્ય તો પુરુષાર્થ પર જ મુખ્ય આધાર રાખે છે, તે પણ ભૂલવું ન જોઇએ. આથી પ્રારબ્ધવાદી મનુષ્યે પણ નવીન પુરુષાર્થથી શક્ય તેટલી સુંદરતા લાવવા કમર કસવી જોઈએ.

સંસ્કારિતાના સંભારનો મોટો આધાર બહેનોની સંસ્કારિતા પર નિર્ભર છે, કારણ કે બહેનો એ નાગરિકોની જનેતા છે. આથી કુટુમ્બનિર્માણનું મહત્ત્વભર્યું કાર્ય તે જ કરી શકે છે. એ કારણે મનુમહારાજે તેનાં એકેએક અંગ પૂજાપાત્ર કહ્યાં છે અને સત્ય, બ્રાહ્મણ કરતાં પણ એમનું સ્થાન ઊંચું મૂક્યું છે. રામ, શ્રીકૃષ્ણ, મહાવીર, બુદ્ધ, શિવાજી જેવા નરવીરો માતાનાં જ ઘડતર પામ્યા હતા. ગાંધીજીનું દૃષ્ટાંત તાજું જ છે. માટે કુટુમ્બને આદર્શ બનાવવા ઇચ્છનાર કુટુમ્બના આગેવાને બહેનોમાં સુસંસ્કાર રેડવા માટે સૌથી પ્રથમ ધ્યાન આપવું જોઈએ. એ કૌટુમ્બિક દૃષ્ટિએ જેટલું જરૂરનું છે તેથી વિશેષ વ્યક્તિગત સુખ અને હિતને માટે પણ આવશ્યક જ છે.

## ૧૧

# પાડોશીધર્મ

કુટુમ્બકર્તવ્ય વિચારી લીધા પછી તરત જ જે બીજી જાતની કર્તવ્યપ્રણાલિકા શરૂ થાય છે, તેમાં સૌથી પહેલું સ્થાન પાડોશીના સંબંધનું છે.

મનુષ્ય કુટુમ્બને તો પોતાનું જ માને છે, અને જ્યાં પોતાપણું હોય ત્યાં તે કર્તવ્ય પ્રત્યે તે સતત જાગરૂક રહે તે સ્વાભાવિક છે. પરંતુ એ સ્નેહ પોતા કુટુમ્બ જેટલા સંકુચિત વર્તુલમાં જ ઇતિ-સમાપ્તિ પામી જાય, તો તે પવિત્ર સ્નેહ મમત્વના રૂપમાં વિકૃત થઇ જાય છે. આથી તે સ્નેહનું ક્ષેત્ર વિકસાવવાનાં મહાપુરુષોએ ભિન્નભિન્ન સ્થાનો નક્કી કર્યાં છે. તેમાં પણ પ્રથમ સ્થાન પાડોશીધર્મનું જ છે.

પાડોશીધર્મ બજાવવાની જે રીતે મનુષ્યને આવશ્યકતા લાગે છે, તે જ રીતે પાડોશીધર્મને રચનાત્મક બનાવવાની ઊંડીઊંડી ઇચ્છા પણ તેને સતત રહ્યા કરે છે. પરંતુ પાડોશીધર્મ કોને કહેવો એ જ ચિંતનીય વસ્તુ છે.

### પાડોશી એટલે ?

પાડોશી એટલે પાસે રહેનારાં એટલો જ જો તેનો સંકુચિત અર્થ કરવામાં આવે તો પોતાની પાસે રહેનાર પત્નીને પતિ પણ

પાડોશી જ લાગે. માતા પુત્રને પણ પડોશી જ ગણે, અને એટલા જ ક્ષેત્રમાં તે પોતાના પાડોશીધર્મની ઇતિસમાપ્તિ માની લે. પરંતુ એ કંઈ પૂર્ણ પાડોશીધર્મ બજાવ્યો ન ગણાય.

ઇતર પ્રાણીઓ પણ પોતાની જાતિ પ્રત્યે તો વફાદાર અને સહાયક રહે જ છે. કૂતરાં પણ પોતાની શેરીનાં કૂતરાં સાથે ભાગ્યેજ બાઝે છે. તો તેના કરતાં મનુષ્યજાતિમાં માનસિક વિકાસ વધુ હોવાને લીધે તેની કર્તવ્યજવાબદારી અધિક હોય તે સ્વાભાવિક જ છે. તેનું કર્તવ્યક્ષેત્ર જેમ ક્રમપૂર્વક વિકસતું જાય, તેમ માનવસમાજને માટે જન્મભૂમિની વ્યાખ્યા પણ તેટલી જ વિશાળ હોવી જોઈએ. આથી મનુષ્યમાત્ર પોતાના જન્મસ્થાનને જ જન્મભૂમિ મનાવવાને બેસી રહેતો નથી, બલ્કે જે દેશમાં તે જન્મ્યો હોય છે તે આખા દેશને જન્મભૂમિ માને છે, અને जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी એવો તેને અપાર પ્રેમ હોય છે. આ આખો મારો દેશ છે એમ માની તે પોતાના ઇષ્ટ પુરુષાર્થને દેશના શુદ્ધ હિતાર્થે જ વાપરે છે, રાષ્ટ્રની આબાદી કાજે મથે છે અને મરી ફીટે છે. પરંતુ પોતાના દેશ ખાતર ઇતર દેશનાં સંપત્તિ, સુખ કે સાધનો દેખીતી રીતે કે દગાપ્રપંચથી જો તે લૂંટી લઈ પોતાના દેશને આબાદ કરે તો તે આબાદી રાષ્ટ્ર-પ્રજામાં કુસંસ્કારો રેડનારી અને પરિણામે હાનિ ઉત્પન્ન કરનારી થઈ પડે છે. એ તત્ત્વચિંતક મહાપુરુષોએ ઊંડાણથી વિચારી પાડોશી-ધર્મની સુંદર યોજના મૂકી છે.

એ દૃષ્ટિબિંદુથી અને ઉચ્ચ કક્ષા પર બેસીને જ્યારે આપણે પાડોશીધર્મ વિચારવા બેસીએ ત્યારે પોતાનો આખો દેશ પોતાના ઘરરૂપ હોય અને એ દેશની આખીયે પ્રજા પોતાના કુટુમ્બરૂપ હોય. જેમ કુટુમ્બનાં ભિન્નભિન્ન અંગો ધનાર્જન જેવું ઉપયોગી કાર્ય કરતાં હોય કે સેવા બજાવતાં હોય છતાં એ બન્ને પાત્રો પરત્વે સૌને અભેદતા રહે છે, તે જ રીતે આખા દેશમાં બધા સમાજો અને

જાતિઓ પરસ્પર અભેદભાવે વર્તે. આ રીતે રાષ્ટ્રગત કુટુંબભાવ વ્યાપક થતાંની સાથે જ બીજાં રાષ્ટ્રો પ્રત્યે પાડોશીધર્મ જાગે અને તે પાડોશીધર્મનો જેમજેમ વિકાસ થતો જાય તેમતેમ આખુંયે વિશ્વ મિત્રભાવની લાગણીમાં ઓતપ્રોત બનતું જાય.

જોકે આવે સમયે પણ માનવીની સ્વાર્થવૃત્તિ સાવ નાબૂદ તો થાય કે કેમ, તે એક ગંભીર પ્રશ્ન છે. પરંતુ ત્યારે સ્વાર્થ હોવા છતાંયે આજની અધમ દશા છે, તે તો ન જ હોય, એ નિશ્ચિત વાત છે. ઉપરાંત આજનાં જેવાં ભૂખમરો, બેકારી અને એવાંએવાં દુ:ખો તો માનવજાતને અવશ્ય ન જ હોય. સારાંશ કે તે સ્વાર્થ હોય તોયે ઉચ્ચ કક્ષાનો સ્વાર્થ હોય.

આજે આટલું પાડોશીધર્મનું વિસ્તૃત સ્વરૂપ કલ્પનાથી પણ અતીત લાગે છે. તે ગમે તે હો, પરંતુ તેવી વસ્તુ અસ્વાભાવિક કે અશક્ય તો નથી જ.

આજે પ્રચલિત જે પાડોશીધર્મની વ્યાખ્યા છે તે દૃષ્ટિએ પણ પાડોશીધર્મ બજાવવામાં આવે તોપણ તે કંઈ ખોટું નથી. ઉચ્ચ અને વિશાળ પાડોશી પ્રત્યેના ધર્મનું જ આ એક નાનું છતાં મહેત્વનું અંગ જ છે. પછી એ વ્યક્તિ ઘરની પાસે રહેનાર હોય કે એક ગામની વસનાર હોય અથવા ગમે તે હોય.

## પાડોશી પ્રત્યે

પાડોશીધર્મ બજાવનારાએ આટલી બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ :

(૧) તે ગમે તે ધર્મ, ગમે તે જ્ઞાતિ કે ગમે તે સમાજનો મનુષ્ય હોય તેની સાથે સહિષ્ણુતાથી વર્તવું જોઈએ.

'पिण्डे पिण्डे मतिर्भिन्ना' એ માનવશાસ્ત્રના નિયમ મુજબ મનુષ્યમાત્રને ભિન્નભિન્ન વિચારો અને ભિન્નભિન્ન દૃષ્ટિઓ હોય છે, તેમ સમજી માનવીમાત્ર વિચારોથી સ્વતંત્ર છે, તેમ સ્વીકારવું જોઈએ.

તે વિચારોમાં પાછળ હોય કે જ્ઞાતિથી હલકો હોય, તોપણ તેનો તિરસ્કાર કરવાથી તેનું વર્તન કે વિચાર સુધરી શકતાં નથી. બલકે વધુ બગડવાનો સંભવ છે. એટલે તેને પોતાની કક્ષામાં લાવવા સારુ પણ સ્નેહ અને સહિષ્ણુતા એ બે જ ઉપાયો બીજા બધા કરતાં ઉત્તમ અને બેઉ પક્ષે હિતકર્તા જ થઈ પડે છે, એમ ઊંડાણથી સમજી લેવું જોઈએ.

(૨) તેનું દિલ લગારે ન દુભાય તેવું મન, વાણી કે કર્મથી વર્તન વર્તવા કોશિશ કરવી જોઈએ.

આમાં વ્યવહારની એક સૂક્ષ્મ વાતથી માંડીને ઠેઠ ધાર્મિક ક્રિયા સુધીની મહત્ત્વવાળી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. જોકે આ કાર્ય વિચારોમાં કે વાણીમાં જેટલું સહેલું છે, તેટલું આચરવામાં કઠિન છે. પરંતુ પાડોશીધર્મ બજાવનારાએ તો તેમ કર્યે જ છૂટકો. પાડોશીધર્મ કેવી ઝીણવટ માગી લે છે, તે કંઈક નીચેના દૃષ્ટાંતથી સમજી શકાશે.

ધારો કે તમે કોઈ સ્થળે બેઠા છો કે ક્યાંય મુસાફરી કરો છો. તમને બીડી પીવાનું બૂરું વ્યસન છે. તમારી પાસે બેઠેલો પાડોશી તેને ઇચ્છતો નથી. છતાં તમે તેની પાસે બેસી ધૂમ્રપાન કરો તો તમારે સમજવું જોઈએ કે તમે પાડોશીધર્મ ચૂકી રહ્યા છો. આ જ રીતે ખાદ્ય પદાર્થોમાં પણ તમારી પાસે બેસનારાઓ કે જોનારાઓને જોઈ તમે તેમની ઇચ્છા જાણી શકો કે આ પદાર્થ તેમને ઇષ્ટ નથી કે ગમતો નથી; અને જો તમે તેમની સામે તે ખાઓ તો ત્યાં પણ તમે પાડોશીધર્મથી ભ્રષ્ટ થાઓ છો, એમ સમજી લેવું જોઈએ. તમારા ઘરનો કચરો પાસે નાખીને કદાચ તમે સ્વચ્છતાયે મેળવી હોય, તોયે તમારે સમજવું જોઈએ કે તમે તમારો પાડોશીધર્મ ચૂક્યા છો. આ જ રીતે નાના કે મોટા દરેક કાર્યમાં પાડોશીનું મન ન દુભાય તે રીતે દરેકે વર્તવું જોઈએ.

યુરોપાદિ દેશમાં તો આ એક સભ્યતાનું અંગ ગણાય છે, અને તેનું સૌ કોઈ સ્વાભાવિક રીતે જ પાલન કરે છે. પરંતુ તેવી નાની સરખી વાત પણ ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્રસ્થાન ગણાતી ભારતની પ્રજાને આજે શીખવવી પડે છે તે આશ્ચર્ય સાથે દુઃખદ વસ્તુ પણ ગણાય. ધર્મ અને જાતિના ભેદોએ તેની આવી સામાન્ય સભ્યતા પણ ગુમાવી દીધી છે, એ ખરેખર ભારત માટે અસહ્ય છે.

એક મસ્જિદની પાસે નીકળતી ભજનમંડળી પોતાના મુસ્લિમ ભાઈની બંદગીમાં રખે હરકત થાય તેવો ભાગ્યે જ વિચાર કરે છે. આ જ રીતે કહેવાતા હિન્દુના દેવળ પાસે નીકળતા મુસ્લિમ ભાઈને પણ પોતાના પાડોશીનું દિલ ન દુભાય તેનું ભાન ભાગ્યે જ હોય છે. જો ધર્મને નામે આવું ઝનૂન વ્યાપતું હોય, વટાળવૃત્તિઓ જોર પકડતી હોય. માનવજાતને તિરસ્કાર મળતો હોય, નાનાંમોટાં જીવ-જંતુઓને કષ્ટ કે હાનિ પહોચતાં હોય, તો તે ધર્મ નથી, પણ ધર્મનો વિકાર છે. આ વાત બાઇબિલ, કુરાન, ગીતા તેમ જ ધમ્મ-પદ, ઉત્તરાધ્યયન, ઇત્યાદિ ભિન્નભિન્ન શાસ્ત્રોમાં ધર્મના પવિત્ર પ્રવર્તકોએ સ્પષ્ટપણે જણાવી દીધી હોવા છતાં સમજાતું નથી. હા ! ધર્મના નામની રૂઢિનું કેવું પ્રાબલ્ય !

(૩) પાડોશીના સહાયક બનો.

અહીં કોઈ એમ ન માને કે પાડોશી ભિન્ન ધર્મ કે ભિન્ન જાતિનો હોય તો તેને સાથ કેવી રીતે અપાય ? કારણ કે કોઈને સાથ આપતાં કે કષ્ટમાં સહાય પહોંચાડવામાં ધર્મની હાનિ નથી, પણ વિકાસ છે. માનવજાતની સેવા કરવામાં જ સાચો ધર્મ છે. ગીતાજીમાં ભગવાન કૃષ્ણને ભક્ત અર્જુને જ્યારે એ પ્રશ્ન કર્યો કે આપનો ભક્ત કોણ, ત્યારે અમુક જાતનાં ચિહ્ન, અમુક જાતનો વેશ ધારણ કરનાર કે ટીલાંટપકાં કરી અમુક જાતની પૂજા કરનારને તેમણે ભક્ત ગણાવ્યો નથી, કારણ કે એ બધાં તો કેવળ બાહ્ય સાધનો છે. ગુણ

વિનાનાં તે સાધનો કે ઉપકરણો તો ઊલટાં દંભ અને માયાનું સેવન કરાવી ભગવાનથી ભક્તને વિખૂટો કરાવનારાં થઈ પડે છે. તેથી જ ગીતાજીમાં નિમ્નોક્ત રીતે ભક્તની ગુણવિશિષ્ટતા બતાવી છે :

**अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।**
**निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥**
**संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।**
**मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥**

વિશ્વના કોઈ પણ જીવ સાથે જે વેર ઇચ્છતો નથી, મિત્રભાવે રહે છે, અન્યને દુઃખ આપતો નથી તેમ જોઈ પણ શકતો નથી, નાનામોટા જીવો પ્રત્યે જે કરુણા રાખે છે, જે મમતા અને અહંકારથી અળગો વસે છે, જે સુખમાં છકી જતો નથી અને દુઃખમાં હિંમત હારતો નથી, જે વિપત્તિમાં સહનશીલ બને છે, સળેલામાં સંતોષ માને છે, જે સતત આત્મલક્ષી રહે છે, જે દમિતેન્દ્રિય અને દૃઢ સંકલ્પવાળો છે, મન અને બુદ્ધિના વિકલ્પોથી પર રહે છે, તે જ આદર્શ ભક્ત છે અને તે જ મને (ભગવાન કૃષ્ણને) પ્રિય છે.

આ ઉપરથી એ સ્પષ્ટ સમજાય છે કે અન્યને સાથ આપવામાં તો ઊલટી ધર્મની રક્ષા છે.

બીજો પ્રશ્ન જાતિનો છે. જાતિનો મૂળ આધાર તો ગુણકર્મ પર જ નિર્ભર છે, અને વર્ણવ્યવસ્થાને અંગે જ જાતિની ઉત્પત્તિ થઈ છે. પરંતુ આજે જાતિવાદમાં રૂઢિનું એટલું બધું જોર વ્યાપ્યું છે કે તેનો ઉદ્દેશ આજે આપણે ભૂલી ગયા છીએ, અને તેથી જ જાતિવાદની ઓથમાં ઉચ્ચનીચના ભેદો કરી માનવીની સ્વાર્થવૃત્તિ લડ્યા જ કરે છે. એટલે જ અત્યારે અતિ દયાળુ ગણાતી કોમ કૂતરા, બિલાડા કે તેથી પણ સૂક્ષ્મ જીવજંતુઓની સેવા કાજે અથવા દયા કાજે જાતિના ભેદ સિવાય સેવા ખુશીથી કરી શકશે, પણ, પોતાથી ભિન્ન જાતિના માનવ જેવા અતિ ઉપયોગી પ્રાણીની પણ તે સેવા કરતાં અચકાશે.

આ સ્થિતિ બહુ ખેદજનક છે. આ રીતે તો ઊલટું માનેલો જાતિધર્મ બજાવવા જતાં પોતાનો વિશિષ્ટ ધર્મ મનુષ્ય ગુમાવી બેસે છે.

વળી જન્મગત જાતિના ભેદે એક બીજું પણ મહાન નુકસાન કરી નાખ્યું છે. બ્રાહ્મણકુળમાં જન્મેલો એક મનુષ્ય ભલે રાક્ષસનાં કર્મો કરતો હોય, મૂર્ખ અને અસંસ્કારી હોય અને બ્રાહ્મણનાં કર્મોથી સાવ વિહીન હોય, છતાં એવા ધર્મભ્રષ્ટ જાતિજાત સાથે ખાવાપીવા સુધીનો સહકાર કરવામાં તે જ્ઞાતિનાં માણસો જરા પણ અચકાશે નહિ. પરંતુ જો ઇતર જ્ઞાતિનો અને તેમાં પણ તેઓ જેને નીચ માને છે તેની સાથે તો તે ઉચ્ચકર્મી, સંસ્કારી અને ધર્મિષ્ઠ હશે તો-પણ જરા સરખોયે સહકાર નહિ દર્શાવે. તેના દુઃખમાં ભાગ નહિ પડાવે, બલકે તેના તરફ ઘૃણા અને તિરસ્કારની દૃષ્ટિએ જોશે. જાતિ-વાદની આ અસર માનવીને દેવ બનાવવાને બદલે કે વ્યવહારમાં સહાયક થવાને બદલે નીચ, અધમ અને નિષ્ક્રિય બનાવે છે. આથી એ જાતિવાદની સુધારણા થવાની આજે આ દૃષ્ટિએ પણ ખૂબ આવશ્યકતા છે. જો કે યુગબળને લીધે જ હવે આંતરજ્ઞાતીય, આંતર-પ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય રોટીબેટી સંબંધો વધતા જ જાય છે અને થોડાં વર્ષો પહેલાં હતી તેવી આજે સૂગ પણ નથી. છતાં હરિ-જન અને મુસ્લિમ એ બન્ને કોમો પ્રત્યે ધર્મદૃષ્ટિએ ગાઢ સંબંધ થવાના બાકી છે. ખરી રીતે તો વિશ્વ સાથે હિંદે સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધો ઘનિષ્ઠ કરવા રહ્યા જ છે, એટલે ગાંધીજીએ જે કામ અધૂરું મેલ્યું છે ત્યાંથી તેને આગળ લઈ જવામાં જાતિભેદ જે રુકાવટ કરે છે તે રુકાવટ દૂર કરવી જ રહી.

## જાતિવાદનો વિનાશ

આ સુધારણા થવાથી કંઈ જાતિનો નાશ થવાનો નથી પણ, જાતિની શુદ્ધિ થવાની છે. આવી શુદ્ધિ થવાથી સહુ કોઈ સંસ્કારી બનવા ચાહશે, અને સંસ્કાર પ્રાપ્ત થયા પછી સહકારી જીવન ઉત્પન્ન

થવાથી વ્યાવહારિક અને ધાર્મિક દરેક કર્તવ્યમાં માનવી જાગરૂક રહેશે. એટલે જાતિની આ સંસ્કારિતામાં રાષ્ટ્ર અને ધર્મ બન્નેનું હિત થશે અને आचारः पथमो धर्मः તે પણ બરાબર યથાર્થ રીતે સચવાશે.

ઉપરનાં ત્રણ કર્તવ્યોને જો મનુષ્ય નિકટના મનુષ્યો પ્રત્યે બજાવે તો તેણે પાડોશીધર્મ બજાવ્યો ગણાય. આ પાડોશીધર્મનો જેમ-જેમ વિકાસ થતો જાય, તેમતેમ એ માનવીનો વિકાસ થતો જાય, અને પાડોશીધર્મનું ક્ષેત્ર પણ વિકસિત બનતું જાય. પ્રથમ કુટુમ્બ, પછી પાસે રહેનાર સમાજ, દેશ અને વિશ્વના મનુષ્યોથી પણ ક્રમશઃ આગળ વધી ઇતર સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રાણીપરત્વે પણ તે ધર્માચરણ થવા માંડે, ત્યારે તે પાડોશીધર્મ મટી આધ્યાત્મિક ક્ષેત્ર પર પહોંચીને આત્માનો અવિચળ અને અવિચ્છિન્ન આનંદ પ્રાપ્ત કરે.

**ભાવના**

આ પાડોશીધર્મ બજાવનાર એમ ન સમજે કે હું આ પરોપકાર કરી રહ્યો છું. કારણ કે તે તો માત્ર પ્રાણીમાત્રનું કર્તવ્ય જ છે. અને ઊંડાણથી તપાસતાં તો તે પોતાનું જ ઇષ્ટકર્તા છે. કારણ કે સંસારમાં પ્રાણીમાત્રને બીજાની સહાયની ભિન્નભિન્ન ક્ષેત્રોમાં આવશ્યકતા રહે જ છે.

જ્યારે એક મનુષ્ય બીજાને સહાય કરતો હોય છે ત્યારે પ્રથમ તો તેને આત્મસંતોષ મળે છે, અને પોતે સહાય કરી એ સહાયક ભાવના આંદોલનને ઉત્પન્ન કરતો હોય છે. તે આંદોલનની અસર તાત્કાલિક કે પછી અવશ્ય વાતાવરણ પર અને વાતાવરણની અસર વ્યક્તિ પર અવશ્ય થાય છે; અને તેથી પ્રેરાઈ જેની તે સહાય કરે છે તે વ્યક્તિ અથવા તેથી ઇતર કોઈ પણ પોતાની આપત્તિસમયે અવશ્ય સહાય પહોંચાડે છે; આ રીતે પાડોશીધર્મ બજાવવો, એ અનિવાર્ય કર્તવ્ય છે, એમ આપણે આ પરથી સ્પષ્ટ અનુભવી શકીશું.

## ૧૨

# સામાન્ય કર્તવ્યો

જ્યાં સુધી વર્ણવ્યવસ્થા યથાર્થ રૂપમાં હતી, ત્યાં સુધી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણોના કર્તવ્યનિર્દેશમાં આખાયે રાષ્ટ્રીય ધર્મનો સમાવેશ થઈ જતો. આજે જાતિ, સમાજ એવા-એવા અનેક વિભાગો અને પેટાવિભાગો પડી ગયા છે. વળી જાતિમાં જન્મેલા તે તે જાતિના કર્તવ્યાનુસાર કર્તવ્યો કરે તેવી સ્થિતિ રહી નથી. આ વ્યવસ્થા તૂટી જવાથી કર્તવ્યક્ષેત્રો પણ સ્વાભાવિક રીતે વધુ પ્રમાણમાં થઈ ગયાં છે. આ ઇષ્ટ છે કે અનિષ્ટ તેનો અહીં પ્રશ્ન નથી, કારણ કે કોઈ પણ ધોરણ કાળપરિવર્તનની સાથે ન બદલાતાં કાયમ રહે તેવું બની શકતું નથી. પૂર્વકાળમાં પણ ઘણીવાર વ્યવ-સ્થાઓમાં પરિવર્તન થયાં છે. એટલે આજે જાતિગત કર્મ કરવાનો આગ્રહ રાખવો એ જરાયે ઇષ્ટ નથી અને શક્ય પણ નથી. પ્રથમ આપણે જે રીતે આખા કુટુમ્બનાં પરસ્પરનાં વ્યક્તિગત કર્તવ્યો વિચારી ગયા છીએ, તે જ રીતે અહીં ધંધાદારીને અંગે વ્યક્તિગત કર્તવ્યો વિચારવાની પણ આવશ્યકતા રહે છે.

### કૃષિકાર

માનવસમાજને સૌથી પહેલાં અન્નની આવશ્યકતા રહે છે. કારણ કે જીવનનાં ત્રણ આવશ્યક તત્ત્વો પૈકી હવા અને જળ તો

કુદરતી અને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે અન્નને તો ઉત્પન્ન કરવું પડે છે. ફળ, દૂધ, વનસ્પતિ ઇત્યાદિ વસ્તુઓની પાછળ બહુ શ્રમ લેવો પડતો નથી; પરંતુ વિશ્વના આખાયે માનવસમાજને તેટલાં જ તત્ત્વદ્વારા જીવન ચલાવવું એ શક્ય નથી, અને તેથી જ વૃષ્ટિ અને સૃષ્ટિ એ બન્નેનો લાભ લઈ તનબળથી મનુષ્યે એ અન્નને ઉત્પન્ન કરવાને જે વૃત્તિ સ્વીકારી છે તે અતિ ઉત્તમ છે, અને તે એકલા માનવસમુદાયને જ નહિ, પરંતુ એક કીડીથી માંડીને પશુ-પક્ષીના ઇતર પ્રાણીસમુદાયને માટે પણ હિતાવહ છે.

માનવ જેવા દયાળુ પ્રાણીને પણ ક્ષુધા શમાવવા માટે जीवो जीवस्य भक्षकः એ ક્રૂર વૃત્તિને અધીન થઈ જવું પડતું અને કરોડો નિરપરાધ પશુઓની અનિચ્છાએ પેટનો ખાડો પૂરવા ખાતર હિંસા થઈ જતી. તે મુશ્કેલી અન્નની અધિકતાથી દૂર થઈ ગઈ. આ લાભ ઉન્નતિની દૃષ્ટિએ અને અહિંસક સમાજરચનાના કાર્યની દૃષ્ટિએ નાનોસૂનો નથી થયો. જોકે આજે અન્નાદિ પુષ્કળ હોવા છતાં જીવહિંસા સાવ જ નાબૂદ થઈ છે તેવું કશું નથી. પરંતુ એટલું ચોક્કસ છે કે તે ઓછી થઈ છે અને થાય છે; તેમાંની પણ કેટલીક રૂઢિથી, કેટલીક અજ્ઞાનતાથી, કેટલીક શોખથી અને કેટલીક રસવૃત્તિની લોલુપતાથી જ થાય છે. અન્ન નહિ મળવાને કારણે અનિવાર્ય થતી હિંસા તો અપવાદિત સ્થળે જ થતી આજે નજરે પડશે.

તે અન્ન જેવી આવશ્યક વસ્તુનો ઉત્પાદક કૃષિકાર કહેવાય છે. માટે એ સમુદાય આખી માનવજાતિના પિતા તરીકે જરૂર ગણી શકાય.

**કર્તવ્ય**

કૃષિકારો એ એક વૈશ્યવર્ણનું જ અંગ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને શૂદ્ર એ ત્રણે વર્ણને જિવાડવા અને તેના વ્યવહારમાં સરળતા લાવવા વૈશ્યવર્ગનું નિર્માણ થયું છે. તે વૈશ્યવર્ગમાં કૃષિકાર એ મહત્ત્વનું અંગ છે, અને તેટલે જ અંશે તેનાં કર્તવ્યનું ક્ષેત્ર પણ

તેટલું જ મહત્ત્વનું છે. જેમ પિતા પોતાની સંતતિનું પોષણ કરવા સતત લક્ષ્યપરાયણ રહે છે તેમ કૃષિકારે પણ જાગ્રત રહેવું જોઈએ.

## કૃષિકારના સદ્ગુણો

કૃષિકાર સતત ઉદ્યોગી અને કાર્યપરાયણ હોવો જોઈએ. ભિન્ન-ભિન્ન ઋતુઓમાં ભિન્નભિન્ન રીતે પાક ઉત્પન્ન કરવામાં તેની કાળજી અને ઉદ્યોગ હોય, તો થોડી જમીનમાંથી પણ તે ઘણું ઉત્પન્ન કરી શકે. નિવૃત્તિકાળમાં એટલે કે કૃષિકાર્યથી નિવૃત્ત થાય ત્યારે પોતાની ઇતર આવશ્યકતાઓ પાછળ તેણે મથ્યા રહેવું જોઈએ. આથી તેને ખોરાક કે વસ્ત્ર માટે બીજાનું અવલંબન લેવાનું રહે નહિ, અને તેટલો જ તે હળવો અને સ્વાવલંબી રહે.

કૃષિકારોમાં સંગઠનબળ પણ હોવું જ જોઇએ. તેના ઘરનું આખું કુટુંબ સંગઠિત રહીને તથા એકબીજાના કાર્યવિભાગોને વહેંચી લઈ ને ઉદ્યોગશીલ રહ્યા કરે. તેથી કૃષિકારનું કાર્યક્ષેત્ર વિકસિત બને. કુટુંબ ઉપરાંત કૃષિકારોનું જાતિસંગઠન પણ ખૂબ ઘનિષ્ઠ હોવું જોઈએ. આથી તે એકબીજાં કુટુંબોની પરસ્પર આવશ્ય-કતાઓ પૂરી પાડવાનો બરાબર વિનિમય કરી શકે અને તેથી કોઈ પણ કૃષિકારને વેપારી, રાજસંસ્થા કે ઇતર પ્રજાવર્ગ તરફથી કશું શોષાવાપણું રહે નહિ.

ગમે તે જાતિનો મનુષ્ય ખેતી કરી શકે છે, માત્ર તેમનામાં ઉપરના સદ્ગુણો અને કૃષિકારિત્વ હોવાં જોઈએ.

## આજની પરિસ્થિતિ

કૃષિકારનું જીવન આજે એટલું તો દયાપાત્ર બની ગયું હતું કે તે જોઈને કોઈને પણ દુઃખ થયા વિના રહે નહિ. ઘણાખરા ખેડૂતો પાસે ભાંગેલ હળ, વૃદ્ધ અને થાકી ગયેલી બળદની એકાદ જોડ, તૂટેલો કોસ અને એકાદ ભાંગેલતૂટેલ ગાડા સિવાય કશું જ નહોતું. બારબાર માસ સુધી સતત મહેનત કરવા છતાં પરિણામે તો તેની

પાછળ ભૂખ ને ભૂખ જ રહી જતી. તેનું આકાશી વૃત્તિનું જીવન હોવાને અંગે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હિમ, તીડ, ગેરુ ઇત્યાદિ કુદરતી પ્રકોપોથી તેને ઘણીવાર બહુ સહેવું પડે છે. જોકે એવા કુદરતી પ્રકોપો સતત હોતા નથી. ખરી રીતે તો તેને આવી પરિસ્થિતિમાં મૂકનાર રાજ્યસંસ્થાની અવ્યવસ્થા અને વેપારીની વ્યાજવૃત્તિ જ મોટો ભાગ વચ્ચે ભજવતી.

પ્રજા અને રાજાની વચ્ચે હિતદૃષ્ટિએ યોજાયેલા અમલદારોનો ત્રાસ પણ બિચારા ગરીબ ખેડૂતને ત્રાહિ ત્રાહિ પોકરાવતો. કશું ઉત્પન્ન ન થાય તોપણ મહેસૂલ ભરવાની અને ચૂસણનીતિના બોજા તળે ચગદાઈને છેવટ ખેતીનાં અનિવાર્ય સાધનોને પણ જતાં કરવાની તેને ફરજ પડતી. પરિણામે કૈંક ખેડૂતો ઉત્તમ ખેતીની વૃત્તિને છોડી દઈ યંત્રવાદની ચક્કીમાં ઘસડાતાં આપણે મુંબઈ અને અમદાવાદ જેવાં શહેરોમાં જોઈ રહ્યા હતા. તે વર્ગનું પવિત્ર અને સંયમી જીવન શહેરીઓના સંગથી વિલાસી બનવા માંડેલું. તેનામાં વિલાસ વધ્યે જ જતો, વ્યસનો તો તેઓની પાછળ જ પડતાં.

જો તેઓ ખેતીમાંથી સારું ઉત્પન્ન કરી શકતા હોત તો તેઓ કદી આવી સ્થિતિમાં મુકાત નહિ. લાંબો વખત ખેડૂતોની જો આવી જ દશા રહેત તો તેઓ ખરે જ કૃષિજીવનનો પરિત્યાગ કરવાના હતા. ધારો કે તેમ જ થાત, તો ભાણામાં ભોજન હોવા છતાં ભૂખે મરનાર મૂર્ખના જેવી ભારતની પ્રજાની દશા થઈ જાત. પરંતુ હિંદના સદ્ભાગ્યે દાદાભાઇ નવરોજીએ આઝાદીનું વૃક્ષ રોપ્યું અને મહાત્માજીએ એમાંથી ફળ નિપજાવ્યાં. આજે આઝાદી આવી. ખેડૂતોના અને ખેતીના દિવસો આવ્યા. પરંતુ શહેરોની ચૂડથી તથા જૂની ધરેડથી ખેડૂતોને બચાવી તેમનું નૈતિક પાયા ઉપર સાચું સંગઠન કરવાની હવે અનિવાર્યતા ઊભી થઈ છે અને તત્કાળ તે થવાની જરૂર છે.

## સુધાર

હજુ કૃષિસુધાર માટે પ્રયત્નની ખૂબ જરૂર છે. હવે સૌથી

પ્રથમ તો કૃષિજીવન ગુજારનાર પ્રજાને કેમ ખેતી કરવી તેનું સંપૂર્ણ જ્ઞાન મળવું જોઈએ. પછી તે શાળાઓદ્વારા મળે કે ઉપદેશદ્વારા મળે તેનો કંઈ વાંધો નથી. પણ તે બધું વ્યવહારુ શિક્ષણ હોવું જોઈએ.

આજે સેંકડે ૫૦થી ૭૫ ટકા કૃષિકારો સારી જમીન તેમજ સાધનો હોવા છતાં ઇચ્છા પ્રમાણે ઉત્પન્ન કરી શકતાં નથી. તેમાં બહુધા કૃષિજ્ઞાનનો અભાવ જ કારણભૂત હોય છે.

એ ખાતરથી માંડીને અંતિમ પાક તૈયાર થતાં સુધીની દરેક ક્રિયાનું તેને વિવેકપુરઃસર જ્ઞાન હોવું જોઈએ. બીજો ઉપાય, કૃષિકારોનાં જ સ્વતંત્ર મંડળો થવાં જોઈએ, કે જે કોઈ પણ કૃષિકારને આફતમાંથી ઉગારી લે. વર્ષ સારુંનબળું આવે તોપણ કોઈ પણ વ્યાપારી કે રાજ્યનો આશ્રય લેવાની તેને આવશ્યકતા રહે નહિ.

ત્રીજો ઉપાય કૃષિકારોને ઉત્સાહી અને ઉદ્યોગી બનાવવાનો છે. કણબી, પાટીદાર અને તેવી જાતો સિવાય બીજી જાતો કૃષિજીવન ગુજારે છે. પણ તેમાંનો ઘણોખરો વર્ગ સતત ઉદ્યોગી હોય એવું દેખાતું નથી. વરસાદ થયા પછી માત્ર બિયાં વેરી આવવાં અને તેમાંથી પાક તૈયાર થાય તે લઈ આવવો, એવું જ ઘણાખરા કૃષિ-કારોનું કૃષિજીવન હોય છે. તેઓમાં ભિન્નભિન્ન પ્રકારે કૃષિકાર્ય પ્રતિ અભિરુચિ જાગે તેમ કરવાની જરૂરિયાત છે. આ બાબત ઇતર જનતા અને સરકાર લક્ષમાં લે તો ઘણું કરી શકાય તેમ છે. દેશી-રાજ્યોના સીમાડાઓ ભૂંસાયાથી ખેડૂતોને સૌથી મહાન રાહત હવે મળશે.

છતાં બુદ્ધિશાળી લોકો અને પૂંજીપતિઓ જો કૃષિજીવનને મહત્ત્વનું અંગ માનતા હોય, તો તે પ્રશ્નને તેઓએ વધુ સહકાર દર્શાવીને કૃષિજીવનને પ્રતિષ્ઠા અને સાધનથી રસતરબોળ કરવું જોઈએ.

કૃષિકારોએ સ્વયં પણ પોતાનું જીવન ઉદ્યોગી અને સંસ્કારી

રીતે ગાળવું જોઈએ. આમ કરવામાં કૃષિકાર અને પ્રજા બન્ને વર્ગનું હિત છે.

### વ્યાપારી

પ્રજાવર્ગના પારસ્પરિક વિનિમયમાં વ્યાપારાદિક વૃત્તિદ્વારા સરળતા કરી આપે તે વ્યાપારી કહેવાય છે. અને આ રીતે આખી વણિકસંસ્થાની ઉત્પત્તિ થઈ છે.

પ્રાચીન કાળમાં પોતાના દેશની વધારાની વસ્તુઓ દરિયાઈ કે જમીનરસ્તે લઈ જઈ ત્યાંથી આ દેશને ઉપયોગી વસ્તુઓ લાવી આપી તેઓ પ્રજાવર્ગને પૂરી પાડતા, અને એ તેમનું મુખ્ય કાર્ય હતું. સાથે સાથે ગોપાલનનું મહત્ત્વનું અંગ પણ તેઓ જાળવતા. આવા ઉલ્લેખો જૈનસૂત્રોમાં પણ આવે છે. તેવે વખતે રોકડધન કરતાં વસ્તુઓના વિનિમયનો જ વિશેષ પ્રચાર હતો. આ બધી સેવા બદલ તેમની પોતાની આજીવિકા ચાલે તેટલું તે વિનિમય કરતાં મેળવી લે અને આવી રીતે તે ન્યાયવૃત્તિથી રહે, તેવી વ્યવસ્થા સમાજમાં પ્રચલિત હતી.

### પાયમાલ દશા

પરંતુ જેમજેમ સંગ્રહવૃત્તિ વધતી ગઈ તેમતેમ પદાર્થધન, પશુધન અને ક્રમશઃ રાજસંસ્થા તરફથી પ્રચલિત થયેલું સિક્કાધન પણ સંગ્રહીત થતું ગયું. ઘરની માલિકી પછી ધનની માલિકી એમ તે વૃત્તિ પણ વધતી ચાલી, અને આ રીતે બુદ્ધિનો ઉપયોગ મૂડીવાદના સંગ્રહમાં થતો ગયો. પછી તો પાસે રહેલી બ્રાહ્મણસંસ્કૃતિને પણ આ છદ્દે છોડી નહિ. અને એમ વર્ણોમાં અરાજકતા અને અકર્મણ્યતા વ્યાપવા લાગી. એ વ્યાપારી સંસ્થાની ભિન્નભિન્ન દશા પલટાતાં આજે તે કેવા સ્વરૂપમાં છે તે આપણી સામે જ છે. આજે વ્યાપારી કોને કહેવા તે પણ એક મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. સારાંશ કે માનવીવૃત્તિમાં જેટલો સ્વાર્થ ભળે છે, તેટલે અંશે નૈતિક

વિષય કેટલો ગૌણ બને છે, તેનું આજે જીવતું જાગતું દૃષ્ટાંત આજની વ્યાપારી દશા છે.

યંત્રવાદે પૂંજીપતિઓને આજે વ્યાપારી કર્તવ્યથી ભુલાવીને દલાલ જેવા બનાવી મૂક્યા છે. એ વર્ગ વિનિમયની વ્યવસ્થા જાળવવાને બદલે દૂર દૂર દેશોમાં કાચો માલ મોકલાવી, તેમાંથી બનતા પાકા માલનાં એકનાં સોગણાં દામ વિદેશને ખટાવી અહીંની પ્રજાને તેવી વસ્તુઓ પૂરી પાડવાનું આબાદ કામ કરી રહ્યા છે. શ્રમજીવનને ખોઈ બેઠા છે અને આળસ અને વિલાસને એમણે જાણ્યે અજાણ્યે પણ પોષ્યાં છે. એમાંનો સ્ત્રીવર્ગ બોજારૂપ થઈ પડ્યો છે.

લોહાણા, દરજી, સુથાર, લુહાર અને રાજવીઓ સુદ્ધાં આવી જાતના વ્યાપારમાં ઘસડાઈ રહ્યા વિના ન રહી શક્યા. સારાંશ કે આખીયે વ્યાપારી સંસ્થા અને પ્રણાલિકા તૂટી ગઈ છે, અને વ્યાપારી કરતાં સટ્ટો કરનારા કે જેની ગણના આજે વ્યાપારી વર્ગમાં થાય છે, તેનો જ હિસ્સો આજે વધુ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

## સટ્ટાનું પરિણામ

સટ્ટો એ એક પ્રકારનો જુગાર છે. સવારે જે લાખોપતિ હોય તે સાંજે ભિખારી બને છે. ૨૫ કે ૫૦ રૂપિયાવાળો હજારોનો વ્યાપાર ડોળે એવું જો ક્યાંય બનતું હોય તો તે આ જ વ્યાપારમાં. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે એ વસ્તુને વ્યાપાર તરીકે ગણી શકાય જ નહિ. આખા રાષ્ટ્રમાં વ્યાપી રહેલાં ચિંતા અને દુઃખ ઉત્પન્ન કરવામાં સટ્ટાનો મોટો ફાળો છે, તેમ કહીએ તો કશું ખોટું નથી. તેમાં સર્જનનું તત્ત્વ જ નથી, સંહારલીલા જ એમાં વિકસ્યાં કરે છે.

## વ્યાજવૃત્તિ

વ્યાપારીવર્ગની પાયમાલી અને કર્તવ્યચ્યુતતામાં વ્યાજવૃત્તિનો પણ મોટો હિસ્સો છે. મુસલમાન શાસ્ત્રોની પવિત્ર શિક્ષાઓમાં તો વ્યાજ ન લેવાનું ખાસ ભારપૂર્વક સૂચવ્યું છે, કારણ કે વ્યાજ-

વૃત્તિમાં નૈતિકતાની મહાન હાનિ છે. વ્યાજ પર જીવનારો માણસ પરસેવાની કમાઈ મેળવવાને બદલે વ્યાજ પર જ જીવનારું નિષ્ક્રિય પૂતળું બની જાય છે. તેની વૃત્તિમાંથી ઉદારતાનું તત્ત્વ અલ્પ થતું જાય છે. વ્યાજવૃત્તિ એ માનવીના માનસને ક્ષુબ્ધ બનાવવાનું એક પ્રબળ શસ્ત્ર છે. તે શસ્ત્રનો ભોગ બિચારી ગરીબ પ્રજા થઇ પડે છે.

વ્યાપારશાહીના જમાનામાં કૃષિકારોના હૃદયની હાય આ જ વૃત્તિને અંગે એ વ્યાપારીઓએ લીધી હતી. આજે પણ દારૂ અને એવા વ્યસનના છંદમાં પડેલા મજૂરો અને તેવી ગરીબ પ્રજાને પઠાણ, મારવાડી કે તેવી વ્યાજખાઉ પ્રજા ખૂબ પીડે છે. તેનાં ઉદાહરણો પણ કંઇ ઓછાં નથી. અમને ઇડરના પ્રવાસમાં સાઠના એકસો-સિત્તેર માત્ર દશ જ માસમાં થયેલા જણાયા હતા. આ બધા નિરંકુશ વ્યવસ્થાની સ્વેચ્છંદતાના નમૂનાઓ છે. પોતપોતાનાં કર્ત-વ્યોને સંભાળવામાં સ્વાર્થવૃત્તિનો પ્રથમ ખૂબ જ ભોગ આપવો પડે. પરંતુ આખરે તે માર્ગ જ સુંદર અને સૌ કોઈને હિતકર છે એમ સ્પષ્ટ દેખાય છે. સરકાર તો ઋણરાહત કે તેવા કાયદા જ ઘડી શકશે. ખરી રીતે આ આખું કાર્ય પ્રજાસેવકો અને પ્રજા જ પાર પાડી શકે.

**બ્રાહ્મણ**

જીવન નિભાવવા માટે જેવી રીતે કૃષિની અને વ્યવહારમાં સરળતા લાવવા માટે વિનિમયાદિ વ્યવસ્થાની જેટલી આવશ્યકતા છે તેટલી જ બલકે કેટલીક વાર તેથી પણ વધુ આવશ્યકતા અને ઉપ-યોગિતા શિક્ષણ અને સંસ્કૃતિની ખાસ છે. શિક્ષણથી માનવી સત્યાસત્યનો, હિતાહિતનો કે આવશ્યકઅનાશ્યકનો વિવેક કરતાં શીખે છે. સંસ્કારિતાથી સત્ય, હિતકર અને આવશ્યક ક્રિયા આચર-વામાં એકચિત્ત રહી શકે છે. આ બન્ને તત્ત્વનો પ્રજામાં પ્રચાર કરવા માટે જે વર્ણની ઉત્પત્તિ થઈ છે તેમને જ બ્રાહ્મણો તરીકે ધર્મશાસ્ત્રમાં વર્ણવ્યા છે.

જ્યાં સુધી એ બ્રાહ્મણો સ્વકર્તવ્યપરાયણ રહ્યા ત્યાં સુધી તેઓ પવિત્રતા અને પૂજ્યતાની મૂર્તિ સમા ગણાયા, અને તે તેમના સદ્‌ગુણોને લઈને ઉચિત જ હતું. ત્રણે વર્ણો પાસેથી તેમને વ્યાવહારિક તથા ધાર્મિક બન્ને ક્ષેત્રોમાં બહુ માન આપવામાં આવતું. વિવાહથી માંડીને મૃત્યુકાળ પર્યંતના સારામાઠા પ્રસંગે તેમની હાજરી અનિવાર્ય ગણાતી, અને તેમના સત્કારાર્થે પ્રજાવર્ગ તરફથી તેમને યોગ્ય દ્રવ્યાદિ પણ મળતું.

**પતનનો પ્રારંભ**

પરંતુ જ્યારથી તેઓ અધિક તૃષ્ણાળુ બન્યા, અર્થાત્ સ્વાર્થ-ભાવનાથી ધનાદિનો કેવળ સંગ્રહ કરવા લાગ્યા, અને પરિણામે વિલાસી અને આળસુ બનતા ગયા, ત્યારથી કુદરતના કાયદા પ્રમાણે તેમનાં માન અને પ્રતિષ્ઠામાં ક્ષીણતા આવવા લાગી આ ક્ષીણતા નાબૂદ કરવા માટે અને પ્રજા તરફથી તેમનું વર્ષો થયાં જે સ્થાન હતું તેને કાયમ ટકાવવા માટે તેમણે પોતાની ત્રુટિઓને નિવારવાને બદલે પોતાના દોષો પર જ ઢાંકપિછોડો કરવો શરૂ કર્યો. જ્ઞાનનો તેણે આ રીતે દુરુપયોગ કર્યો. “ બ્રાહ્મણ એ તો બ્રહ્માના જ પુત્રો છે, તેમને પૂજવાથી સ્વર્ગ મળે. બ્રાહ્મણને જ દાન આપવાથી કલ્યાણ થાય.” “ધર્મશાસ્ત્રોનાં અધ્યયન કરવાનો બ્રાહ્મણ સિવાય ઇતરને અધિકાર જ નથી.” “ બ્રાહ્મણ એ બધા વર્ણોથી ઉત્તમ છે.” એવીએવી સ્વાર્થ-મય ભાવનાનો ભોળી પ્રજામાં પ્રચાર કરી પોતાના સ્થાનની રક્ષા કરવાનો મિથ્યા પ્રયાસ તેમણે શરૂ કરી દીધો અને

**शमो दमः तपः शौचं क्षान्तिरार्जवमेव च ।**
**ज्ञानविज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजं ॥**

ઇન્દ્રિયનિગ્રહ, મનોનિગ્રહ, તપશ્ચર્યા, પવિત્રતા, સહિષ્ણુતા, કોમળતા, જ્ઞાન, વિવેક અને શ્રદ્ધા આવા ઉચ્ચ ગુણો જે કોઈ આરાધે તેને જ બ્રાહ્મણ ગણી શકાય, તે વાતને ભૂલી જઈ “ બ્રાહ્મ-

ણની પ્રજા જ બ્રાહ્મણ ગણાય," પછી ભલે તેનાં કર્મો બ્રાહ્મણત્વથી છેક જ વિરુદ્ધ જતાં હોય. આમ આખો જાતિવાદ ઉત્પન્ન કર્યો.

જાતિવાદની ઉત્પત્તિના ઇતિહાસે આ રીતે કેવળ બ્રાહ્મણો પર જ નહિ બલકે દરેક વર્ણ પર કારમી અસર કરી નાંખી છે. ત્યારથી જ ઉચ્ચનીચના ભેદોનો પ્રારંભ થયો છે. ગુણકર્મને બદલે સત્તાવાદનું જોર વ્યાપ્યું, અને આજે તો એકેએક વર્ણના અનેક સમાજો અને જાતિઉપજાતિઓના સેંકડો ટુકડાઓ પરસ્પર લડતા ઝઘડતા આપણી સામે પ્રત્યક્ષ નજરે ચડે છે.

## જાતિવાદનો ઉકેલ

આજે જ્યારે દરેક વર્ણ પોતપોતાનાં કર્તવ્યને ભૂલી ગયા છે તે સમયે વર્ણવ્યવસ્થાનો પુનરુદ્ધાર કેવી રીતે થઈ શકે તે કોયડો ખૂબ જ કઠિન છે. તેને ઉકેલવાનો માત્ર એક જ માર્ગ છે કે જન્મગત વર્ણવ્યવસ્થા માનવાની રૂઢિ તદ્દન નાબૂદ થવી જોઈએ. ગમે તે કુળ કે ગમે તે જાતિમાં જન્મ્યો હોવા છતાં જો તેનામાં બ્રાહ્મણોના ગુણો હોય અને તે વૃત્તિથી તે જીવતો હોય તો તે બ્રાહ્મણ જ ગણાવો જોઈએ. સારાંશ કે આ રીતે ગુણકર્મ પર વિશિષ્ટતા અપાય તો જાતિવાદનો મદ કે જે આજે રાષ્ટ્રોન્નતિ અને ધાર્મિક ઉન્નતિ બંનેમાં બાધાકર થઈ પડ્યો છે તેનો અંત આવી રહે, એટલું જ નહિ બલકે સામાજિક ઉન્નતિમાં પણ મોટો લાભ પહોંચે. દેશની આઝાદી આવ્યા પછી તો આની ખાસ જ જરૂર છે.

## બ્રાહ્મણોની વર્તમાન હાલત

આજે સેંકડો કે હજારો નહિ બલકે લાખો બ્રાહ્મણો સદ્‌વિદ્યાને અભાવે તીર્થ જેવા પવિત્ર અને ધાર્મિક સ્થળોમાં રહી પોતાની આજીવિકાઅર્થે કેટલીકવાર ધર્મનિષિદ્ધ કાર્યો પણ કરતાં નજરે પડે છે. એને પરિણામે પવિત્ર તીર્થ અભડાય છે અને ધાર્મિકતાને નામે ધતિંગ પોષાય છે. બીજી બાજુ એવાં કેંક ગામડાં છે કે જ્યાં

રહેતા બ્રાહ્મણોની દશા લગભગ ભિખારી જેવી છે. પ્રજાને વહેમી બનાવી પોતાનો સ્વાર્થ સાધવા તે બિચારા તુચ્છ અને મિથ્યા પ્રયાસો કર્યા કરે છે. આ બધા દોષોનું મૂળકારણ તપાસીશું તો તે જ મળી આવશે કે તેઓ અજ્ઞાની અને આળસુ બની ગયા છે.

જ્યાં સુધી પ્રજાવર્ગમાં અજ્ઞાન છે, ત્યાં સુધી આવી રીતે પણ તેનું જીવન ચાલ્યા કરે છે અને ચાલશે. પરંતુ તેનું અંતિમ પરિણામ અનિષ્ટ જ છે એ વસ્તુ નિઃસંદેહ છે, અને આવી વૃત્તિ એ બ્રાહ્મણત્વનું ન ભૂંસી તેવું લાંછન છે. જો આ વૃત્તિ હજુ પણ લંબાશે તો તેમાં પ્રજાવર્ગનું પણ મોટું નુકસાન છે. પ્રજાવર્ગ તરફથી ભવિષ્યમાં બ્રાહ્મણ જેવા પવિત્ર નામને બદનામી ન મળે તે ખાતર પણ બ્રાહ્મણસંસ્કૃતિના પુનરુદ્ધારની આજે ખૂબ આવશ્યકતા છે.

## સંસ્કૃતિસુધારાના માર્ગો

[૧] એક જ બ્રાહ્મણ કોમના જુદાજુદા ફાંટાઓ જ્યાં જ્યાં અને જેટલે અંશે મળી શકે તેટલે અંશે મેળવવાનો પ્રયત્ન કરવો.

[૨] નવી પ્રજામાં સાચું બ્રાહ્મણત્વ ઉત્પન્ન કરવા માટે તેવી જાતની સંસ્થાઓ ઊભી થાય. આજની વિદ્યમાન સંસ્થાઓ કરતાં તેની શિક્ષણપ્રણાલિકાનું ધોરણ નવીન હોય, અને ત્યાં સંસ્કારિતા પર વિશેષ લક્ષ્ય અપાતું હોવું જોઈએ.

[૩] તીર્થયાત્રાના સ્થળે મળેલા ધનનો તીર્થોદ્ધાર કે પ્રજાશિક્ષણમાં જ સદુપયોગ કરવાની યોજના ચાલુ કરવી. આજે પંડ્યાઓ જે તેનો દુરુપયોગ કરે છે તે પ્રથા દૂર થવી જોઈએ.

[૪] કોમના ગરીબ અને સાધનહીન બ્રાહ્મણોને આજીવિકાઅર્થે બીજાં સ્વતંત્ર સાધનો મળી રહે તેવી ઔદ્યોગિક યોજના કરવી.

આમ થવાથી એ આખો વર્ગ પોતાનું અને દેશનું હિત સાધી શકશે.

## વૈશ્ય અને શૂદ્ર

એ બન્ને વર્ણમાંથી લુહાર, સુતાર, કડિયા, હજામ, કુંભાર, દરજી, તેલી, ધોબી, વણકર, મજૂર, કંદોઈ, રંગારી એવીએવી કૈંક નાનીનાની કામો ભિન્નભિન્ન ધંધાઓને અંગે ઉત્પન્ન થવા પામી છે.

આમાંની ઘણીખરી કોમ પોતાનો તે તે જાતિને યોગ્ય ધંધો કરી જીવન ચલાવે છે. અને તેમાંની કેટલીક વ્યક્તિઓ પોતાના જાતિગત હુન્નર કે ધંધાથી બીજી કોઈ કાર્યદિશા અંગીકાર કરે છે. આ બધી જાતિઓ જનસમાજની જરૂરિયાતની વસ્તુઓ ઉત્પન્ન કરવા સારુ નિર્ણીત થયેલી છે, અને તે પોતાની તે તે ધંધાદ્વારા આજીવિકા ચલાવવાની સાથે જ જનસમાજની સેવા પણ બજાવી શકે તે સારુ તેની યોજના થઈ છે.

## એક નાનીશી વાત

જેવી રીતે બીજા વર્ણો પોતપોતાનાં કર્તવ્યો પ્રતિ શિથિલ બન્યા છે, તે જ રીતે આવી હુન્નરી કોમો પણ નૈતિક બાબતમાં પછાત પડી ગઈ છે.

દરજીને ત્યાં ચાર વાર કાપડ આપ્યું એટલે તે સાડાત્રણ વાર જ રહે, સોનીને ત્યાં થોડીઘણી પણ સોનાની ચોરી થાય જ, કાપડિયો કાપડ આપવામાં, અનાજવાળો અનાજ આપવામાં દંભ અને શઠતા કરે જ, અને એ રીતે દરેક ધંધાદારી અને હુન્નરીનું નૈતિક જીવન બગડી ગયેલું બહુધા દેખાય છે.

આ વસ્તુસ્થિતિ ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં બને તે ખરેખર શરમની વાત ગણાય. આ બાબતમાં તે ધંધાદારીઓ અને હુન્નરીઓ જેટલી પ્રજા પણ જવાબદાર છે. કારણ કે સામા વ્યાપારી અને હુન્નરીને ખૂબ કસી લેવાની વૃત્તિ ધરાવે છે. બીજી બાજુ તે ધંધાદારીઓમાં પારસ્પરિક સંપ કે સંગઠન હોતું જ નથી. ઊલટા તે એક-બીજા પ્રત્યે ઈર્ષ્યાળુ હોય છે. આથી ભાવ ઓછો કરી હલકી ચીજ

આપવાની કે ઓછું આપવાની પ્રથા તે વર્ગમાં ચાલુ થઇ જાય છે. એટલે તે ભૂલની જન્મદાતા તો પ્રજા જ ગણાયને !

આવા નૈતિક પતનથી દેશને ખૂબ હાનિ પહોંચે છે, અને માનવમાનવ પ્રત્યે પરસ્પરનો વિશ્વાસ નષ્ટ થાય છે. તે બદી અટકાવવા સારુ વ્યાપારીઓ અને હુન્નરીઓએ પોતપોતાના વર્ગનું સંગઠન કરવું જોઈએ, અને પ્રજાવર્ગે પણ આવા સંગઠનને ઉત્તેજવું જોઈએ. ભાલ નળકાંઠાનું ખેડૂતમંડલ એ દૃષ્ટિએ જ થયું છે. આમ કરવાથી નજીવી બાબતોમાં અસત્ય, દગા, છળપ્રપંચ, માયા વગેરે અધર્મનાં કામો થાય છે તે અટકે, અને તેટલું જ સામાજિક જીવન ઉચ્ચ અને આદર્શ બને.

આજે શહેરોની પ્રજામાં વિલાસી વૃત્તિ વધી ગઇ છે અને તેને અંગે તેની આવશ્યકતાઓ પણ ખૂબ વધી ગઇ છે; તેથી તે આવશ્યકતાઓના પ્રમાણમાં ઉપયોગી ચીજો કરતાં ખોટી જરૂરિયાતો અને મોજશોખનાં સાધનો આજે વધુ પ્રમાણમાં ઉત્પન્ન થવા માંડ્યાં છે. ભારતમાં અનેક કારખાનાં, અનેક મિલો, અને અનેક સિનેમા–કળાધામો વિકસ્યાં છે એ તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

આ સ્થળે એટલું કહેવું જોઈએ કે કળા અને વિજ્ઞાનનો વિકાસ એ કાંઈ ખોટી વસ્તુ નથી. પરંતુ તે કળા અને વિજ્ઞાનનો હેતુ માનવજાતિના વિકાસઅર્થે જ હોવો જોઈએ, તે ભૂલવું ન ઘટે.

સિનેમા, નાટક, નૃત્ય કે તેવી કોઈ પણ કળાઓનું ધ્યેય પણ તે જ હોવું જોઈએ. જે માલિકો અને કળાકારો નિઃસ્વાર્થી અને સંસ્કારી હોય તેને જ આવી કળાઓનાં વિકાસ કે પ્રચારમાં સ્થાન મળતું હોય, બીજાને નહિ. તો જરૂર તે કળા રસમય અને ફલપ્રદ બની શકે, અને તે દ્વારા સામાજિક અને રાષ્ટ્રીય પ્રગતિમાં પ્રેરણા મળે તથા પ્રજામાં સુસંસ્કારો વધે.

કાપડિયા, ઝવેરી કે કોઈ પણ તેવા ધંધાદારીઓ, હુન્નરીઓ કે

કળાકારો સૌ રાષ્ટ્રપ્રજાનાં સેવાભાવી અને ઉપયોગી અંગો છે, તેમની જવાબદારી પણ તેટલી જ મહત્ત્વભરી છે. જો તે પોતાની સ્વાર્થ-ભાવના પોષવા ખાતર પ્રજાના નૈતિક જીવનને હાનિ પહોંચાડે તો તે સૌથી વધુ ગુનેગાર છે. સમય પડ્યે પોતાના કર્તવ્ય ખાતર બધા સ્વાર્થને જતો કરવા સુધીની તેમની તૈયારી હોવી જોઈએ.

## પત્રકારો અને સાહિત્યકારો

એક આદર્શ મનુષ્યનું જીવનચરિત્ર મનુષ્યને ઉચ્ચ લક્ષ્ય પર પ્રેરે છે. એક તત્ત્વચિંતકના વિચારો જીવનમાં વિકાસ અને પ્રેરણા પૂરે છે. એક લેખકની કથાનાં પાત્રોનાં જીવનમાંથી કૈંક દિવ્ય અને ભવ્ય શિક્ષાઓ સાંપડે છે. એક કવિનાં કાવ્યમાં કુદરતનાં અને ભાવના તથા લાગણીનાં ગંભીર દર્શન થાય છે. આ દૃષ્ટિબિંદુથી સાહિત્યની પ્રજાવર્ગમાં આવશ્યકતા હોય છે.

દેશના જુદાજુદા ભાગોમાં વસતી પ્રજાને પોતાના આમદેશમાં શું શું બની રહ્યું છે, અન્ય દેશો શી શી પ્રગતિ કરી રહ્યા છે, એવા એવા નૂતન સમાચારો મળે કે જેથી તે પોતાનું કર્તવ્ય સમજે તે ખાતર પત્રોની ઉત્પત્તિ થઈ છે.

## પત્રકારની યોગ્યતા

તેથી પત્રકાર પણ પ્રજાને દોરનારો એક નેતા છે. તે પ્રજાને સુમાર્ગે જ લઈ જાય, સાચા જ સમાચારો પૂરા પાડે, વજનદાર હકીકતો જ પ્રગટ કરે, કોઈ પણ સમાજ, વ્યક્તિ કે રાષ્ટ્રનો તે દુશ્મન નહિ પણ મિત્ર હોય; અને નિઃસ્વાર્થી, નિડર અને દેશસેવક હોય; આવો જ પત્રકાર બની શકે, અને પત્રકારિત્વ ચલાવી શકે. પત્ર-કારની જવાબદારી કંઈ નાનીસૂની નથી. પ્રજાવર્ગની લાગણી દુભાય કે તે ખોટે માર્ગે દોરાય તેવા એક પણ લખાણને તે પોતાના પત્રમાં સ્થાન ન આપે.

આવા પત્રકાર બનવા માટે પત્રનું ધ્યેય આવું હોવું ઘટેઃ (૧) પત્ર કોઈ પણ સમાજ, કોમ કે સંપ્રદાયનું ન હોવું જોઈએ. (૨) પત્રકાર સ્વાવલંબી, નિડર, ઉત્સાહી, ધીર અને વિવેકી હોવો જોઈએ. (૩) પત્રમાં પોતાના કે અન્ય લેખકોના જે કોઈ વિચારોને સ્થાન મળે તે વિચારો પીઢ, ઉદાર, સ્પષ્ટ અને કાર્યકારી હોવા જોઈએ.

આજે હિંદનું પત્રકારિત્વ સંતોષપ્રદ નથી, એટલે કાં તો પ્રજા એવી તૈયાર થાય કે નામધારી પત્રકારોને ખસી જવું પડે અને કાં તો સુધરે, અથવા પત્રકારો ઉપર કડક કાળજી રાખનાર નિયામક કમિટી હોય.

## કવિ કેવા હોય ?

કવિ કેવળ કલ્પનાક્ષેત્રમાં ઊડનારાં જ કાવ્યો ન રચે. તેના કાવ્યને શબ્દેશબ્દે લોકમાનસને અનુસરતાં અને ઉદ્બોધતાં અસરકારક આંદોલન હોય. કવિ જનતાને રસમાં તરબોળ કરી કોઈ ઊંડા આદર્શમાં પ્રેરી જનાર હોવો જોઈએ.

## લેખક કેવા હોય ?

લેખક નિઃસ્વાર્થી, વિચારક અને લક્ષ્યવાન હોવા જોઈએ. તેનું લખાણ ઉત્તેજનવાળું, છાલકું કે નીરસ ન હોય, પણ ભાવનાવાહી અને આદર્શ હોય. સાહિત્ય એવી સીધી અને સરળ ભાષામાં હોવું જોઈએ કે જે સામાન્ય અભ્યાસીને પણ સુલભ થાય અને તેની કિંમત પણ એવી હળવી હોવી જોઈએ કે સૌ કોઈ ખરીદી શકે.

## ઉપદેશકો

ઉપદેશકો પોતે ચારિત્રશીલ અને જ્ઞાનવાન હોવા જોઈએ. જે વિષયનું તેણે વ્યાખ્યાન આપવાનું હોય તે વિષયનું તેને વિશાળ વાચન અને ઊંડું ચિંતન હોવું ઘટે. અને તેનો ઉપદેશ પણ આખા લોકસમુદાયને ઉપયોગી, આશ્વાસનદાયક અને પ્રેરક હોવો જોઈએ.

આ રીતે પત્રકારો, લેખકો, કવિઓ અને ઉપદેશકો પણ દેશની ઉત્તમ સેવા બજાવી શકે છે. માત્ર તેમનામાં કોઈ એક ચોક્કસ ધ્યેય હોવું જોઈએ, અને તેની કાર્યદિશા પણ ચોક્કસ અને ઉપયોગી હોવી જોઇએ.

**વૈદ્ય**

જેવી રીતે શરીરની પુષ્ટિ અર્થે ખોરાક ઇત્યાદિ તત્ત્વોની આવશ્યકતા છે તેવી જ રીતે તે શરીરને વ્યવસ્થિત રાખવા માટે જ્ઞાન અને તેનાં સાધનોની પણ આવશ્યકતા છે.

પ્રાચીન કાળમાં શિક્ષણની સાથે પોતાની જાતને બરાબર વ્યવસ્થિત રાખી શકે તેવું વૈદ્યક જ્ઞાન પણ આપવામાં આવતું, અને તે ધાર્મિક શિક્ષા જેટલું જ આવશ્યક અંગ મનાતું. અઢાર પ્રકારની વિદ્યાઓમાં આયુર્વેદનું મહત્ત્વભર્યું સ્થાન છે, તે તેનું સ્પષ્ટ પ્રમાણ છે.

**शरीरमाद्यं खलु धर्मसाधनम्।** અર્થાત્ કે શરીર એ સૌથી પહેલું અને ઊંચું ધર્મનું સાધન છે, અને તેની સ્વસ્થતા જાળવવામાં ધર્મની પણ રક્ષા છે, એ વાત પ્રજાવર્ગમાં સૌ કોઈ સ્પષ્ટ સમજતું હતું. ત્યારે વૈદ્યો હતા ખરા, પરંતુ ત્યાં સુધી વૈદ્યોની સ્વતંત્ર સંસ્થા ન હતી.

**વર્તમાન દશા**

આજે તે વિષય પ્રજાવર્ગમાં બહુ ગૌણ થઇ ગયો છે. સામાન્ય પ્રજામાં તે જ્ઞાન નથી રહ્યું તેમ કહીએ તોપણ ચાલી શકે. સામાન્યમાં સામાન્ય દર્દનું પણ નિદાન અને તેને નિવારવાના ઉપાયનું જ્ઞાન બુદ્ધિમાન અને વ્યવહારમાં ડાહ્યા ગણાતા પીઢ માણસોને પણ ન હોય તે વસ્તુ ખરેખર ખેદ ઉત્પન્ન કરે તેવી છે. એક માતાને બાળક કેમ ઉછેરવું તેનું પણ જ્ઞાન ન હોય તો તેની પ્રજા રોગિષ્ઠ બને, તેમાં કશું આશ્ચર્ય નથી.

આવી પરિસ્થિતિમાં જ વૈદ્યોની વૃદ્ધિ થવા પામી છે, અને આજે ઠેરઠેર વૈદ્ય અને ડૉકટરોનાં પાટિયાં નજરે પડે છે. વૈદ્યો વધવાથી દર્દ વધ્યાં છે કે ઘટયાં છે તેનો નિર્ણય સ્પષ્ટ હોવા છતાં તેમાં કાંઈ આપણે વૈદ્યોને દોષ ન આપી શકીએ. પણ એટલું તો ખરું જ છે કે તેઓ જો ધ્યેયપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવતા હોય તો પરિસ્થિતિમાં ખૂબ જ સુધાર થવા પામે, એ વાત નિઃસંદેહ છે.

**કર્તવ્ય**

આર્યવૈદ્ય હો કે ડૉકટર હો, તેણે વૈદ્યક જ્ઞાન પ્રાચીન શાસ્ત્રથી મેળવ્યું હોય કે અર્વાચીન નવી શોધથી મેળવ્યું હોય, તેમાં કશો વાંધો નથી. પરંતુ આટલી બાબતો તો તેણે અવશ્ય યાદ રાખવી જોઈએઃ

[૧] પોતે માનવજાતનો સેવક છે.

વ્યાધિગ્રસ્ત માનવી અપાર દુઃખી હોય છે. તેને શાન્તિ પહોંચાડવાથી તે પોતે પ્રસન્ન થાય છે એટલું જ નહિ પરંતુ એ તન્દુરસ્ત મનુષ્ય પોતાના સમાજ કે દેશનું હિત કરી શકે છે. આ રીતે માનવજાતની સેવા એ ખરેખર સૌથી અગત્યનું કાર્ય છે અને તે એક આદર્શ વૈદ્ય સુંદર રીતે બજાવી શકે છે.

[૨] વૈદ્યે નિઃસ્વાર્થતા કેળવવી જોઈએ.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જો એ નિઃસ્વાર્થી રહે તો તેમના પોતાના જીવનનું શું? અહીં આજીવિકાનો પ્રશ્ન નથી. કેવળ જો તે વૈદ્યવૃત્તિ પર જીવતો હોય તો તેને તેની સેવાના બદલામાં તેનાં સ્થાન અને યોગ્યતા પ્રમાણે પ્રજા તરફથી મહેનતાણું મળવું જોઈએ. અને તે ધ્યેય રાખી તે જે કંઈ પ્રજાવર્ગથી મેળવશે તેમાં કંઈ ખોટું નથી. પરંતુ તે જે કંઈ લે તેની સાથેસાથે તેને એ ખ્યાલ તો હોવો જોઈએ કે "હું એક જવાબદાર વ્યક્તિ છું. ગરીબ પ્રજાને બોજારૂપ ન થાય તેવી જાતનું મારું જીવન હોવું જોઈએ."

[૩] દર્દ થયા પછી તેને નિવારવું એટલું જ વૈદ્યનું કર્તવ્ય નથી. પરંતુ દર્દ ન થાય તેવી પરિસ્થિતિને લાવવાનો પ્રયાસ કરવો એ પણ તેનું કર્તવ્ય છે.

આજે એવી વ્યક્તિઓ ભાગ્યે જ સાંપડી શકે છે. કારણ કે તેને તે શિક્ષણ લેતી વખતે પોતાની કર્તવ્યપરાયણતાનું જ્ઞાન જ આપવામાં આવતું નથી.

દર્દી મરો કે જીવો, તે ગરીબ હો કે તવંગર હો, બીજાં દર્દો તેને થાઓ કે મટો, તેની ઘણા વૈદ્યોને કે ડૉક્ટરોને કંઈ પડી હોતી નથી. તેનું ઉદાહરણ જોઈએ.' ઘણે સ્થળે એવું બને છે કે મૃત્યુ પામેલા ગરીબ મનુષ્ય પાસે પણ છેલ્લે વખતે ઘણા ડૉક્ટરોએ પોતાનો સ્વાર્થ જતો કરવાને બદલે તેમનાં સગાંવહાલાં પાસેથી પોતાની ફી - પાઈએ પાઈ લીધી હોય. માનવતાની દૃષ્ટિએ પણ આ કાર્ય તો નિંદનીય જ ગણાય. તો પછી પ્રજાના સેવકને તો તે કેમ જ છાજે ?

ડૉક્ટર કે વૈદ્ય એ ધંધાદારી વ્યક્તિ ન હોવી જોઈએ; આ ધંધો તો તેમને પ્રજાની સેવાઅર્થે જ હોય. અને માનો કે સાર્વત્રિક આ નિયમ લાગુ ન પડે, અને અપવાદિત વ્યક્તિઓ વ્યાપારની દૃષ્ટિએ વૈદ્યકનો ઉપયોગ કરે, તોપણ તેને માટે નૈતિક મર્યાદા તો હોવી જ જોઇએ. બીજા વ્યાપારની જેમ વૈદ્યક પાછળ કેવળ સ્વાર્થ-ભાવના ન જ હોવી જોઇએ. વૈદ્યો જેટલે અંશે નિઃસ્વાર્થી હોય તેટલે અંશે ગરીબ પ્રજાને તેમનો ઠીકઠીક લાભ મળી શકે.

હા, કેટલાક એવા ડૉક્ટરો છે ખરા કે જેઓ કોઇ સંસ્થામાં પોતાનાં સમય અને શક્તિનો ભોગ આપી રહ્યા હોય. પરંતુ તેઓ જો તેટલામાં જ સેવાધર્મની ઇતિસમાપ્તિ માની લઈ પોતાને ત્યાં આવતા ગરીબ દર્દી પર દયા ન ધરાવે અને ચૂસણનીતિ જ ચલાવે તો તેની આ સંસ્થાની સેવા એ કંઈ સાચી સેવા ન ગણાય—પ્રતિ-

ષ્ઠાનું સાધન જ ગણાય. ખાસ કરીને તેમની વિદ્યા અને શક્તિનો લાભ ગરીબ પ્રજાને તો નિઃસ્વાર્થ ભાવે મળવો જ જોઈએ.

એક વસ્તુ એ પણ છે કે વૈદ્યકનું ધ્યેય કેવળ ધનાર્જન ન હોવું જોઇએ. પણ ઊલટું તે પરમાર્થનું એક અંગ ગણાવું જોઇએ, અને તે દૃષ્ટિબિન્દુથી વૈદ્યની આજીવિકાનું મુખ્ય સાધન વૈદ્યક જ ન હોય. આમ થવાથી આજની પરિસ્થિતિમાં ખૂબ જ પલટો થઈ જવાનો સંભવ છે.

## રોગ ઉત્પન્ન થવાનાં કારણો

રોગોની ઉત્પત્તિમાં કેવળ પ્રારબ્ધ કે પૂર્વકર્મનો દોષ માને છે, તે વસ્તુ બરાબર નથી. રોગ થવાનું મુખ્ય કારણ તો મનુષ્યનું પોતાનું જ અજ્ઞાન છે. શરીર એ માત્ર સાધન છે. તે બરાબર કાર્ય આપી શકે તેવી તે તરફ મનુષ્યમાત્રે સ્વયં કાળજી રાખવી જોઇએ. ખાનપાન, રહનસહન, હવા, જળ વગેરે એવાં સ્વચ્છ અને પરિમિત જોઇએ કે તેથી તેના આરોગ્યમાં ક્ષતિ ન પહોંચે.

ભૂખ વિના ખાવું, જે તે ખાવું, અતિ પ્રમાણમાં ખાવું, એવી એવી ભૂમિથી રોગનો જન્મ થાય છે. તે વાતને મનુષ્ય ભૂલી જાય છે તે જ તેનું અજ્ઞાન. જો મનુષ્ય નિયમપૂર્વક સાદું અને સાત્ત્વિક ભોજન લે, આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખે અને ઇંદ્રિયોની સંયમિતતાથી રહે તો રોગ ઉત્પન્ન થવાનું નિમિત્ત ભાગ્યે જ મળે. રોગ ઉત્પન્ન કરી પછી દવા લઈ તન્દુરસ્ત થવાનો પ્રયત્ન કરવા કરતાં પ્રથમથી જ વિવેક રાખવો, એ વધુ સલામતીભરેલું છે.

પ્રજાવર્ગમાં આવી જાગૃતિ લાવવા માટે વૈદ્યોએ પોતાનો સ્વાર્થ જતો કરીને પણ આવું વાતાવરણ ઉત્પન્ન કરવું, એ તેમનું અનિવાર્ય કર્તવ્ય છે.

## નિવારણના ઉપાયો

જેવી રીતે કુદરતના નિયમથી વિરુદ્ધ વર્તવાથી દર્દ ઉત્પન્ન

થાય છે તે જ રીતે તેને નિવારવા માટે પણ બને ત્યાં સુધી કુદરતી ઉપાયોદ્વારા તે દર્દ મટાડવું વધુ ઉચિત છે. ઉપવાસ, અલ્પાહાર, રસપરિત્યાગ એવી એવી તપશ્ચર્યાઓદ્વારા રોગ મટી શકે છે અને મનનું પણ સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તેનાં જૈનશાસ્ત્રમાં કંઈક પુષ્ટ પ્રમાણો છે. તે સિવાય ઘણાં દર્દો આસન, સૂર્યસ્નાન ઇત્યાદિ પ્રયોગોથી પણ મટી શકે છે. કેટલાંક દર્દો એવાં પણ હોય છે કે જેને માટે ઔષધની આવશ્યકતા છે ખરી. પરંતુ તે ઔષધ હળવું, અલ્પ પ્રયાસથી સાધ્ય અને નિર્દોષ મળે તે ખાતર પ્રાચીન વૈદ્ય-શાસ્ત્રોનું બહુ મોટા પ્રમાણમાં આલક્ષ્ય હોય તેવું તેના ઊંડા અભ્યાસી અનુભવી વૈદ્યોએ સ્પષ્ટ જોયું છે.

જો કે આજે એ જ્ઞાન વિકસિત ન હોવાને કારણે તે તરફ બહુ દુર્લક્ષ સેવાતું હોય તેમ જણાય છે. પરંતુ તેમાં તેને નહિ સમજનારા વર્ગની જ અપૂર્ણતા કારણભૂત છે. આ સ્થળે તો એટલો જ નિર્દેશ કરી શકાય કે અર્વાચીન વૈદ્યકપદ્ધતિ ખૂબ જ પરિવર્તન માગે છે, અને તે પરિવર્તનમાં અર્વાચીન અને પ્રાચ્ય એ બન્નેને તુલનાત્મક દૃષ્ટિએ વિચારવા માટે આ વિષયમાં હજુ બહુબહુ અવકાશ છે. તાજેતરમાં જામનગરમાં જે થોડુંઘણું જોવા મળ્યું, તે જોતાં આવા આયુર્વેદપ્રેમી ડૉકટરો કે વૈદ્યો આ માર્ગમાં સારું કરી શકે એવી આશા બંધાય છે.

### ન્યાય

પ્રજાવર્ગના પારસ્પરિક વિનિમયમાં કે વ્યવહારમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય તો તેને અટકાવવા અને માનવીવૃત્તિ સ્વાર્થ તરફ ઢળી કોઈ ભૂલ કરી બેસે તો તેમાંથી બચાવી લેવા માટે જે તત્ત્વની આવશ્યકતા રહે છે તેને ન્યાયતત્ત્વ તરીકે ઓળખવામાં આવે છે.

આ ન્યાયનું ક્ષેત્ર માત્ર વ્યક્તિ પૂરતું જ નહિ, પરંતુ સમાજ, દેશ અને વિશ્વ જેવડું વિશાળ છે અને હોવું જોઈએ. આ દૃષ્ટિએ

જ શાસ્ત્રકારોએ નીતિને ધર્મના એક અંગ તરીકે સ્વીકારી છે અને તે ખૂબ સમુચિત છે એમ સિદ્ધ થાય છે.

## નીતિધર્મનું અંગ શી રીતે ?

પ્રત્યેક શાસ્ત્રકારે સદ્ધર્મની વ્યાખ્યા આ રીતે કરી છે:

**अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ।** એટલે કે અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એ પાંચ વસ્તુઓનો ધર્મમાં સમાવેશ થાય છે.

મનુષ્ય પોતાના પૂર્વગત કુસંસ્કારો કે કુવૃત્તિને અધીન થઈને આત્મવિકાસ( ધર્મ )નું આ ધ્યેય ન ચૂકે તે ખાતર, અથવા બીજી રીતે કહો તો ધર્મની વૃદ્ધિ ખાતર પણ, નીતિની પરમ આવશ્યકતા સ્વીકારવી જોઈએ. કારણ કે નીતિ એ ધર્મની પુષ્ટિ માટે યોજાયેલી વસ્તુ છે. પ્રજાવર્ગનાં સુખ અને શાન્તિનો મોટો આધાર પણ તેના પર નિર્ભર છે.

નીતિની દૃષ્ટિથી તેની સુરક્ષિતતા જાળવવા માટે જે નિયમો રચાયેલા હોય છે તેમને કાયદા તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાઓના બંધનથી સમાજ કે વ્યકિત કોઈ પણ છૂટી શકે નહિ. કારણ કે નિયમોની અધીનતામાં રહેવાથી કોઈ પણ પ્રસંગમાં તેનો દુરુપયોગ ન થાય.

આવી નીતના જે સંચાલક હોય તે ન્યાયાધીશ ગણાય. પ્રાચીન કાળમાં તે પદ પ્રજાવર્ગના વિશ્વાસપાત્ર તે તે ગામ, તે તે સમાજ કે તે તે વર્ણના આગેવાનને સુપ્રત હતું. અને જો તે સ્વયં તેનું નિરાકરણ ન કરી શકે તો તે બાબતનો છેલ્લો ઉકેલ પ્રજામાન્ય રાજવી પોતે જ લાવતા.

આજે એ આખી વ્યવસ્થાનો પલટો થયો છે. તે ઠીક છે કે અઠીક છે તે પ્રશ્ન વિવાદગ્રસ્ત છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે

ન્યાયનો ઉદ્દેશ આજે ભાગ્યે જ સચવાય છે. લોકકલ્યાણની દૃષ્ટિથી આ વસ્તુ ખરેખર અક્ષમ્ય છે.

### ન્યાયને આભડછેટ

જે ન્યાયને પરિણામે માનવજાતિના દોષોની નિવૃત્તિને બદલે દિવસે દિવસે વૃદ્ધિ થતી હોય, સમાજની વ્યવસ્થાને બદલે અવ્યવસ્થા વધતી હોય, ક્લેશ અને યુદ્ધ મૂળથી નાબૂદ ન થઈ શકતાં હોય અને પ્રજાને સાચું સુખ અને શાન્તિ આપવામાં જે ન્યાયનો કશોયે ફાળો ન હોય, તે ન્યાયને ન્યાય તરીકે શી રીતે ઓળખાવી શકાય? ન્યાય આજે પોતે સ્થાનભ્રષ્ટ થઈ ગયો છે, તેથી જ આ દશા અનુભવાય છે.

અહીં વકીલો, જજો અને એથીયે આગળ વધીને સોલિસિટરો અને બેરિસ્ટરોનો તો થોકેથોક જામતો જાય છે. નવીન પાક પણ પ્રતિવર્ષ ખૂબ ફાલ્યે જ જાય છે. છતાં પ્રજાનું નૈતિક જીવન જોઈએ તેવું સુધર્યું નથી, એ તો આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ.

ફોજદાર, જમાદાર અને પોલીસો સંખ્યાબંધ હોવા છતાં ચોરી, મારફાડ અને દગાફટકાની તો વૃદ્ધિ જ થતી દેખાય છે. આનું કારણ શું હશે, તે પ્રશ્ન ખરેખર વિચારણીય છે.

દેશનું નૈતિક જીવન આ બાબતમાં જવાબદાર છે તે વાત નિઃસંદેહ છે. કારણ કે ભારતમાં આવેલા એક ચિનાઈ મુસાફરે આખી ભારતીય યાત્રા કરી લીધા પછી મુક્તકંઠે ભારતની પ્રશંસા ગાઈ હતી તે વાતને હજુ બહુ લાંબો કાળ વીત્યો નથી. તેણે કહ્યું હતું કે "આતિથ્યસન્માન, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને ત્યાગ ભારતમાં જે ઉત્કૃષ્ટ સ્થાન ભોગવે છે, તે ભાગ્યે જ બીજે હશે."

આજે તે સદ્ગુણોમાં ખૂબ સંકુચિતતા આવેલી આપણે આપણા જીવનપુસ્તકનાં પૃષ્ઠેપૃષ્ઠે વાંચી શકીએ છીએ. ભારતમાં જ વસતા

જનો પોતાના ભાઈઓ પર જેટલો વિશ્વાસ નહિ ધરાવે તેટલો ઇતર દેશના લોકો પર ધરાવશે, તેનું કારણ આપણી નૈતિક નબળાઈ છે. તે નબળાઈ ન હોવા છતાં ક્યાંથી ઊતરી આવી? કોના સંસર્ગથી જન્મી? કયા સંયોગોમાં જન્મી? તે પ્રશ્નો પણ તેટલો જ વિચાર માગે છે. અને તેને અંગે જેમ દેશનું નૈતિક જીવન જવાબદાર છે તેમ પ્રચલિત ન્યાયધોરણ પણ જવાબદાર તો છે જ. આજે ઘણીવાર એવું છડેચોક બને છે કે ગુનેગાર છૂટી જાય છે ત્યારે સાચો માણસ માર્યો જાય છે, દલીલો કરનારા જબ્બર વકીલો તથા ઊટપટાંગ સાક્ષીઓ ઊભા કરી કોર્ટમાં ફાવી જવું એ આજે સાધારણ વસ્તુ થઈ ગઈ છે. જોકે બાહ્ય ન્યાય એ કંઈ ઈશ્વરી કાનૂન નથી કે તેમાં ભૂલ ન થાય. પરંતુ તેવી ભૂલો તો અપવાદિત જ થાય. આજે આવું બનવું અપવાદરૂપે નથી રહ્યું; આજે તો એ અપવાદિત વસ્તુ જ રાજમાર્ગ બની ગઈ છે.

## હવે શું કરવું?

આજના ન્યાયધોરણની પદ્ધતિ અને પાત્ર બદલવાં જોઈએ. આ પદ્ધતિ અને પાત્ર બદલવામાં કોઈ સંસ્થા કે સરકારને હાનિ પહોંચવાની નથી. દેશને કંઈ નુકસાન થવાનું નથી, તેમ તેને માટે કાયદાઓ પણ સાવ બદલી નાખવાની જરૂર નથી. માત્ર નીચેની બાબતો પર ધ્યાન આપવું જોઈએ:

[૧] આજે ન્યાયનું અવલંબન દલીલો પર બહુ અંશે નિર્ભર રહે છે. તેને બદલે દલીલો કરતાં તેની વાસ્તવિકતા પર વિશેષ લક્ષ્ય આપવું જોઈએ.

[૨] ન્યાયાધીશો વાસ્તવિકતાને શોધી શકે તેવા વિચારક, પીઢ અને સત્યપરાયણ હોવા જોઈએ.

[૩] પ્રત્યેક ગુનાની શિક્ષાઓ નવા ગુનાને જન્માવનારી ન થઈ પડતાં ગુનાનું નિવારણ કરે તેવી મળવી જોઈએ.

આમ થવા છતાં વકીલો, ન્યાયાધીશો એ બધું રહેશે ખરું, પણ તેમનું સ્થાન અને ધ્યેય અવશ્ય બદલાઈ જશે.

**પ્રજા પ્રત્યે**

પ્રજામાં આવા ગુનેગારો ઓછા પાકે તે સારુ સમાજ અને જાતિનાં સંગઠન પ્રત્યે પણ રાજસંસ્થા કે સરકારે લક્ષ આપવું જરૂરી છે. એક નાનામાં નાની કોમનું પણ બંધારણ હોવું જોઈએ. આમ થવાથી તે તે સંગઠનથી તે તે જાતિ અને સમાજની આગેવાન વ્યક્તિઓના શિરે તે તે સમાજ કે જાતિની જવાબદારી રહેશે અને નાનીનાની ભૂલોનો તો તેઓ અંદરોઅંદર નિકાલ લાવી શકશે. આથી સરકારને અધિક અમલદારો કે લશ્કર રોકવાની જરૂર નહિ રહે, અને તેમ થવાથી તેટલો રાષ્ટ્ર પર પણ ખર્ચનો બોજો ઓછો થશે. આ બન્ને દષ્ટિએ આમ થવું સુહિતકર છે.

**ગુનાનું મૂળ**

કોઈ પણ ગુનેગાર થયેલો માણસ સંયોગ અને કારણો સિવાય ગુનેગાર થયો હોતો નથી. પ્રથમ તો નિરુપાયે જ તેને તેમ થવાની ફરજ પડી હોય છે. પરંતુ જેમજેમ તેના પર ગુનેગારની છાપ ઠોકાતી જાય છે, અને ઊલટા ઉપચારો અજમાવાતા જાય છે, તેમ-તેમ તે વધુ પાપી બનતો જાય છે. એટલે આ વિષયમાં તેવા નિષ્ણાત માનસશાસ્ત્રીઓ રોકી તેમને સુધારવાનો પ્રયાસ કરવો તે વધુ ઉપયોગી છે.

**માબાપો અને સમાજ**

માબાપોએ બાળકોને નાનપણથી જ નીતિ અને ધર્મમય સંસ્કારો તેના જીવનમાં રેડવા જોઈએ. શિક્ષકોએ માનસશાસ્ત્રી બની આવા આવા દુર્ગુણોનો જન્મ ન થાય તે પ્રત્યે લક્ષ્ય આપવું જોઈએ, અને સમાજના નેતાઓએ સમાજની વ્યક્તિઓ પાપ કે અધર્મ ન કરે તે સારુ તેની આર્થિક સ્થિતિ તપાસતાં રહેવું જોઈએ. તે સાધનહીન

હોય તો તેને સહાય પહોંચાડવી જોઈએ. અને સમાજમાં પ્રવર્તી રહેલી ખર્ચાળ પદ્ધતિઓને એક ગરીબ કુટુમ્બ પણ સાધનસંપન્નની હરોળમાં ઊભું રહી' શકે તેવી બનાવી દેવી જોઈએ.

આ રીતે ન્યાયની વધુ રક્ષા થવાનો સંભવ છે. અને ન્યાયની રક્ષાની તો પ્રત્યેક વ્યક્તિને આવશ્યકતા છે. સૌ પોતપોતાની જવાબદારી સમજે અને નીતિપરાયણ રહે તો અવિશ્વાસ, માનસિક વ્યથાઓ, અતિ સ્વાર્થ અને અધર્મ કે જે દોષો રાષ્ટ્ર અને પ્રજાની સંસ્કૃતિને કોરી રહ્યા છે તેમનો સહેજે અંત આવી રહે.

# ૧૩

# રાજતંત્ર અને પ્રજા

રાજસંસ્થા ઉત્પન્ન થવાનું મૂળકારણ વર્ણવ્યવસ્થા છે. જ્યારથી રાષ્ટ્રની વ્યવસ્થા જાળવવા સારુ ચાતુર્વર્ણ્યની યોજના થઈ ત્યારથી જે વર્ણ क्षतात् किल त्रायत इत्युदग्रः क्षत्रस्य शब्दो भुवनेषु रूढः ॥ रघुवंश ॥ અર્થાત્ રાષ્ટ્રની પ્રજાને દુઃખમાંથી બચાવી રક્ષણ આપતો હતો તેની ગણના ક્ષત્રિયસમાજમાં થતી. પરંતુ ત્યારે તે આખો વર્ગ ક્ષત્રિય તરીકે અને તેનો કોઈ એક નાયક હોય તે નૃપતિ તરીકે ગણાતો. પ્રાચીન ઇતિહાસમાં નૃપ, નૃપતિ, ભૂપતિ, પાર્થિવ ઇત્યાદિ નામો મળી આવે છે.

પાછળથી તે સુભટને સેના સુપ્રત કરવામાં આવી. અને આખા રાષ્ટ્રનું રક્ષણ કરવા સારુ તેના બધા ખર્ચને પહોંચી વળવા માટે અમુક જમીન તથા અધિકારો તેને સોંપવામાં આવ્યા. તદુપરાંત પ્રજા તરફથી તેને કર અને કૃષિભાગ આપવાનું પણ નિયત થયું. ત્યારથી તે નૃપ મટી રાજા બન્યો. સેવકવૃત્તિને બદલે સ્વામીવૃત્તિનો ચેપ તેને ત્યારથી લાગવા માંડ્યો. રાજસંસ્થાનો આ મૂળ ઇતિહાસ છે.

**રાજગુણો**

ગીતાજીમાં ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણો નીચે પ્રમાણે વર્ણવ્યા છે:

**शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।**
**दानमीश्वरभावश्च क्षात्रंकर्म स्वभावजम् ॥**

શૌર્ય, તેજસ્વિતા, ધૈર્ય, ચાતુર્ય, નિડરતા, દાનવૃત્તિ અને ઐશ્વર્ય આટલા ક્ષત્રિયોના સ્વાભાવિક ગુણો છે.

આવા ગુણોને લઇને પ્રજા તેના તરફ પિતૃભાવે વર્તે અને તે પણ પોતાનું કર્તવ્ય સમજી પોતાની અંગત પ્રજાની જેમ તે પ્રત્યે વર્તે. નીતિશાસ્ત્રમાં પણ તેમના ધર્મનું બહુ સુંદર ચિત્રણ આપ્યું છે:

**दुष्टस्य दंडः सुजनस्य पूजा न्यायेन कोशस्य च संप्रवृद्धिः ।**
**अपक्षपातो रिपुराष्ट्रचिंता पंचापि धर्मा नृपपुंगवानाम् ॥**

દુષ્ટતાને દંડવી, સુજનતાની પૂજા કરવી, પ્રજાઅર્થે ન્યાયદ્વારા ભંડાર સાચવવો, પુત્ર અને શત્રુ બન્ને પર ન્યાયદૃષ્ટિએ સમાનતા રાખવી, અને પોતાના રાષ્ટ્રની ઉન્નતિ સતત ચિંતવવી, એ નૃપતિઓના પાંચ અનિવાર્ય ધર્મો છે.

પરંતુ જેમજેમ સાધનો અને સગવડો મળતી ગઈ, તેમતેમ બ્રાહ્મણ અને વૈશ્યો ભૂલ્યા તેમ ક્ષત્રિયો પણ ક્રમશઃ પોતાના આ બધા ધર્મો ભૂલતા ગયા. અને તે કર્તવ્ય ચૂકયા પછી તે સંસ્થાનું ધીરેધીરે સ્વરૂપ પલટાવા લાગ્યું, અને તેમ થતાં ક્રમશઃ બ્રિટીશરોના શાસનકાળમાં એવી તો ગુલામ થઈ ગઈ કે તે રાજાઓને ટકવું હોય તો બ્રિટીશ અમલદારના પગ ચાટવા જ પડે. જે પ્રજાના તે રખેવાળ હતા, જે પ્રજાના હૃદય પર સિંહાસન સ્થાપીને તે ટકી શકે તેમ હતા, તે પ્રજાને તેમણે ચૂસવામાં બાકી ન રાખી. તેઓ સતત અતડા જ રહેવા લાગ્યા. બ્રિટીશરોએ તેમને પ્રજાહૃદયથી તેઓ અલગ રહે, તેવી જ તાલીમ આપવા માંડી, અને લંડન તથા યુરોપની સફરનું જબરદસ્ત આકર્ષણ પેદા કર્યું.

આમ થવામાં મૂળ કારણ વિલાસિતા અને સત્તાનો મદ હતો. જ્યારે વિલાસિતાનું જોર વ્યાપે છે, સત્તાના મદની ખુમારી ચડે છે,

ત્યારે અધર્મ અને અત્યાચારની પરંપરા વધતી જાય છે. જ્યારે આમાં પ્રજાવર્ગના જ ગણાતા આગેવાનો સ્વાર્થ અને લાલચને વશ થઇ સાથ પૂરે છે, ત્યારે તો આ પરંપરા વિરાટ સ્વરૂપ પકડી તેને ભોગ પડેલી પ્રજાને તેના પંજામાં પકડી કચડીને તારાજ કરે છે.

આવી પ્રજાનો અંતર્નાદ ગોસ્વામી તુલસીદાસજીના શબ્દોમાં આ મુજબ છે:

**शोचिय नृपति जो नीति न जाना ।**
**जेही न प्रजा प्रिय प्राणसमाना ॥**

તે નરપતિ જીવતાં છતાં મરેલાની માફક શોચનીય છે કે જે નરપતિને પ્રજા પ્રાણ સમાન વહાલી નથી.

### રાજાશાહી તો ગઈ !

જે રાજાશાહીએ માઝા મૂકી હતી, જેની આગળ પ્રજાનું ધન અને પ્રજાની બહેનબેટીઓ પણ સલામત નહોતી, અન્યાય, વિલાસ, શોષણ વગેરે અનિષ્ટો જેમાં ઘર ઘાલી બેઠા હતાં, તે રાજાશાહી તો જડમૂળથી ગઈ. જેને દેવાંશી અધિકાર માનવામાં આવતો, પૂર્વભવથી જ રાજગાદીનું ખતપત્ર ઈશ્વરદત્ત મળે છે એ માન્યતા હતી, તે બધું કાળની ખાઈમાં ધરપાઈ ગયું. બાપુજી કહેતા કે, બ્રિટિશરોનું ભારત પરનું શાસન ગયા પછી રાજાઓની બહુ ચિંતા કરવાની જરૂર નથી. બાપુ કહેતા અને દીર્ઘદ્રષ્ટાઓ કલ્પતા તેના કરતાંય બહુ વહેલું રાજાશાહીનું પ્રસ્થાન થયું.

હવે શું ?

દુનિયાના ઇતિહાસમાં છેલ્લે છેલ્લે જે વાદો જોયા, તેમાં (૧) સામ્રાજ્યવાદ, (૨) વારસાગત રાજાવાદ, (૩) પ્રજાનિયુક્ત સરમુખત્યારવાદ (૪) સમાજવાદ, અને (૫) લોકશાહી મુખ્ય છે.

સામ્રાજ્યવાદનો સિદ્ધાંત સત્તા અને મૂડીના વર્ચસ્વ તરફ દોરી

જાય છે. બ્રિટીશ અને અમેરિકન પ્રજા સભ્યતાની દૃષ્ટિએ ભલી છે, પરંતુ આ સિદ્ધાંત એ સત્તાઓને લોકશાહીની વાતો કરવા છતાં ઍટમબૉમ્બ સુધી ખેંચી ગયો. સ્વયં બ્રિટનમાં લોકમતાધિકાર છે, છતાં એ આખી પ્રજા સામ્રાજ્યવાદને લીધે જગતની મોટામાં મોટી ટીકાને પાત્ર બની ગઈ અને ચર્ચીલ જેવા લોકોને જન્માવ્યા. આજે ત્યાં કામદાર પક્ષ શાસન પર છે અને સામ્રાજ્યવાદનો ખૂરો પરચો યુરોપને મળી ગયો છે, તેથી તે લોકશાહી તરફ આકર્ષાય છે. પરંતુ સામ્રાજ્યવાદની ચૂડમાંથી છૂટી આ માર્ગે જવું એ એને માટે હજુ દુર્ગમ કાર્ય છે.

વારસાગત રાજાવાદ માટે હિંદે દુનિયામાં ખૂરો નમૂનો પૂરો પાડ્યો છે. બ્રિટનના રાજા પાસે ખાસ કશી જ સત્તા હોતી નથી, એટલે ત્યાંનો રાજાવાદ ટકી રહ્યો છે. જપાનમાં રાજપદ દેવાંશી મનાતું, એ વર્ષો પહેલાં જ ઊડી ગયું. હિંદનો રાજાવાદ આ જ વર્ષમાં લગભગ મૃત્યુ પામ્યો.

પ્રજાનિયુક્ત સરમુખત્યારશાહી કાર્યવાહીની દૃષ્ટિએ સફળ થતી જણાય છે, પરંતુ એને લીધે પ્રજા પોતે સ્વતંત્ર રીતે જાગ્રત થતી નથી. સરમુખત્યારશાહી તે સરમુખત્યારને પણ મદોન્મત્ત બનાવી દે એવો પૂરતો સંભવ છે. એ માર્ગ કેવો જોખમી છે તે જોવા માટે હેર હિટલર અને મુસોલિનીનાં ઉદાહરણો બસ છે.

'સમાજવાદ' અને 'સામ્યવાદ' શબ્દો આકર્ષક છે, પણ એનો અમલ અહિંસક સાધનોદ્વારા ન થાય, તો આજે રશિયા જે દિશા તરફ ઢળતું જાય છે, તે દિશામાં છેવટે સરમુખત્યારશાહી જ જન્મે.

લોકશાહીનો સિદ્ધાંત આ બધામાં આજે ઉચ્ચ પંક્તિનો ગણાય. હિંદને ઘણાં વર્ષોની ગુલામી પછી આજે લોકશાહી ખીલવવાની તક મળી છે. પૂ. મહાત્માજી અને પંડિત જવાહરલાલ જેવાઓની વિશ્વવ્યાપી નૈતિક અસરને લીધે દુનિયાનાં રાષ્ટ્રોમાં હિંદની ઇજ્જત

વધતી જાય છે. પડોશી રાષ્ટ્રોની મેલી મુરાદને, પગભર થયાં પહેલાં નૈતિકબળ તરફ જ મુખ્ય ઝોક આપી શિકસ્ત આપવી, મહાન શસ્ત્રાસ્ત્રધારી અને મુત્સદ્દીગીરીમાં જામેલા યુરોપીય દેશોની ચૂડમાંથી બચીને ટકી રહેવું, તેમજ સાથે સાથે આર્થિક સદ્ધરતા પણ સાધવી, આ કામ ભારે મુશ્કેલ છે, છતાં હિંદમાં તે થઈ રહ્યું છે. લોકસભામાં જે બંધારણ ઘડાઈ રહ્યું છે તે હિંદને લોકશાહીની દિશામાં ખેંચી જાય છે.

## લોકશાહીનાં ભયસ્થળો

(૧) લોકશાહીમાં માથાંથી મતગણતરી કરવાની રહે છે અને બહુમતી જે દિશા પર જાય ત્યાં રાષ્ટ્રને ખેંચાવું પડે છે. સમજદાર ભેજાંઓ હમેશાં ઓછાં રહેવાનાં અને એમાં પણ ઊંડી અને વ્યાપક સમજવાળાં માથાં બહુ જ ઓછાં હોવાનાં. આવા ઓછા માણસોને જો પ્રચારનું સાધન પૂરતું ન મળે, અથવા એ માણસોનો આમપ્રજા સાથે વિશાળ સંપર્ક ન હોય, તો ખોટી દિશા હોવા છતાં તે તરફ બહુ માથાં ખેંચાઈ જવાનાં. આમ થાય તો લોકશાહી શબ્દ ભલે વપરાય: પણ સરવાળે તો ટોળાશાહીનો જ વિજય થવાનો. ટોળાશાહી એ લોકશાહીનું મોટામાં મોટું ભયસ્થળ છે.

(૨) જ્ઞાતિ, ધર્મ અને રંગની દીવાલને લીધે પણ જનસમૂહ ખેંચાવાનો. આજે યુરોપીય રાષ્ટ્રોની દશા આપણે જોઈ રહ્યા છીએ.

## નિવારણ

આ ભયસ્થળોનું નિવારણ લોકજાગૃતિથી થઈ શકે. પ્રજાનો મોટો સમૂહ મતપ્રદાનનું મહત્ત્વ સમજે, અને સ્વરાજ્ય એટલે પોતાની રાષ્ટ્ર પ્રત્યેની પૂર્ણ જવાબદારી: આવી સમજણ લોકશાહી શાસનમાં સૌથી પ્રથમ જરૂરી છે. આ સમજણ પુસ્તકમાત્રથી ન આવે, પણ પ્રયોગમય તાલીમથી આવે, એટલા સારુ વિકેંદ્રિત કામધંધાઓ અને એમને સાંકળનારાં સહકારી સંસ્કારમંડળો ખૂબ જરૂરી છે. ગાંધીજીએ

ચીંધેલી આશ્રમપ્રણાલી અને રચનાત્મક કાર્ય લોકશાહીના ઘડતરમાં સુંદર ફાળો આપી શકશે.

સત્યાગ્રહી અને સવિનય ભંગ કરનારાં વીર સેવકસેવિકાઓનાં દળો સમાજ માટે પણ જરૂરી છે.

સરકાર ઉપર તો માત્ર થોડો લશ્કરી આધાર અને વિદેશ સંબંધ; સિવાય કેળવણી, ઉત્પાદન–વિનિમય, સ્વાશ્રયી સંરક્ષણ વગેરે બધાં જ કામો સમાજે જાતે જ ઉપાડી લેવાં પડશે.

આવા પ્રજાઘડતરમાંથી જે સ્વયંસ્ફુરિત વાદ ઉત્પન્ન થશે તે ગમે તે છાપનો હોય તોયે ઉત્તમ હશે. હું આવા વાદને સર્વાનુમતિ-વાદવાળું લોકતંત્ર કહીશ.

આ બધું થાય ત્યાં લગી આજના અમલદારી તંત્રથી જ હિંદને વહીવટ ચલાવવાનો રહેશે. આજનું અમલદારી તંત્ર જૂની રીતરસમોથી ટેવાયેલું છે; જોકે એની બુદ્ધિમાં એ વાત ઊતરી છે કે હવે એ જૂની રીતરસમોને સુધાર્યા વિના નહિ ચાલે. પરંતુ ટેવોને સુધારતાં પણ સમય લાગવાનો. આથી પ્રજાએ એક બાજુ ધીરજ અને બીજી બાજુ લાંચરુશ્વત નહિ આપવી, ખુશામત નહિ કરવી એ જાતની કડકાઈ પણ રાખવી પડશે.

### અમલદારોનાં કર્તવ્યો

(૧) પોતે પ્રજાનો એક સેવક છે તેમ સમજવું.

(૨) પ્રસંગ પડ્યે પ્રજા અને રાજતંત્ર બન્ને વચ્ચે ઉપસ્થિત થતા ગુંચવણીના પ્રશ્નોને ઉકેલી તેઓનો પ્રેમસંબંધ કાયમ રહે તેવી રીતે વર્તવું.

(૩) પોતાની વૃત્તિમાં સંતોષ રાખવો.

(૪) પ્રજાવર્ગ પાસેથી વેઠ, ખોટા કરવેરા કે લાંચથી હમેશાં અસ્પૃષ્ટ રહેવું.

(૫) સદાચારી અને નિર્વ્યસની થવું.

(૬) પ્રજાનો ચાહ મેળવવા પ્રયત્ન કરવો.

(૭) પ્રધાનોએ પણ પ્રેમ અને ચારિત્ર્યની ઉજ્જવળતા એ બે અંગો પર ખાસ ધ્યાન આપવાનું રહે છે. સદ્ભાગ્યે આજે પ્રધાનોમાં આ તત્ત્વો ઘણે સ્થળે દેખાય છે. પ્રજાએ કે પ્રજાસેવકોએ એ ગુણોમાં ઉમેરો કરવાનાં નિમિત્તો પૂરાં પાડવાં.

આટલી સાદી વાતો તે વર્ગ સમજતો થાય, તો આજનું રાજતંત્ર ખૂબ સુધાર પામે. પરંતુ તેવો નિઃસ્વાર્થી વર્ગ ઉત્પન્ન કરવા માટે કે બનાવવા માટે તો પ્રજા અને રાજા બન્નેએ ચીવટ રાખી પોતાનાં કર્તવ્યો પ્રત્યે જાગરૂક રહેવું ઘટે. તો જ તે વસ્તુ શક્ય થાય. રાજા અને પ્રજાનો પરસ્પર મીઠો સંબંધ હોય, તો કર્મચારીવર્ગની ત્રુટિઓ સૂર્યપ્રકાશમાં પદાર્થોની માફક સ્પષ્ટ માલૂમ પડી આવે.

## સંસ્કૃતિસુધારનાં ચિહ્નો

જે પ્રજા પરસ્પર સંગઠિત હોય, સેવાપ્રેમી હોય, જ્યાં ચોરી, વિલાસ કે લંપટવૃત્તિનાં દર્શન ભાગ્યે જ થતાં હોય.

જ્યાં શરીરને હાનિકારક વ્યસનો ન દેખાતાં હોય.

જ્યાં પોતાની સ્વાદવૃત્તિને પોષવા દૂધાળાં પશુઓ હણવાનાં કારખાનાં ન હોય.

જ્યાં શૌર્ય, ક્ષમા અને સાચી દયા હોય.

જ્યાં કલેશ, રાષ્ટ્રદ્રોહ અને દંભ ભાગ્યે જ હોય.

જ્યાં વ્યાપારીથી કૃષિકાર ડરતો ન હોય.

જ્યાં સ્ત્રીઓને અભય હોય.

જ્યાં જાતિજાતિ વચ્ચે અને ધર્મધર્મ વચ્ચે અસહિષ્ણુતા નહિ, બલકે પ્રેમ હોય. આ બધાં સંસ્કૃતિસુધારનાં ચિહ્નો છે. આવા સંસ્કૃતિસુધારમાં પ્રજાના સુખનો મોટો આધાર છે.

જ્યાં શૌર્ય, લંપટાઇ, ઠગાઇ, રાષ્ટ્રદ્રોહ, ક્લેશ, જુગાર, વ્યસનો અને ભીતિનાં જોર વ્યાપ્યાં છે, ત્યાં દોલતના ખજાનાઓ હોવા છતાં શાંતિનું બિંદુયે હોતું નથી. સાચી શાંતિનો આધાર સંસ્કારિતા પર નિર્ભર છે.

## (૧) શિક્ષણ

સંસ્કૃતિસુધાર માટે બીજું સાધન શિક્ષણ છે. દરેક શાળામાં ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ પોષે એવું સ્વતંત્ર સાહિત્ય તેણે પૂરું પાડવું જોઈએ. તે સાહિત્ય કરતાં પણ સૌથી પ્રથમ તો શાળાના શિક્ષક-શિક્ષિકાઓ સદાચારી અને સુદૃઢ હોવાં ઘટે. તેઓ બાળકોનો સ્નેહ કેળવી ઇતર કેળવણી કરતાં આવી સંસ્કૃતિવિકાસની કેળવણીમાં વધુ દત્તચિત્ત રહે.

વળી બાળકોમાંથી સંસ્કારો ઘેર ગયા પછી ન ભૂંસાય તે માટે તેવી ભાવનાઓનો પ્રચાર કરવા માટે તેવો વર્ગ ખાસ રોકવો જોઇએ કે જે સમાજની કુરૂઢિઓ દૂર કરી સમાજમાં સંસ્કૃતિનાં નવચણતરો ચણે. સ્ત્રીઓમાં વ્યવહારુ શિક્ષણનો પણ તેની સાથે જ વિકાસ થવો જોઈએ. તે વર્ગની સુશિક્ષિતતા પ્રજાવર્ગની સુધારણાની ચાવી છે.

## (૨) આર્થિક ઉન્નતિ

સૌથી પહેલાં સામુદાયિક દૃષ્ટિએ આર્થિક પ્રકરણ વિચારવું ઘટે. મૂઠીભર મૂડીવાળાઓ કે થોડા બુદ્ધિમાનો જેનો લાભ લઈ શકે તે કંઈ આર્થિક ઉન્નતિ ન કહી શકાય. તેમ ખૂબ ધનસંગ્રહ કરવો તે પણ કંઈ આર્થિક ઉન્નતિ નથી ગણાતી. આર્થિક ઉન્નતિમાં માત્ર આટલું જ મુખ્યત્વે વિચારવાનું હોય કે મારા તંત્ર નીચે રહેલી કોઈ પણ વ્યક્તિ ભૂખે મરતી ન હોય, એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય સહેલાઈથી પોતાની આવશ્યક સામગ્રી મેળવી શકે.

આમ કરવામાં યંત્રવાદને તિલાંજલિ આપી ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગની ખિલવણી પ્રથમ જ કરવી પડશે.

## (૩) આર્થિક મુશ્કેલીનાં કારણો

પ્રજા પર મોટા પ્રકારના કર અને વેરા નાખવાથી રાજની તિજોરી તર થતી હોય તેમ માનવામાં આવે છે. પરંતુ અધિક કર-વેરો નાખવાથી તો કૃષિકાર અને વ્યાપારી બન્ને પાયમાલ થાય છે, અને તે પાયમાલ થયા પછી તો ખોરાકહીન રાખેલી ગાય પાસે દૂધ લેવા જેવો તાલ બની રહે છે. જે રાજવી દીર્ઘદૃષ્ટિ રાખી ઓછા કરવેરા રાખે છે તેની પ્રજા સમ્પત્તિશાળી રહેવાથી ઊલટો તેને પાછળથી બેવડો લાભ થાય છે, એ ખૂબ સમજવા જેવી વસ્તુ છે.

આથી પ્રજાને આબાદ રાખવા સારુ બને ત્યાં સુધી કરવેરો ઓછો જ રાખવો ઘટે, અને જે ધન મેળવાય તેનો ખોટા વહીવટી ખર્ચ ખાતર નહિ પરંતુ વિશેષતઃ પ્રજાવર્ગને શિક્ષણ તથા સુખ અને સગવડનાં સાધનો આપવામાં સદુપયોગ થવો જોઈએ.

જે દ્વારા સંસ્કૃતિનું અધઃપતન થાય તે શિક્ષણ નથી. માટે પ્રજામાં શિક્ષણ એવું આપવું જોઈએ કે જે દ્વારા પ્રજામાં સ્વાવલંબિત્વ, પ્રેમ, ઐક્ય, રાષ્ટ્રપ્રેમ અને ધાર્મિકતામાં ઉન્નતિ થાય. અને સુખ-સગવડનાં સાધનો પણ પ્રજાને વિલાસી કે પામર બનાવે તેવાં નહિ પરંતુ ઉપરની ભાવનાનાં પ્રેરક હોવાં જોઈએ.

આવું રાજતંત્ર નવા દર્દીઓ ઉત્પન્ન કરવાની હોસ્પિટલ નહિ બનાવે, પણ દર્દ ન થાય તેના ઉપાયોની શાળાઓ બનાવશે. તે ચક્કી, નળ, વીજળીબત્તી ઇત્યાદિ સાધનોને બદલે કુદરતી હવા, પ્રકાશ વધુ મળે તેવી યોજના અને ઉદ્યોગમંદિરો બનાવવા પ્રતિ વધુ લક્ષ આપશે. આ તો માત્ર એક વસ્તુનિર્દેશ છે.

આર્થિક સંક્રામણનું મુખ્ય કારણ તો પ્રજાની અજ્ઞાનતા છે. તે અજ્ઞાનતા ભિન્નભિન્ન પ્રકારની હોય છે. દાખલા તરીકે, કાલાંનો એક ખેડૂત બધી સામગ્રી ધરાવે છે. તે તેમાંથી કપાસ, રૂ, કપાસિયા વગેરે ઉત્પન્ન કરી રૂમાંથી વસ્ત્ર બનાવી શકે છે અને કપાસિયા-

પોતાનાં ઢોરને ખવડાવી તેમાંથી શરીરનાં પૌષ્ટિક તત્ત્વો દૂધ, ઘી વગેરે ઉત્પન્ન કરી શકે છે. પરંતુ તેને બદલે તે તાત્કાલિક લાભ ખાતર કાલાં વેચી નાખે છે. આથી તેને બમણું નુકસાન વેઠવું પડે છે. આમાં તેની અજ્ઞાનતા અને અજ્ઞાનતાજન્ય આળસ જ કારણભૂત છે.

કૃષિકાર પોતાનું સારામાં સારું ખાતર વેડફી નાખે છે, કેમ વાવવું તેનું તેને જ્ઞાન હોતું નથી. આથી સારી જમીન કે જેમાંથી તે ત્રણ મોસમ લઈ શકે તેમાંથી બહુ જ ઓછું ઉત્પન્ન કરી શકે છે.

કેટલીકવાર સુદક્ષ કૃષિકાર પાણી, બળદ, જમીન ઇત્યાદિ સાધનોને અભાવે પણ નિષ્ફળ જાય છે. આવે પ્રસંગે તેને કૃષિનું જ્ઞાન અને સાધનો આપવાથી ઘણી વખત કઠણ મુશ્કેલીનો સરળ રીતે ઉકેલ આવી રહે છે.

વ્યાપારીઓમાં પણ કઈ વસ્તુ કેવી રીતે રાખવી, લાવવી અને વેચવું તેમનું તેમને જ્ઞાન ન હોવાથી બહુ નુકસાન વેઠવું પડે છે.

આથી તેમને પોતપોતાના વ્યાપારનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થાથી રાજતંત્ર અને પ્રજા બન્નેને લાભ થવાનો સંભવ છે. આજે દુનિયાના સંયોગો જોતાં આપદ્ધર્મ તરીકે યંત્રોને ઓછાં ન કરી શકીએ તો પણ એને [illegible] ન થાય એની કાળજી તો અવશ્ય રાખીએ. ગ્રામઉદ્યોગો [illegible] ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને જ આપણે સર્વાનુમતિવાળા લોકશાસનને લાવવામાં ફતેહમંદ થઈ શકીશું.

આર્થિક સંકટનું ત્રીજું કારણ સામાજિક કુરૂઢિઓ છે. પોતાનું ઘર ન પહોંચવા છતાં લગ્ન, કારજ અને એવાએવા વરાઓ પાછળ ઘણો દ્રવ્યવ્યય થાય છે, તો આવા કુરિવાજો અટકાવવામાં રાજ્યતંત્રે પોતે જ સાથ આપવો જોઈએ.

આ બાધક કારણોને હટાવી ઔદ્યોગિક તથા ખેતીવિષયક ઉન્નતિ તરફ લક્ષ આપવાથી અને પ્રજામાં આળસવૃત્તિ અને નિરુ-

ત્સાહ ન વધે તે પ્રત્યે ધ્યાન આપવાથી આર્થિક પ્રશ્નનો ઉકેલ સહજમાં આવી જશે.

આ પ્રશ્નના ઉકેલ સારુ ઇતર દેશના ઉદ્યોગોનો અભ્યાસ અને અનુભવ પણ રાજ્યે ઊંડાણથી કરી લેવો ઘટે.

## (૪) સર્વધર્મસમભાવ

હમેશાં રાજતંત્રે પોતાની પ્રજા જે જે ધર્મ માનતી હોય તે તે સૌ ધર્મ પર સમાન ભાવ રાખવો જોઈએ. આમ કરવાથી ધર્મ–ધર્મ વચ્ચેની ભિન્નતાનો અંત આવી રહેશે. ધર્મની ભિન્નતા ઘણીવાર મહાકલેશ અને અનર્થનું બીજારોપણ કરી દે છે.

## ભિન્નભિન્ન ધર્મોનું કારણ

બધા ધર્મોનું ધ્યેય એક જ છે. માત્ર તેનાં ભિન્નભિન્ન સાધનો અને માર્ગો છે, તેથી એકબીજા વચ્ચે વૈમનસ્ય નહિ બલકે સુસંગઠન હોવું જોઈએ.

જે જે ભિન્નભિન્ન ધર્મસંસ્થાપકોએ તેની ભિન્નભિન્ન કરણ–પ્રણાલિકા બતાવી છે તે કેવળ તે તે સમય અને તે તે સમાજના માનસને અનુલક્ષીને જ બનાવી હોય છે.

મનુષ્યમાત્રની વૃત્તિઓ અને રુચિઓ ભિન્નભિન્ન હોવાથી જ એક સનાતન અને શુદ્ધ સત્યને પ્રાપ્ત કરવાના ઉપાયો આ પ્રમાણે ભિન્નભિન્ન રૂપે તે મહાપુરુષો વર્ણવી ગયા છે.

આવી ભાવનાનો પ્રચાર કરવો ઘટે.

## (૫) સમાનતા

નાની કે મોટી કોઇ પણ કોમ પ્રત્યે સમાનવૃત્તિથી વર્તવું. આમ કરવાથી કોમકોમ વચ્ચેના કલેશો શાંત થઈ જઈ રાષ્ટ્ર-શાંતિમાં ઉમેરો થશે. અને સંગઠન વધવાથી દુષ્કાળ, મરકી, ભૂકંપ કે એવા દેવી પ્રકોપો વખતે તે પ્રજા પરસ્પર ઉપકારક થઈ પડશે,

અને આમ થવાથી રાજ્યતંત્રની ચિંતાનો બોજો હળવો થશે.

દલિત કોમ કે સ્ત્રીજાતિ અથવા નાના સમાજને ક્યાંય દુઃખ થતું હોય તો તેનાં મૂળ કારણોનો નાશ કરવા દત્તચિત્ત રહેવું ઘટે.

(૬) તંત્રસુધારણા

અમલદારો અને પાસવાનો એવા ચૂંટવા જોઈએ કે જે સદ્ગુણી અને સદાચારી હોય.

પ્રત્યેક અમલદારને ભાન થવું જોઈએ કે તે સત્તાનો ઉપયોગ કરનારો નહિ પણ પ્રજાનો સેવક છે.

તે વર્ગની આવી મનોવૃતિ થવાથી રાજ્ય અને પ્રજા વચ્ચેનું વાત્સલ્ય વધતું જશે અને શાંતિનો પ્રચાર થશે.

અમલદારની ચૂંટણીમાં કોઈ પણ જાતિ, સમાજ કે વ્યક્તિનો પક્ષપાત ન હોવો જોઈએ.

ઉપર્યુક્ત વસ્તુઓ પ્રતિ લક્ષ અને વર્તન રાખનાર રાજતંત્ર પ્રજાનું વલ્લભ બનશે અને તેનું રાજ્ય તે આદર્શ રામરાજ્ય જ બની જશે, તેમ માનવામાં લેશમાત્ર અતિશયોક્તિને સ્થાન નથી.

જેવી રીતે રાજ્યે પ્રજા તરફ વર્તવાનું છે તે જ રીતે પ્રજાએ પણ રાજ્ય પ્રત્યે સદ્ભાવથી વર્તવાનું છે.

પ્રજામાં પરસ્પર પ્રેમ, વફાદારી, ઉદ્યોગિતા અને સંસ્કૃતિનો જેમજેમ વિકાસ થતો જાય, તેમતેમ રાજ્યમાં પણ તેનાં સંસર્ગનું શુભ પરિણામ થતું રહે.

આ બંન્ને અંગો જો પોતપોતાનાં કર્તવ્યો સમજીને આચરે, તો આજના રાષ્ટ્રનાં આર્થિક સંકટો અને પરતંત્રતાની બેડી શીઘ્રતાથી વિલય પામે.

## ૧૪

# સમાજ અને સેવાવૃત્તિ

જે સમાજમાં જેટલો સહજ સેવાવૃત્તિનો વિકાસ તેટલો જ તે સમાજ સમૃદ્ધ અને સંસ્કૃત હોવાનો. ભારતવર્ષમાં તો સહજ સેવાવૃત્તિ એટલી બધી વિકસી હતી કે તેમાંથી 'तेन त्यक्तेन भुञ्जिथाः ।' એ સૂત્ર પેદા થયું હતું. અને એકેએક મનુષ્ય પોતાના જીવનમાં સહજ સેવાનું વ્રત તાણાવાણાની જેમ વણી લે એવી સમાજના ઘડવૈયાઓએ રચના કરી હતી. બ્રહ્મચર્યાશ્રમથી માંડીને ચારે આશ્રમો અને બ્રાહ્મણથી માંડીને શૂદ્ર સુધીના વર્ણોની યોજના એ માટે જીવન્ત પ્રમાણ છે. પરંતુ દિવસે દિવસે સહજ સેવાની વૃત્તિ લુપ્ત થતી ગઇ અને તેને સ્થાને સ્વાર્થ અને વિલાસ પાંગરી ગયા. વર્ણાશ્રમની મૂળ દૃષ્ટિ ચાલી જતાં એ વ્યવસ્થા ચૂંથાઈ ગઈ. ખરી રીતે સેવામાં સેવ્ય–સેવક એવા ભેદ હોતા જ નથી. એક એક પ્રકારની સેવા કરે, તો બીજો બીજા પ્રકારની સેવા કરે. એટલે જો સેવ્ય કહીએ તો બંને સેવ્ય છે અને સેવક કહીએ તો બન્ને સેવક છે.

આજે સેવા શબ્દની વિકૃતિ થઈ ગઈ છે. આપણે પોતે પણ એટલા તો ટેવાઇ ગયા છીએ કે સેવક શબ્દ બોલતાની સાથે જ તેની સામે સ્વામી શબ્દની યોજના કરવાનું ચૂકતા નથી. શાસ્ત્રકારોએ અને સાહિત્યકારોએ પણ સ્વામિત્વ–સેવકત્વ સંબંધ જોડી તે સંસ્કારોને

પ્રજામાં ખૂબ રૂઢ કર્યાં છે. સેવા શબ્દની વિકૃતિને અંગે આપણને ખૂબ વેઠવું પડ્યું છે. અને સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ તેણે ગુંચવાડો ઊભો કર્યો છે. સમાજના અને રાષ્ટ્રના નેતાઓમાં રહેલી સ્વામિત્વવૃત્તિએ તેમના સેવાભાવના આદર્શનો લોપ કર્યો હોય તેમ આપણે ઘણે સ્થળે સ્પષ્ટ જોઈએ છીએ.

આઝાદી આવ્યા પછી પણ લોકો જવાબદારી વધી એમ સમજવાને બદલે ત્યાગ અને સેવાનો બદલો કેવી રીતે અને કેટલો લેવો તેની જ દોડમાં પડી ગયા છે. ખરી રીતે આજે હિંદને પુનઃરચનાનો મહાન અવસર પ્રાપ્ત થયો છે. દુનિયાની ખવાઈ ગયેલી સંસ્કૃતિમાં હિંદે પ્રાણ પૂરવાનો છે. પણ આવું ભાગ્યે જ કોઇ વિચારે છે. કારણ ઉપર જણાવ્યું તે જ છે. જો સેવાને આપણા જીવનમાં સહજ સ્થાન મળે તો ઉપદેશ આપવાની જરૂર ન રહે.

**जीवानां परस्परमुपग्रहः** । तत्त्वार्थाधिगमसूत्र ॥

એક સૂક્ષ્મ જંતુથી માંડીને મહાન પ્રાણી સુધી સૌ કોઈ પરસ્પરના સહકારથી જ જીવે છે. ઇતર જાતિ કરતાં પોતપોતાની જાતિમાં આ નિયમ સર્વવ્યાપી અને સીધી રીતે લાગુ પડે છે.

કોઇ પ્રાણીવર્ગ ક્વચિત્ બીજી જાતિપરત્વે સામૂહિક વેર પણ દાખવશે. પરંતુ તે પણ પોતાના જાતિગત પ્રશ્નમાં સંગઠિત જોવામાં આવશે, અને સેવા અને સહકારથી પારસ્પરિક જીવન જીવતો નજરે પડશે.

જુઓ, એક કીડીના સમાજ પર દૃષ્ટિ ફેરવીએ. તે સમાજ ખાવાપીવાથી માંડીને દરેક ક્રિયામાં પરસ્પરનો સહકાર સાધે છે અને પરસ્પરના ઉપકારે જીવે છે. બહારની આવી પડેલી આફતમાં પણ તેનો સહકાર તો કાયમ જ રહે છે, અને સંગઠન સાધી લે છે. જ્યારે તેનો સમૂહસહકાર જાગે છે, ત્યારે સર્પ જેવા ઝેરી મહાન પ્રાણીને પણ તે પરાસ્ત બનાવે છે. જો તેનો સમાજસહકાર ન હોત, તો તેની

ભિન્નભિન્ન વહેંચાયેલી શક્તિ અલ્પ જ કાર્યકારી નીવડત. જ્યારે પારસ્પરિક સહકાર કે સંગઠન થયું ત્યારે ભિન્નભિન્ન પાત્રમાં રહેલી અલ્પઅલ્પ શક્તિ પણ કેટલી કાર્યકારી નીવડી?

આ દૃષ્ટિબિંદુથી માનવસમાજમાં પણ સહકાર અને સેવાતત્ત્વની ઉત્પત્તિ અને વ્યાપકતા હોય છે અને હોવી જોઈએ. સરળતાથી જીવનવહન કરવા માટે અને બીજી વિપત્તિઓનો સામનો કરવા સેવાતત્ત્વ ઉપયોગી છે, અને જેમ સૂક્ષ્મ જંતુઓમાં કે પશુપક્ષીઓમાં પોતપોતાની જાતપરત્વે તે જેમ સ્પષ્ટ અને સ્વાભાવિક દેખાય છે તેમ મનુષ્યસમાજમાં પણ સેવાતત્ત્વ સ્વાભાવિક જ છે.

પરંતુ સેવા લેનાર વ્યક્તિ પોતાને સ્વામી માની જો તે સેવાવૃત્તિનો દુરુપયોગ કરે તો ત્યાં સેવા શબ્દ મૂળ સ્વરૂપ છોડીને વિકૃતિ ધારણ કરે છે. કારણ કે સેવા એ સ્વેચ્છાનો પ્રશ્ન છે, અને તે સ્વતઃ ઉદ્ભવે છે. પરંતુ જ્યારે તે જ સેવામાં પરાવલંબિતા આવે છે ત્યારે તે સેવા મટી ગુલામી બને છે; સહકાર મટી અત્યાચાર બને છે.

### તેના નમૂના

જ્યારે સ્ત્રીનો પતિ સહકારી મટી માલિક કે સ્વામી બન્યો, ત્યારે તે તેના શરીરનો ગમે ત્યારે અને ગમે તેવી રીતે ઉપયોગ કરી શકે છે.

એક નોકરનો શેઠ માલિક બન્યો એટલે તેના શરીરનો સ્વામી જ નહિ, બલ્કે તેના વિચારો પર પણ સ્વામિત્વ ધરાવી શકે છે.

એક પશુનો સ્વામી તેની પાસેથી ગમે તેવી રીતે કામ લઈ શકે છે. તેને મારી શકે, પજવી પણ શકે છે. કારણ કે તે પોતે એમ માને છે કે હું તેનો માલિક છું. આવી રીતે ભિન્નભિન્ન ક્ષેત્રમાં એક નાની વાતથી માંડીને મોટી વાત સુધી મનુષ્ય પોતાની જ માનવજાત પર ગમે તે જુલ્મો ગુજારી શકે છે.

## સેવાનું મૂળ સ્વરૂપ

વાસ્તવિક રીતે તો સેવા એ એક પ્રકારનો વિનિમય જ છે. મનુષ્યસમાજમાં તેની ઉત્પત્તિ કેવા સંયોગોમાં અને કેવી રીતે થઈ છે તે આપણે આગળ વિચારી ગયા છીએ. આખો મનુષ્યસમાજ પ્રથમ એક કુટુંબરૂપે જ હતો, અને જેમ એક નાના કુટુંબમાં પણ વ્યવહારમાં સરળતા જાળવવા માટે પ્રત્યેક વ્યક્તિની તેના માનસિક અને શારીરિક વિકાસ અને શક્તિ પ્રમાણે ભિન્નભિન્ન કાર્યમાં યોજના થાય છે તે જ દૃષ્ટિબિન્દુથી આ માનવસમાજમાં પણ વ્યવસ્થા પ્રમાણે કાર્યની વહેંચણી થઇ હતી.

સમૂહરૂપે એ વ્યવસ્થા ચાર વિભાગમાં વહેંચાયેલી હતી, અને તે ચાર વિભાગોમાં જ આખી માનવજાતિને ઉપયોગી બધાં તત્ત્વોની આવશ્યકતા પૂરી પડી જતી.

મનુષ્યસમાજ માટે ખાસ આવશ્યક તત્ત્વ સંસ્કારિતા હતું. કારણકે મનુષ્યસમાજમાં ઇતર પ્રાણી કરતાં એક વિશિષ્ટ તત્ત્વ હોય છે કે જેને આપણે માનસિક શક્તિ તરીકે ઓળખીએ છીએ. જીવન-વિકાસની આ એક એવી સાધકશક્તિ છે કે જે શક્તિદ્વારા મનુષ્ય અમરપંથે પ્રગતિ કરી શકે છે. આ બધી શક્તિનો દુરુપયોગ ન થાય, કારણ કે દુરુપયોગ થવાથી જે દ્વારા વિકાસ સાધવાનો હોય છે તે દ્વારા જ ઘણીવાર અધઃપતન થાય છે. જે આપણે આ જ પ્રકરણ પરથી આગળ જોઈ શકીશું, તે અધઃપતનથી બચાવવા સારુ સંસ્કારિતાની આવશ્યકતા અનિવાર્ય છે.

## સંસ્કારિતાનું મૂળ

સંસ્કારિતાનું મૂળ સદ્દશિક્ષણ અને સંયમ છે. પ્રજાવર્ગમાંથી એક એવો વર્ગ નીકળ્યો કે જેણે આ કાર્ય ઉપાડી લીધું. તે ગુણ પ્રમાણે બ્રાહ્મણ ગણાયો. એક વર્ગે કૃષિજીવન, વ્યાપાર, હુન્નર અને

ભિન્નભિન્ન શરીરોપયોગી સેવા બજાવવાનું સ્વીકાર્યું, અને તે વૈશ્ય તરીકે ગણાયા. પ્રજાવર્ગને સંકટમાંથી બચાવવાને માટે જે વર્ગે સેવાનું કાર્ય ઉપાડી લીધું તે ક્ષત્રિય કહેવાયા, અને એક વર્ગ એવો પણ ઊભો થયો કે જેણે ત્રણે સમાજની અવશિષ્ટ સેવા ઉપાડી લીધી તે શૂદ્ર ગણાયા. આ બધાં પરસ્પરનાં કાર્યો એ પારસ્પરિક સેવા જ છે, અને આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે તે સેવા વિનિમયરૂપ જ છે.

## ભેદભાવના

એક માનસિક સેવા બજાવે છે, એક વ્યાવહારિક સેવા બજાવે છે અને એક શારીરિક સેવા બજાવે છે. આ બધાયે સેવકો જ છે. આમાં સ્વામી કોણ છે તે સમજાતું જ નથી. જો કોઈ એમ કહેતો હોય કે અમે માનસિક સેવા બજાવીએ છીએ એટલે અમને સ્વામી-પણાનો હક્ક છે, તો તે વાત યથાર્થ નથી. કારણ કે એકલી માનસિક કે એકલી શારીરિક સેવાથી જીવનવ્યવહાર કદી ચાલી શકશે નહિ.

દાખલા તરીકે, આપણે આપણી પોતાની શરીરરચના જોઈએ. શરીરનાં ઘણાં અંગો છે, તેમાં આપણે કોને સ્વામી અને કોને સેવક કહી શકીશું? ધારો કે કોઈ મસ્તિષ્કને સ્વામી માનવાની હિમ્મત કરે, પણ આપણે તે જોઈ શકીએ છીએ કે હોજરી કાર્ય ન કરે તો તેની પોતાની દશા કેવી કફોડી થઈ જાય! તે જ રીતે આખા શરીરના સંબંધમાં છે. તેમાં એક પગથી માંડીને માથા સુધીનાં બધાં અંગો-પાંગો એકસરખાં ઉપયોગી છેઃ તેમાંનું એક પણ નકામું નથી, તેમ નીચઊંચ પણ નથી. આ રીતે આખો પ્રાણીસમાજ એકબીજાનો સ્વયંસેવક છે. કોઈ પણ સ્વામી નથી. હા, એક વસ્તુ છે કે જો તે એવી દુનિયામાં વસતો હોય કે જ્યાં રહેવાથી ઇહલોકના કોઈ પણ પ્રાણીસમાજની સેવા વિના તે પોતાનું જીવન ટકાવી રાખતો હોય, તો તે પોતાને સ્વામી કહેવડાવી શકે.

પરંતુ તેવું તો ક્યાંય દેખાતું નથી. તો પછી એક સેવક બીજા

સેવકને સેવક કેમ કહી શકે? કારણ કે તે બન્ને પોતપોતાના ક્ષેત્રમાં એક જ માનવજાતિનાં બે અંગો છે, અને તે બન્ને ભાઈઓ છે.

એક બાળક પુખ્ત થતાં સુધી માતા, પિતા, કુટુમ્બ વગેરેની સેવા લઈને જીવે છે અને આગળ વધે છે, છતાં તે માબાપને સ્વામી ગણતો હોય એવું આપણે ક્યાંય જોઈ શકીશું નહિ. ઊલટું તે માબાપને પોતાનાં ઉપકારક ગણે છે અને પુખ્ત થતાં તેમની સેવા બજાવવાની વખતે પણ તે કર્તવ્યભાવના માને છે. એ બે વચ્ચે કોઈ અંગને સ્વામી કે સેવક જેવું લાગતું નથી. જે રીતે કુટુંબનું તે જ રીતે સમાજનું, અને તે જ રીતે રાષ્ટ્રનું પણ હોવું જોઈએ. જ્યારે કર્તવ્યભાવના આવે છે ત્યારે રાષ્ટ્રના કોઈ પણ બીજા અંગને ઊંચ-નીચ ન ગણી શકાય. પરંતુ જ્યારથી તારતમ્યતાની ભાવના આવી ત્યારથી આ ભેદો પડી ગયા છે.

અને જ્યારથી સ્વામિત્વ આવ્યું છે ત્યારથી સાથેસાથે સ્વાર્થાદિ દોષોથી કલુષિત થયેલા જીવાત્મામાં અહંકાર, સત્તા અને વિલાસાદિ દુર્ગુણો પણ વધ્યા છે.

સત્તાવાદના જમાનામાં મૂડીવાદ અને બુદ્ધિવાદનો તિરસ્કાર તેવી જ રીતે મૂડીવાદના જમાનામાં બુદ્ધિવાદનો તિરસ્કાર અને બુદ્ધિવાદના જમાનામાં એ બન્નેનો તિરસ્કાર. એ રેંટચક્ર આજ સુધીના ઇતિહાસમાં આપણે જોઈએ છીએ. તેનું કારણ પણ તે જ છે.

માનવસમાજ, માનવસમાજ વચ્ચે લડી તેનો તિરસ્કાર કરે, કૂતરાંબિલાડાંથી તેને નીચ ગણે, તેને અડકવામાં પણ અધર્મ માને, આ ન્યાય ક્યાંનો? આવી પરિસ્થિતિનું ભાન કરાવનાર વર્ગને પણ સમાજદ્રોહી કે ધર્મદ્રોહીનાં વિશેષણોથી વધાવી લેવામાં આવે, એ બધી પાશવિક ભાવનાઓ સમાજમાનસમાં રગેરગ ઘૂસી જવાનો મૂળ ઇતિહાસ આ ગુલામી અને માલિકીના સંસ્કારમાંથી જન્મ્યો હોય એમ સ્વીકારવાને બહુ પ્રબળ કારણો આપણી સામે દેખાવ દે છે.

## ગુલામી માનસ

આજે ભારતમાં જાતિજાતિ વચ્ચેના અને ધર્મધર્મ વચ્ચેના ભેદોની સંખ્યાનો પાર પામી શકાય તેવું રહ્યું નથી. હિન્દુસમાજનો મોટો વર્ગ કે જે સમાજસેવાનું મુખ્ય કામ કરી રહ્યો છે, જેની સેવા વિના આપણે બહુ કફોડી સ્થિતિમાં મુકાઈ જઈએ છીએ તેમ જાણવા અને સમજવા છતાં આપણે તેને અસ્પૃશ્ય ગણીએ છીએ, તેને અવગણીએ છીએ. આપણા જેવા જ તે મનુષ્ય હોવા છતાં, તેમની સેવા લેવા છતાં, મનુષ્યજીવનના વિકાસ માટેનાં ઉપયોગી સાધનો અને શરીરને લગતી આવશ્યક ચીજોથી આપણે તેમને વંચિત રાખીએ છીએ. આ બધા સંસ્કારો પ્રાચીન છે. માલિક અને ગુલામ વચ્ચેનાં માનસનો જ આ નમૂનો છે. જોકે વર્તમાન સમાજ તેને માટે ખૂબ જવાબદાર છે એટલું જ નહિ બલકે માનવતાની દૃષ્ટિએ તેણે આવી માનસવૃત્તિને દૂર કરવાનો પુરુષાર્થ પણ કરવો ઘટે છે. પરંતુ સ્વામિત્વની ભાવના તેમાં કેટલે અંશે જવાબદાર છે? તેનો પાકો ખ્યાલ લાવવા માટે પૂર્વકાળનું ચિત્ર અવલોકવાથી તેની વાસ્તવિકતા ઠીક સમજાશે.

## માલિકીની ભાવના

પ્રાચીન કાળમાં આ માલિકીની ભાવના હોવી જ ન જોઈએ. જે જે ક્ષેત્રમાં જે જે મનુષ્યો વસતા હોય તે તે પોતાના પુરુષાર્થથી પોતાને ઉપયોગી પદાર્થો ઉત્પન્ન કરી લે કે મેળવી લે. આ વિશ્વ તો કામધેનુ ગાય છે. તેમાંથી જ્યારે જ્યારે જે જે વસ્તુની ખાસ આવશ્યકતા ઉત્પન્ન થાય ત્યારે તેમાંથી જરૂરિયાતપૂરતું મેળવી શકાય, અને એમ જ્યારે જોઇતું ાય ત્યારે મળી શકતું હોય તો સંગ્રહવૃત્તિની ભાવના ન થાય એ સ્વાભાવિક છે. આજે પણ હવા અને જળ જો પ્રમાણપૂરતાં મળી રહે છે, તો તેમને સંગ્રહ કરવાની ભાવના કોઈનેયે થતી નથી. જંગલમાં રહેનારાં ઘણાયે મનુષ્યો આજે એવા

મળે છે કે જે પદાર્થનો સંગ્રહ કરી રાખતા નથી કે મૃત્યુ પછવાડે વારસો પણ મૂકી જતાં નથી.

### સંગ્રહબુદ્ધિનાં કારણો

વસ્તુ થોડી હોય અને તેના ઉપભોગ કરનારા અધિક હોય તો સંગ્રહબુદ્ધિ જાગે અથવા જરૂરિયાતો વધે તો સંગ્રહવૃત્તિ જાગે. જરૂરિયાતો વધારવી એટલે વૃત્તિને છૂટી મૂકવી. તેનું પરિણામ વિલાસ, અને જે વસ્તુ પર આખા સમાજનો હક્ક છે તેને વ્યક્તિગત બનાવવી એનું નામ સ્વાર્થ. આ સ્વાર્થ અને વિલાસ સ્વામિવૃત્તિની ખુમારીથી જન્મ્યાં હો, કે સ્વાર્થ અને વિલાસથી સ્વામિત્વની સત્તા અજમાવાઇ હોય, તે ઇતિહાસ સંબંધી કશું ચોક્કસ કહી શકાય નહિ. પરંતુ એટલું તો ચોક્કસ છે કે વ્યક્તિગત માલિકીનો પ્રારંભ આવા જ સંયોગોમાં થવા પામ્યો છે.

મનુષ્યમાત્રને પોતાના જીવનને આવશ્યક તત્ત્વો ભોગવવાનો અવશ્ય અધિકાર છે અને હોઈ શકે. પરંતુ તે માલિકીરૂપે હોય તો એક માણસની પાસે સડી જાય તેટલા પદાર્થો અધિક પડ્યા હોય અને બીજો માણસ પદાર્થને અભાવે મરી જતો હોય. આ વસ્તુ કોઈ પણ સંયોગોમાં ઇષ્ટ નથી અને અક્ષમ્ય પણ છે.

સૌથી પ્રાચીન કાળમાં કે ચાતુર્વર્ણ્યના વ્યવસ્થાકાળમાં કદાચ વ્યક્તિગત માલિકીનો અવકાશ હતો એમ કોઇ કહેતું હોય, અને તે વસ્તુ ઘડીભર માની લઇએ, તોપણ રાષ્ટ્રનો મોટો વર્ગ ખોરાક વિના તરફડતો હોય, એવી સ્થિતિ તો તે કાળમાં ન જ હોવી જોઇએ.

તેમ થવાનું કારણ પણ રાષ્ટ્રનું નેતૃત્વ જેના કરમાં સોંપાયેલું હતું તે વર્ગ જ જ્યારે સ્વાર્થ અને અતિવિલાસમાં પડ્યો ત્યારથી જ આ સંગ્રહભાવનાએ વિરાટ સ્વરૂપ પકડ્યું હોય તેમ લાગે છે. આથી પરિણામ ધીમેધીમે એવું આવતું ગયું કે એક વર્ગ પોતાની

શારીરિક કે માનસિક શક્તિથી વધુવધુ મેળવતો ગયો અને તેનો સંગ્રહ કરતો ગયો.

હમેશાં આખા રાષ્ટ્રમાં આવી જાતનો શક્તિશાળી વર્ગ તો ગણ્યોગાંઠ્યો જ હોય છે. જેમ જેમ તે ગણ્યાગાંઠ્યા વર્ગ પાસે સમ્પત્તિ વધતી ચાલી તેમ તેમ તેની સત્તાશાહીએ પણ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. તેની માલિકીની ચીજ ગણાઈ જવાથી બીજી પ્રજા વસ્તુ હોવા છતાં તેનો ઉપયોગ કરી ન શકે, અને કરે તો તે ચોરી ગણાય. બીજાં બધાં સુખસગવડનાં સાધનો તો એક બાજુ રહ્યાં, પરંતુ આવી પરિસ્થિતિમાં તેને જીવનનિર્વાહ માટે તો કંઈક મળવું જોઈએ ને ?

આખો ક્ષત્રિયવર્ગ જે જમીન તેને રક્ષવા માટે મળેલી તે જમીનનો સુદ્ધાં માલિક થઈ પડ્યો. આવી રીતે જેના હાથમાં રક્ષણ હતું તેણે જ પોતાનું કર્તવ્ય ચૂકી રક્ષણને બદલે અપહરણ કર્યું. અહીં સત્તાનો આ ઉપયોગ થયો. ત્યારે બીજી બાજુ વ્યાપારનું ક્ષેત્ર જેના હાથમાં હતું તેણે દ્રવ્યાર્જન કરવા માંડ્યું. આથી બુદ્ધિ અને સત્તા એ બન્નેથી વંચિત પ્રજાવર્ગનો જે મોટો સમૂહ બાકી હતો, તેણે પોતાનું જીવન ટકાવવા માટે આ રીતે ફરજિયાત સેવા, જેને બીજા શબ્દોમાં ગુલામી જ કહી શકાય તે સ્વીકારી લીધી.

सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते એવાં એવાં સૂત્રો રચાયાં અને અનુભવાયાં પણ ખરાં.

આ પરિસ્થિતિએ પ્રજાના માનસ પર એવી અસર ઉપજાવી કાઢી કે માનવવર્ગ સંગ્રહભાવનાથી ખૂબ ટેવાઈ ગયો. આવા પ્રસંગે માધ્યમિક યુગના ધર્મક્રાન્તિકારોએ આ સંગ્રહભાવના લોકમાનસમાંથી દૂર કરવા માટે ખૂબ ક્રાન્તિ મચાવી. અપરિગ્રહ અને સંયમી ભાવનાનો પ્રચાર કર્યો. પરંતુ સંગ્રહભાવનાના સંસ્કારો સાવ નાબૂદ થાય એવી પરિસ્થિતિ નહોતી. તેથી જ પરોપકાર અને દાન એ બન્ને

અંગોની ગૃહસ્થજીવનમાં વ્યાપકતા બહુ અંશે થઈ ગઈ, અને તે ધર્મનાં અંગો તરીકે ગણાયાં. આ પ્રણાલિકા આજ સુધી ભિન્નભિન્ન ક્ષેત્રમાં વિકસતી ચાલી આવે છે.

પરંતુ આથી માલિકીની ભાવના નિર્મૂળ ન જ થઈ. એ સંસ્કારોનાં મૂળ તો બહુ જ ઊંડાં જતાં ગયાં.

એ મૂડીવાદના સંસ્કારો આજ સુધી ચાલ્યા આવે છે અને પ્રજા પૈકી મોટા વર્ગનું માનસ ગુલામી મનોદશાથી પણ ટેવાઈ ગયું છે. બીજી બાજુથી દરેક સ્થળે વિલાસ ખૂબ વધ્યો છે, વ્યસનો વધ્યાં છે. એટલે એ ગુલામીનો અંત આવી શકે તેવી સ્થિતિ રહી નથી. સ્વાભિમાનની લાગણી ક્વચિત જ દેખાય છે, અને કર્તવ્યભાવના પણ બહોળે અંશે નષ્ટ થતી ચાલી છે.

### ઉપાય

મૂડીવાદનો નાશ એ આ પરિસ્થિતિને ઉકેલવાનો ઉપાય નથી. એ વિચારો પણ અસ્થાને છે, અને તે માર્ગ પણ ખોટો છે. મૂડીવાદનો નાશ એ આ પરિસ્થિતિને ઉકેલવાનો છેલ્લો ઉપાય નથી. અહિંસક સાધનથી પણ આજે તો તે થઈ શકે એમ નથી. અને હિંસા તો ભયંકર છે જ. વળી આજ આ દેશની પ્રજાના માનસ પર એવી રીતે સંગ્રહભાવનાની ખોટી છાપ પડી ગઈ છે, કે આજના મૂડીવાળાઓ ન હોય તો પણ મૂડીવાદ તો રહેવાનો જ છે.

માટે રાષ્ટ્રીય બેકારી ઉકેલવાનો સૌથી પ્રથમ ઉપાય સમાજ-સમાજ વચ્ચેનું અને જાતિજાતિ વચ્ચેનું સંગઠન કરવું એ છે. એકેએક જાતિ અને એકેએક સમાજ સંગઠિત બનશે તો તે માંહોમાંહેના પ્રયત્નથી પોતપોતાના અંગને આ રીતે મદદગાર થઈ પડશે, અને એમ થવાથી આખા રાષ્ટ્રની ક્રમપૂર્વક વ્યવસ્થા થતી જશે. બીજી બાજુથી એ પ્રશ્નને ઉકેલવા માટે વ્યવહારુ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવાની આવશ્યકતા છે. વસ્તુતઃ કોમકોમ વચ્ચેના પારસ્પરિક

ભેદો અને વિલાસવૃત્તિ આ બે વસ્તુ જ આ પ્રશ્નને ઉગ્ર સ્વરૂપ આપે છે. તેથી તે બન્નેનો પહેલી જ તકે ઉકેલ લાવવો જોઇએ.

સ્વામિત્વ અને સેવકત્વના અંગે જે ભેદો પડી ગયા છે, તેનું કારણ તો આપણે પ્રથમ જ તપાસી ગયા. આજે સ્વામી અને સેવક મટી એ બન્ને પોતાના હૃદયમાં સેવકભાવ લાવે, તે આજે ભલે શક્ય ન દેખાતું હોય; પરંતુ નોકર શેઠ પ્રત્યે, અમલદાર નીચેના માણસો પ્રતિ, અને તે માણસો તેમના પ્રતિ એમ પરસ્પર સામાજિક, વ્યાવહારિક, રાજકીય કે કોઈ પણ તેવા ક્ષેત્રમાં માત્ર આટલું જ વિચારે કે "નીચેનો માણસ પોતાની જાત જેવો જ એક મનુષ્ય છે. તે બુદ્ધિથી, શક્તિથી કે ધનથી ભલે હીન હોય, છતાં બહારની બધી શક્તિઓનો પરાજય કરે તેવું એક દિવ્ય તત્ત્વ તેનામાં ભર્યું છે. તેમાં એક અખંડ જ્યોતિનો ચિરાગ સળગ્યા કરે છે. આજે ભલે તેની જ્યોતિ આવરણથી રોકાઈ ગઈ હોય કે ગુપ્ત રીતે ઢંકાઈ ગઈ હોય; એની અવગણના હું કદીએ નહિ કરું. તેના અંતઃકરણને નહિ દૂભવું. કારણ કે તેમ કરવામાં મારી જાતને પણ ખૂબ જોખમ છે. વળી એ પણ યાદ રાખીશ કે પ્રારબ્ધના રંગોની સ્થિતિ પલટાયા કરે છે. સદાસર્વદા સ્વામિત્વ અને સત્તા ટકી શકતાં નથી, એમ વિચારી રખે તેનો દુરુપયોગ થાય તેની સંભાળ રાખીશ. અને સાથે સાથે એ પણ વિચારીશ કે નોકર, સેવક કે ગુલામના કાર્યનો જ માત્ર હું માલિક છું; તેમના શરીરનો, મનનો કે આત્માનો નહિ. આથી કોઈ પણ કાર્ય સોંપતાં પહેલાં એમની શક્તિ અને સંયોગોનો વિવેક કરીશ."

## સેવકનું કર્તવ્ય

જે રીતે સ્વામીએ ઉપરની વસ્તુ વિચારીને વર્તવાનું છે, તેજ રીતે સેવકે પણ ખાસ કરીને નૈતિક જીવન પર લક્ષ આપવું ઘટે. પોતાના માલિકનું ઇરાદાપૂર્વક નુકસાન કરવું, આળસવૃત્તિ રાખવી,

પોતાનાં કર્તવ્યોમાં બેદરકાર બનવું, એ બધાં સેવકનાં દૂષણો છે. તે જ રીતે પોતાના માલિકને વહાલા થવા માટે માનવતાને ન છાજે તેવાં કાર્યો કરવાં કે અનૈતિક જીવન ચલાવવું, એ બધા પણ માલિક ને નોકર બન્નેનાં હિતને હાનિ પહોંચાડે તેવા દુર્ગુણો છે. તેથી આ બધા દુર્ગુણોથી છૂટી જઈ માત્ર કાર્યપરાયણ રહેવું તેમાં તે બન્ને પાત્રનું હિત છે.

આજે મિલમાલિક અને મજૂર, શેઠ અને નોકર, ઉપરિ અધિકારી અને તેની નીચેનો અધિકારી ઇત્યાદિ ક્ષેત્રોમાં એકબીજા પાસેથી સતત કાર્ય લેવાનું હોવા છતાં પરસ્પરનો જે અવિશ્વાસ વ્યાપી રહેલો છે, તે ખૂબ અક્ષમ્ય છે. એક માની રહ્યો છે કે શરીર ચૂસીચૂસીને કાર્ય લેવું અને બદલામાં બહુ ઓછું આપવું; ત્યારે બીજો એમ ઇચ્છી રહ્યો છે કે શ્રમ ઓછો કરવો અને અધિક ફળ લેવું. આ પરિસ્થિતિનો અંત લાવવા માટે પણ બન્ને પાત્રોએ પોતપોતાની ફરજ સમજતાં થઇ જવું. એ જ માર્ગ દમનનીતિ કે પ્રત્યાઘાત કરવાના માર્ગ કરતાં અધિક શ્રેયસ્કર અને કાર્યકારી છે તે સૌથી પ્રથમ ચિંતવી લેવું જોઇએ.

બુદ્ધિ, હૃદય, કાર્યકારક શક્તિ, એવી આપણી ત્રિવિધ તાકાત ગણીએ તો એમાં ઓછા વધતાપણું અને વિચત્રતા તો રહેવાની જ. દેહધારીનાં પ્રારબ્ધજન્ય વિકાસ અને પુરુષાર્થની દિશા પ્રમાણે જુદાઈ તો રહેવાની જ.

પણ આજનાં મૂલ્યાંકનો પલટવાં જ જોઈએ. દા. ત., એક ભરવાડ ગાયોનું અદ્ભુતજ્ઞાન ધરાવવા છતાં—સક્રિય જ્ઞાન ધરાવવા છતાં—એને આજે અજ્ઞાની ગણવામાં આવે છે. જ્યારે માત્ર પુસ્તકિયા જ્ઞાનીને જ્ઞાની ગણવામાં આવે છે. એક તંદુરસ્ત પુરુષને લક્ષ્મીવાન નથી માનવામાં આવતો, જ્યારે જડ દોલત ધરાવનાર રોગિષ્ઠને શેઠ કહેવામાં આવે છે. આ આખી દૃષ્ટિ જ પરિવર્તન માગે છે. વળી

નીતિમાન નિર્ધનને અનીતિમાન ધનિક કરતાં વધુ ઊંચો માનવો જોઈએ, તે બાબતમાં તો આપણી આખી ધર્મગંગા પણ ઊલટે માર્ગે જ ચાલી ગઈ છે.

આ મૂલ્યાંકનોમાંનાં કેટલાંકને ધરમૂળથી પલટવા માટે, એટલે કે ઊલટાંથી સૂલટાં કરવા માટે અને કેટલાંકને યોગ્ય રીતે સ્થાપવા માટે આજે કેટલાંય નવલોહિયાં યુવકયુવતીઓ જોઈશે, કે જે દૃષ્ટિસંપન્ન હોય !

જ્યાં લગી વાનપ્રસ્થાશ્રમની પ્રથા શરૂ ન થાય તથા ભક્ત અને સાધુસંન્યાસીઓનું ધ્યાન આ સમાજરચનાના મૂળભૂત કાર્ય પર ન જાય, ત્યાં લગી આજનો જે સમાજ છે તેમાંથી આવા સેવકો ખેંચવા માટે સેવકોને આજની તેમની જરૂરિયાતો આપવા ઉપરાંત માનમરતબો અને પ્રતિષ્ઠા પણ આપવી જ પડશે. માત્ર પૈસાથી રત્ન જેવા સેવકો નહિ સાંપડે, તેમ માત્ર ઇજ્જત આપવાથી પણ તેજસ્વી સેવકો નહિ મળે. અને આવું વિશાળ પાયાપરનું સેવકદલ ઊભું કર્યા વગર સમાજની નવરચનાને ન તો સરકાર પહોંચી શકશે, કે નહિ તો એકલો સમાજ પહોંચી શકશે. આવા સાચા સૈનિકોને આકર્ષીને ઘડવાનું અને યોગ્ય સ્થળે ગોઠવવાનું કામ આ આઝાદ દેશના નવનિર્માણકાળે સૌથી વધુ જરૂરનું છે. ગામડે ગામડે અને શહેરે શહેરે આવાં ચુનંદાં જવાહિરો શોધવામાં સમાજ અને એના સાચા નાયકો અબઘડી જ લાગી જાય !

સ્વરાજ્ય, લોકશાહી, સમાજવાદ કે બીજા કોઈ વાદથી નથી બની શકવાનું તે માત્ર આ એક જ માર્ગે બનવાનું છે. એ વિષે કોઈને શંકા ન હો !'

# ૩

# વિકાસખંડ

★

૧

# આર્થિક પ્રવૃત્તિ

જન્મની સાથે જ આર્થિક પ્રવૃત્તિ શરૂ થાય છે અને મરતાં સુધી તે ચાલે છે. વ્યક્તિને જીવવા માટે કોઈ ને કોઈ આર્થિક પ્રવૃત્તિ તો કરવી જ પડે છે. મનુષ્યને દેહ છે, ઇંદ્રિય છે, મન છે. એ બધાંને ટકાવી રાખવાને માટે, અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો એમની પાસેથી સારી રીતે કામ લેવાને અને એ દ્વારા વિકાસ સાધવાને માટે, એમની જરૂરિયાતો સંતોષવી પડે છે. એટલે જ આર્થિક પ્રવૃત્તિ પ્રત્યેક મનુષ્ય માટે અનિવાર્ય છે.

બાલ્યકાળમાં કે વૃદ્ધાવસ્થામાં આપણે તે કરતા નથી તેનો અર્થ એ નથી કે આપણને બધી વસ્તુઓ એમની એમ મળે. આપણે જે કાંઈ ઉપયોગમાં લઈએ છીએ તેને માટે આપણાં માબાપ, સમાજ કે સગાંસ્નેહીઓને આર્થિક પ્રવૃત્તિ કરવી પડી જ હોય છે. બાલ્યકાળમાં જે પ્રશ્ન ખડો થયો નથી હોતો, તે પ્રશ્ન ગૃહસ્થજીવનમાં પગ માંડતાં જ આપણી સામે આવીને ઊભો રહે છે. આજે તો એવી કટોકટીના કાળમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ કે આખો દિવસ મહેનત કરવા છતાં પોતે પોતાનું જ ભરણપોષણ મુશ્કેલ બની ગયું છે. તેવે વખતે જો બીજાં એકબેની જવાબદારી માથે આવી જાય, તો ગૃહસ્થજીવન

સુખી બનવાને બદલે ઊલટું દુઃખરૂપ થઇ પડે. એટલે ગૃહસ્થજીવનમાં પગલાં માંડનાર દરેકે પરણતાં પહેલાં કમાવાની શક્તિ પ્રાપ્ત કરી લેવી જોઈએ.

આર્થિક પ્રવૃત્તિ સંબંધી કેટલાક માણસો એમ માને છે કે આવી પ્રવૃત્તિ માત્ર પાપરૂપ છે. પણ આ ખ્યાલ ખરેખર ભ્રમમૂલક છે. આપણે જો બીજાની ઉત્પન્ન કરેલી વસ્તુઓ લઈએ અને તેના બદલામાં સમાજને કાંઈ ન આપીએ તો આપણે ચોર ઠરીએ. અને એ ધોરણે સમાજ પણ ટકી ન શકે.

## આર્થિક પ્રવૃત્તિની સીમા

શરૂઆતમાં હેરફેરનાં સાધનોનો આટલો વિકાસ નહોતો થયો, એટલે કુદરતી રીતે જ માણસની પ્રવૃત્તિને મર્યાદા રહેતી. ઉપરાંત જીવન આધ્યાત્મિક ભાવોથી રંગાયેલું હોઈ અર્થોપાર્જન એ જ કેવળ જીવનનો હેતુ ન હતો. '**धर्मार्थमर्थमर्जयेत्**' એટલે કે 'ધર્મને માટે અર્થ' એ પ્રજાજીવનનું સૂત્ર હતું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ હતી આપણી પુરુષાર્થસીડી. એમાં સૌથી પ્રથમ ધર્મને સ્થાન આપવામાં આવ્યું છે. અને આ ખૂબ વિચારપૂર્વક અપાયું છે. તમે તમારી જરૂરિયાતો પેદા કરો, પણ તે ધર્મને આંખ સામે રાખીને.

આ ઉપરાંત પહેલાંની પરિસ્થિતિ જ એવી હતી કે મોટે ભાગે દરેક માણસ સ્વાવલંબી હતો. આજના જેટલા આર્થિક સંગ્રામો પણ ઊભા થયા ન હતા. જેમ જેમ યંત્રવાદ વિકસતો ગયો તેમ તેમ જીવનકલહ વધુ ને વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યો. અને એમાંથી નવી સમાજ અને અર્થ-વ્યવસ્થા ઊભી કરવી એ અનિવાર્ય બન્યું. કુટુંબવ્યવસ્થા છિન્ન-ભિન્ન થવા લાગી. ઉદ્યોગો અને વેપાર જેમ વિકસતો ગયો, તેમ તેમ મોટાં કુટુંબોને સ્થાને નાનાં કુટુંબો આવ્યાં. અને માણસને માથે એટલો બોજો આવી પડ્યો કે આજે તો આખો દિવસ અર્થને માટે

મહેનત કર્યા સિવાય એને છૂટકો જ નથી. આનાં કારણોમાં બે કારણો ગણાવી શકાય. પહેલું કારણ એ છે કે સભ્યતાના કહેવાતા વિકાસની સાથે જરૂરિયાતો પણ વધવા લાગી. તે પહેલાં માણસ સાદું ભોજન, જાડાં કપડાં, અને સાદા ઘરથી ચલાવી લેતો. હવે એને એટલાથી જ બસ થતું નથી. એની જરૂરિયાતોમાં અનેકનો વધારો થયો છે અને રોજ રોજ ઉમેરો થતો જ જાય છે. આ બધી જરૂરિયાતો એણે મેળવવી હોય તો એણે પણ વધુ મહેનત કરવી જોઈએ. અને બીજું કારણ એ હતું કે પહેલાંના નાના એકમને ઠેકાણે આજે તો તે આખી દુનિયાના સંપર્કમાં આવ્યો. આખી દુનિયાની દોડમાં એણે દોડયા વિના છૂટકો નથી રહ્યો. પશ્ચિમે પૂરજોશમાં યંત્રવાદ વિકસાવ્યો. એની સામે ટકવાને પહેલાંની ઉત્પાદનની સાદી રીતો ટકી ન શકી, એટલે તેને વધુ ને વધુ કામ કરવું જ રહ્યું. આજે તો શહેરોમાં એવી સ્થિતિ છે કે આખો દિવસ મથવા છતાંય જરૂરિયાતો પૂરી થતી નથી. કારણ કે જરૂરિયાતોને અંત નથી. અને એવી અંતવગરની જરૂરિયાતોને પૂરી કરવાનો આપણે પ્રયત્ન આરંભ્યો છે.

માણસ સુખ ઝંખે છે. એ સુખને માટે જરૂરી વસ્તુઓ મળવી જોઈએ. પશ્ચિમે જરૂરો વધારી અને યંત્રોની મદદ લઈ એમને સંતોષવાનો પ્રયત્ન કર્યો. પણ તેઓ એ જ વસ્તુ ભૂલ્યા કે સુખ વસ્તુમાં નથી. જરૂર, દેહ વગેરેને ટકાવવાને વસ્તુઓની જરૂર છે ખરી. જીવનવિકાસને માટે એ આવશ્યક છે. પરંતુ અર્થોપાર્જનનો હેતુ જ ભુલાયો છે. આજે માનવી અર્થને ખાતર અર્થ એકઠો કરે છે. એને લાગે છે કે પૈસો હશે તો સુખ ગમે ત્યાંથી દોડતું આવશે. અહીં જ તે ભીંત ભૂલ્યો છે.

'**शरीरमाद्यं खलु धर्मसाधनम्**' શરીર એ ખરેખર ધર્મનું પ્રથમ સાધન છે. ધર્મ એ જીવનવિકાસમાં મદદ કરનારું તત્ત્વ છે. દેહ એ સાધન છે. પણ આજે તો આપણે સાધનના લાલનપાલનમાં

જ મંડી પડ્યા છીએ. સાધ્ય ભુલાયું છે, અને અર્થને જ મુખ્ય માની લેવાયો છે.

આજે જીવનનું લક્ષ્ય ચુકાયું છે. એટલે જ એક વસ્તુ મન સાથે નક્કી કરી લેવાની ખાસ જરૂર છે કે મારી બધી પ્રવૃત્તિઓનું કેંદ્ર અર્થ નહિ પણ આત્મા છે, જીવનનો વિકાસ છે. જો અસંખ્ય પ્રવૃત્તિઓ કરવા છતાં મારો જીવનવિકાસ ન સધાતો હોય તો તે મારે માટે ત્યાજ્ય છે. જો આ ધ્યેય સ્વીકારવામાં આવે અને જીવનવિકાસને કેંદ્રમાં રાખી પ્રવૃત્તિઓ આરંભવામાં આવે, તો આપોઆપ જ તેની પ્રવૃત્તિઓમાં સંયમ અને સ્વસ્થતા આવશે.

હવે આપણે એક બીજો પ્રશ્ન વિચારીએ. કેટલાક કહે છે કે જીવનને રસમય કરવાને માટે પદાર્થોની આવશ્યકતા વધારો. પણ આપણે અનુભવે એ જોઇ શકીએ છીએ કે જેમ જેમ જરૂરો વધતી જાય છે, તેમ તેમ જીવનમાંથી આનંદ લૂંટાતો જાય છે. અને એ જરૂરિયાતો ઉત્પન્ન કરવાની રીતોથી આજ આપણું જીવન કેટલું કંટાળાભર્યું બની ગયું છે!

યંત્રોમાં કામ કરતા મજૂરોની સ્થિતિનો વિચાર કરો. શું એને કામમાં મઝા પડે છે ખરી? ના. આજે તો કામ અને આનંદ એમ જીવનના બે ભાગલા પડી ગયા છે, અને પરિણામે સમાજની ઉત્પાદન-પ્રવૃત્તિ પણ વેઠરૂપ બનવા લાગી છે. આનું કારણ દુનિયાને આંખ સામે રાખ્યા વગર આપણે આપણી જરૂરિયાતોની કલ્પના કરીએ છીએ અને પછી એને મેળવવાને માટે બે હાથ પૂરા નથી પડતા એટલે યંત્રો વધારીએ છીએ. પરિણામે મોટાભાગને તો એ યંત્રો સાથે જડ રીતે કામ કરવાનું જ સાંપડે છે. એમાં નથી તો એમની બુદ્ધિનો વિકાસ કે નથી જીવનનો આનંદ. એટલે જો શાંતિથી વિચારીશું, તો એ સ્પષ્ટ લાગશે કે જરૂરિયાતો વધારવાથી આપણે સુખી નહિ થઈ શકીએ. એ જરૂરિયાતોની દોડમાં જ આપણે યુદ્ધો ઊભાં કર્યાં છે

અને હમેશની અશાંતિ નોતરી છે. જો એ ઉપર સંયમ લાવી શકીએ તો માનવજાત પોતાનો મોટા ભાગનો સમય સાંસ્કૃતિક વિકાસમાં ગાળી શકે. જોકે આજે તો વ્યક્તિની જરૂરિયાતો કેટલી છે તે ઉપરથી જ સુધારો કે સભ્યતા મપાય છે, જ્યારે વાસ્તવમાં મનુષ્યના પોતાના ચૈતન્યના વિકાસને માટે બહારની વસ્તુઓ તો ગૌણ છે. એ વસ્તુઓ મેળવવાને એને જેટલી દોડાદોડ ઓછી કરવાની હશે તેટલો વધુ સમય તે પોતાના આંતરિક–વિકાસમાં આપી શકશે. આજે તો આપણે એટલા દોડી રહ્યા છીએ, એટલા ધમાલમાં પડી ગયા છીએ કે અંતરનું વિચારવાનોય આપણને સમય નથી. અને છતાંય આપણે ગર્વ લઈએ છીએ કે અમે સુધરતા જઈએ છીએ!

વળી એક બીજી અગત્યની વસ્તુ છે: જેમ જેમ આવશ્યક વસ્તુઓ વધતી જાય છે, તેમ તેમ રસસંવેદન વધતું જાય છે એમ પણ નથી. રસ વસ્તુમાં નહિ પણ એને ઉપભોગનારની સંસ્કારિતામાં છે. એક માણસ મીઠાઈમાં પણ જે રસ ન માણી શકે તે રસ સંસ્કારી માણસ સાદા ભોજનમાંથી પામી શકે છે. તેમો અર્થ એવો નથી કે સારું અને પૌષ્ટિક ભોજન મેળવવું ન જોઈએ. પણ જ્યાં સુધી મન સંસ્કારી નથી, ત્યાં સુધી ગમે તેવું સારું ભોજન પણ એને સાચો આનંદ આપી શકતું નથી.

એટલે કે જો સમાજને આંખ સામે રાખી અર્થોપાર્જન કરવામાં આવે તો કાંઈ જ મુશ્કેલી ઊભી ન થાય. પણ આજે તો એથી ઊલટું જ થઈ રહ્યું.

## અર્થોપાર્જન શી રીતે?

અર્થપ્રવૃત્તિનો હેતુ અને એની સીમા અંગે વિચારી લીધા પછી હવે આપણે જગતની અર્થપ્રવૃત્તિ શી રીતે ચાલે છે અને કયે ધોરણે એ પ્રવૃત્તિ કરવામાં આવે તો વ્યક્તિ અને સમાજ સુખી થાય એ વિચારીએ.

આપણી અર્થપ્રવૃત્તિને આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ:

(૧) મજૂરી, (૨) વ્યવસ્થા, અને (૩) મૂડી. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ માટે આ ત્રણ વસ્તુઓ આવશ્યક છે. આજે એનો ક્રમ ફેરવાઇ ગયો છે. મજૂર અને વ્યવસ્થા પર મૂડી ચઢી બેઠી છે અને વ્યવસ્થા અને મૂડીના બેવડા બોજા તળે મજૂર બિચારો કચડાઇ રહ્યો છે. આ અર્થ-વ્યવસ્થાને આપણે ફેરવવા માગીએ છીએ. પહેલાંના વખતમાં કહેવત હતી કે 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ચાકરી.' એ સૂત્રને આપણે નવસમાજવ્યવસ્થાની રીતે આ રીતે ગોઠવી શકીએઃ જેમાં સમાજોપયોગી શ્રમ હોય તે ઉત્તમ, એવા સર્જનને સહકાર કરતી વ્યવસ્થા મધ્યમ અને માત્ર મૂડી કનિષ્ઠ. આ વિચારસરણી લક્ષ્યમાં રાખીને જો દરેક વ્યક્તિ પોતાનો ધંધો પસંદ કરે તો આપોઆપ જ સમાજ વ્યવસ્થિત થઇ જાય.

આજની પરિસ્થિતિમાં દરેક માણસે ધંધો પસંદ કરતાં નીચેની વસ્તુઓ લક્ષ્યમાં રાખવી જોઇએઃ

(૧) મારો શ્રમ સમાજને ઉપયોગી થાય છે કે નહિ? અને તે કયા પ્રકારનો છે? મારી મહેનત સમાજને વિલાસ કે વ્યસન તરફ તો નથી ઘસડી જતી ને? આ રીતે વિચારવામાં આવે તો કુદરતી રીતે જ માણસના જીવનની પાયાની જરૂરિયાતો—અનાજ, કાપડ, ઘર, વગેરેના ઉત્પાદનમાં જ તે કામે લાગશે.

(૨) આ શ્રમ કરનાર વર્ગમાં પણ જો સંસ્કારપૂર્તિ ન કરવામાં આવે, તો શ્રમ દ્વારા જે જીવનવિકાસ સધાવો જોઈએ તે ન સધાય. એટલા માટે સંસ્કૃતિના રક્ષણ અને વિકાસમાં કામે લાગેલા સેવકો પણ આ વર્ગમાં મૂકી શકાય. સમાજ માત્ર અર્થથી પણ ટકતો નથી. આવા સેવકો—સાધુઓ—ઓછામાં ઓછું લઇ સમાજને વધુમાં વધુ આપવાનો પ્રયત્ન કરશે, અને આ રીતે સમાજને ઊંચે લઈ જવામાં તેમનો મોટો ફાળો હશે.

(૩) સમાજવ્યવસ્થાને માટે જરૂરનું કાર્ય વિનિમયનું છે. આજે આ વ્યવસાયનું સંસ્કૃતિની દૃષ્ટિએ સ્થાન ઊતરતું જાય છે,

કારણ કે તે સમાજની જરૂરિયાતો વ્યવસ્થિત રીતે વહેંચી શકાય એટલા માટે નહિ પણ પોતાનો નફો વધે એ સામે જોઈને જ કામ કરે છે.

(૪) આપણે મૂડીને ત્રીજો નંબર આપ્યો છે તેનો અર્થ એ હલકી વસ્તુ છે એમ નથી. આજે પૈસો જ મૂડી ગણાય છે. એ ભ્રમ દૂર કરવાની જરૂર છે. વાસ્તવમાં મનુષ્યની બુદ્ધિ, શક્તિ, જમીન, ઉત્પાદનનાં સાધન વગેરે મૂડી જ છે. સદાચાર પણ સાંસ્કૃતિક ઉન્નતિની દૃષ્ટિએ સમાજની મૂડી જ છે. જે સમાજની આ—સાંસ્કારિક—નૈતિક મૂડી જેટલી સધ્ધર હશે તેટલો જ સમાજ તેજસ્વી અને પ્રગતિશીલ હશે.

આમ, ઉત્પાદન, વિનિમય, કલા, સાહિત્ય, શોધખોળ, શિક્ષણ એ સમાજજીવનનાં ઉપયોગી અંગો છે. માણસ જો સાચું હિત દૃષ્ટિ સામે રાખી આ બધામાંથી ગમે તે ધંધો કરે, તો તે બધાને પૂરતો બદલો અને સરખી પ્રતિષ્ઠા મળવાં જોઈએ.

આ દૃષ્ટિએ વ્યસનપોષક ધંધાઓ—હોટલ, દારૂ, અફીણની દુકાનો, જુગાર અને સટ્ટાના અડ્ડા બાદ થવા જોઈએ. સમાજના વિલાસપોષક ધંધાઓ—તંદુરસ્તીને નુકસાન પહોંચાડનારાં ખોટાં ઉત્પાદનો (મહાયંત્રો) આઇસ્ક્રીમ વગેરે ઠંડાં પીણાં, પફ પાવડર વગેરે ખોટી ફૅશનો, વિકારપોષક ચિત્રો, નાટકો, સંગીતના જલસા બંધ થવા જોઈએ. અને અનુત્પાદક ધંધા—સટ્ટો, દલાલી, વ્યાજવટું, જમીનદારી વગેરે તો સૌથી પ્રથમ ત્યાજ્ય ગણાવાં જોઈએ.

આ પરથી બ્રિટિશ અમલમાં છડેચોક વધેલાં દૂષણો—જેવાં કે દારૂપીઠાં, નરકાગાર સમાં વેશ્યાગૃહો, ઘોડદોડની શરતો, સટ્ટાઓ, ઉપયોગી પશુ કાપનારાં કસાઈખાનાં, શિકારબાજીઓ આપોઆપ નાબૂદ થઈ જ જવાનાં.

હવે આર્થિક પ્રવૃત્તિને લગતા બીજા કેટલાક પ્રશ્નો વિચારીએ:

આજની સમાજવ્યવસ્થાનો મોટામાં મોટો રોગ હોય તો તે બેકારીનો છે. એનાં મુખ્ય કારણોમાં યંત્રવાદ અને આજની મૂડીવાદી

અર્થવ્યવસ્થા ગણાવી શકાય. કોઈ કહેશે કે દેશમાં જેમ ઉદ્યોગો વધે તેમ માણસને વધુ કામ મળે. પણ મશીને હમેશાં માણસને હટાવ્યો છે. મશીન જ્યાં જ્યાં પહોંચ્યું છે ત્યાં ત્યાંથી તેણે માણસના હાથમાંથી કામ એટલે કે રોટલો છીનવી લીધો છે. બીજું દિવસે દિવસે યંત્રો વધે છે. પણ તેનો અર્થ એવો નથી કે તેમાં રોકાતાં માણસોની સંખ્યા પણ વધે છે. કારણ કે દરેક નવું યંત્ર ઓછામાં ઓછા માણસો અને ઓછામાં ઓછી આવડતથી કેમ ચલાવી શકાય એવું તૈયાર કરવામાં આવે છે. પહેલાં મિલમાં એક માણસ એક સાળ ચલાવી શકતો. આજે સાળો એટલી સુધરી છે કે એક માણસ દશ સાળ પર પણ કામ કરી શકે છે. આમ યંત્રીકરણના વધવાની સાથે તેમાં કામ કરનાર માણસો તેટલા જ પ્રમાણમાં વધતાં નથી. અને એટલે દિવસે દિવસે બેકારી વધતી જાય છે. બીજું કારણ મૂડીવાદી અર્થવ્યવસ્થા છે. આ ઉપરાંત કુદરતી કોપ તેમજ વિશ્વવ્યાપી મંદી પણ એનાં કારણોમાં ગણી શકાય. ટૂંકમાં બેકારી છે, અને તે દૂર કર્યા વગર આપણે સુખી ન થઇ શકીએ.

મૂડીવાદી અર્થવ્યવસ્થાનાં અનેક દૂષણોમાં સંગ્રહવૃત્તિ અને નફાખોરી પણ એક છે.

આ બધું દૂર કરવાને રશિયાએ વ્યવસ્થિત પ્રયોગ કર્યો: માલિકીહક દૂર કર્યો એટલે આપોઆપ સંગ્રહવૃત્તિની ભાવના ઘટી ગઈ, અને બાળકોને ઉછેરવાની, ભણાવવાની, તેમને કામ આપવાની, વૃદ્ધાવસ્થામાં તેમની કાળજી રાખવાની જવાબદારી પણ સમાજલક્ષી રાજતંત્રે સ્વીકારી લીધી.

જોકે આ તો પ્રયોગ જ છે. એમાં એકહથ્થુ સત્તા છે, એટલે એ કેટલે અંશે સફળ થઈ છે તે ન કહી શકાય. અને આજે તો એ આપણા દિલમાં વધુ ને વધુ શંકા પેદા કરે છે.

હવે આપણે આપણી રીતે વિચારીએ. જો નાના ઉદ્યોગોને

પગભર કરવામાં આવે તો બેકારી દૂર થાય. એ લોકો પણ પોતાના ઘરમાં બેઠાં બેઠાં કામ કરી શકે. સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો પણ તંદુરસ્તીનો ભોગ આપ્યા વિના અને ઘણે ઓછે ખરચે દેશનું ઉત્પાદન વધારી શકે.

જગત શાંતિ શાંતિ કરે છે, પણ શાંતિ દિવસે દિવસે દૂર ને દૂર ભાગતી જાય છે. કારણ કે આપણે ધર્મને બાદ કરી જીવવા મથીએ છીએ. જો આ બધી પ્રવૃત્તિઓને વિશ્વધર્મને કેંદ્રમાં રાખી કરવામાં આવે તો મનુષ્ય સુખી થઇ શકે.

નાનાનાના ઉદ્યોગો ખીલવાથી મૌલિક સર્જન વધે. અરસપરસ પશુ અને માનવ-માનવ પ્રત્યેની સહકારી વૃત્તિ અને સમુચિત સ્પર્ધા વધે. ધર્મદૃષ્ટિ આવી અર્થપ્રવૃત્તિઓમાં મુખ્ય હોય એટલે નફાખોરી કે સંગ્રહખોરીને અવકાશ જ ન હોય. યંત્રવાદનું અનિષ્ટ ઓછું થતાં મજૂરોના આર્થિક પાયા ઉપરનાં સંગઠનો તંત્ર થોભાવીને જે મુશ્કેલીઓ ઊભી કરે છે, તે ન કરે. એકહથ્થુ મૂડીવાદ પાંગરે છે તે પણ ન પાંગરે. એટલું જ નહિ બલકે ધર્મદૃષ્ટિવાળા સમાજરચનાના પ્રયોગમાં તો પ્રામાણિક મજૂરી અને બુદ્ધિથી મળેલી દોલત પણ સમાજ અર્થે સહેજે વપરાય. આમ થવાથી રાજ્યસત્તાની અધીનતા પણ ઘટી જાય. પ્રજા સ્વાશ્રયી, સશક્ત, પરગજુ વૃત્તિવાળી અને ધર્મલક્ષી બને.

આ બધા લાભો જોઈને જ બાપુજી રેંટિયા તરફ આકર્ષાયા હતા. રશિયાના પ્રયોગ કરતાં આ અહિંસક સમાજરચનાનો પ્રયોગ સર્વ રીતે ઉત્તમ છે. તે આચરાયેલો પ્રયોગ છે. ભારતવર્ષ ગુલામ હતું, ત્યાં લગી આ પ્રયોગ માટે તક ઓછી હતી. હવે તે તક ઊભી થઇ છે. માત્ર હિંદે અર્થવાદની ચૂડમાંથી નીકળવાના સર્વ પ્રેમમય પ્રયોગો કરવા પડશે. અને તેને ખાતર એકેએક હિંદીએ જવાબદારીપૂર્વક કમર કસવી જ રહી !

२

# સમાજધર્મ

શાસ્ત્ર કહે છે કે ગૃહસ્થ વ્યક્તિ અર્થોપાર્જન કરી સાત્ત્વિક રીતે પોતાનો જીવનનિર્વાહ કરે અને પોતાના કુટુમ્બ પ્રત્યેનાં કર્તવ્યો બજાવતી રહે એ અગત્યભર્યું અને સુંદર કાર્ય છે. પરંતુ એટલેથી જ ગૃહસ્થધર્મની ઇતિસમાપ્તિ થતી નથી. ગૃહસ્થ માટે તો વિશ્વ જેવું વિશાળ ક્ષેત્ર છે. આથી ગૃહસ્થજીવન સાથે અનેક કાર્યો, અનેક ફરજો અને અનેક ધર્મો સંકળાયેલા છે.

વ્યક્તિનું કર્તવ્યવર્તુલ કુટુમ્બથી આગળ વિકસે છે, ત્યારે સૌથી પ્રથમ સમાજ તરફનું કર્તવ્ય ઊભું થાય છે.

## સમાજ અને તેની ઉપયોગિતા

સમાજ એ કંઇ આકાશમાંથી ઊતરી આવેલી નૂતન, અદ્ભુત કે જાદુઈ વસ્તુ નથી. એ માત્ર વ્યક્તિઓનો જ સમૂહ છે. જેમ વિખરાયેલા પરમાણુઓ સ્પષ્ટ દેખાય નહિ અને કાર્યકારી પણ થઇ શકે નહિ, પણ જ્યારે સંગઠિત થાય ત્યારે તેમાંથી એક અદ્વિતીય શક્તિ ઉત્પન્ન થાય, તેમ ભિન્નભિન્ન વ્યક્તિઓ એકસૂત્રમાં ગોઠવાઈને તૈયાર થાય ત્યારે તેમાં એક નવીન અને વિલક્ષણ શક્તિ જાગૃત થાય. ભિન્નભિન્ન વ્યક્તિઓ ગમે તેવી ઉચ્ચ આદર્શવાદી

હોય, પરંતુ જ્યાં સુધી સમાજસૂત્રમાં ગોઠવાઈને તે સંગઠિત આકારમાં પુષ્પમાળા ન બને ત્યાં સુધી તે કંઠે પણ ન ધરાય, અને તેનું સૌંદર્ય પણ ન દેખાય. એ મનોહર અને મૃદુ ફૂલડાં છૂટાંછૂટાં રહીને કરમાઈ જાય. આથી સંસારમાં સમાજ એ એક આવશ્યક અંગ છે, એ સિદ્ધાંત નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે.

## સમાજ શું કરી શકે ?

સમાજ એ વ્યક્તિજીવનના વિકાસનું સહાયક સાધન બની શકે. સમાજના અવલંબનદ્વારા વ્યક્તિ વિકાસના ક્ષેત્રમાં સરળતાથી વિહરી શકે. સમાજ એ એકત્રિત ચૈતન્યશક્તિ છે. રાષ્ટ્રોનાં ભવ્ય નિર્માણ સમાજદ્વારા જ થઈ શકે. વ્યક્તિ અને વિશ્વનો સંબંધ સમાજદ્વારા સહેલાઈથી સાધી શકાય.

## સમાજનું નવચણતર

આવા સમાજચણતરના આપણે બે પાયા નક્કી કરીએ અને તેને સંસ્થા તરીકે ઓળખીએ. એક સંસ્થાના ક્ષેત્રમાં સંસ્કારિતા, નીતિ, અને એવાં એવાં તત્ત્વોનો પ્રચાર મુખ્યતયા હોય, અને બીજી સંસ્થામાં ગૃહજીવનના વ્યવહારુ પ્રશ્નોને ઉકેલતું કાર્યક્ષેત્ર હોય. આને સરળ શબ્દોમાં આપણે નૈતિક સંસ્થા અને સામાજિક સંસ્થા તરીકે ઓળખી શકીએ. આ સંસ્થા બે હોવા છતાં એ બન્ને એકબીજીનાં અંગરૂપે હોય, એકબીજીથી કાર્યદિશા ભિન્ન હોવા છતાં ભેદગ્રસ્ત ન હોય.

## સંસ્થાનાં કાર્યક્ષેત્ર

સામાજિક સંસ્થાનું ધ્યેય ગૃહજીવનને રસમય અને સુખમય બનાવવાનું હોવાથી તેને માટે નીચેનાં કાર્યો આવશ્યક હોય: (૧) લગ્નવ્યવસ્થાનું સંશોધન અને સંરક્ષણ, (૨) સામાજિક રૂઢિઓનો પરિહાર અને (૩) ગૃહસ્થના વ્યક્તિગત જીવનની ત્રુટિઓની પૂર્તિ.

નૈતિક સંસ્થાનું ધ્યેય સમાજનાં અંગોને સત્યધર્મ [ કે જે ધર્મ-

દ્વારા મનુષ્ય જીવનના અંતિમ ધ્યેય કર્મમુક્તિના માર્ગ તરફ વળે ] તરફ વાળવાનું હોવાથી તેને માટે નીચેનાં કાર્યો આવશ્યક હોયઃ

(૧) સમાજના નૈતિક અંશોનું સંરક્ષણ, (૨) પતિત થતી કે થયેલી વ્યક્તિઓની શુદ્ધિ, અને (૩) સમાજના દરેક અંગનું સંગઠન.

આ સંસ્થાઓનાં કાર્યક્ષેત્રોની વિસ્તૃત આલોચના આપતાં, સમાજમાં એ સુધારણાની આવશ્યકતા છે કે કેમ તે તપાસી જોવા, આજના સમાજ પર દૃષ્ટિબિંદુ ઠેરવવું જોઈએ.

## સમાજની છિન્નભિન્નતા

આજના સમાજ પર છિન્નભિન્નતાના કુહાડાઓ પડી રહ્યા છે. સમાજ સામે એક મહાન વિપ્લવનું મોજું ધસી આવે છે. સમાજનું ખોખું જર્જરિત થતું જાય છે. અરાજકતા અને સ્વચ્છંદતાના પ્રબળ વાયરાઓ વાઈ રહ્યા છે. તે વખતે સમાજ પોતાનું ધ્યેયબિન્દુ નક્કી નહિ કરી શકે, પોતાનું બંધારણ નહિ ઘડી શકે, તો પતન સિવાય બીજો એકે માર્ગ નથી. આમાં માત્ર સમાજને જ નહિ પરંતુ તેનાં અંગરૂપ વ્યક્તિઓને અને ગૃહજીવનને પણ ખૂબ જ વેઠવું પડશે.

વ્યક્તિ, તેની સંતતિ તથા કુટુંબ સૌને સમાજના વાતાવરણમાં જ રહેવાનું હોય છે, તેથી સમાજની અસર વ્યક્તિ પર થાય છે. સમાજની સુંદરતામાં વ્યક્તિનું સૌંદર્ય જળવાય છે. 'તેથી સમાજને અને અમોને શું? અમે અમારું ફોડી લઈશું,' એવી માન્યતા ખોટી છે, અને તે પોતાના ઘરની ગંદકી આંગણામાં ફેંકી સ્વચ્છ થવાનું માની લેવાની મૂર્ખતા જેવી જ તે મૂર્ખતા છે. સમાજસુધાર તરફ વ્યક્તિમાત્રે દત્તચિત્ત રહેવું ઘટે.

આવા દુઃખદ પ્રસંગે સમાજની દુર્દશા શાથી થઈ, તે વિચારવાનો કે પછી શું થશે તે જોવાનો સમય હવે રહ્યો નથી. આજે તો સમાજશરીરને જે જે ભાગ ઇજા કરી રહ્યો હોય, તેને દૂર કરવાની

અને તે શરીરને પુષ્ટ બનાવે તેવાં તત્ત્વો આપવાની વેળા આવી પહોંચી છે.

સમાજના નવસ્રષ્ટાઓ અને ક્રાન્તિના આદર્શવાદીઓએ આજે આવાં રચનાત્મક કાર્યમાં લાગી જવાનું છે. પૂરપાટ આવતી રેલથી બચવા જેમ મનુષ્યો શક્ય તેટલાં અને શક્ય તેવાં સાધન લઈને પોતાનો બચાવ કરી લે છે, તેવું જ શીઘ્ર કાર્ય કરવાનો સમય આવી લાગ્યો છે. તે કંઈ અશક્ય કે અસંભવિત કાર્ય નથી, અને આજની સમાજદશા જોઈ નિરાશા લાવવાનું પણ કંઈ કારણ નથી.

## સમાજમીમાંસા અને આજનું સમાજધોરણ

સમાજ શબ્દ જ પ્રગતિ અને સંગઠનનો સૂચક છે. પ્રાચીન કાળમાં સમાજની સંખ્યા અલ્પ, અને એ અલ્પ સંખ્યાઓમાં પણ સંગઠન બહુ વ્યવસ્થિત હતું. આજે સમાજો બહુ સંખ્યામાં વહેંચાઈ ગયા છે, અને તેઓની વચ્ચેવચ્ચે ભેદની મહાન દીવાલો ખડી થઈ ગઈ છે. એ ભેદ માત્ર સામાજિક ક્ષેત્રમાં જ નથી રહ્યો, બલ્કે કોઈ પણ પ્રશ્ન વિચારાય ત્યારે આ ભેદની દીવાલો મોખરે ને મોખરે આવે છે. ભારતવર્ષને તો આ પ્રશ્ન ઘડીએ ને ઘડીએ મૂંઝવે છે. આખા ભારતવર્ષની હિતદૃષ્ટિએ ચર્ચા થઇ રહી હોય ત્યાં પણ આ ભેદો તો પહેલા ને પહેલા. ભારતની દુર્દશાનું આ એક બહારથી દુર્બળ દેખાતું છતાં પ્રબળ કારણ છે. આ બધા નામભેદો એકીસાથે તૂટી જાય તે શક્ય નથી, અને જુદાજુદા વિભાગો રહે તેમાં ખાસ હાનિયે નથી. માત્ર તે વિભાગો વચ્ચેથી ભેદની દીવાલ ખસી જવી જોઈએ, અને તે નામરૂપે જુદા હોવા છતાં કાર્યરૂપે એક હોવા જોઇએ.

આજે સમાજ બે વિભાગમાં વહેંચાઈ જાય છેઃ (૧) જ્ઞાતિરૂપે અને (૨) ધર્મરૂપે. વાણિયા, સુથાર, લુહાર વગેરે વગેરે સંજ્ઞાઓ જ્ઞાતિઓનું સૂચન કરે છે, અને જૈન, વૈષ્ણવ, શૈવ, મુસ્લિમ, પારસી, ક્રિશ્ચિયન વગેરે સંજ્ઞાઓ ધર્મસૂચક છે.

જ્ઞાતિસંગઠન કરવાં તેના કરતાં ઉપલી સમાજરચનાને માટે ધર્મ-સંપ્રદાયોની દૃષ્ટિએ સંગઠન કરવાં એ વધુ અસરકારક થશે. કારણ કે જ્ઞાતિનાં મૂળ કરતાં ધર્મનું મૂળ ઊંડું હોય છે. તેથી જેટલું નુકસાન થવાનો સંભવ છે તેટલો જ લાભ થવાનો સંભવ છે. છતાં જ્ઞાતિઓ જ્ઞાતિઓની રીતે પણ સંગઠિત થતી હોય તો તે કાંઇ ખોટું નથી; માત્ર એ બધા પાછળ દૃષ્ટિ હોવી જોઈએ.

આ સંસ્થાઓ જે ધર્મને માનનારા મોટી સંખ્યામાં હશે ત્યાં જનસંખ્યા પ્રમાણે એક કે બે કરતાં વધુ થાય તો તેમાં વાંધો લેવા જેવું કશું નથી, કારણ કે તે બધી સંસ્થાઓનું ધ્યેય ગૃહસ્થોને આદર્શ રીતે ગૃહસ્થજીવન ગાળવાનું અને તે મનુષ્યોને સાચા મનુષ્યો બનાવવાનું એકસરખું કાયમ રહેશે. ધર્મની ભિન્નભિન્ન માન્યતાને લીધે કે જ્ઞાતિના ભિન્નભિન્ન સંસ્કારોને લીધે પહેરવેશ, રહનસહન અને કેટલાક રિવાજો ભિન્નભિન્ન રહેશે ખરા, પરંતુ માનવજીવનને વિકસિત બનાવે અને નૈતિક જીવનની બરાબર રક્ષા કરે તથા અન્ય સમાજને હાનિ ન પહોંચે તેવાં નિયમનો તો દરેક સમાજમાં એકસરખી રીતે અનિવાર્ય રહેવાનાં અને તે મુખ્ય નિયમોનું તો દરેક સમાજને એકસરખી રીતે પાલન કરવાનું રહેવાનું. આવી મુખ્ય બાબતોમાં સમાનતા હોવાથી સમાજોની સંખ્યા બહુ હોવા છતાં તેઓ બધા રાષ્ટ્રધર્મ, માનવધર્મ, વગેરે મુખ્ય કાર્યો વખતે એકસરખી રીતે હાથોહાથ ભીડી એકસાંકળરૂપે રહી થકશે.

આ વસ્તુ આજના સમાજ માટે શીઘ્રસાધ્ય અને સુશક્ય છે. એટલું વિચારી હવે આપણે જે બે સમાજનાં કાર્યોની રૂપરેખા દોરી છે, તેની રચનાત્મક દિશા વિચારીએ.

## લગ્નવ્યવસ્થાનું સંરક્ષણ

સામાજિક સંસ્થાનું પહેલું કાર્ય લગ્નવ્યવસ્થાના સંરક્ષણનું છે. હાલમાં લગ્નવ્યવસ્થાની જે અરાજકતા પ્રવર્તે છે તેનું દિગ્દર્શન

નિર્દેશખંડમાં લગ્નચર્ચા નામના પાંચમા પ્રકરણમાં કર્યું. આંતર-જાતિય વિવાહો, પ્રેમલગ્ન, મુક્ત સહચાર અને એવાં એવાં રૂપે થતા લગ્નસંબંધો સમાજને પડકાર કરે છે કે લગ્નઅંગની વ્યવસ્થાની નવરચના થવી જોઈએ.

## નિયમો

(૧) વિવાહિત જીવન સ્વીકારનારે ગમે તેવી જાતનું સ્વચ્છંદી જીવન ગુજારવું એ સમાજ અને વ્યક્તિ બન્ને માટે હાનિકારક છે. એટલે વિવાહિત જીવન જીવનારાઓને બંધનો તો હોવાં જ ઘટે. પરંતુ તે બંધનો એવાં હોવાં જોઈએ કે જેમાં પુરુષ કે સ્ત્રી કોઈ પણ અંગને અન્યાય ન થાય. વ્યક્તિઓનું વ્યક્તિત્વ પણ જળવાય અને જવાબદારીપૂર્વક તે દમ્પતી કલુષિત કે વિકારી નહિ પરંતુ અવિભક્ત અને પ્રેમી જીવન જીવી શકે.

(૨) ગૃહસ્થાશ્રમીનાં સુંદર ગાર્હસ્થ્ય પર આખાયે સમાજની જીવનદોરી છે, એટલે તેમાં સુદઢતા અને સંગીનતા લાવવી એ સમાજનું સૌથી પહેલું કાર્ય હોવું ઘટે.

(૩) લગ્નજીવન કલુષિત થાય તેવી ત્રુટિઓનો લગ્ન થતાં સુધી અવકાશ ન હોવો ઘટે, અર્થાત્ કે તે બન્ને પાત્રો વચ્ચે વય, પ્રકૃતિ અને યોગ્યતાનો સુમેળ હોય.

(૪) જોકે આ કાર્ય તેમનાં માતાપિતા કે વડીલોનું છે, છતાંય તેની મુખ્ય જવાબદારી સમાજ પર હોય. આમ કરવાથી ભૂલથી, સ્વાર્થથી કે અવિવેકથી તે પાત્રોને કે વડીલોને અન્યાય થતો અટકી જાય.

## સામાજિક રૂઢિઓનો પરિહાર

જોકે વ્યક્તિગત રૂઢિની અસર જ ધીમેધીમે સમાજ પર થતી જાય છે, અને એ રીતે રૂઢિઓના પ્રચારની ગુનેગારી વ્યક્તિને શિરે ઢળે છે, છતાંય તે રૂઢિઓને ચલાવી લેવામાં પણ સમાજની કંઈ

ઓછી જવાબદારી નથી. એટલે એક તરફ રૂઢિઓને વ્યાપક ન થવા દેવી તેવું આંદોલન રચવાનું અને બીજી તરફ સમાજમાં આજે ઘર ઘાલી બેઠેલી રૂઢિઓ નાબૂદ કરવાનું આ સંસ્થા પર રહે. તે રૂઢિઓ વર્તમાનકાળે છે તેમ ઓછાવધુ પ્રમાણમાં પહેલાં પણ હતી. અનુકરણશીલ પ્રકૃતિવાળા માનવમાંથી તે છેક જ નાબૂદ થાય તે કઠિન પ્રશ્ન છે, છતાંય તે રૂઢિપરિહારનો આદર્શ ખોટો નથી.

રૂઢિ પોતે પહેલેથી કંઈ રૂઢિરૂપે હોતી નથી, પરંતુ એક ઉદ્દેશપૂર્વક આચરેલી કોઈ ક્રિયા હોય છે. આ ક્રિયાનો જ્યારે ઉદ્દેશ ભૂલી જવાય છે, અને તે ક્રિયા ઘણીવાર બાધ્ય થતી હોય તોપણ પ્રથમ અમારા બાપાએ, વડીલોએ કે ફલાણાએ કર્યું હતું કે આચર્યું હતું માટે અમારે કરવું જોઈએ, એમ કહી તેને ચલાવ્યે જવી એ જાતની જડાગ્રહબુદ્ધિને રૂઢિ કહેવામાં આવે છે. પરિસ્થિતિ કે બલાબલનો કોઈ પણ વિચાર કર્યા વગર અંધ અનુકરણથી ક્રિયા કરવી તેની ગણના પણ રૂઢિમાં થઈ શકે. આવી રૂઢિઓ વ્યક્તિગત જીવનમાં, સામાજિક જીવનમાં એને આધ્યાત્મિક જીવન સુદ્ધાંમાં હોય છે. આપણે અહીં તો સામાજિક રૂઢિઓ વિચારીશું.

### લગ્નરૂઢિ

કન્યાવિક્રય, વરવિક્રય, બાળલગ્ન, વૃદ્ધવિવાહ, અણમેળલગ્ન, લગ્નનિમિત્તે શક્તિ ન પહોંચે છતાં મોટું ખર્ચ કરવું, એ બધી લગ્નરૂઢિઓ કહેવાય. એ જ રીતે દશા શ્રીમાળી દશા શ્રીમાળીને જ આપે, લુહાર લુહારને જ આપે એવી જે પ્રથા છે તે પણ રૂઢિ જ ગણાય.

### મરણરૂઢિ

જનમૃત્યુ પછી મૃત્યુભોજન કરવું જ જોઈએ એવી રૂઢિ ઘણા હિન્દુસમાજોમાં પ્રચલિત છે. આ રૂઢિનો પ્રાદુર્ભાવ તો શુભ આશયથી જ થયેલો હોવો જોઈએ. જે કાળમાં દૂરદૂરનાં સગાંવહાલાંઓને

સાધનોના અભાવે વારંવાર મળવાનું શક્ય નહોતું; ત્યારે આવાઆવા મોટા વરાઓ કરાતા અને તે સમયે ભાઈભાંડુ, કુટુંબ, સગાંવહાલાં એ સૌનો સ્નેહમેળો જામતો. વળી દેહબંધારણ એવાં સુદૃઢ હતાં કે મરણપ્રસંગો મોટી વયે અને અલ્પસંખ્યામાં બનતા. આથી તે કાળ માટે તેની ઉપયોગિતા હશે. મૃત્યુભોજનમાં વપરાતો કારજ શબ્દ કાર્ય જ સૂચવે છે. નહિ કે લાડુ, આ પણ એક રૂઢિ જ છે.

આ જ રીતે મૃત્યુ પાછળ ફરજિયાત રુદન, મોટીમોટી કાણો કાઢવી, એ બધા વ્યવહારોમાં મરનારને કે રોનારને કશોય લાભ નથી. ઊલટું નુકસાન છે. એમ જાણવા છતાં તેને પરંપરા પ્રમાણે આચર્યે જવું તેનું નામ પણ રૂઢિ.

આ બધી મરણ પાછળની રૂઢિઓ ખરી રીતે મરનારની પાછળ શોક કે રુદનને બદલે સદ્‌ભાવના અને ધાર્મિક વૃત્તિનાં આંદોલનોને સગાંવહાલાંએ વિકસાવવાં ઘટે.

**અન્ય રૂઢિઓ**

લગ્નરૂઢિ અને મરણરૂઢિઓ સિવાય સમાજમાં નાનીમોટી બીજી ઘણી રૂઢિઓ છે. ઘૂમટો કાઢવાની રૂઢિ ઘણા સમાજોમાં તો અતિમાત્રારૂપે પરિણમી છે.

સ્ત્રીજાતિ પ્રત્યેના બાદશાહી જુલ્મોનો વખત એ આ રૂઢિઓનું મૂળ નિમિત્ત છે. આજે તેવું કશું નથી, છતાં आगे से चली आती है એમ શાણા અને વિચારકો કહે એ રૂઢિની જ બલિહારી છે. સ્ત્રી–જાતિ અને પુરુષજાતિ વચ્ચે જે કંઇ વાસ્તવિક મર્યાદા છે તે ભલે હોય, પરંતુ સ્ત્રી તિજોરીમાં રાખી મૂકવા જેવા રમકડારૂપે તો ન જ ગણાવી જોઇએ.

આ જ રીતે ખાનપાન, પહેરવેશ અને રહનસહનમાં પણ દેખા-દેખીથી ઘણી રૂઢિઓ પ્રવર્તે છે. ખાણામાં આટલી વસ્તુઓ તો હોવી જ જોઇએ, પછી ભલે તેની આવશ્યકતા ન હોય; સમાન

મંડળના માણસોમાં બેસનારે આવી જાતનાં કપડાં તો પહેરવાં જ જોઇએ; આ બધી એક પ્રકારની રૂઢિઓ જ છે. તે જ રીતે વ્યક્તિગત જીવનમાં પણ ચા, બીડી, સિગાર, તમાકુ પીવાનાં કે સૂંઘવાનાં વ્યસનો, હોટેલની મુલાકાતનાં વ્યસનો, અમુક જાતની ટાપટીપ કરવાનાં વ્યસનો, એ એક નવીન પ્રકારની રૂઢિ જ છે.

કેટલાક કહેવાતા સુધારકોમાં એક એવી વિચિત્ર કુટેવ પડી ગઈ હોય છે કે સહજ બોજો ઊંચકતા કે પોતાનું જીવનોપયોગી કાર્ય કરતાં પોતાની સભ્યતા ચાલી જતી હોય, તેમ તે માને છે. આ પણ એક પ્રકારની કુરૂઢિ છે. આથી એટલી બધી પરાવલંબિતા આવે છે કે તેને લઇને ખૂબ સહેવું પડે છે. આવી કુટેવથી છૂટીને ગમે તેવા સમય અને સંયોગોમાં સ્વાવલંબી રીતે કાર્ય કરી લેતાં શીખી લેવું જોઇએ. મહાત્માજી હિંદના રાષ્ટ્રતક્તા ઉપર આવ્યા પછી એમણે જાત ઉપર આચરીને જે પ્રયોગ કર્યા, તેમાં શ્રમને હલકો માનવાની સમાજની રૂઢિ પર ફટકો પડ્યો છે. છતાં હજુ શ્રમને પ્રતિષ્ઠા અપાવવાની તો જરૂર છે જ.

ઉપયોગિતા, આવશ્યકતા અને લાભ એ દૃષ્ટિબિન્દુઓથી વિચારીને જ મનુષ્યે ક્રિયા કરવી જોઇએ. પરંતુ રૂઢિઓની વ્યાપકતા એટલી બધી હોય છે કે સમાજમાંથી સહસા તેને કાઢી નાખવી એ શક્ય નથી. તેથી સુધારક અને વિચારક ગણાતી વ્યક્તિએ પોતાના પ્રસંગે તેનો પરિહાર આદરી દેવો જોઇએ, અને શા માટે પોતે તેનો ત્યાગ કરે છે તેના નિવેદનનો સમાજમાં પ્રચાર કરવો જોઇએ.

## ગૃહસ્થના વ્યક્તિગત જીવનની ત્રુટિઓની પૂર્તિ

વ્યક્તિ એ સમાજનું ઉપયોગી અંગ છે. અને વ્યક્તિની અસર સમાજને પહોંચે છે, એ વાત આપણે વિચારી ગયા છીએ. એટલે આ સ્થળે એ કહેવાનું રહે છે કે વ્યક્તિગત જીવનની ખામીઓ દૂર કરવી એ સામાજિક સંસ્થાનું જ કાર્ય છે.

વ્યક્તિગત ત્રુટિઓ બે પ્રકારની હોય છે: (૧) સંસ્કારિતાની ત્રુટિ, અને (૨) સાધનોની ત્રુટિ.

**સંસ્કારિતાની ત્રુટિ**

કોઈ ગૃહસ્થ વ્યક્તિ ખોટે માર્ગે ચાલી જતી હોય, કોઇ દમ્પતીનો સુમેળ ન હોય, કોઈ કુટુંબમાં સતત કલેશ રહેતો હોય, મારામારી, લડાલડી, કજિયોટંટો કે ખૂનખરાબી થઇ જતી હોય, સમાજની વ્યક્તિઓ વ્યાપારધંધામાં દગો, પ્રપંચ, અન્યાય, અને અસત્યનો ઉપયોગ કરી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતી હોય, સમાજના નિયમોથી કોઈ વિરુદ્ધ ચાલતું હોય, તે બધી સંસ્કારિતાની ત્રુટિઓ ગણાય.

આ રીતે માનવીજીવનમાં પ્રકૃતિગત દુર્ગુણો જેવાં કે કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર વગેરેનું જીવનની સ્થૂળ ક્રિયામાં પરિણમન થતાં કેટલીકવાર બીજાં પ્રાણીઓને, સમાજને અને રાષ્ટ્રને હાનિ પહોંચે છે. માટે તે સ્થૂળ ખામીને આ સંસ્થાદ્વારા તુરત જ અટકાવવી જોઇએ. તેને અટકાવવાના બે માર્ગો છે: (૧) શિક્ષણ અને સંસ્કારિતાનો પ્રચાર કરીને, અને (૨) નિયમની શૃંખલાનું બંધન કરીને કે શિક્ષા (દંડ) આપીને. પરંતુ એ બંધન કે શિક્ષા એવી હોવી જોઇએ કે જે દ્વારા ફરીથી ભવિષ્યમાં ભૂલ થવાનો સંભવ ઓછો રહે. એ શિક્ષાનાં સાધનો પણ પ્રેમ અને વાત્સલ્ય અને સત્યાગ્રહથી યુક્ત હોય. આવા બહારના ગુનાઓને સમાજ જાતેજ નિવારી લે કે ઓછા કરે, તો રાષ્ટ્રના સંચાલકવર્ગનો બોજો બહુ જ ઓછો થાય અને રાષ્ટ્રશાંતિમાં ઉમેરો થાય.

**સાધનત્રુટિ**

સાધનો બે પ્રકારનાં હોય છે: (૧) કુદરતી, અને (૨) પુરુષાર્થસાધ્ય.

કુદરતી સાધનોમાં મનુષ્યને જે અંગ, ઉપાંગ, ઇંદ્રિયો, મન, અને શકિત વગેરે પ્રાપ્ત છે તેનો સમાવેશ થાય છે.

આ સાધનોની ત્રુટિ કોઇથી પૂરી શકાતી નથી. જેમકે આંખ ન હોય તો મનુષ્યને જિંદગીભર અંધજીવન ગુજારવું પડે છે. બધાં કુદરતી સાધનો માટે તે જ નિયમ લાગુ પડે. જોકે વિજ્ઞાનના જમાનામાં એવાં કૃત્રિમ સાધનોની શોધખોળ કરવાની તૈયારી ચાલે છે ખરી. પરંતુ તે બધાં કૃત્રિમ સાંધા ગણાય. કુદરતી ખોટ તે પૂરી ન પાડી શકે.

બીજાં સાધનો પુરુષાર્થસાધ્ય હોય છે. જેમકે અન્ન, વસ્ત્ર ઇત્યાદિ પદાર્થો કે તેવાં બીજાં જીવનોપયોગી સાધનો. આ સાધનોની સમાજમાં જ્યાં જ્યાં ઊણપ હોય ત્યાં ત્યાં આ સંસ્થાએ તેની પૂર્તિ માટે તૈયાર રહેવું જોઇએ.

નિરાધાર વિધવા, અનાથ, રોગી, અપંગ, નિરાધાર કુટુમ્બ કે આર્થિક સંકટોથી પીડાતું સંસ્કારી કુટુમ્બ, આ બધા વર્ગનો તેમાં અવકાશ હોવો જોઇએ.

આના સીધી રીતે ત્રણ વર્ગો પાડી શકાયઃ (૧) કામ કરવાને તદ્દન અશકત વર્ગ; (૨) યુવાનવર્ગ; અને (૩) બાલવર્ગ. જેઓ કામ કરવાને તદ્દન અશકત હોય તેઓને માટે નિર્વાહનાં ઉપયોગી સાધનો આ સંસ્થાદ્વારા પૂરાં પડે, તેમનાં દર્દોના દુઃખનો ભાર હળવો કરવા ઔષધો અને ઉપચારો મળે અને માનસિક આનંદ મળે તેવું વાચન કે શ્રવણ મળે, તે માટે એક અલગ અશક્તાલય હોય તો વધુ સગવડ થાય.

યુવાનવર્ગમાં સ્ત્રી અને પુરુષો એ બન્નેની પૃથક્‌પૃથક્ નાની સંસ્થાઓ સંખ્યાના પ્રમાણમાં જુદેજુદે સ્થળે ખોલવામાં આવે અને ત્યાં શ્રમવિભાગ, ઉદ્યોગવિભાગ, શિક્ષણવિભાગ, કળાવિભાગ, અને સંસ્કૃતિવિભાગ એવા વર્ગો હોય. આ શિક્ષણનો લાભ અનાથ સિવાય સમાજનો બીજો વર્ગ લેવા ઇચ્છતો હોય, તો તે લઈ શકે. પરંતુ ત્યાં કાયમ રહેવાનો હક્ક તો અનાથોનો જ હોય.

જીવનની પરિપકવતા આવ્યા પછી અને જીવનનાં લક્ષ્યબિન્દુ સમજાઈ ગયા પછી તેમનો જે વર્ગ સંસ્થાથી છૂટો થઈ સ્વાવલંબી જીવન જીવી શકે તેવી તૈયારી પ્રાપ્ત કરે, તેને સમાજનાં કાર્ય-ક્ષેત્રમાં યોજી દેવો જોઈએ. આ વૃક્ષમાં કેટલાંક એવાં સુંદર ફળો પાકે કે જે પોતાના સંસ્કાર અને શિક્ષણનો લાભ બીજાઓને આપી શકે. તેને માટે સમાજમાં જો મુખ્ય સંસ્થાઓમાં તેને યોગ્ય સ્થાન હોય તો તેમાં તેઓને નિયુક્ત કરી દેવા જોઈએ.

આમાંથી મરજિયાત વૈધવ્ય પાળનારી કે નૈતિક બ્રહ્મચર્ય પાળનારી ઘણી ચારિત્ર્યશીલ બહેનો પણ મોટા પ્રમાણમાં તૈયાર થાય અને ચારિત્રશીલ નાગરિકો પણ પાકે. આથી આ વર્ગ સમાજમાં શિક્ષણ અને સંસ્કાર પૂરવાનું બહુ સુંદર કાર્ય કરી શકે.

'સંતતિપ્રત્યે માબાપનાં કર્તવ્યો' નામના પ્રકરણમાં શિક્ષણ સંબંધીનો વિષય વિસ્તારપૂર્વક ચર્ચાઈ ગયો છે. તે રીતે ઉપયોગી શિક્ષણ અને સંસ્કાર ભરી ભવિષ્યના નાગરિકો ઉત્પન્ન કરી શકાય.

રાષ્ટ્રીય જાગૃતિની સાથે સ્ત્રીઓમાં પણ જાગૃતિ આવી છે, અને એને પરિણામે સ્ત્રીઓનું આખા રાષ્ટ્રનું એક મંડળ ઊભું થયું છે. ઠેરઠેર સ્ત્રીસંસ્થાઓનું સંચાલન પણ સ્ત્રીઓ સ્વયં કરવા મંડી છે. આ એક સુભગ ચિહ્ન છે. પરંતુ અહિંસક સમાજરચનામાં સ્ત્રીઓ મોટો ફાળો આપી શકે એ દૃષ્ટિએ આવી સંસ્થાઓને સાધનો ને સંસ્કારનો લાભ સાધનસંપન્ન અને ચારિત્ર્યશીલ પુરુષોએ આપવો જ રહ્યો છે.

**બાળવર્ગ**

મેરિયા મોન્ટેસરીના બાળકો માટેના વિશ્વવ્યાપી પ્રયત્નો પછી તરછોડાયેલાં બાળકો તરફ સમાજની નજર હવે ગઈ છે. ગુજરાત-કાઠિયાવાડ અને કચ્છમાં ગિજુભાઈનો ફાળો ઉલ્લેખપાત્ર છે. ગામડાંમાં પણ કસ્તૂરબા તાલિમ-વર્ગની સેવિકાઓ અને બીજાં

સેવકસેવિકાઓનું ધ્યાન ગયું છે અને બાળકોના સંસ્કારકેન્દ્રો ખૂલવા લાગ્યાં છે. સરકાર પણ હવે તો પ્રજાકીય છે, એટલે આ દિશામાં કાર્ય થવાની તક છે, અને થવું જ જોઈએ; કારણકે ભવિષ્યની નાગરિકતાનો આધાર આજનાં બાળકો ઉપર જ છે.

બ્રહ્મચર્યવિષયમાં શિથિલતાને કારણે પ્રજા નિર્બળ અને અધિક પ્રમાણમાં થતી જાય છે. એવે વખતે બાળકોને તંદુરસ્તી માટે દુગ્ધકેન્દ્રો અને સંસ્કાર માટે સંસ્કારકેન્દ્રોની અનિવાર્ય જરૂર છે.

આ રીતે આ ત્રણ વર્ગમાં પ્રથમના એક વર્ગનું ખર્ચ સંસ્થા પર પડે. પરંતુ બીજા બે વર્ગ પાસેથી સમાજને ઘણો લાભ થાય. એટલે આર્થિક દૃષ્ટિએ દેખીતે રીતે સોસવું પડતું કષ્ટ પરિણામે તો સમાજને ખૂબ લાભપ્રદ થઈ પડે. અને આ રીતે સમાજમાં આવી વ્યવસ્થા ન હોવાથી જે શક્તિઓ વિકસ્યા વિના કરમાઈ જાય છે, સ્ત્રીત્વ અને પુરુષત્વ ઊલટે માર્ગે વેડફાઈ જાય છે, તે અપાર નુકસાનથી સમાજ બચી જાય.

આ સિવાય એક મધ્યમ કુટુમ્બ કે જે કરજ, વ્યાવહારિક બોજા કે આવશ્યકતાઓને પહોંચી ન વળે તેવી આર્થિક સ્થિતિથી પીડાતું હોય, તો તેને માટે પણ એક યોજના તૈયાર થાય. એ યોજનાઓમાં જો તેને માત્ર લગ્ન, કારજ કે તેવા સામાજિક વ્યવહારોને લીધે વેઠવું પડતું હોય તો તેવા વ્યવહારોને આ સંસ્થા પોતે જ ટૂંકાવી લે. (સંસ્થા પોતે જ આ પ્રમાણે કરાવી આપે તો સમાજમાં તેની પ્રતિષ્ઠાને ખામી ન આવે.) કરજનો કે અનિવાર્ય વ્યવહારનો તેના પર બોજો હોય તો આ સંસ્થા તરફથી તેને વગરવ્યાજે મદદ મળે.

## બેકારી અને સમાજ

સમાજમાં એક વર્ગ એવો પણ હોય છે કે જે માત્ર બેકારીને લીધે પીડાતો હોય છે. આ બેકારી નિવારવા માટે મોટાંમોટાં ફંડો એકઠાં કરવાની લેશમાત્ર આવશ્યકતા નથી. માત્ર એક એવી વિશાળ

યોજના થવી જોઈએ કે જેમાં આ બધા વર્ગને યોગ્યતાં મુજબ નિર્વાહનાં સાધનો મળ્યા કરે.

આ વર્ગમાં ત્રણ પ્રકારનાં મનુષ્યો હોય છેઃ (૧) શિક્ષિત, (૨) ઉદ્યોગી, અને (૩) સામાન્ય (સામાન્ય શિક્ષિત કે સામાન્ય ઉદ્યોગી ). આમાંનો પહેલો વર્ગ ઉપરકથિત નાનીમોટી સંસ્થાઓનાં સંચાલન અને વ્યવસ્થાનું કાર્ય ઉપાડી લે. બીજા માટે એક મહાન ઉદ્યોગશાળાની આયોજના થાય. ઉદ્યોગોમાં પણ ગરીબ પ્રજાને વહેલી તકે બહુ પ્રમાણમાં રોજી મળે એ દૃષ્ટિબિન્દુ મુખ્ય હોવું જોઈએ. જોકે આજના યંત્રવાદના જમાનામાં યંત્રવાદની તિલાંજલિ છેક જ થવી અશક્ય છે. છતાં આ દૃષ્ટિબિન્દુ હોય તો તેની આવશ્યકતાપૂરતું તેનું સ્થાન રહે. ત્રીજા વર્ગના નિર્વાહનો પ્રશ્ન પણ આ યોજનાદ્વારા સહેજે પતી જાય.

આ આયોજનાને સફળ બનાવવામાં જેટલી કાર્યશક્તિની આવશ્યકતા છે તેટલી આર્થિક શક્તિની આવશ્યકતા નથી. જોકે પ્રથમ-પ્રથમ થોડીઘણી મુશ્કેલી પડે, પરંતુ પછીથી તે સંસ્થા પોતે જ પગભર થઈ રહે. આ કાર્ય પણ સામાજિક સંસ્થાનું છે.

હવે જ્ઞાતિના, રંગના, પ્રાંતના, દેશના કે ધર્મના વાડાઓ રોટી-બેટીવ્યવહારમાં આડા ન આવે તેવું વિશાળ દૃષ્ટિબિંદુ ધરાવ્યા વિના છૂટકો નથી, કારણ કે જન્મગત જાતિની માન્યતાને કારણે ગુણવત્તા-પણું ઘણાં વર્ષોથી ઉમેરાયું નથી. પરિસ્થિતિ એવી આવી ગઈ છે કે ઊંચ ગણાતી જ્ઞાતિઓ કરતાં નીચ તરીકે ઓળખાતી જ્ઞાતિઓમાં નીતિ, જાતમહેનત, વગેરેને વધુ તક છે. તે જ રીતે કેળવણીના ક્ષેત્ર કે સંસ્કારના ક્ષેત્રમાં આ નીચ ગણાતી જાતિઓ ઓછી ઊતરે તેમ નથી.

સામાજિક સંસ્થાની વિચારણા કરી લીધા પછી હવે આપણે નૈતિક સંસ્થાના કાર્યક્ષેત્રનો વિચાર કરીએ. તેનાં મુખ્ય ત્રણ કાર્યો છે, તેનું વિવેચન કરીએ.

## નૈતિક અંશોનું સંરક્ષણ

માત્ર ધર્મ ખાતર જ નહિ, પરંતુ સુખમય જીવન ગાળવા માટે પણ માનવસમાજ સારુ નૈતિક અંશોનું સંરક્ષણ અનિવાર્ય છે. નૈતિક જીવનની ખામીઓ દૂર કરવા માટે સમાજ કે રાષ્ટ્ર તરફથી કેટલાંક ફરજિયાત બંધનો પણ હોવાં ઘટે. પરંતુ અપવાદ બાદ કરીએ તો મોટે ભાગે મનુષ્યને પ્રસંગને વશ થઈ હૃદયવિરુદ્ધ અનૈતિક જીવન ગુજારવું પડે છે. ૧૯૪૨થી ૧૯૪૮ની લક્ષ્મી મોટે ભાગે કાળા બજારની, શોષણની આવેલી છે, અને એણે નીતિ અને ચારિત્ર્યનું ધોરણ સમાજમાં ખૂબખૂબ નીચું પાડી દીધું છે. પહેલાં તો અનીતિવાળાને જ જુદા તારવામાં આવતા એટલે કે એવી સંખ્યા જ ઓછી હતી. પરંતુ આજે તો નીતિવાળાની જ સંખ્યા ઓછી છે, એટલે નીતિને વળગનાર માણસને અર્થની તાણ ન પડે અને ખૂબ ઇજ્જત મળે એવું વાતાવરણ સમાજના આર્ષદ્રષ્ટાઓએ સર્જવું જોઇશે. બેકારી, કરજ, રૂઢિઓ એ બધાં સમાજમાં નૈતિક નિર્બળતા આવવાનાં મુખ્ય કારણો છે. સમાજ તરફથી આ કારણો નાબૂદ કરવામાં આવે તો નૈતિક અંશોનું મોટે ભાગે સંરક્ષણ થાય.

નૈતિક હ્રાસનું એક કારણ માનસિક નિર્બળતા છે. મનુષ્ય ઘણીવાર સમાજથી ડરીડરીને વિચાર અને કાર્યની ચોરી કરતો હોય છે. આ પણ માનસિક નિર્બળતા જ છે. આવી માનસિક નિર્બળતાનાં મૂળ બહુબહુ ઊંડાં હોય છે. માબાપનાં સંસ્કારનો વારસો અને સમાજનું અનિચ્છનીય વાતાવરણ માનસિક નિર્બળતાજનક કારણો છે.

હિંદુસ્તાનને આઝાદી મળ્યા પછી તુરત જ હિંદુસ્તાનના નાયકોએ હરિજનો માટે જે કાયદાઓ કર્યા છે તે બદલ પ્રજાકીય સરકાર વારંવાર ધન્યવાદને પાત્ર છે. આ કાયદાઓ રૂઢિચુસ્ત જનતાને ગળે ઉતરાવવા માટે એકેએક ધર્મઉપદેશકોએ ખાસ પ્રયત્ન કરવો જોઇએ. તેને બદલે તેઓ કાં તો સમજફેરને લીધે અથવા નૈતિક હિંમતની

ખામીને લીધે અથવા પરાધીનતાને કારણે તેમ કરી શકતો નથી; અને રાષ્ટ્રવિરોધી પ્રત્યાઘાતી તત્ત્વોના હાથમાં આમજનતા રમી જાય છે. આમજનતા પાસે સરકારનો કાયદો કે અમલદાર જશે ખરા, પણ સાચા દિલથી અમલ કરાવવા માટે તેમની શક્તિ પૂરતી નથી. તેમાં તો ધર્મસંસ્થાઓ કે ધર્મમૂર્તિ પુરુષો જ કામ આપી શકે. આને પણ સામાજિક આંદોલનની જરૂર છે.

## સમાજનું વાતાવરણ

મનુષ્યમાત્ર ભૂલને પાત્ર હોય છે, પરંતુ આ વાતને સમાજ ઘણીવાર ભૂલી જાય છે. જ્યારે વ્યક્તિની એક નાનીસરખી ભૂલને તે સાંખી શકતો નથી, રજનું ગજ કરી મૂકે છે અને વ્યક્તિને ફજેત કરી સમાજથી તિરસ્કૃત બનાવી મૂકે છે, ત્યારે પરિણામ એ આવે છે કે તે વ્યક્તિ ભૂલોને છુપાવીછુપાવીને પતનને માર્ગે આગળ ને આગળ ધપ્યે જાય છે. આથી સમાજને પાછળથી ખૂબ સોસવું પડે છે.

એટલે નૈતિક અંશોનું સંરક્ષણ કરવા માટે આવી જાતનાં નિમિત્ત કારણોનો પ્રથમ નાશ કરવો જોઈએ, અને બીજી બાજુ નૈતિક જીવનના બોધપાઠો અને આદર્શો ખડા કરવા જોઈએ. આ કાર્ય માટે પણ એક મંડળ હોય જેના સંચાલકો સમાજના માનસ-શાસ્ત્રી હોય. આ મંડળ પ્રાયઃ ગુપ્તમંડળ જ રહે.

સમાજજીવનમાં ઊંડું અવગાહન કરી તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું, પ્રસંગ પડ્યે વેઠી લેવું, સેવાદ્વારા, ચારિત્ર્યદ્વારા અને સત્યાગ્રહ-દ્વારા વ્યક્તિની ભૂલને નિવારવાનો પ્રયત્ન કરવો, એ આ મંડળના સભ્યોની કાર્યપ્રણાલિકા.

## પતિતોની શુદ્ધિ

એક નાનીસરખી ભૂલ થઈ એટલે જ્ઞાતિ કે સમાજથી બહિષ્કૃત કરવાનો રિવાજ ઘણાખરા સમાજમાં હોય છે. આ શિક્ષા ભારેપડતી

કહેવાય. શિક્ષા આપવાનો ઉદ્દેશ તો એ જ હોવો ઘટે કે ફરીથી તેવી ભૂલો ન થાય. એટલે તે ઉદ્દેશ જાળવવા માટે સમાજ તરફથી હળવી શિક્ષાઓ હોવી જોઈએ.

વણિક કોમમાં પાંચા, દશા, વીશા અને એવાએવા ભેદો એ આવી શિક્ષાઓની અતિમાત્રાનાં જ પરિણામો છે, કે જેને પરિણામે એક જ ધર્મમાંથી જુદાજુદા ફાંટાઓ નીકળી પડચા છે. તે પણ પ્રાય: સિદ્ધાંતો અને વિચારોની અસહિષ્ણુતાનું પરિણામ છે. નિયમોનો જ્યારે જ્યારે ઉદ્દેશ ભુલાય છે, ત્યારે ત્યારે તેનું પરિણામ આવું જ આવી રહે છે.

આજે ભૂલને કારણે, સમાજના બહિષ્કારને કારણે અને એકારીતે કારણે સમાજમાંથી ધર્મ અને જ્ઞાતિ બન્નેને છોડીને પ્રજાનો ઘણો વર્ગ સમાજભ્રષ્ટ થઇ ગયો છે, અને થઈ રહ્યો છે. કોઈ વ્યક્તિ પોતાની સ્વેચ્છાએ બીજો ધર્મ સ્વીકારે છે કે બીજામાં ભળે છે તે ભલે ક્ષમ્ય હોય, પરંતુ આવાં કારણોને લઈને જો ફરજિયાત તેને આમ કરવું પડતું હોય તો તેમાંથી તેને ઉગારી લેવી તે સમાજની અનિવાર્ય ફરજ છે, અને તેમાં જો તે ચૂકે તો એક મહાન હાનિ ગણાય. ખોટી રીતે સમાજથી બહિષ્કૃત થયેલી વ્યક્તિ સમાજ પ્રત્યેનું વૈર વાળવા માટે ઘણીવાર સમાજદ્રોહી અને રાષ્ટ્રદ્રોહી સુધ્ધાં બને છે. આવા દુર્ભવિષ્યથી બચી જવા માટે પણ આ કાર્યની ઉપયોગિતા છે.

## શુદ્ધિનો ઉપાય

જેઓ સમાજથી ડગુડગુ થઇ રહ્યા છે કે માર્ગને ભૂલી ગયા છે, અથવા પતિત થવાની તૈયારીમાં છે, તેઓની તાત્કાલિક શુદ્ધિ કરવી તે કાર્ય તો સાવ સહેલું છે. પરંતુ જેઓને ઘણા વખતથી સમાજે તિરસ્કૃત કરી નાખ્યા છે, આચાર અને વિચારોથી જેઓ એકએ ડગલાં નીચે ગયા છે અથવા જવાની તૈયારીમાં છે, તેઓની

શુદ્ધિ કરવાનું કામ કઠણ છે; અને કઠણ હોવા છતાંએ સૌથી પહેલું કરવાનું છે, તે પણ સાથે સાથે સમજી લેવું જોઇએ.

આ કાર્ય હાથ પર ધરવામાં સમાજનો જે રૂઢિચુસ્ત વર્ગ છે, અર્થાત્ કે જેને ભૂત અને ભવિષ્યના ઇતિહાસ કે પરિણામનું બરાબર જ્ઞાન નથી તે ખળભળવાનો સંભવ છે. પરંતુ જો સમાજની પ્રતિષ્ઠિત સંસ્થા પોતે જ જ્યારે આ કાર્યને હાથ ધરે, તો તે ખળભળાટ પ્રત્યાઘાત નહિ કરી શકે; અને ઊલટું જેમજેમ તેનું પરિણામ સુંદર આકારમાં આવતું જશે, તેમતેમ તેનો પ્રભાવ સમાજમાં વ્યાપક થતો જશે.

સમાજસંસ્થાનાં આ કાર્યક્ષેત્રમાં અંત્યજવર્ગ, જ્ઞાતિચ્યુત વર્ગ અને ધર્મચ્યુત વર્ગનો સમાવેશ થઈ શકે. આવા વર્ગમાં આચાર અને વિચારની ઉચ્ચ સંસ્કૃતિનો પ્રચાર એ આ સંસ્થાનું સૌથી પ્રાથમિક કાર્ય હોય. જ્યાં સુધી બીજી ઉચ્ચ જ્ઞાતિ સાથે આચાર અને વિચારોમાં સમાનતા ન આવે, ત્યાં સુધી સમાન જ્ઞાતિ તરીકેનો વ્યવહાર રાખવો કે ન રાખવો તે સમાજની સ્વેચ્છાનો પ્રશ્ન હોવો ઘટે, અને તે ભલે રહે. પરંતુ ધાર્મિક અને સામાન્ય અધિકારો તો સમાન રીતે તેમને મળવા જ જોઈએ. પ્રકાશ, વાયુ, જળ, અન્ન, પ્રભુભક્તિ, શિક્ષણ વગેરે સાધનોનો ઉપયોગ કરતી વખતે મનુષ્યોએ પતિત અને તરછોડાયેલી કોમને પણ એક માનવજાત તરીકે ન ભૂલતાં માનવજાતિને છાજે તેવાં સાથ અને સહકાર આપવાં જોઈએ. આ વાત લક્ષમાં રાખી ધૈર્યપૂર્વક આ સંસ્થા તે કાર્યને ઉપાડી લે. આ કાર્યમાં સમાજ અને ધર્મ બન્નેની રક્ષા છે. પતિતપાવન ગણાતા પ્રભુનાં બાળકોની શુદ્ધિમાં પ્રભુની ભક્તિ પણ છે, તે વસ્તુ લક્ષ્યથી ભૂલવા જેવી નથી.

**સંગઠન**

પારસ્પરિક કલેશ, સ્વચ્છંદતા, અરાજકતા, સમાજના નેતા-

ઓની બેદરકારી, શ્રીમંતોની સત્તાશાહી એ બધાં સામાજિક અસંગઠનનાં કારણો છે. સમાજમાં જેમ હમેશાં વિચારક અને સ્વમાનને ઓળખનારો વર્ગ હોય છે, તેમ મૂર્ખ અને સ્વચ્છંદી વર્ગ પણ હોય છે. સમાજના સંચાલકો નીતિ અને ચારિત્ર્યના દોર તરફ લક્ષ રાખીને ચાલે છે ત્યાં સુધી સમાજમાં ગાબડું પડતું નથી. પરંતુ ઉપરનાં કારણોની અતિમાત્રા થાય છે એટલે સમાજનું સુકાન હાથમાં રહેવું મુશ્કેલ થઈ પડે છે. આથી સમાજસંગઠન માટે આ બધાં દૃષ્ટિબિંદુઓને દૃષ્ટિ સમક્ષ રાખવાં જોઇએ.

## સંગઠનનો રાજમાર્ગ

સમાજમાં ન્યાયનું શાસન સ્થાપિત કરવું એ સંગઠનનો રાજમાર્ગ છે. સમાજની સંસ્થાઓના સંચાલકો કે નેતાઓ સમાજના માલિક ન ગણાય, પરંતુ ન્યાયાધીશો ગણાવા જોઇએ. ન્યાયાલયમાં એ ન્યાયાધીશો હોય અને ન્યાયાલય બહાર એ સેવકો હોય. આખા સમાજે મળીને સ્થાપિત કરેલા નિયમોની બજાવણી માત્ર તેમનાથી થાય. સમય પ્રમાણે એ નિયમોમાં પરિવર્તન કરવું પડે તો તેનો અધિકાર કોઈને વ્યક્તિગત ન હોવો જોઈએ, પરંતુ સમષ્ટિ મળીને જ જે કંઈ કરવું હોય તે કરી શકે.

આજે હિંદ આઝાદ થયા બાદ લોકશાહીને માર્ગે કૂચ કરી રહ્યું છે. રાજ્યતંત્ર ચલાવવામાં સર્વાનુમતીવાદ લાવવો ભારે મુશ્કેલ છે, જ્યારે સમાજનાં એકમોમાં આ વાદ લાવવો સહેલો છે. આવા નાનામોટા ઘટકોના પ્રમુખો કે આગેવાનો નીતિમાન, ચારિત્ર્યશીલ અને ઉદાર દૃષ્ટિબિંદુઓવાળા હોવા જોઇશે. કોઈ પણ રાષ્ટ્રને ઊંચું લાવવું, એ એના નાના મોટા ઘટકોના હાથમાં છે. કાં તો એ ઘટકો સુયોગ્ય જવાબદારીનાં વાહકો હોય અને કાં તો એ ઘટકો યોગ્ય રાષ્ટ્રનેતાઓને અક્ષરશઃ અનુસરનારાં હોય. આજે હિંદમાં તો આ એમાંથી એકેય વસ્તુ નથી. સદ્‌ભાગ્ય એટલાં જ છે કે ગાંધીજીને પ્રતાપે

એની રાષ્ટ્રધુરા આજે અત્યંત સુયોગ્ય હાથોમાં છે, એટલે વધુ ભલે ન બને, પણ આટલું તો આજે જ થવું જોઇએ કે આમપ્રજા પ્રત્યાઘાતી તત્ત્વોના ખોટા પ્રચારમાં ન દોરવાતાં સુયોગ્ય રાષ્ટ્રનાયકોમાં વિશ્વાસ રાખતી રહે. આ કામ પણ એકલદોકલ વ્યક્તિ કરતાં આવી સામાજિક સંસ્થાઓ દ્વારા અસરકારક થઈ શકે.

બસ આ રીતે સામાજિક સંસ્થા અને નૈતિક સંસ્થા એ બન્નેનાં ભિન્નભિન્ન કાર્યોનું દિશાસૂચન પણ થાય છે. એ બન્ને સંસ્થાનાં કાર્યોનો પારસ્પરિક સંબંધ તો છે જ, અને તાત્ત્વિક રીતે જોતાં તો તે બન્ને સમાજનાં પાસાં જ છે. એટલે નામભેદો અને કાર્યભેદો હોવા છતાં બન્નેનું લક્ષ્ય તો એક જ સમાજોદ્ધારનું છે.

આ બે મુખ્ય સંસ્થાઓનાં કાર્યક્ષેત્રની વ્યવસ્થા જાળવવા માટે ઊભી થયેલી નાનીમોટી સંસ્થાઓ અને શાળાઓ આ બન્ને સંસ્થાની પેટાશાખાઓ ગણાવી જોઈએ, અને સીધી રીતે તેનો સંબંધ તે બન્ને સાથે રહે. અર્થાત્ કે તેની દેખરેખની જવાબદારી મુખ્ય સંસ્થાઓ પર રહેવી જોઈએ.

આ કાર્યદિશાને રચનાત્મક બનાવવા માટે સમાજમાંના બહોળા વર્ગે હાથ અને હૃદય બન્ને આપવાં પડશે. પરંતુ ભોગ વિના સુધારણા ક્યાં છે? વળી એટલું પણ ચોક્કસ છે કે આજે આટલું નહિ બને તો કાલે તેથી વધુ ગુમાવ્યા વિના છૂટકો નથી. માત્ર એટલો જ ફેર કે આજે સ્વઇચ્છાએ કરવાનું છે, જ્યારે આવતી કાલે ફરજિયાત કરવું પડશે. પહેલામાં રસ છે, ઉત્સાહ છે; બીજામાં શું હશે તે તમે જ કલ્પી લેશો.

આ રીતે સમાજની એ બન્ને સંસ્થાઓ પ્રાચીન છતાં અર્વાચીન સંસ્કૃતિથી અર્વાચીન સમાજને ઉન્નત અને સુખી બનાવી શકશે. અને સમાજો પોતે જ જ્યારે પોતાનાં અંગોની જવાબદારી લઈ બેકારી અને અસંસ્કારિતાનો પ્રશ્ન પતાવી દેશે ત્યારે રાષ્ટ્રનો બોજો

સહેજે હળવો થશે. રાષ્ટ્રદ્વારા વ્યક્તિઓ માટે સીધી રીતે આ કાર્ય થવું અતિ કઠિન અને દુઃશકય જેવું છે. જ્યારે સમાજ માટે આ માર્ગ તદ્દન સરળ છે.

આ બધી સમાજ અને તેની પ્રગતિની વાત થઈ. પરંતુ વ્યક્તિએ સમાજધર્મ બજાવવા માટે શું કરવું જોઈએ તે નિર્દેશ વ્યક્તિને ઉદ્દેશીને આમાં આવ્યો જણાતો નથી. તો તેનું શું? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સમાજને લાગુ પડતી દરેક વસ્તુ વ્યક્તિને લાગુ પડે છે. સમાજોન્નતિના ઉપાયોમાં પ્રત્યેક ભિન્નભિન્ન વ્યક્તિઓ સમાજને પોતારૂપ માને અને પ્રગતિને પંથે પગરણ માંડી દે તો સ્વયં સમાજની પ્રગતિ દેખાઈ આવશે.

જે વ્યક્તિ આ જાતના ધર્મ બજાવે તેણે સમાજધર્મ બજાવ્યો ગણાય, અને આ સમાજધર્મ નિઃસ્વાર્થ હોવાથી તે આત્મિક વિકાસનું અંગ પણ ગણી શકાય.

આ નિર્માણ માટે ગૃહસ્થ વ્યક્તિ પોતાની પરિસ્થિતિ અને સંયોગોનો વિચાર કરીને આર્થિક, શારીરિક અને માનસિક સેવા બજાવી શકે છે. પરંતુ આ માર્ગમાં કાંઠે ઊભા રહીને તમાસો જોનાર અને 'સમાજ સડી ગયો છે, ડૂબી રહ્યો છે, તેનું તો એમ જ થવું જોઈએ' એવી વાતો કહેનારની લેશ માત્ર જરૂર નથી. આ નિર્માણમાં સ્વેચ્છાએ ડૂબી મરનાર મરજીવા જેવા ભોગ આપનાર કાર્યકારી જુવાનોની જરૂરિયાત છે. અને તે જ સમાજમાં સાચી ક્રાન્તિ જગાડી સડાને નિર્મૂળ કરી સમાજનું નવનિર્માણ કરી શકશે.

# ૩

# રાષ્ટ્રધર્મ

રાષ્ટ્રધર્મ શબ્દથી આજે ભારતવાસી અજાણ્યો નથી. રાષ્ટ્રધર્મનો વિકાસ એ આ યુગનો પ્રધાન પ્રશ્ન છે. ભારતની બહારની પ્રજાઓમાં પણ તે જ પ્રવૃત્તિનું પ્રાધાન્ય છે.

ભિન્નભિન્ન દૃષ્ટિબિન્દુથી ભિન્નભિન્ન સિદ્ધાંતને પકડી બધાં રાષ્ટ્રો રાષ્ટ્રીય ઉન્નતિ પાછળ લાગી ગયાં છે. બબ્બે વિશ્વયુદ્ધોથી માનવજાત થાકી ગઈ છે; પણ યુદ્ધના હિમાયતીઓ હજુ થાક્યા નથી. વાદો ખૂબ વધી ગયા છે. સામ્યવાદીઓની પ્રવૃત્તિ પ્રત્યે રોષ હોવા છતાં એ વર્ગ વધતો જ જાય છે. રશિયાનો સમાજવાદ એવે માર્ગે ફંટાયો છે કે સરમુખત્યારશાહીનો ગંભીર ભય ઊભો થયો છે. બીજા વિશ્વયુદ્ધનાં ત્રણ મિત્રરાજ્યો વચ્ચે સુમેળ નથી, અમેરિકાના ઍટમબૉમ્બે જપાનને કચડયું—જર્મનીનો અને ઇટલીનો એમ બન્ને સરમુખત્યારો હતા ન હતા થઈ ગયા. છતાં તીક્ષ્ણ શસ્ત્રોની વૈજ્ઞાનિક શોધો આગળ ને આગળ ધપાવવા દુનિયાનાં રાષ્ટ્રો મથી રહ્યાં છે. ત્રીજું વિશ્વયુદ્ધ આવી રહ્યું છે એવી હવા ફેલાયા જ કરે છે. દુનિયાનાં યંત્રોમાં યોજાયેલા મજૂરોની પ્રવૃત્તિ દિને દિને વધુ સંગઠિત થતી જાય છે. આ બધા પ્રવાહોમાં હજુ તો કાલે જ પગભર થતું

એવું હિંદરાષ્ટ્ર ટકી રહેવા પ્રયત્ન કરી રહ્યું છે. એણે આ એક વર્ષમાં અપાર આઘાતો સહ્યાઃ (૧) હિંદના ભાગલા, (૨) મહાત્માજીનું અવસાન, (૩) પાકિસ્તાન મિત્રની ચાલબાજીઓ, અને (૪) યુનોપંચની પક્ષપાતી નીતિ. આ બધા ઉપરાંત (૫) હૈદ્રાબાદના રઝાકારો, (૬) પ્રત્યાઘાતી તત્ત્વો, (૭) કોમવાદી જૂથો અને (૮) સમાજવાદી પક્ષ. આ બધા સામે એ દેશ ટકી રહ્યો છે. હજુ એને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી માત્ર એશિયાનાં જ નહિ બલ્કે દુનિયાનાં રાષ્ટ્રોના નૈતિક રાહબર બનવાનું છે.

એટલે જ આજે દરેક નાનાં મોટાં રાજદ્વારી જૂથે રાજદ્વારી તખ્તા પર મોરચો ન માંડતાં હિંદના હિતાર્થે હાથોહાથ મેળવી કામે લાગી જવાનું છે. દરેક જ્ઞાતિ કે ધર્મસંપ્રદાય અથવા સમાજે પણ આજના રાષ્ટ્રધર્મની અભિમુખ રહેવાનું છે અને રાષ્ટ્રધર્મમાં સહકાર આપવાનો છે. પ્રત્યેક વ્યક્તિએ રાષ્ટ્રધર્મ માટે સીધી રીતે ભાગ લઈને, રચનાત્મક કાર્ય કરીને કે પોતાના રાષ્ટ્રોપયોગી ધંધાદ્વારા રાષ્ટ્રને મદદ કરવાની છે, અને પોતાના કુટુંબને પણ આ જ માર્ગે દોરી જવાનું છે.

રખે કોઈ રાષ્ટ્રધર્મને અનુસરતાં આધ્યાત્મિક કે બીજા કોઈ ધર્મને ગુમાવવાનો ભય રાખે. વળી એમ પણ ન માને કે આ ધર્મ કેવળ મૂડીવાળાઓએ કે મજૂરોએ, સાક્ષરોએ કે નિરક્ષરોએ, ગૃહસ્થોએ કે સંયમીઓએ એવા અમુક વર્ગે જ બજાવવાનો છે. પ્રજાનું કોઈ પણ અંગ રાષ્ટ્રધર્મમાંથી છૂટી શકે નહિ. રાષ્ટ્રધર્મમાં તો જાતિ, કોમ, ધર્મ કે ઊંચનીચના ભેદો ન હોય. શરીરને પગ, આંખ, હાથ, માથું એ બધાં અંગો એકસરખાં ઉપયોગી છે, અને એકબીજાં સાથે સંકળાયેલાં છે; તે જ રીતે પ્રજાનાં બધાં અંગો એક સાંકળ-રૂપે બની રાષ્ટ્રોન્નતિના નિર્માણમાં હાથોહાથ કામે લાગી જાય.

## રાષ્ટ્રધર્મનું સ્થાન

દરેક ધર્મમાં રાષ્ટ્રનું સ્થાન હોય છે અને હોવું ઘટે; પછી ભલે

તે ધર્મ ઉચ્ચ અને આધ્યાત્મિક કોટિનો હોય. કારણ કે ધર્મ આરાધનાર વ્યક્તિ રાષ્ટ્રની બહાર વસતી નથી. રાષ્ટ્રનું વાતાવરણ તેને સ્પર્શે છે; રાષ્ટ્રશાંતિ તેની શાંતિમાં સહકાર પૂરે છે. કોઈ વ્યક્તિ જ્ઞાતિથી બહાર રહી જીવી શકે, સમાજની બહાર રહીને પણ કદાચ વ્યક્તિગત વિકાસ સાધી શકે, પરંતુ તે પણ રાષ્ટ્રધર્મથી તો સંકળાયેલી જ હોય.

રાષ્ટ્રધર્મને બજાવવાનાં સાધનો કંઈ એકસરખાં હોતાં નથી. ધનથી, પ્રયત્નથી, વિચારથી, . કળાથી કે સંયમથી વગેરે અનેક સાધનોથી રાષ્ટ્રસેવા બજાવી શકાય. આથી ગમે તે ક્ષેત્રમાં રહીને ગમે તે વ્યક્તિ રાષ્ટ્રધર્મમાં ફાળો આપી શકે.

જૈનધર્મ અને બૌદ્ધધર્મ—શ્રમણસંસ્કૃતિ—પ્રાધાન્યધર્મોમાં પણ રાષ્ટ્રધર્મને મહત્ત્વનું સ્થાન છે. જૈનધર્મના 'ઠાણાંગ' નામનાં અંગ-સૂત્રમાં દશધર્મોનાં વર્ણનમાં સમાજધર્મ અને રાષ્ટ્રધર્મ બન્નેનું સ્થાન છે. એ સ્પષ્ટ કહી આપે છે કે કોઈ પણ ધર્મ રાષ્ટ્રધર્મને બાધ્ય કે બાધક થતો નથી.

## રાષ્ટ્રધર્મની જરૂરિયાત

તેમાંય હિંદનો રાષ્ટ્રધર્મ તો અનોખો જ છે, કારણ કે હિંદ કોઈ આક્રમક નીતિમાં માનતું નથી. એને મન સત્ય અને અહિંસા જ મુખ્ય સ્થાને છે. દગા અને ખૂનથી તે કંપી ઊઠે છે. કોઈ રાષ્ટ્ર અન્યાયી બની બીજા નાના રાષ્ટ્રને કચડવા ધારે તો હિંદ વણમાગ્યે અન્યાયનો સામનો કરવામાં તે નાના રાષ્ટ્રને પણ મદદ કરવા તત્પર રહેશે. તે આઝાદ નહોતું ત્યારે પણ ન્યાય એ જ એનું ધન હતું; આજે અને હવે પણ એ જ રહે છે ને રહેશે, એવું ઉચ્ચારણ અહીંના અગ્રણી નેતાઓ વારંવાર ઉચ્ચારે છે અને આચરે છે.

જેમ માતૃધર્મ મનુષ્યમાં સ્વાભાવિક હોય છે તે જ રીતે રાષ્ટ્રધર્મ પણ સ્વાભાવિક જ હોવો ઘટે. કારણ કે માતૃભૂમિનો પણ જન્મદાતા

જેવો જ અને જેટલો જ ઉપકાર છે. નીતિશાસ્ત્રકારોએ જન્મભૂમિને જનનીની કોટિમાં મૂકી કહ્યું છે કે जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी—માતા અને માતૃભૂમિનું સ્થાન સ્વર્ગથી પણ અધિક છે.

મનુષ્ય રાષ્ટ્રભૂમિની ગોદમાં ખેલે છે; રાષ્ટ્રનાં અન્ન અને જળથી પોષાય છે; રાષ્ટ્રની સંસ્કૃતિથી સંસ્કારાય છે; રાષ્ટ્રનાં સૌંદર્યમાંથી જીવનરસ લૂંટે છે; રાષ્ટ્રબાળોના સહકારથી વિકસે છે; દેહના પ્રારંભથી માંડીને દેહાન્ત સુધી રાષ્ટ્રને ખોળે મહાલે છે; અને અંતે પણ એ માતૃભૂમિની માયાળુ માટી કે રાખ તેના દેહને સંઘરી લે છે.

આટલી રાષ્ટ્રસેવા લીધા પછી રાષ્ટ્ર પ્રત્યે મનુષ્ય કેટલો ઋણી હોવો ઘટે, અને એ ઋણ ચૂકવવા માટે રાષ્ટ્રસેવાની કેટલી જરૂરિયાત હોવી ઘટે, તે હવે સમજાવવાની આવશ્યકતા રહેતી નથી.

**વિદેશ અને ભારત**

મારો દેશ—મારી માતૃભૂમિ—મારું વતન, એ ભાવના બહારના પ્રત્યેક દેશમાં બાળકને ગળથૂથીથી જ પવાતી હોય છે. બાળ, સ્ત્રી, યુવાન કે વૃદ્ધ સૌ કોઈમાં રાષ્ટ્રતાનો એકસરખો રંગ હોય છે. સ્વદેશાભિમાનની છાયા રગેરગમાં સ્પષ્ટ દેખાતી હોય છે. અન્ય દેશમાં વસવાટ કરતો વિદેશી યુવાન પણ પોતાના દેશને ઘડીભર વીસરતો નથી. એક સામાન્ય વસ્તુ ખરીદવા જતાં પણ તેને સૌથી પ્રથમ પોતાની માતૃભૂમિની યાદ આવે છે. પોતાના દેશની વસ્તુ હલકી અને અધિક મૂલ્યવાન હોવા છતાં તે જ ખરીદવી પસંદ કરે છે. માતૃભૂમિના નામની હાકલ પડતાં જ આખો દેશ એકીસાથે જાગ્રત થઈ ઊઠે છે.

જોકે અહીંની માફક વિદેશોમાં પણ ક્વચિત્ બેકારી, મૂર્ખતા, વિચારવાદ અને મતાગ્રહના ઝઘડાઓનાં દર્શન થાય છે ખરાં. પરંતુ જ્યારે રાષ્ટ્રધર્મનું નામ આવે ત્યારે તે બીજી બધી વાતોને ગૌણ માને છે; એ જ ત્યાંની ખરી ખૂબી છે, એ જ ત્યાંની સંસ્કારિતા છે, એ જ ત્યાંનું સંગઠન છે. આ એક જ વસ્તુ બીજાં

રાષ્ટ્રોને વિજેતા બનાવે છે. ભારતમાં તે નથી. ભારતમાં ધર્મઝનૂન છે ખરું, પરંતુ રાષ્ટ્રાભિમાન અને રાષ્ટ્રધર્મ તો બહુ જ ગૌણ સ્વરૂપમાં છે.

બ્રિટનની ધૂંસરીમાંથી હિંદને મુક્ત કરવા માટે હિંદના ડાહ્યા નેતાઓએ રાષ્ટ્રપ્રજાનું ધ્યાન રાષ્ટ્ર પ્રત્યે દોર્યું એ વાત ખરી, અને તેમાંય લોકમાન્ય બાદ મહાત્માજી આવ્યા ત્યારથી રાષ્ટ્રધર્મ વધુ ને વધુ શુદ્ધ રીતે મુકાતો ગયો. ઘણાંય બલિદાનો ચઢી ગયાં અને ટૂટીફૂટી જે અહિંસા પોકારાઇ તેને ફળસ્વરૂપે આઝાદી આવી. આમ-પ્રજામાં હાડોહાડ રાષ્ટ્રધર્મ નહોતો એની ખાતરી મહાત્માજીને તો પોતાની હયાતીમાં જ થઈ ચૂકી હતી. આપણે આજે એ કરી રહ્યા છીએ; નહિ તો પૈસાને માટે દુશ્મન લેખાતા લોકો કે પ્રદેશમાં વ્યાપારીઓ દેશદ્રોહી બની કાપડ વગેરે ન મોકલત, દેશના ભૂખે મરતા લોકો જોવા છતાં મૂડીવાદમાં કાળાબજારિયાઓ ન રાચત. એવાં માણસોને માટે રાજતંત્રને કંઈ જ ન કરવું પડત. પ્રજાએ પોતે જ બોધપાઠ આપી દીધો હોત. હરિજનસ્પર્શ, સ્ત્રીઓને વારસો, એકથી વધારે પત્નીઓનો નિષેધ, સખાવત ફંડોના દુરુપયોગની અટકાયત, ગણોતબિલ, નફાખોરી પ્રતિબંધ, તોફાનીઓથી રાષ્ટ્રસંરક્ષણ, એવા એવા કાયદા ધારાસભાને ન જ ઘડવા પડત. એ બધું તો પ્રજામાં સહેજે હોત. આજે એ નથી. બીજા દેશોમાં જે પ્રજાશિસ્તપાલન છે, તે પણ અહીં હજુ દેખાતું નથી. વિશ્વૈક્યની ભાવના મહાત્માજી અને પંડિત જવાહરને હૈયે જરૂર છે, પણ પ્રજામાં રાષ્ટ્રધર્મ રગેરગે ન હોવાને કારણે તે અમલમાં ક્યારે આવશે એ એક મોટો સવાલ છે.

જોકે વિદેશોની પ્રજામાં વિશ્વૈક્યની ભાવના ક્વચિત જ સાંપડશે, અને તેથી તે કેટલીક વાર રાષ્ટ્રાભિમાનને લઈને બીજા દેશોનું ગમે તે થાય તે ન જોતાં કેવળ પોતાના રાષ્ટ્રની સ્વાર્થવૃત્તિ સાધવા ઝૂમે છે, માંહોમાંહે અધિકારવાદની વૃત્તિથી લડે પણ છે; બીજી પ્રજાઓને મારી પછાડી પાયમાલ કે નષ્ટભ્રષ્ટ કરી નાખવાનું કોઈ કોઇ તો ષડ્યંત્ર પણ રચે છે. તેથી આ રાષ્ટ્રીય એકદેશીય વિજય

આવા રાષ્ટ્રની શાંતિને કઇ જાતની અને ક્યાં સુધી સુખશાંતિ આપી શકશે કે ટકાવશે એ પ્રશ્ન જુદો છે. પરંતુ અહીં તો તેમનામાં રાષ્ટ્ર પ્રત્યેની કેટલી તમન્ના છે તે અંશ સામે જ જોવાનું છે, અને ભારતવર્ષના ભાગ્યસ્રષ્ટાઓને તે જ શીખવાનું છે.

રાષ્ટ્રભક્તિ રાષ્ટ્રઝનૂનમાં ન પરિણમે તે તો દરેક દેશને વિચારવાનું છે. અને તે વાત બરાબર સમજાય તો વ્યાપારનાં, વિચારનાં અને સત્તાશાહીનાં જે આંતરરાષ્ટ્રીય દ્વંદ્વો ચાલી રહ્યાં છે, તેમનું ઉપશમન થાય, અને બધાં રાષ્ટ્રો એકબીજાને આંચ ન પહોંચાડતાં પરસ્પર મિત્રાચારીના નાતાથી વર્તે અને રહે. આથી વિશ્વની સમસ્ત પ્રજાઓની શાંતિમાં ઉમેરો જ થાય. પરંતુ આવું દૃષ્ટાંત પૂરું પાડવા માટે જો આર્યસંસ્કૃતિ અને આર્યધર્મનો ભારતવર્ષ અધિક દાવો કરતું હોય તો તેની પહેલ તેણે તે માર્ગે કરી દેવી જોઈએ.

### આજનું ભારતવર્ષ

રાષ્ટ્રભૂમિની યાદ ભારતવર્ષમાં વિદેશી સત્તા પછી લુપ્તપ્રાયઃ થવા માંડી હતી. શિવાજી જેવા રાષ્ટ્રના માડીજાયાનાં શૌર્યગાન ભારતવાસીનાં કર્ણદ્વારેથી ખસવા માંડયાં હતાં; તેવામાં જ ભારતવાસીનાં સદ્‌ભાગ્યે એક ભડવીર જાગ્યો. તેમનું નામ દાદાભાઈ નવરોજી. તેમણે માતૃભૂમિની મીઠી યાદ દેવડાવી, પ્રજામાં માતૃપ્રેમનાં બીજ રોપ્યાં. લોકમાન્ય ટિળકે સિંચન કર્યું. અને ગાંધીજીએ આસપાસ વાડ બાંધી એ વૃક્ષને વિકસાવ્યું: ભારતને આંગણે અનેક વીરો પકાવ્યા (જગાડયા), ભારતની પ્રજામાં સ્વાતંત્ર્યભાવનાનો પ્રચાર કર્યો, અને અહિંસા, સત્ય અને સંયમના સિદ્ધાંતોથી રાષ્ટ્રધર્મની ઘોષણા પ્રજાના આબાલવૃદ્ધ વર્ગનાં કર્ણદ્વાર સુધી પહોંચાડી દીધી. આ રીતે રાષ્ટ્રધર્મ અને આધ્યાત્મિક ધર્મનો સુમેળ એ યુગપ્રધાન પુરુષે સાંધી આપ્યો.

છતાંય એ મહાન ખેદનો વિષય છે, કે ભારતવર્ષની સર્વ પ્રજા એ ધ્વનિને સાંભળી શકી નથી, પચાવી શકી નથી, આચરી શકી

નથી. ધર્મને બહાને તે લાખો અને કરોડો રૂપિયા ખરચી શકે છે. જ્ઞાતિજ્ઞાતિ અને ધર્મધર્મ સાથે ઝગડો કરવામાં શક્તિ અને સમય બન્ને વેડફી શકે જ. પરંતુ રાષ્ટ્રને નામે સહજ પણ ભોગ આપવો તેને માટે અક્ષમ્ય અને અશક્ય થઈ પડે છે. કારણ એ છે કે તેના માનસમાં રાષ્ટ્રભક્તિના સંસ્કારોને બહુ ઓછું સ્થાન છે. માતાપિતાના સંસ્કૃતિશિક્ષણમાં અને શિક્ષકોના વિદ્યાશિક્ષણમાં તે વિષયને અવકાશ જ ન હોય, ત્યાં આ પરિસ્થિતિ કંઈ આશ્ચર્યજનક ન ગણાય. પરંતુ હવે તો 'बीती ता को बिसार दे आगे की सुध ले-' ગઇ વાતને ભૂલીને હવે શું કરવું તે જ વિચારવાનું રહે છે.

મહાત્માજીએ ધારવા કરતાં ભારતની આઝાદી ઘણી જ વહેલી લાવી આપી, પણ આઝાદી આવ્યા છતાં આમપ્રજાને એ આઝાદીનો સ્વાદ હજુ પૂરતા પ્રમાણમાં મળી શકયો નથી. કારણ તો સ્પષ્ટ જ છે કે, આપણે અહિંસા, સત્ય, રચનાત્મક કાર્યક્રમો વગેરેને દેશની આઝાદીનાં વાહનરૂપે જ માનીને સ્વીકાર્યાં. એટલે જ ભાગલા પડયા પછી ઉર્દૂલિપિ શા માટે? હવે કયાં હરિજનો છૂટા પડીને ફાવે તેમ છે માટે હરિજન મંદિર પ્રવેશ બિલ શા સારુ? મુસ્લિમોના મોટા વર્ગે મુસ્લિમ લીગની ખોટી દોરવણી સ્વીકારી દગો કર્યો હવે કોમી ઐકયનો પ્રશ્ન શા માટે? આઝાદી આવી, હવે રેંટિયાનો શો ખપ છે? આવા આવા પ્રશ્નો ડાહ્યા ગણાતા લોકો પણ કરે છે.

ભારતની સ્વતંત્રતા જો દુનિયાનાં રાષ્ટ્રોને માર્ગદર્શન આપવાની હોય, એના ઝંડામાંનું અશોકચક્ર દેશે દેશ સંદેશ આપનારું બનવાનું હોય, એણે અન્યાયને મચક આપ્યા કે અપાવ્યા સિવાય ટકીને પ્રેરક બનવું હોય, તો અહિંસા અને સત્યને હાડથી અપનાવવાં જ રહ્યાં છે. પોલીસો અને શસ્ત્રાસ્ત્રોની મહોતાજી છોડવી જ રહી છે, પ્રજામાં જ ખમીર પેદા કરવું રહ્યું છે, અને મૂડીવાદનું દફન પ્રજાદ્વારા જ બનાવવું રહ્યું છે. આ સીધો માર્ગ પકડવો હોય, અને તે જ વહેલોમોડો પકડવો પડશે, તો ગ્રામોદ્યોગો, ગૃહોદ્યોગોને સમર્થન

આપ્યા વિના છૂટકો જ નથી. પાડોશી પાકિસ્તાનનો હૃદયપલટો કરાવ્યા વિના છૂટકો જ નથી. એ કોમનાં માણસોએ શેતાની કૃત્યો કર્યાં હોય તોયે મુસ્લિમ લઘુમતીને ઉગાર્યા વિના ચાલે તેમ જ નથી. હરિજનો અને પછાત કોમો તથા કિસાનોને પ્રથમ સ્થાન આપી હૃદયે લગાડવા જ પડશે. રાષ્ટ્રભાષા—હિંદુસ્તાનીને માધ્યમમાં રાખી પ્રાંતીય ભાષાઓને પ્રતિષ્ઠા આપવી જ પડશે. વિદેશી ભાષાઓનું સ્થાન ગૌણ બનાવવું જ જોઈશે. સ્ત્રીઓને અગત્યનું સ્થાન આપવું જ પડશે. જરૂરિયાતો વધારવામાં સુખ મનાયું છે તે સુખ નથી, પણ સુખનો આભાસ માત્ર છે, તે સૂત્ર પચાવવું પડશે. આરોગ્ય એ મૂડી છેઃ ચારિત્ર્ય એ જ મહામૂડી છેઃ એમ શીખવું અને આચરવું પડશે. ડરપોકતા અને કાયરતા અહિંસાને ઓઠે પોસાતી તે હવે મૂલથી જ હાંકી કાઢવી પડશે. તે જ રીતે આઝાદીના મદને પણ દૂર કરવો પડશેઃ આ બધી મુરાદો પાર પાડવા માટે સૌથી પ્રથમ આમંત્રણ ધર્મગુરુઓ તથા આશ્રમી સેવકોને છે. અલબત્ત એમાં આમપ્રજાનાં સહકાર, ત્યાગવૃત્તિ અને શિસ્તપાલન તો જોઇશે જ.

ચરખો, ઘર, ઘંટી, ગાય, ખેતીવાડી, યોગ્ય વસ્તુની જ આયાત અને જરૂરિયાતથી વધે તેવી વસ્તુનો જ નિકાસ, યોગ્ય જ નફો, વિલાસી અને પ્રાણિજન્ય પદાર્થોનું નિયંત્રણ, સ્વસંરક્ષણ, સુશિક્ષણ, સંસ્કાર આ બધા આપણા રાષ્ટ્રધર્મના પાયાના પ્રશ્નો છે. આ પાયાના પ્રશ્નોના ઉકેલથી જ સાચું રાષ્ટ્રસ્વાસ્થ્ય, રાષ્ટ્રોન્નતિ અને અન્ય રાષ્ટ્રોનું ગુરુપદ સિદ્ધ થવાનું છે. હિંસ્ર સાધનોવાળો વાદ જોઈએ તો સામ્યવાદની છાપવાળો હોય કે પછી સમાજવાદની છાપવાળો હોય કે કિસાન મજૂરશાહી કહેવાતું હોય; પરંતુ એથી દેશનું કે દુનિયાનું દળદર ફીટવાનું નથી. વિકેંદ્રિત અને ઉત્સાહ તથા માનવતાવાળા સહકારભર્યા સાદા ઉદ્યોગો, સચ્ચાઈ, પરસ્પર વિશ્વાસ અને અહિંસાને માર્ગે જ દેશ અને દુનિયાનું દળદર ફીટશે અને અખંડ વિશ્વશાંતિની સાધના થશે.

૪

# આધ્યાત્મિક ધર્મ

વિકાસ એ પ્રાણીમાત્રનું ધ્યેય છે. છતાંય મનુષ્યજીવન માટે સાધનોની બહુલતા હોવાથી એ જેટલો શક્ય અને સ્વાભાવિક હોય છે તેટલો પશુ કે ઇતર જીવન માટે હોતો નથી.

ધર્મ જો વિકાસનું અંગ છે. આત્માને પતનથી ઉગારે તેવી ક્રિયાને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ આધ્યાત્મિક કોટિમાં પહોંચતાં પહેલાં ભિન્નભિન્ન સ્વરૂપમાં હોય છે, અને તે તે સ્વરૂપમાં ધર્મને નીતિ, કર્તવ્ય, પાડોશીધર્મ, સમાજધર્મ, ગ્રામધર્મ કે રાષ્ટ્રધર્મ ઇત્યાદિ શબ્દોથી ઓળખાવી શકાય.

બાલજીવનથી માંડીને પુખ્ત વય સુધી એક વ્યક્તિ ગૃહસ્થ-જીવનમાં રહીને ઉપરના ધર્મો કેમ જાળવી શકે એ બધી વાતો અગાઉનાં પ્રકરણોમાં ખૂબ વિચારાઇ ગઈ છે. અહીં આધ્યાત્મિક ધર્મને લગતી વિચારણા કરવાની છે.

આધ્યાત્મિક ધર્મને આપણે બીજા શબ્દોમાં વિશ્વધર્મ તરીકે ઓળખીશું તો વધુ ઠીક પડશે. કારણ કે આધ્યાત્મિક ધર્મ આજે જે રૂઢિમાંથી પસાર થાય છે તે ખ્યાલ હાલતુરત બાજુએ મૂકીને જ જો આધ્યાત્મિક ધર્મને ન્યાય આપવામાં આવશે તો જ તેની યથાર્થતા સમજાશે.

## વિશ્વધર્મ

નીતિ એ જ ધર્મનો પાયો છે. તે વાત જેમ આપણે બીજા ધર્મો વિચારતાં દષ્ટિસમક્ષ રાખી હતી તેમ હજુ પણ રાખવાની જ છે. પરંતુ ફેર એટલો જ છે કે પહેલાં ધર્મનું જે ક્ષેત્ર હતું તેટલું જ તેના પાયાનું ક્ષેત્ર પણ કેન્દ્રિત હતું. વિશ્વધર્મમાં જેમ આખા વિશ્વનો સમાવેશ થાય છે તેમ વિશ્વનીતિમાં પણ આખાયે વિશ્વનાં પ્રાણીઓનો સમાવેશ છે, નીતિથી ધર્મને ઓળખવો સહેલ થઈ પડે છે, તેથી જ આપણે નીતિ શબ્દનો ધર્મ શબ્દથી નામભેદ રાખ્યો છે. નીતિ એ ક્રિયાત્મક વસ્તુ છે, તેથી તે જલદી પરખાય છે. માટે મનુષ્યે મનુષ્યની ક્રિયા પરથી ધર્મિષ્ઠના હૃદયનું માપ કાઢવું જોઈએ.

## વિશ્વધર્મ અને ઇતરધર્મ

વિશ્વધર્મ અને ઇતર ધર્મમાં ફેર એટલો છે કે ઉપરના ધર્મો પોતપોતાના ક્ષેત્રમાં પરિમિત છે. જ્યારે વિશ્વધર્મ તો અપરિમિત છે; દાખલા તરીકે કુટુમ્બધર્મ, સમાજધર્મ વગેરે.

ગૃહસ્થધર્મ અને કુટુમ્બધર્મ બજાવનાર માણસનું ક્ષેત્ર તેટલા પ્રમાણમાં રહેશે. એટલે કે આપત્તિને સમયે તેની દૃષ્ટિ તુરત ત્યાં પડશે અને પહેલી તકે તે ધર્મ બજાવશે. જોકે એ મનુષ્ય હોવાથી તે ધર્મ તરીકે ન જ ગણી શકાય, અને કર્તવ્ય પણ ન ગણાય. એ તો પતનના માર્ગો કહેવાય. સારાંશ કે મનુષ્ય પોતે મનુષ્ય હોવાથી માનવધર્મ તો કોઈ પણ ધર્મ બજાવતાં ન જ ચૂકે, તે એક સાદી અને સમજાય તેવી વાત છે.

એટલે બીજાનું નુકસાન કરીને પણ પોતાને બચાવવા જેટલો અંધ સ્વાર્થ તો કોઈ ન જ કરે. પરંતુ અહીં એ કહેવાનો આશય છે કે બે માણસો ડૂબતાં હોય અને તેમાં બચાવનાર અલ્પશક્તિવાળો માણસ સૌથી પહેલાં પોતાના સંબંધીને બચાવે. આમાં તેણે પોતાના સ્વાર્થ માટે બીજાને ડુબાડ્યો નથી, તેમ બીજાને ડુબાવવાની ભાવના

पिन–382009

પણ રાખી નથી. પરંતુ પોતાની શક્તિ એકને બચાવવાની હોવાથી જ તેણે આમ કર્યું છે. તે જ રીતે કુટુમ્બધર્મ બજાવનાર માણસનું પોતાની શક્તિ પ્રમાણે તેટલું જ ક્ષેત્ર કેન્દ્રિત હોય તો તે ખોટું નથી. આ તો એક સમજવા પૂરતું દૃષ્ટાંત છે. પરંતુ જેમજેમ મનુષ્ય આગળ વધતો જાય તેમતેમ તેનું ક્ષેત્ર વિકસતું જવું જોઈએ.

અને છેવટે आत्मवत् सर्वभूतेषु એટલે આખાયે વિશ્વને પોતાતુલ્ય ગણે. આ ભાવ સમજનાર અને આચરનારની ક્રિયા કોઈ પણ જીવને ઇરાદાપૂર્વક હાનિકર્તા ન હોય. આનું જ નામ વિશ્વધર્મ.

કોઈ અહીં શંકા કરે કે વિશ્વધર્મ તો બીજા બધા ધર્મો કરતાં ઊંચો છે તો તેને જ આચરીએ. શા માટે બીજા ધર્મોની પંચાતમાં પડવું જોઇએ ?

આ શંકાના સમાધાન માટે ગીતાજીમાં આપેલા આ શ્લોકને તપાસીએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને સંબોધીને કહ્યું છે, કે

**श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥**

અર્થાત્ બીજો ધર્મ ઊંચો અને બહુ લાભપ્રદ દેખાતો હોય અને પોતાનો ધર્મ તે ધર્મની અપેક્ષાએ નીચો અને ઓછા લાભવાળો દેખાતો હોય, તોપણ પોતાનો તત્કાલીન આચરણીય ધર્મ શ્રેષ્ઠ જાણી તે ધર્મ બજાવવા જતાં મૃત્યુ થાય તોપણ ઉત્તમ, પરંતુ રૂડો દેખાતો પરધર્મ (જીવન રહેતું હોય તોપણ) આચરવો તે ભયંકર છે.

કોઈ આ શ્લોકનો અર્થ જુદીજુદી રીતે ઘટાવતું હોય તે સંભવિત છે. પરંતુ આ પ્રસંગ અને શ્લોક એ બન્ને દૃષ્ટિબિન્દુથી ઉપરનો અર્થ પ્રકરણસંગત છે, અને તે અહીં આ રીતે ઘટાવી શકાય.

"જ્યાં સુધી મનુષ્ય આધ્યાત્મિક ધર્મ આચરવા જેવી યોગ્યતા સુધી ગયો નથી હોતો, ત્યાં સુધી આધ્યાત્મિક ધર્મ ઉચ્ચ હોવા છતાં તેને તે આચરી નહિ શકે. અથવા કદાચ આચરવા જશે તો તેને તે

પચાવી નહિ શકે. અને તેની ગતિ એ થશે કે તે એ પકડવા જતાં પોતાનું સામાન્ય કર્તવ્ય કે ધર્મ ચૂકી જશે, અને 'નહિ ત્રણમાં નહિ તેરમાં કે નહિ છપ્પનના મેળમાં' એવો તેનો તાલ થશે."

## આધ્યાત્મિક ધર્મનું અજીર્ણ

આજે ભારતવર્ષમાં આધ્યાત્મિક ધર્મમાં જે વિકાર દેખાય છે તે એક પ્રકારનું અજીર્ણ જ છે. બીજા કોઇ પણ ધર્મને કે કર્તવ્યોને નહિ સમજનાર કે નહિ આચરનાર પ્રજાનો બહોળો વર્ગ આધ્યાત્મિક ધર્મ અને તેને લગતી ક્રિયા આચરી રહ્યો દેખાય છે. એને અંગે તેનું વ્યાવહારિક જીવન અને ધાર્મિક જીવન એ બન્નેનો કશો મેળ ખાતો નથી અને એ પોતે પણ એમ માને છે, કે "હું જે ધર્મક્રિયા આચરું છું તે ઈશ્વરી દરબારમાં જમેવાર થાય છે. અને હું જે કાંઈ પાપો કરું છું તે ઈશ્વરી ન્યાયના ચોપડામાં ઊધરે છે. તેમજ તેનું પરિણામ પછી અગર પરલોકમાં મળશે."

આ તદ્દન ભ્રાંતિપૂર્ણ માન્યતા છે. આ માન્યતાએ વ્યક્તિને જ નહિ બલકે સમાજ અને રાષ્ટ્રને સુદ્ધાં પણ બહુ હાનિ પહોંચાડી છે.

## દૃષ્ટાંત

છેક ધર્મિષ્ઠ ગણાતી વ્યક્તિ મંદિર, દેવળ, મસ્જિદ કે તેવાં ધર્મસ્થાનકોમાં જઈને હમેશાં પૂજા કે પ્રાર્થના કરે છે, નાનાં કે મોટાં ટીલાંટપકાં વગેરે ચિહ્ન ધરે છે, માળાઓ ફેરવે છે, ભજનો ગાય છે છતાંય તેનો વ્યવહાર ધર્મમય હોતો નથી.

તે વ્યાપારમાં ખોટી રીતે ચાલે છે. વિશ્વાસઘાત કરે છે, મોટાં મોટાં વ્યાજો લઈ કંઈક કુટુમ્બોનાં ગુલામી માનસો ઘડે છે. કંઈક કુટુંબોની રોજી છોડાવી સ્વાર્થ સાધે છે, હાથ નીચેના માણસોને દબાવે છે, પીડે છે; લોભ અને અતિસ્વાર્થમાં રચ્યોપચ્યો રહે છે; તેમાં વાસના, વિકાર, હિંસક વૃત્તિ આટલી સતત ધર્મક્રિયા કરવા

છતાં તેવાં ને તેવાં રહે છે. આવું ઘણે સ્થળે દેખાય છે, તેનું કારણ ધર્મ કે ધર્મક્રિયા નથી પણ આધ્યાત્મિક ધર્મનું અજીર્ણ છે.

આપણે ધર્મનાં ખોખાં પાછળ મૂળભૂત ધર્મના આત્માને કેટલો ભૂલી ગયા છીએ એ જોવા માટે હિંદુ–મુસ્લિમ હુલ્લડો, મોટી સંખ્યાની માનવહિજરત અને હજુય ધર્મને નામે પોષાઈ રહેલી આભડછેટ એક આરસીરૂપ છે. એ આત્માને લાવવા માટે સ્થૂળ ક્રિયાઓનાં ખોખાંમાંનાં કેટલાંકને છેક બદલવાં પડશે, કેટલાંકને મરમ્મત કરવી પડશે.

## ધર્મની વ્યાખ્યા

જૈનદર્શનમાં ધર્મની વ્યાખ્યા એ છે કે **वत्थुसहाओ धम्मो** એટલે કે પદાર્થનો સ્વભાવગત ગુણ એ જ તે પદાર્થનો ધર્મ કહેવાય. જેમકે ઠંડક તથા સ્વચ્છતા એ પાણીનો ગુણ છે, તો તે જ પાણીનો ધર્મ કહેવાય. બાળવું એ અગ્નિનો ધર્મ છે, તો જે બાળે તે જ અગ્નિ કહેવાય. સારાંશ કે ગુણ અને ગુણી સાથે જ હોવા જોઇએ. કોઈ પણ દેશનાં જળ અગર અગ્નિ હોય, પરંતુ તેમાં ઉપરના ગુણો તો હોવા જ જોઇએ; તો જ તેને તેના ગુણદ્વારા જળ કે અગ્નિરૂપે ઓળખી શકાય. જો તેનામાં તેનાથી વિરોધી ગુણો હોય તો તેને આપણે તે પદાર્થ તરીકે ઓળખી શકીએ નહિ. વળી નદીમાં રહેતાં જળનો અને ઘરમાં રહેતા જળનો પણ ભિન્નભિન્ન ધર્મ ન હોય. તે તો હમેશાં એકસરખું જ હોય. આ જ રીતે ધર્મ અને ધર્મીનો સંબંધ હોવો જોઈએ. દેવળમાં ધર્મિષ્ઠ અને વ્યાપારમાં પાપિષ્ઠ એમ જીવનક્રિયાના બે વિભાગો ન જ હોઈ શકે. આ ખાસ સમજવા જેવી વસ્તુ છે.

ધર્મસ્થળમાં “**जले विष्णुः स्थले विष्णुः** અને **अद्वेष्टा सर्वभूतानां** કે **मित्ति मे सव्वभुएसु** અને રબ્બિલા આલમિન” એવી એવી વિશ્વ-નિયંતા પાસે કે પરમાત્મા પાસે આખા વિશ્વનાં નાનાંમોટાં પ્રાણીઓની સાથે મિત્રતાનાં ધર્મસૂત્રો ઉચ્ચારનાર કોઈ પણ નાનાંમોટાં

પ્રાણીઓ પર દ્વેષબુદ્ધિ ન જ રાખી શકે; માનવની લાગણી દુભવવા જેવી ક્રિયા ન જ કરી શકે; પ્રાણીજાતની હિંસા સ્વાર્થને માટે કે રસાસ્વાદને માટે ન જ કરી શકે. અને જો એ બધું થતું હોય, ધાર્મિક ક્રિયાની અસર વ્યાવહારિક જીવનમાં ન થતી હોય, તો તેણે સમજવું જોઈએ કે તે સાચી ધર્મક્રિયા નથી પરંતુ રૂઢિધર્મ છે.

જેમ વ્યક્તિગત રૂઢિઓ, સામાજિક રૂઢિઓ, કુળરૂઢિઓ, રાષ્ટ્ર-રૂઢિઓ હોય છે તેમ ધર્મની પણ આવી રૂઢિઓ હોય છે. જ્યારે ધર્મ જેવું મહાન તત્ત્વ રૂઢિના સ્વરૂપમાં ફરી જાય છે, ત્યારે તે ધર્મનું સ્વરૂપ પણ વિકૃત થતું જાય છે, અને ઉદ્દેશરહિત આચરેલો ધર્મ સત્યને બદલે અસત્ય અને ઉદારતાને બદલે મત અને વાદની સંકુચિતતામાં પુરાઈ જાય છે.

આજે હિંદમાં ધર્મને નામે જે અનેક ટુકડાઓ થઈ ગયા છે, તે બધાને એક ઝંડા નીચે લાવવા કરતાં તે બધાનો સમન્વય કરવો એ જ આજનું સૌથી અગત્યનું કાર્ય છે. કોઈ પણ મુખ્ય કે પેટા સંપ્રદાયો સકારણ થયા હોય છે. આજે એ કારણ ન સમજવાથી કુસંપ અને ગોટાળો પેદા થયો છે. હવે ધર્મે વિજ્ઞાનને અને બુદ્ધિ-ગમ્ય હૃદયસ્પર્શી તર્કોને અવગણ્યે નહિ ચાલે. બૌદ્ધ, ઇસ્લામ, હિંદુ, ઇસાઈ, જરથોસ્તી, જૈન એવા બધા મુખ્ય ધર્મોનાં ભિન્નભિન્ન તત્ત્વોમાં ભૂગોળ, લોકમાનસ, કક્ષા, વાતાવરણ એ બધાંનો ફાળો ક્યાં અને કેવો હતો એ સમજીને પ્રજાને ધર્મરૂઢિઓ ત્યાગીને ધર્મ-સંશોધન કરી સર્વધર્મને પોતાના ગણવાની દૃષ્ટિ તરફ દોરવી જ રહી છે. એકેએક ધર્મગુરુ આ ભવ્ય કાર્યમાં લાગી જાય.

પોતાના મતની સંખ્યા વધારવાની વટાળવૃત્તિ, મારો જ ધર્મ સાચો એ જાતનો હઠાગ્રહ, વગેરે આ માર્ગનાં દૂષણો છે. તે દૂર કરીને ક્રમપૂર્વક માનવજાતને ઊંચી લાવવામાં આવે, તો એમાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વનું તથા આત્માનું બરાબર પ્રેય અને શ્રેય સધાય જ છે.

## માનવધર્મ

જૈનધર્મનાં ધર્મસૂત્રોમાં શ્રમણ ભગવાન મહાવીરે આધ્યાત્મિક વિકાસક્રમ બહુ સ્પષ્ટ રીતે અને ક્રમપૂર્વક વર્ણવ્યો છે. ધર્મવ્યાખ્યામાં સૌથી પહેલાં મનુષ્યમાત્રે માનવધર્મને બરાબર સમજી પોતાના જીવનમાં તે ધર્મને વણી નાખવો જોઇએ, એમ ભારપૂર્વક સમજાવ્યું છે. પોતે પહેલાં જે સ્થાન પર નિયુક્ત થયો છે તે સ્થાન સ્થિર કરવાની સૌથી પ્રથમ અગત્ય છે. સારાંશ કે માનવધર્મના ગુણો મનુષ્યે સૌથી પહેલા પ્રાપ્ત કરવા જોઇએ.

માનવીજાતને પીડા થાય તેવું એક પણ કર્મ ન કરવું. તેનું નામ માનવતા. માનવીજાતની પીડા દેખી દૂર કરવા માટે શરીરાદિનો ભોગ આપવો, તે માનવધર્મ. પોતાની જાતિ પ્રત્યે તેવી પ્રેમાળ ભાવના તો ઘણાંખરાં પશુઓમાં પણ હોય છે; એટલે માનવજાતમાં તે વધુ પ્રમાણમાં હોવી જોઇએ તે સ્વાભાવિક છે.

આવા માનવધર્મમાં મનુષ્ય સ્ખલના ન પામે અને મનુષ્ય પોતાની સ્વજાતિથી કષ્ટ ન પામે તે માટે માનવજાતના મહાન ઉપકારક મનુ આદિ શાસ્ત્રકારોએ નીતિતત્ત્વની યોજના કરી છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાના સામાન્ય કે વિશેષ સુખ મેળવવા માટે હમેશાં નીતિતત્ત્વ તરફ દત્તચિત્ત રહેવું ઘટે.

## નીતિ

નીતિ, ન્યાય, પ્રામાણિકતા, એ બધા નીતિના પર્યાયવાચી શબ્દો છે. મનુષ્ય મનુષ્યને ન ઠગે; મનુષ્ય મનુષ્યને ન લૂંટે; મનુષ્ય મનુષ્ય પર અત્યાચાર ન કરે; મનુષ્ય મનુષ્યનો તિરસ્કાર ન કરે. એવાં કાર્યોનું નામ નીતિ. આ નીતિનું સંરક્ષણ થાય તો જ માનવજાત સુખેથી રહી શકે અને વિકાસમાર્ગમાં પ્રગતિ કરી શકે.

નીતિસંરક્ષણનો આ ભાર આથી સમાજ પર અથવા રાષ્ટ્રના નિયંતા પર સોંપાયો છે. ન્યાયની અદાલતોનો આ જ ઉદ્દેશ. નીતિ-

માર્ગમાં જે કોઈ ભૂલ કરે તે ગુનેગાર ગણાય; અને ફરીથી તેનો ગુનો ન થાય તેવી તેને શિક્ષા અપાય, એ ન્યાયની અદાલતોનું કાર્ય.

"રાજતંત્ર ઉપર પ્રજાના પ્રશ્નોનો ભાર જેટલો ઓછો તેટલું જ તે રાજતંત્ર સફળ—" એ સૂત્ર પ્રમાણે નાનાંનાનાં જ્ઞાતિમંડળ કે સમાજરૂપ ઘટકોએ નીતિ ઉપર ખૂબ ધ્યાન આપવું રહ્યું. આજનાં અનેક ખોટાં મૂલ્યાંકનોમાં એક મોટામાં મોટું છતાં ખોટામાં ખોટું મૂલ્યાંકન એ થયું છે કે, અનીતિજન્ય ધનને પણ પુણ્યમાં ખપાવ્યું છે; દાનમાત્રને પુણ્ય કે ધર્મમાં ખતવ્યું છે. ખરી રીતે દાન નીતિજન્ય પદાર્થોનું થયું છે કે અનીતિજન્ય પદાર્થોનું, તેના ઉપર જ પુણ્ય અને પાપનો આધાર છે; અને એની પાછળ શુદ્ધ કે અશુદ્ધ જે ભાવ હોય તેના ઉપર ધર્મ અને અધર્મનો આધાર છે. ધર્મને નામે થયેલાં ખોટાં મૂલ્યાંકનોને ધરમૂળથી ન પલટવામાં આવે ત્યાં લગી એ મલિનતા આખી દુનિયાનું નુકસાન કરી બેસે છે. આજના સંપ્રદાયધર્મોએ પ્રથમ નીતિનો એકડો જ ઠીક કરવાનો છે, અને દૃષ્ટિ આવી સૂક્ષ્મ રાખવાની છે.

### કર્તવ્ય

નૈતિક ફરજ બરાબર બજાવે એટલે મનુષ્યે માનવધર્મ બજાવ્યો ગણાય. મનુષ્યધર્મ રક્ષીને તો મનુષ્યે માત્ર પોતાની મૂડીનું જ રક્ષણ કર્યું ગણાય. માનવજીવનનો હેતુ તો લાભ સાધવાનો છે, એટલે કે વિકાસ એ જ મનુષ્યનું જીવનધ્યેય હોવું ઘટે.

વિકાસમાર્ગની બે વિકાસશ્રેણીઓ પૈકીની ગૃહસ્થજીવનની શ્રેણીનું આ પ્રસ્તુત પુસ્તકમાં નિદર્શન છે. એટલે કે નૈતિક ફરજ પછી તેને માટે ગૃહસ્થાશ્રમનું કાર્યક્ષેત્ર ખડું થાય છે. [ હવે ફરીફરી તે કહેવાની આવશ્યકતા નથી કે ગૃહસ્થજીવન પણ વિકાસ સાધવાનું એક સાધકઅંગ છે, ભલે વિકાસ ધીમો હોય છતાં પતન એ તેનું ધ્યેય નથી. અને વિકાસનાં લક્ષ્યબિન્દુથી ગૃહસ્થ ચાલ્યો જાય તો

कुर्वन्नपि न लिप्यते અર્થાત્ કર્મ કરવા છતાં લેપાતો નથી, અને કદાચ ભૂલથી લેપાઈ જાય તોપણ સ્વચ્છ થવાના તેની પાસે ઉપાયો છે.]

એ કર્તવ્યક્ષેત્રમાં સૌથી પ્રથમ પોતાની નિકટનાં આપ્તજનો ને સગાંસંબંધીઓ વગેરે પ્રત્યેની ફરજ ઊભી થાય છે. આને આપણે કુટુમ્બધર્મ તરીકે ઓળખી શકીએ.

**ધર્મો**

કુટુમ્બધર્મ પછી સમાજધર્મની ફરજ ઊભી થાય છે. પોતાના સમાજની આર્થિક કે નૈતિક ત્રુટિઓ હોય તે દૂર કરવા માટે નિયુક્ત સંસ્થાઓમાં જોડાઇને તન, મન, અને ધનથી સેવા કરવી, એ સમાજ-ધર્મનું પાલન કર્યું ગણાય.

પોતાના ગામમાં ગમે તે જ્ઞાતિ, ગમે તે સમાજ કે ગમે તે ધર્મના માણસો જે જે સાધનોની ત્રુટિને લઇને પીડાતા હોય તે તે સાધનોને પૂરા પાડવા માટે પોતાદ્વારા કે પ્રચારદ્વારા પ્રયત્ન કરવો; અને પોતાનું ગામ શિક્ષણ, સંસ્કાર, કૃષિનું ઉત્પન્ન, વ્યાપાર, ઉદ્યોગ અને સ્વાસ્થ્ય તથા શૌર્યમાં આગળ વધે તેવો પ્રયત્ન કરવો, તે ગ્રામધર્મ ગણાય.

રાષ્ટ્ર પર કોઈ આકસ્મિક પ્રકોપ જેવાં કે ધરતીકંપ, રોગાદિ ઉપદ્રવ, દુષ્કાળ, રેલસંકટ ઇત્યાદિ સંકટો આવી પડે, તો વ્યક્તિગત, કુટુમ્બગત, સમાજગત, અને ગ્રામગત સામૂહિક બળથી તેને ઉગારવાના, કોઇની પ્રેરણા વિના, માત્ર પોતાનું કર્તવ્ય સમજીને, પ્રયત્નો આચરવા તેનું નામ રાષ્ટ્રધર્મ.

પોતાનું રાષ્ટ્ર આબાદ થાય તેવી પ્રવૃત્તિ કરે તે પણ રાષ્ટ્રધર્મનું અંગ ગણાય. અલબત્ત રાષ્ટ્રની આબાદીની સાથે એ ન ભૂલવું કે બીજાં રાષ્ટ્રોની બરબાદી ઇચ્છીને કે કરીને એ આબાદી ન થઇ હોય.

**ધર્મમીમાંસા**

પોતાના, પોતાના કુટુમ્બના, પોતાના સમાજના, પોતાના ગામના

અને પોતાના દેશના હિત માટે પ્રયત્ન કરે ત્યાં સુધી તે ધર્મ ગણાવા છતાં તેમાં નીતિ અને કર્તવ્યના અંશો મુખ્યતયા રહે છે. આમ મારે કરવું જોઇએ, એમ કરવાથી કુટુમ્બ, સમાજ, ગામ અને દેશના હિતમાં મારો હિસ્સો હોવાથી મારું હિત છે, તેની શાંતિમાં મારી શાંતિ છે, એમ માનીને ઉદ્યુક્ત થવામાં ઓછાવધુ સ્વાર્થની સંભાવના છે. કર્તવ્યના દાબથી અને દૂરદૂરના કિંચિત્ સ્વાર્થથી પ્રેરાઈ સજ્જન મનુષ્ય તે ધર્મ બજાવી શકે છે. જોકે આ ધર્મ બજાવવા પણ સહેલાં અને સરળ નથી. તે પણ કઠિન અને કપરાં છે.

છતાંય મનુષ્યજીવનનું ક્ષેત્ર તેથીયે વિકસિત છે. આ વિકાસ સાધવા માટે હજીયે તેને આગળનો વિકાસધર્મ સમજવાનો છે. તે જ વિશ્વધર્મ અથવા આધ્યાત્મિક ધર્મ ધર્મશાસ્ત્રકારોએ સમજાવ્યો છે.

કુટુમ્બધર્મ સમાજધર્મ, ગ્રામધર્મ અને રાષ્ટ્રધર્મ એ પ્રતિદિન અને પ્રતિસમયે બજાવવાના હોતા નથી. પરંતુ આધ્યાત્મિક ધર્મ તો પ્રતિપળે અને પ્રત્યેક ક્ષેત્રમાં બજાવવાનો રહે છે. વળી બીજા ધર્મોને બજાવવામાં પણ આ ધર્મ બાધક થતો નથી, પરંતુ સહાયક થઈ પડે છે. અને જો ધર્મના અંશો વ્યક્તિગત જીવનમાં હણાઈ જતા હોય તો તે ધર્મના નાશમાં વ્યક્તિત્વનો પણ નાશ છે. આ જ મનુસ્મૃતિમાં કહ્યું છે કે—

**धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।**
**अतो धर्मो न हन्तव्यो, मा नो धर्मो हतोऽवधीत् ॥**
**'मनुस्मृति'**

'હણાયેલો ધર્મ વ્યક્તિને હણે છે, (શાંતિનો નાશ કરે છે,) અને રક્ષાયેલો ધર્મ વ્યક્તિનું રક્ષણ કરે છે. માટે હણાયેલો ધર્મ રખે અમને હણી નાખે એમ અધર્મથી ડરીને સૌ કોઈ (ધર્મની રક્ષા કરે અર્થાત્] ધર્મને ન હણે.'

## ધર્મનું સ્વરૂપ

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ મુખ્યતયા નીચેનાં પાંચ અંગોમાં સમાઇ જાય છે. ભગવાન કૃષ્ણચંદ્રે કહ્યું છે, કે

**अहिंसा सत्यमस्तेय त्यागो मैथुनवर्जनम् ।**
**पञ्चस्वेतेषु धर्मेषु सर्वे धर्माः प्रतिष्ठिताः ॥**

'महाभारत'

"અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને બ્રહ્મચર્ય એ પાંચ અંગોમાં બધા ધર્મોનો સમાવેશ થાય છે."

પ્રત્યેક ધર્મસંસ્થાપકે દેશ, કાળ, પરિસ્થિતિ એ બધું વિચારીને પોતપોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે. પરંતુ દરેક ધર્મમાં આ અંગોની વિચારણાનું ધ્યેય મુખ્ય હોય છે. કોઈ પણ ધર્મ હિંસા, અસત્ય, ચોરી, વિલાસ અને અબ્રહ્મચર્યમાં વિકાસ છે એમ માનતો નથી, અને જો કોઈ પંથ, મત કે સંપ્રદાય તેવા કાર્યમાં માનતો હોય તો તે દોષ ધર્મનો નથી પણ તે ધર્મના અનુયાયીઓનો અને સંચાલકોનો છે. તેવા ધર્મને ધર્મ ન કહી શકાય. પ્રાણીમાત્રની હિતદૃષ્ટિએ યોજાયેલો હોય તે જ ધર્મ ગણાય. પ્રાણીમાત્રના હિતની સાથે આત્મહિત તો સંકળાયેલું હોવું જોઈએ, એ વિષે વધુ કહેવાની જરૂર નથી.

ઉપરનાં અંગોને અતિ પુષ્ટ કરે, વધુવધુ ઊંડાણથી એ અંગોને સ્પર્શે એવા નિયમો અને વિધિવિધાનો જે ધર્મમાં બહુ અંશે વિચારાયેલાં હોય અને જે ધર્મના સંચાલકોએ અને અનુયાયીઓ તેવા ધર્મના વિકાસની સાધનામાં જીવનનાં જીવન સમાપ્ત કરી દીધાં હોય, તે જ ધર્મ ઉદારધર્મ ગણી શકાય. પછી તે જૈનધર્મ હો કે ઇતર ધર્મ હો; નામભેદ સાથે કશો મતભેદ ન રાખવો ઘટે.

## ઇતર ધર્મ અને જૈનધર્મ

વેદધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ ત્રણે પ્રાચીન ધર્મો

પૈકીના જૈનધર્મે ધર્મતત્ત્વનાં ઉપર્યુક્ત અંગોની બહુ જ સ્પષ્ટ, સુંદર અને ઉદાર સમાલોચના કરી છે. ગૃહસ્થાશ્રમી જીવન રસપૂર્વક જીવવાં છતાં તે ધર્મનું પ્રત્યેક ક્રિયામાં સહજ સહજ આચરણ કરી શકે તેવી રીતે જૈનધર્મે ધર્મતત્ત્વની વિચારણા કરી છે.

જૈનધર્મમાં ધર્મનાં પાંચ અંગોને (કે જેને આપણે આગળ વર્ણવી ગયા) વ્રતો તરીકે ઓળખાવ્યાં છે. અને તે પાંચ વ્રતોનું પાલન રચનાત્મક રીતે થાય તે સારુ તેની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો પણ યોજેલાં છે. આપણે અહીં ક્રમપૂર્વક તેની વિચારણા કરીએ.

**અહિંસા**

(૧) કોઈ પણ પંચેન્દ્રિય જીવને (પશુ, પક્ષી અને મનુષ્યને) વિનાઅપરાધે લેશ માત્ર ઇજા ન પહોંચાડવી.

(૨) અપરાધીને પણ બલાબલ જોઈ શકય તેટલી ક્ષમા આપવી.

(૩) કીડા વગેરે નાનાં જીવજંતુઓને પણ જાણીજોઈ ને ઇજા પહોંચાડવી નહિ.

(૪) સૂક્ષ્મ હિંસા (જળ, વનસ્પતિ, અગ્નિ ઇત્યાદિમાં ચૈતન્ય છે, તે જીવોની હિંસા) કે જે ગૃહસ્થજીવનમાં અનિવાર્ય છે તેમાં સંયમ અને વિવેક રાખવો.

આજના જૈન અને હિન્દુધર્મમાં અહિંસાધર્મમાં કવચિત્ વિકૃત સ્વરૂપ દેખાય છે. સૂક્ષ્મ જીવો પ્રત્યે સમાજનું જેટલું લક્ષ્ય છે તેટલું લગભગ મનુષ્યજાત પ્રત્યે કેટલીક વાર દેખાતું નથી. આ વર્તનમાં જૈનધર્મને નહિ સમજનાર વર્ગનો જ દોષ છે, એમ ઉપરની વ્યાખ્યા જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરની વ્યાખ્યામાં મનુષ્યજાત સંસારમાં ખૂબ ઉપયોગી છે; એક મનુષ્યના જીવનસુધારમાં સેંકડો સૂક્ષ્મ જીવોનું કલ્યાણ છે;

પશુઓ વગેરે મનુષ્યજાતિનાં મહાન ઉપયોગી અને સેવા બજાવનારાં પ્રાણીઓ છે; તેથી સૌ પહેલાં તેની લાગણી ન દુભવવી, તેમ સમજાવ્યું.

આમ છતાં ન્યાયની રક્ષા ખાતર ગૃહસ્થાશ્રમીને કોઈ ભૂલેલાની ભૂલ સુધારવા ખાતર તેમ કરવું પડે, તો ત્યાં વિવેકપૂર્વક કાર્ય લેવું એમ સમજાવ્યું.

આ રીતે અહિંસાવ્રતનો ઉકેલ ગૃહસ્થાશ્રમીના જીવનમાં બાધા ન પહોંચે અને વિકાસ ન રોકાય તેવી રીતે આપ્યો છે. આથી ગૃહસ્થાશ્રમીએ આ પ્રમાણે અહિંસાધર્મનું પાલન કરવું ઘટે.

## અહિંસા અને અહિંસક

અહિંસક કેવળ હિંસા ન કરે, એટલું જ નહિ પરંતુ હિંસાને સહી પણ ન શકે. બીજાને બને ત્યાં સુધી ઉપયોગી થાય. કોઈનું દુઃખ દેખી તે ઊભો ન રહે, પરંતુ તે દૂર કરવા માટે પોતાથી બનતું કરે. અહિંસક ક્ષમાવાન હોય પરંતુ તેની ક્ષમામાં કાયરતાનો અંશ પણ ન હોય. જેનામાં શૌર્ય અને ઔદાર્ય હોય તે જ અહિંસાનો અધિકારી ગણાય.

## અહિંસાનાં સાધનો

આતિથ્યસન્માન, દાન, પરોપકાર, સેવા, મિત્રતા, દયા, પ્રેમ ઇત્યાદિ અંશો ધર્મનાં અંગો ગણાયાં છે. તે અહિંસાદિ પાંચે વ્રતોની સમૃદ્ધિ ખાતર યોજાયાં છે; તેમ છતાં તેનો સીધો સંબંધ પ્રાયઃ અહિંસા સાથે હોવાથી અહીં તેની ક્રમશઃ વિચારણા કરીએ.

## આતિથ્યસન્માન

આંગણે આવેલા અતિથિનો સત્કાર કરવો, એ તો ગૃહસ્થાશ્રમીનું બહુ ઉપયોગી ભૂષણ છે. આવેલો અતિથિ ગમે તે જ્ઞાતિનો, ગમે તે ધર્મનો, કે ગમે તે દેશનો હોય, તોપણ તેનો પ્રેમભર્યાં

શબ્દોએ આદર કરવો, પોતાના ગૃહયોગ્ય ભોજનાદિ સામગ્રીથી તેને સંતોષવો, અને જ્યાં સુધી તે પોતાને ઘેર રહે ત્યાં સુધી મિત્ર સમાન એકહૃદયથી વર્તવું એ આતિથ્યસન્માન કહેવાય.

જે ગૃહસ્થાશ્રમીને ત્યાં આતિથ્યસન્માન હોતાં નથી, તે ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ બહુ ઊણપભર્યો દેખાય છે. આતિથ્યસન્માન એ ગૃહસ્થાશ્રમી માટે સદાસર્વદા સંસ્મરણીય વસ્તુ હોવી ઘટે.

**દાન**

શાસ્ત્રકારોએ જ્યાં જ્યાં દાનનો મહિમા ગાયો છે ત્યાં ત્યાં તે દાનની પાસેથી જ સુપાત્ર શબ્દની યોજના કરવાનું તેઓ ચૂક્યા નથી. આ સુપાત્રની યોજનાનું કારણ યોગ્યતા અને ઉપયોગિતા છે. જો યોગ્યતા અને ઉપયોગિતા જોયા કે વિચાર્યા સિવાય દાન આપવામાં આવે તો લાભ કરતાં હાનિ થવાનો વિશેષ સંભવ છે. યોગ્યતાનો તોલ સૌ કોઈ માટે સહસા શક્ય નથી, છતાં ઉપયોગિતાપરત્વે તો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. માટે દાતારે ઉપયોગિતા તો વિચારવી જ જોઇએ.

દાખલા તરીકે પાસિફિક મહાસાગરમાં પાંચ, પંદર કે પચીસ ઇંચ વરસાદ પડે તેના કરતાં અરધો ઇંચ મરુ જેવી ભૂમિમાં પડે તે અર્થયુક્ત છે. જે મિષ્ટાન્ન ખાઈખાઈ થાકી ગયો છે તેને ખવડાવવાથી લાભ નથી, પણ હાનિ છે. તે જ રીતે અયોગ્ય સ્થળમાં તેને ફેંકી દેવા કરતાં યોગ્ય સ્થળમાં તેનો વ્યય થવો ઘટે.

મોટામોટા જ્ઞાતિવરાઓ, આડંબરો અને ઉત્સવો પાછળ લાખો રૂપિયા ખરચવા તે દાન નથી, પણ વ્યય અથવા અપવ્યય છે. ગૃહસ્થાશ્રમી મનુષ્ય પોતાના વ્યવહારની ખાતર યોગ્ય સ્થળે કંઈ પણ દ્રવ્યત્યાગ કરતો હોય,-તો નહિ ખરચનાર કરતાં તેને ખોટો નહિ ગણાય, પરંતુ તે દ્રવ્યત્યાગની ગણના દાન, સેવા કે પરોપકારમાં તો ન જ થઈ શકે.

## દાનની ઉપયોગિતા

નૈતિક જીવનથી પુરુષાર્થ કરીને મેળવેલા પદાર્થોનો પણ કેવળ પોતાના જ સ્વાર્થ સારુ ઉપયોગ કરવો, એ યોગ્ય ન ગણાય. એટલે તેમ થી અમુક હિસ્સો તો ગૃહસ્થાશ્રમીએ કાઢી મૂકવો જ જોઇએ. નાનાંમોટાં ફળ કે વનસ્પતિમાંથી છાલ, ગૂટલી, રેસાઓ, ઠળિયાઓ કે તેવું તેમાંનું કંઈક ને કંઈક કાઢી નાંખવાનું હોય છે. તે બોધ કરે છે કે મનુષ્ય મેળવેલી બધી વસ્તુઓ ભોગવવાનો અધિકારી ન હોઈ શકે. જે આ શિક્ષાનું ઉલ્લંઘન કરે છે, તેઓને કુદરતનો કાયદો તો છોડતો જ નથી. વૈદ્યો, વકીલો વગેરે વગેરે બહુ પોષાય છે તેનું આ પણ કદાચ કારણ કાં ન હોય! એટલે દાન કરવું, એ કંઈ પરોપકાર નથી. એ તો માત્ર 'કાઢી નાંખવાનો અંશ જ' કાઢી નાખવા જેવું છે. આથી એ કાઢવામાં બહુ ઉતાવળ અને પ્રસન્નતા હોવાં જોઈએ.

## દાનનાં પાત્રો

દેશ કે સમાજને કોઈ પણ દૃષ્ટિથી ઉપયોગી હોય તેવી સંસ્થાઓ. નિરાધાર વિધવાઓ, અશક્ત, રોગી, અનાથ, અપંગ, અને વૃદ્ધ વ્યક્તિઓ દાન મેળવવાની અધિકારી હોઈ શકે; દાન આપનાર વ્યક્તિ સ્વયં આવાં ઉપયોગી પાત્રોને સમાજ કે દેશ ગમે ત્યાંથી શોધીશોધીને તેની ઉપયોગિતા પૂર્ણ કરે; બહારની ક્ષણિક કીર્તિ એ દાન જેવી પવિત્ર વસ્તુને અભડાવે છે. અને પાત્ર દાતારને ન શોધે, પણ દાતાર પાત્રને શોધે; એ બન્ને વાતો યાદ રાખવા જેવી છે.

## પરોપકાર

ઉપકારથી તો આપણે સૌ જીવી રહ્યા છીએ. હાલવાચાલવાથી માંડીને ઠેઠ સુધીની બધી ક્રિયાઓમાં મનુષ્ય એક યા બીજી રીતે બીજાના ઉપકારથી જીવન જીવી રહ્યો હોય છે. માબાપની, કુટુમ્બની, સમાજની અને વિશ્વની તેણે ઘણી સેવા લીધી હોય છે, અને લેતો હોય છે. તેનો જો તે પ્રત્યુપકાર ન વાળે, તો સૌનો તે ઋણી

ગણાય છે, એટલું જ નહિ બલકે તેનું જીવન પશુ કરતાંય નિકૃષ્ટ ગણી શકાય.

ખળખળ વહેતી નદીઓ, છાયા અને ફળ આપતાં વૃક્ષો, મરણાંત સુધી મનુષ્યજાતની સેવા કરતાં પશુઓ, મનુષ્યજાત પાસેથી કશુંયે ન લેવા છતાં અથવા કદાચ અલ્પ લઈને જગતને બહુ બહુ આપે છે. આને સાચો પરોપકાર કહી શકાય. મનુષ્યજાતિ માટે વિશ્વશાળાનાં આ જીવતાં જાગતાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો છે.

મનુષ્યમાત્રે પોતાની શક્તિ, સંપત્તિ, અધિકાર, ભાવના, શુભ વિચાર વગેરે વગેરે જે કાંઈ પોતાને પ્રાપ્ત થયું છે, તેનો લાભ વિનાસ્વાર્થે બીજાને આપવો, તેનું નામ પરોપકાર. આવા પરોપકારની આચરણીયતા મનુષ્યના વિકાસ માટે અનિવાર્ય છે.

## સેવા

સેવા એ દાન અને પરોપકાર કરતાં એકએ ડગલાં આગળની વસ્તુ છે. દાન અને પરોપકાર કરનાર મનુષ્ય સાધન આપીને અળગો રહી શકે. સેવામાં એવું નથી. સેવામાં ધન કરતાં તન અને મનની વધુ આવશ્યકતા છે.

પોતાના કાર્યથી યશ મળો કે અપયશ મળો, કોઈ ધિક્કારો કે પ્રશંસો, છતાં સેવાભાવીનું હૃદય સમાન રહે; દર્દીના ગંધાતા વાતાવરણમાં પણ અગ્લાનપણે સેવા કરવાનું ન ચૂકે; તેના હૃદયનો તાર અંત સુધી એકસરખો ચાલુ રહેઃ કોઈ સાથે તેને ભેદબુદ્ધિ કદીયે ઉત્પન્ન ન થાય. આવી સેવાનું કાર્ય અમુક ઉચ્ચ કોટિ સુધી હૃદય ન પહોંચ્યું હોય ત્યાં સુધી શક્ય નથી. એથી જ ભર્તૃહરિ કહે છે કે **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।** સેવાધર્મ યોગીઓને પણ સહજલભ્ય ન થાય તેવો કઠિન ધર્મ છે. છતાંય જેને વિકાસની અપેક્ષા છે, તેને તો તેની સાધના કર્યે જ છૂટકો.

## મિત્રતા

મિત્રભાવની વૃદ્ધિ કર્યે જવી. કોઈ પણ મનુષ્યને ઇરાદાપૂર્વક વૈરી ન બનાવવો, અને કદાચ કોઇ પ્રસંગથી તેમ થઈ જાય તો તેનું નિવારણ કરી લેવું, એ વિશ્વબંધુત્વ કેળવવાનો રચનાત્મક માર્ગ છે. મિત્રભાવ વધારવાથી ઇતરને જ નહિ બલકે પોતાને પણ ઘણો જ લાભ થાય છે.

## દયા

સામાન્ય રીતે દયા અને અનુકંપા પર્યાયવાચી શબ્દો છે. છતાં દયા કરતાં અનુકંપાને હું વધુ ઉચ્ચ માનું છું. કારણ કે 'અનુકંપા'માં ઠેઠ આત્મા સુધી ઊંડાણનો વિચાર હોય છે. અનુકંપાકર પુરુષ અનુકંપા ખાતર સત્યને રક્ષીને—સિદ્ધાંતને જાળવીને—સર્વસ્વ હોમવા તૈયાર થાય છે. બીજાનું દુઃખ જોઈને તે દશાનું પોતામાં સંવેદન થવું તેનું નામ અનુકંપા.

જૈન પરિભાષામાં અનુકંપા શબ્દને મહત્ત્વભર્યું સ્થાન છે. આને અહિંસાના રચનાત્મક કાર્ય તરીકે ઓળખાવી શકાય. બીજાનું દુઃખ જોઈને તે દશાનું પોતામાં સંવેદન થવું, તેનું નામ અનુકંપા. અનુકંપાવાન મનુષ્ય પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈને ન દુભાવે, એટલું જ નહિ, બલકે દુભાતાને પણ બચાવે. અનુકંપાવાન મનુષ્યના વર્તનને આપણે ટૂંકમાં સમજવા માગીએ તો 'आत्मनः प्रतिकूलं यत् तदन्यान्न समाचरेत ।' પોતાને જે ક્રિયા પ્રતિકૂળ હોય તે બીજા કોઈ પ્રત્યે કદી ન આચરે, એ રીતે ઓળખી શકાય.

તેનું આ વર્તન નિકટના સ્નેહીજનો પ્રત્યે જ નહિ પરંતુ પોતાના હાથ નીચેના એક અદના માણસ અને પશુપ્રાણી પ્રત્યે સુધ્ધાં તેવું જ હોય છે. કઠોરતા અને નિર્દયતાને બદલે તેનામાં સ્નેહ અને સૌજન્ય ભર્યાં હોય છે.

## પ્રેમ

પ્રેમ એ દયાનું, અહિંસાનું, મિત્રતાનું જનક, વર્ધક કે સહાયક જે કંઈ ગણો તેવું ઉપયોગી તત્ત્વ છે. મનુષ્યને સ્વાર્થત્યાગી બનાવી સંકુચિતતાથી આગળ વધારીને વિશ્વ જેવા બહોળા ક્ષેત્રમાં મૂકવાની યોગ્યતા પ્રાપ્ત કરાવનાર પણ આ તત્ત્વ છે. દરેક વિકાસની પ્રવૃત્તિમાં પ્રેમ એ એક અનુત્તર સાધન છે, અથવા પ્રેમ એ આત્માનું સ્વરૂપ છે. તેનો જેટલો વિકાસ અને શુદ્ધિ તેટલું જ આત્મભાન, એમ કહેવામાં કશીયે અતિશયોક્તિ નથી.

પ્રેમ એ એવું સુંદર તત્ત્વ છે કે જે સત્ય તરફ જ ઢળે છે. પ્રેમની દૃષ્ટિમાં વિકાર કે દુર્ગુણને જરાયે સ્થાન નથી. પ્રેમ સદ્-ગુણને જ શોધે છે, દેખે છે. પ્રાણીમાત્રમાં આ તત્ત્વ છે; અને તે તારથી આખા વિશ્વ સાથે વ્યક્તિની સાંકળ સંધાય છે. એક દમ્પ-તીનો સ્નેહ પણ જ્યારે વિશુદ્ધ થઈને શુદ્ધ પ્રેમમાં પલટે છે, ત્યારે તે ગૃહસ્થાશ્રમી હોવા છતાં સહકાર સાધી વિશ્વકલ્યાણના સેવામય કાર્યમાં યોજાઈને નિવૃત્તિ સાથે પરમાર્થ પણ સાધે છે.

## વાનપ્રસ્થાશ્રમ

સેવા, પ્રેમ અને ઉપરના બીજા સદ્‌ગુણોની આરાધના વધુ પ્રમાણમાં થઈ શકે અને કાર્યના ભારથી થાકી ગયેલું શરીર નિવૃત્ત થાય, જીવનશોધનના પ્રશ્નો વિચારાય, લોકકલ્યાણનાં કાર્યો થાય, અને આત્મસાધના સધાય, એ હેતુએ ગૃહસ્થોને માટે ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમની યોજના જે પ્રાચીન કાળમાં પ્રચલિત હતી, તે ઘણી અગત્યની વસ્તુ છે. પરંતુ હાલ તે પ્રણાલિકા સાવ નષ્ટ થઈ ગઈ છે.

જીવનની છેલ્લી ઘડી સુધી હાયવોયની ધમાલમાં મચી રહેવું, ગૃહસ્થાશ્રમની જવાબદારીને પહોંચી વળવા દિવસ અને રાત્રિ ચિંતા-મય જીવન ગાળવું, અને જીવનવિકાસ સંબંધી જિંદગીના અંતપર્યંત એક પણ વિચાર ન કરવો, એ માનવજીવન માટે તદ્દન અક્ષમ્ય છે. એટલે આ પ્રણાલિકાની અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ.

## વાનપ્રસ્થાશ્રમનું કાર્ય

આજનો વાનપ્રસ્થાશ્રમી જંગલમાં કે કોઈ નદીકિનારે એકાંતમાં જઈને ભલે ન બેસે. પરંતુ ઘેર રહેવા છતાં, અને સપત્નિક હોવા છતાં સ્ત્રીસહિત બ્રહ્મચર્ય પળે, સ્વાર્થી વ્યાપારને છોડી સમાજહિતના કાર્યમાં જ લક્ષ આપે, ભજન, સ્મરણ, ચિંતન વગેરે કરે, અને "હું કરું, આ મેં કર્યું" એ ભાવનાને ભૂલી પોતાનો વ્યાવહારિક બોજો પોતાના પુત્ર કે નિકટનાં સગાં પર છોડી તેવી પ્રવૃત્તિથી નિવૃત્ત થાય. આમ કરવાથી તેને પોતાના જીવનશોધનનો ખૂબ અવકાશ મળે, તેના વારસોને પોતાની જવાબદારીનું તેમના વડીલની હાજરીમાં ભાન થાય, અને તેમને પણ વ્યાવહારિક અનુભવની તક સાંપડે.

ઘણે સ્થળે પિતાશ્રી, વડીલ કે આપ્તજનના આકસ્મિક મૃત્યુથી આખા કુટુંબની બહુ જ કફોડી સ્થિતિ થઈ પડે છે, અને શક્તિ હોવા છતાં વ્યાવહારિક બોજો એકદમ શિર પર આવી પડતાં તે ખૂબ જ મૂંઝાઈ જાય છે. તે પરિસ્થિતિનો પણ આ પ્રણાલિકાથી ઉકેલ આવી રહે. એટલે પોતાના અને નિકટના સ્નેહીઓના હિતનિર્માણ માટે પણ વાનપ્રસ્થાશ્રમની આવશ્યકતા છે.

ઉપરનાં બધાં અંગોનો અને વાનપ્રસ્થાશ્રમનો એક યા બીજી રીતે અહિંસા અને સંયમમાં સમાવેશ થઇ શકે છે. એટલે સંક્ષિપ્તમાં તે વિચારણા કરી. હવે ગૃહસ્થજીવનમાં સાધ્ય થઈ શકે તેવી રીતે બીજાં ચાર અંગોને પણ વિચારીએ.

## સત્ય

સત્, ચિત્ અને આનંદ એ આત્માનું સ્વરૂપ છે. એ રીતે આપણે સત્યને આત્મસ્વરૂપ તરીકે ઓળખીએ, તોપણ કંઇ ખોટું નથી. પરંતુ માયામાં હોવા છતાં મનુષ્ય તે સત્યની સાધના કેમ કરી શકે તે દૃષ્ટિએ વિચારતાં જૈનદર્શન સત્યને ત્રણ વિભાગમાં વહેંચી દે છેઃ

(૧) વચન સત્ય, (૧) મન સત્ય, અને (૩) કાય સત્ય. અર્થાત્ સત્ય બોલવું, સત્ય ચાલવું અને સદ્‌વિચારો કરવા.

ગૃહસ્થાશ્રમી મનુષ્ય પોતાના વ્યવહારમાં તે સત્યનું બને તેટલે અંશે પાલન કરે. તેની કોઈ પણ પ્રવૃત્તિ કે વ્યાપાર એવા ન હોવા જોઈએ કે જેથી બીજાઓને હાનિ પહોંચે તેમજ પોતાની શાખ ખોટી બેસે. આ એક સત્યનું સ્થૂળ અને એક સામાન્ય વ્યક્તિને પણ સુસાધ્ય સ્વરૂપ છે. આમ વધતાં વધતાં તે મન, વાણી અને કર્મથી સત્યરૂપ બનવા પ્રયત્ન કરે.

જે મનુષ્ય અસત્ય બોલતો નથી, પણ જેનું મન અસત્યથી વીંટળાયેલું છે, તે મનુષ્ય કદી સત્ય આચરી નહિ શકે, અને તેની **मनस्यन्यद् वचस्यन्यत् कर्मण्यन्यद्** મન, વચન અને કર્મ ત્રણેમાં ભિન્ન-વાક્યતા દેખાઈ આવશે. આવો માનવી સમાજમાં પોતાનું સ્થાન ટકાવવા માટે દંભ, વિશ્વાસઘાત એવાંએવાં છૂપાં પાપો આચરી પતિત થતો જશે. આથી મન, વાણી અને કર્મ એ ત્રણેની એકવાક્યતા એટલે કે જેવું વિચારવું તેવું જ બોલવું અને જેવું બોલવું તેવું જ કરી બતાવવું. આ સાધના પ્રત્યેક જીવનમાં ઉપયોગી છે.

પૂર્વકાળમાં તો સત્યની ખાતર હરિશ્ચંદ્ર જેવાઓએ અનેક દુઃખના ડુંગરાઓ સહ્યાનાં અને મૃત્યુને સુદ્ધાં ભેટયાનાં ભારતીય ઇતિહાસમાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે, પણ આજે તો તેની ખૂબ ઊણપ છે. આ ત્રુટિને પહોંચી વળવા સૌ કોઈ પ્રયાસ કરતો થઈ જાય એ અતિ આવશ્યક છે.

## અસ્તેય

અસ્તેય એટલે ચોરી ન કરવી. અસ્તેયનો આ સ્થૂળ અર્થ છે, પરંતુ તેનું રહસ્ય તો ઊંડું છે.

સીધી રીતે ચોરી કરનાર વર્ગ કંઈ બહોળા પ્રમાણમાં હોતો નથી. પરંતુ એક બતાવી બીજું આપનાર, અને શરાફીનું પાટિયું

લગાવી ધોળે દિવસે ભોળા વર્ગને લૂંટી ખાનાર, કે જેને આપણે શાહુકાર ચોરમાં ઓળખાવી શકીએ તેવો વર્ગ આજે તો ખૂબ જ વધી ગયો છે. જનતાને જે વધુ ઠગી શકે તે ડાહ્યો એવી માન્યતા પણ ખૂબ ફેલાઈ છે, અને એવા મનુષ્યો એટલા તો ટેવાઈ ગયા છે કે હવે તેઓ ખુલ્લી રીતે કહે છે, કે "એમ કર્યા વિના તો વ્યાપાર ન જ થઈ શકે." આ કાર્ય ખરેખર એક ચોરીનું કાર્ય છે. અને તેથી રાષ્ટ્રને પણ ખૂબ ખમવું પડે છે.

થોડું આપીને નોકરો કે બીજા પાસેથી વધુ કામ લેવું; પોતાના હક્ક કરતાં વધુ લેવું, એ પણ ચોરી જ ગણાય. કોઇના નામનો તેને ખ્યાલ ન હોય તેવી રીતે પોતાના સ્વાર્થ ખાતર ઉપયોગ કરવો; કોઈના વિચારો લઈને પોતાના નામે ચડાવવા; જે સમાજનું લૂણ ખાધું હોય કે ખાતો હોય તેના તરફ વફાદાર ન રહેવું, બીજા કોઈના દેખાવથી જે કાર્ય ચોરી જેવું લાગે તે કાર્ય કરવું; કોઈની પડેલી ચીજ ઉઠાવી લેવી; એ બધી પણ સૂક્ષ્મ ચોરીઓ છે. અને એવી સૂક્ષ્મ ચોરીઓનું પણ બહુ ભયંકર પરિણામ નીપજે છે.

અસ્તેય અને સત્યનો ખૂબ ગાઢ સંબંધ છે. જે મનુષ્ય સાચી રીતે સત્યની સાધનામાં લાગ્યો હશે તે કદી અસ્તેય દોષને નહિ જ કરે.

## ત્યાગ

જૈન પરિભાષામાં તેને અપરિગ્રહવ્રત તરીકે ઓળખાવવામાં આવે છે અને અપરિગ્રહનો તાત્ત્વિક અર્થ અનાસકિત થાય છે.

પણ મનુષ્યો અનાસકિતને વિકૃત સ્વરૂપમાં લઈ ગયા છે. અને તેથી એમ પણ કહેતાં અચકાતા નથી, કે "અમે ભોગો ભોગવવા છતાં અનાસક્ત રહી શકીએ છીએ." આ વસ્તુ સાવ ગલત છે. જ્યાં સુધી જીવનમાં સંયમ પરિપૂર્ણ રીતે ન ઊતરે ત્યાં સુધી કદી અનાસકિત આવી શકે નહિ. ભોગવવા છતાં અનાસક્ત રહેવું, એ તો જનકવિદેહી જેવા વિરલ યોગીને જ સુલભ હોય. સૌ કોઈ એવો

દાવો કરી શકે નહિ. અને તેવી અપવાદિત વ્યકિતઓ પણ અનેક જન્મોની સાધના પછી જ આવી રીતે રહી શકે છે. અનધિકારી મનુષ્યો માટે એ કંઈ રાજમાર્ગ ન ગણાય. માટે ત્યાગનું પ્રથમ અંગ સંયમ હોવું ઘટે.

સંયમના ત્રણ પ્રકાર છેઃ (૧) મનઃસંયમ, (૨) વાક્‌સંયમ, અને (૩) કાયસંયમ.

દુષ્ટ માર્ગે જતાં મનને રોકી સન્માર્ગે પ્રવર્તાવવું એ મનઃસંયમ છે; બીજાને દુઃખકર અસત્ય કે નિરર્થક વાણીને રોકી સત્ય, પરિમિત, મીઠી, હિતકારી અને અર્થયુક્ત વાણી બોલવી તે વાણીનો સંયમ છે; વિલાસના વેગને રોકી જરૂરિયાતો ઘટાડી સંતોષી જીવન ગાળવું તે કાયસંયમ છે.

ગૃહસ્થ સાધક ધીમેધીમે શક્ય રીતે આ માર્ગમાં આગળ વધી શકે. તેઓમાંના કેટલાક કે જેઓ સંયમને નીરસ અને મનુષ્ય-જીવનને માટે તદ્દન નિરુપયોગી વસ્તુ માને છે અને ભોગ, વિલાસ એ જ જીવનકળાના વિકાસનાં સાધનો છે એમ માને છે, તેઓએ પણ જો તેમનો ઉદ્દેશ બરાબર નિશ્ચિત કર્યો હશે, અને સાચી રીતે જીવનવિકાસને કે જીવનરસને મહત્ત્વ આપી શકયા હશે, તો આજે કે કાલે પોતાનાં માનેલાં સાધનોને બદલી સંયમની આવશ્યકતા સ્વીકારતા અવશ્ય થઈ જશે; તે માટે શંકાને જરા પણ સ્થાન નથી.

પરંતુ જેઓ કેવળ વાણીદ્વારા જ જીવનના સાચા રસવિકાસની વાતો કરે છે, પણ જેના અંતઃકરણના ઊંડાણમાં વાસનાનો કીડો [ કે જેને તેઓ દેખી શકતા નથી ] ભરાઈ બેઠો છે, તેઓનું ઉપરનું માનસ સંસ્કારી હોવા છતાં તેને તે કીડો તો નીચેના માર્ગે જ લઇ જશે. અને જ્યાં સુધી તેઓ પોતાના જીવનનું ઊંડું નિરીક્ષણ કરવાનો અવકાશ નહિ લે, ત્યાં સુધી તેમની વૃત્તિ સંયમની અભિમુખ નહિ વળી શકે.

સંયમી મનુષ્ય જો સાચી રીતે સંયમને સમજીને આરાધતો હશે તો તેનું જીવન શુષ્ક નહિ હોય, પરંતુ રસમય હશે. તે અલ્પ વસ્તુથી ચલાવી લેશે. પરંતુ મને તે ન મળી તેવો તેને અસંતોષ નહિ હોય; અને મેં તેનો ત્યાગ કર્યો તેવું અભિમાન પણ નહિ હોય. વળી તે કેવળ પદાર્થોમાં સંયમ રાખી સંપત્તિને એકઠી કરવા માટે વલખાં નહિ મારતો હોય, તેમ આળસુ કે નિઃપુરુષાર્થી પણ નહિ હોય. તે સાચો રસિક, પુરુષાર્થી અને સંતોષી હશે. આવા સંયમીનું જીવન લોકોને પ્રેરનારું હશે, અને તે સમાજનો, રાષ્ટ્રનો અને વિશ્વનો હિતૈષી પુરુષ બની રહેશે. આવા સાચા સંયમની કોને જરૂર નહિ હોય ?

## બ્રહ્મચર્ય

બ્રહ્મચર્યના લાભથી તો આખું વિશ્વ પરિચિત છે. કેવળ શરીર-સ્વાસ્થ્યની દૃષ્ટિએ અને માનસિક શુદ્ધિની દૃષ્ટિએ તપાસતાં પણ તેની ઉપયોગિતા અને આવશ્યકતા લગભગ જગપ્રસિદ્ધ છે. તેમ છતાંય બ્રહ્મચર્યનો આરાધક વર્ગ બહુ અલ્પ દેખાય છે, અને જે બ્રહ્મચર્યનો સાધકવર્ગ છે તે વર્ગમાં પણ તેના પાલન માટે ગમે તેવા પ્રસંગમાં પણ નિર્ભય રીતે રહી શકે તેવો વર્ગ બહુ વિરલ જ સાંપડે છે.

પ્રાચીન કાળમાં કદાચ બ્રહ્મચર્યવિષયક આટલું શૈથિલ્ય નહિ હોય; પરંતુ વર્તમાનકાળમાં તો ઉપરની સ્થિતિ સ્પષ્ટ છે, અને તે ભારત માટે દુર્ભાગ્યની વસ્તુ ગણાવી જોઈએ. મનુષ્યનું કુદરતી તે તરફની વૃત્તિનું વલણ આ વસ્તુમાં દોષિત હશે એ ખરું; પરંતુ વિશેષતઃ આજના સમાજનું માનસ અધિક જવાબદાર છે તેમ સમાજની પરિસ્થિતિ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે.

સ્ત્રી અને પુરુષજાતિ વચ્ચે પરસ્પરની ભીતિનો અતિરેક થયો છે. સ્ત્રીજાતિનું જીવન ખોટાં આકર્ષણોની પાછળ વેડફાઈ ગયું છે. તેમનાં શૌર્ય, ચેતનાશક્તિ વગેરે હરાઈ ગયાં છે; અને પુરુષોની દૃષ્ટિ

પોતા તરફ વધુ ખેંચાય એવું પૂતળીમય જીવન સ્ત્રીઓ માટે નિર્માણ થયું છે; અને પુરુષ એટલે વિકારનું પૂતળું હોય તેમ ગણાય છે. આમાં સ્ત્રીજાતિ અને પુરુષજાતિ બન્નેનો હ્રાસ થયો છે, એટલું જ નહિ પરંતુ તેની માનસિક નિર્બળતાઓ એટલી તો વધી ગઈ છે કે આજે સમાજનું આ માનસ પલટવા માટે કયો માર્ગ હોવો જોઈએ તે રાષ્ટ્રની સંસ્કૃતિના નિર્માયકોને માટે એક ગહન પ્રશ્ન થઈ પડયો છે. બ્રહ્મચર્યના ઉન્નત અને પ્રયત્નસાધ્ય માર્ગમાં આ એક મોટું બાધક કારણ છે.

**બ્રહ્મચારીઓને**

બ્રહ્મચર્યની સાધના માટે પહેલાંના જમાનામાં સ્ત્રી અને પુરુષે પરસ્પર છેટા રહેવાની વાતો પર બહુ ભાર અપાતો. આજે સ્થિતિ એવી આવી લાગી છે કે સ્ત્રી અને પુરુષે બહારનાં ક્ષેત્રોમાં પણ સાથે જ કામ કરવાનું મોટે ભાગે આવશે, એથી અરસપરસ માત્ર બીને ભાગ્યે હવે નહિ ચાલે. આને લીધે પ્રાચીન કાળના અનુભવો અને વર્તમાન પરિસ્થિતિ એ બન્નેને સામે રાખી વ્યવહારુ પ્રણાલી શોધવી જ રહી છે. સહશિક્ષણ લેતાં ભાઈબહેનો અને સહકાર્યકરો તરીકે કાર્યકરતાં ભાઈબહેનો વચ્ચે એવા મૂઢ કિસ્સાઓ પણ બને છે, જે સાંભળી પ્રાચીન કાળનાં અને મધ્યયુગનાં વિધાનોને જ મહત્ત્વ આપવાનું મન થાય. પરંતુ આવા ઘડતરના યુગ વખતે થોડાં જોખમો ખેડીને પણ આગળ ધપ્યા વિના છૂટકો નથી. એટલે માત્ર સ્વચ્છંદ નહિ તેમ માત્ર રૂઢિજન્ય બંધન નહિ તેમ વિવેકપૂર્વક જ આ પ્રશ્નનો ઉકેલ શોધવો પડશે. અને એને ખાતર પીઢ બ્રહ્મચારી બહેનોના હાથમાં બહેનોનું સુકાન અને એવા જ પીઢ બ્રહ્મચારી ભાઈ-ઓના હાથમાં ભાઈઓનું સુકાન સોંપવાનું મુખ્યપણે રાખી એવી નિગાહ નીચે મર્યાદિત સંયમ રાખી ભાઈબહેનો અરસપરસ કાર્યવશ મળે એવી છૂટ આપવી મધ્યસ્થ માર્ગ તરીકે ઠીક લેખાશે. હવે બ્રહ્મચારી ભાઈબહેનો તથા બ્રહ્મચર્યલક્ષી કુમારકુમારીઓનો વિચાર કરીએ.

કાયિક બ્રહ્મચર્ય પાળનારાએ સૌથી પ્રથમ જનનેન્દ્રિયનો કાબૂ મેળવ્યા પછી તુરત જ કામવિચાર પર કાબૂ મેળવવો જોઇએ. [કારણ કે કેવળ કાયિક બ્રહ્મચર્ય પાળવું એ બ્રહ્મચર્યની પૂર્ણ સાધના ન ગણાય પણ] કામવિચાર પર જેટલો કાબૂ આવતો જાય તેટલે જ અંશે બ્રહ્મચર્યની સફળતા મનાવી જોઇએ. દૃષ્ટિ, બ્રહ્મચર્ય, સ્વાદેન્દ્રિય પર કાબૂ અને વિલાસિતાનો ત્યાગ એ કામ રોકવાનાં સાધનો છે. કામવિચાર રોકવા માટે તો સતત જાગૃતિ હોવી ઘટે. હાલતાંચાલતાં કે કોઈ પણ ક્રિયા કરતાં તેણે પોતાની શક્તિ ખીલવતા રહેવું જોઇએ. અને તે વિચારોને બાધક થઈ પડે તેવાં દૃશ્યો, સાહિત્ય કે સંગ છોડીને બ્રહ્મચર્યના સાત્વિક વિચારોને પોષે તેવા વાચન, શ્રવણ અને સત્સંગ કરતાં રહેવું જોઇએ.

ગૃહસ્થાશ્રમી મનુષ્ય ધીમેધીમે આ માર્ગમાં સફળ થતો જાય એ ખાતર પ્રથમ પરસ્ત્રીત્યાગ પર શાસ્ત્રકારોએ ભાર આપ્યો છે, અને સ્વસ્ત્રીમાં પણ મર્યાદિત બ્રહ્મચર્ય પાળવાની પ્રેરણા આપી છે. દૃષ્ટિવિકારને જીત્યા સિવાય મનુષ્ય કદાચિત્ કાયાથી પરક્ષેત્રમાં બ્રહ્મચર્ય પાળી શકે ખરો. પરંતુ સ્વસ્ત્રીપરત્વે મર્યાદિત બ્રહ્મચર્ય પાળવું એ અશક્ય થઈ પડે. તે ખાતર ગૃહસ્થાશ્રમીએ પણ દામ્પત્યજીવન ગાળવા છતાં ઉપરના નિયમો પ્રત્યે બેદરકાર રહેવાનું નથી.

આવા મર્યાદિત ગૃહસ્થાશ્રમીની પ્રજા સુંદર અને સૌમ્ય બનશે, અને પ્રજાના ફાલ પછી તેવો ગૃહસ્થ અવશ્ય બ્રહ્મચારી બની રહેશે. વાનપ્રસ્થજીવનમાં સ્ત્રી સહ વર્તમાનને પણ બ્રહ્મચર્ય પાળવાનું રહેશે. અને બ્રહ્મચર્ય વિના નિવૃત્ત થયેલાની ભાવના વિકાસને પંથે વળે તે અશક્ય છે. એટલે સર્વ સ્થળે બ્રહ્મચર્યની મહત્તા છે, એટલું જ નહિ, બલ્કે ઉપયોગિતા પણ છે. (બ્રહ્મચર્યના લાભાલાભનું વિશિષ્ટ વર્ણન અગાઉનાં પ્રકરણોમાં આવી ગયું છે.)

આધ્યાત્મિક ધર્મનાં ઉપર વર્ણવેલાં પાંચ અંગો (વ્રતો)ની પુષ્ટિ માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો યોજાયેલાં છે. તે પૈકીનાં

કેટલાંકનો સાર અહિંસા અને સંયમના પ્રકરણમાં આવી ગયો છે, અને જે બે ખાસ આવશ્યક તત્ત્વો બાકી રહ્યાં છે તે હવે વિચારીશું.

## ચિંતન

વિચારશક્તિની સુંદર બાજુને ચિંતન કહેવામાં આવે છે. આ ચિંતનશક્તિની મનુષ્યને જીવનવિકાસમાં પળેપળે આવશ્યકતા છે. છતાં મનુષ્યજાતિનો મોટો વર્ગ પોતાનું માનસ હોવા છતાં આ શક્તિથી વંચિત રહે છે. આ ખામી બધાં દુઃખોનું કારણ છે, એમ કહીએ તો તે અતિશયોક્તિ નથી. સારાસારના વિચારના અભાવે મનુષ્ય ડગલે અને પગલે ચૂકી જાય છે; તેની વિવેકશક્તિ બુઠ્ઠી બની જાય છે, અને આ રીતે તેની મનુષ્યજીવનની યાત્રા નિષ્ફળ નીવડે છે.

## ચિંતન એટલે શું ?

કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં અને પછી તત્સંબંધી ખૂબ વિચારો આવે અને તેમાં આવેશ, રૂઢિ કે બીજા ખ્યાલો ન ભળેલા હોય અને વિવેકશક્તિદ્વારા તેનો સ્પષ્ટ નિષ્કર્ષ નીકળે તેનું જ નામ ચિંતન.

આવું ચિંતન કરવાની મનુષ્યે હમેશાં ટેવ પાડવી જોઈએ. અને એ ચિંતનના પરિણામે જે ભાવના સ્ફુરે તેને લેખાંકિત અને હૃદયાંકિત કરવી જોઇએ. આમ કરવાથી મનુષ્યના જીવનની ધાંધલ બહુ હળવી થઈ જાય છે, અને જે નિરર્થક પ્રવૃત્તિની પાછળ આજે તેમનાં સમય અને શક્તિ વેડફાઈ રહ્યાં છે તેમાંથી તે ધીમેધીમે બચતો જાય છે.

સદ્વાચન એ ચિન્તનનું પ્રેરણાજનક કારણ છે, પણ તે વાચન વ્યસનરૂપે ઉત્તેજના કરે તેવી રીતે ન પરિણમે તેનું લક્ષ રાખવું ઘટે. એકેક વસ્તુની પાછળ સ્થિરબુદ્ધિથી વિચાર કરવો અને તેનું ફળ સ્પષ્ટતયા બતાવવું તે ચિન્તનશક્તિનું કાર્ય. આનો લાભ કેટલો અને કેવો છે તે તો સ્વાનુભવથી જ જાણી શકાય. જીવન માટે અન્ન,

જળ અને વાયુની જેટલી આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા જીવનવિકાસ માટે ચિન્તનની છે. એટલે ફુરસદ નથી એમ માની તે તરફ કોઈ બેદરકાર ન રહે.

**ચિંતા**

ચિન્તાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિન્તા બડી અભાગણી, ચિન્તા ચિતા સમાન.

આ વાત તો સૌ કોઈ જાણે છે. છતાંય મનુષ્યજીવનના આયુષ્યને પાંદડેપાંદડે તેનાં દર્શન થયાં જ કરે છે. ચિન્તા એ એક એવો વ્યાધિ છે કે જે વિકાસમાં મહાન બાધા પહોંચાડે છે.

ચિન્તાની ઉત્પત્તિ પ્રાયઃ શક્તિ ઉપરાંતના વ્યાપાર અને વ્યાવહારિક બોજાથી થાય છે. અને જેમજેમ તે બોજો વધતો જાય છે તેમતેમ ચિન્તાનું વિષવૃક્ષ ફૂલેફાલે છે. નિર્બળ મનના માણસો પર જ ચિન્તાની સવારી વધુ પ્રમાણમાં થાય છે.

ચિન્તાની નિવૃત્તિનો ઉપાય એ છે કે મનુષ્યે બહુ બહુ લાંબા ભવિષ્યના વિચારો ન કરતાં वर्तमानेन वर्तयेत् એટલે કે આવી પડેલી અથવા બહુ તો ટૂંક સમયમાં આવી પડનારી પરિસ્થિતિનો જ માત્ર વિચાર કરવો જોઇએ. પુરુષાર્થ તરફ સાચી રીતે લક્ષ્ય આપવા છતાં આકસ્મિક કોઈ વિપત્તિ આવી પડે તો તેને પ્રારબ્ધજન્ય ગણી હવે પછીના પુરુષાર્થને સુંદર બનાવવા વધુ ઉત્સાહિત બનવું જોઇએ. ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, રોગ કે તેવી પરિસ્થિતિમાં પણ નિરાશ અને નિરુત્સાહ ન થતાં આત્મશક્તિ પર વિશ્વાસ રાખી પ્રયત્નશીલ બની રહેવું જોઈએ. આમ કરવાથી ચિન્તાની અસર તન પર થશે નહિ અને થશે તોપણ કાયમ રહેશે નહિ.

જે મનુષ્યને માનસિક શકિત અને આત્મિક શકિત પર વિશ્વાસ છે તે મનુષ્યને વહેમ, ચિન્તા, આલસ્ય, એવાએવા શત્રુઓ પરાજય કરી શકશે નહિ. એટલે ચિંતનશક્તિથી આ શક્તિઓના વિકાસ માટે

આ પ્રકારનો યત્ન કરવો એ સ્વાસ્થ્ય જાળવવાની દૃષ્ટિએ પણ વધુ સલામતીભર્યો માર્ગ છે.

## વિકાસની સીડી

ધર્મનાં એ પાંચ અંગોના પાલનથી આધ્યાત્મિક વિકાસ શી રીતે થાય છે તેવો પ્રશ્ન થવો સ્વાભાવિક હોવાથી વિકાસ સંબંધી વિચારણા કરી લેવી અહીં ઉપયોગી થશે.

જૈનપરિભાષા પ્રમાણે કર્મથી અને વેદપરિભાષા પ્રમાણે માયાથી જે ચૈતન્ય વિકૃત થયું છે, અને સુખ અને આનંદ એ એનો નિત્ય સ્વભાવ હોવા છતાં દુઃખ અને ખેદનો સહજ સહજ પ્રસંગોમાં તેને અનુભવ થાય છે, તેના કારણભૂત જૈનદર્શનમાં ચાર કષાયો અને વેદ-ધર્મમાં ક્રોધાદિ ષડ્‌રિપુઓ ગણવામાં આવે છે. એ રિપુઓ જ સુખ અને શાંતિના પ્રતિબંધક અને દુઃખ અને ખેદના જનક છે.

આ પરથી સ્પષ્ટ સમજાશે કે તેઓ પોતે જ આત્મવિકાસના રોધક છે. વિકાસનાં રોધક કારણો નીકળી ગયા પછી વિકાસ થવો એ સરળ છે એટલું જ નહિ બલકે સ્વાભાવિક છે. આથી તે રોધક કારણોને હઠાવવાથી વિકાસ થાય છે એમ આપણે માની શકીએ, અને તેમ માનવામાં ઘણાં સબળ કારણો આપણી સામે અને અનુ-ભવમાં પણ છે.

એક મનુષ્ય જેલમાં પણ મહેલ જેવું સુખ અનુભવે છે; શત્રુ-વર્ગમાં પણ મિત્રવત્ મહાલે છે; સૂકા રોટલામાં પણ સ્વર્ગ જુએ છે, વૈભવના ત્યાગમાં પણ આનંદ લૂંટે છે. આનું કારણ કોઈ ચમત્કાર નથી, પરંતુ આધ્યાત્મિક વિકાસ એ જ તેનું મુખ્ય કારણ છે.

આ આધ્યાત્મિક વિકાસ ષડ્‌રિપુઓનું જેટલા પ્રમાણમાં વધુ-ઓછાપણું તેટલા પ્રમાણમાં વધુઓછો હોઈ શકે. અને તે ષડ્-રિપુઓનું અલ્પપણું હોવું અહિંસાદિ પાંચ સાધનોદ્વારા શક્ય થઈ શકે, માટે જ તે અંગોને શાસ્ત્રકારોએ ધર્મનું સ્વરૂપ આપ્યું. અને તે

ધર્મનાં અંગોને ભિન્નભિન્ન લોકમાનસને જોઈ ભિન્નભિન્ન કાળના ધર્મોપદેશકોએ ક્રિયાત્મક સ્વરૂપ આપ્યું. આ ક્રિયા માટે આપેલાં ચિહ્નો એ કેવળ સાંપ્રદાયિક ચિહ્નો છે, ધર્મનાં અંગ નથી. વળી બધા ધર્મ-સંસ્થાપકોનું ધ્યેય તો ઉપર કહી ગયા તે પ્રમાણે આત્મવિકાસનું છે. અને અધ્યાત્મવિકાસની અંતિમ સ્થિતિ એ જ મોક્ષ, મુક્તિ કે નિર્વાણ સ્થિતિ છે.

આટલું સમજી સાંપ્રદાયિક કદાગ્રહોને છોડી ધર્મના મુખ્ય અંગ પર લક્ષ્ય રાખી આધ્યાત્મિક વિકાસ સાધવાનો પ્રયત્ન કરવો, એ સૌને માટે ઉપયુક્ત અને અભીષ્ટ છે.

એ માર્ગમાં જ્ઞાનપૂર્વક આગળ વધતાં ગૃહસ્થજીવનમાં પણ નિરાસક્તિ (નિઃસ્વાર્થની પરાકાષ્ઠા) યોગની સાધના સહજ થતી જાય તો એ ગૃહસ્થ પોતાના આધ્યાત્મિક વિકાસમાં ક્રમપૂર્વક આગળ વધતો જાય. આ આખી શ્રેણિને કર્મયોગ અથવા કર્મમાર્ગ તરીકે ઓળખાવી શકાય.

વિકાસમાર્ગમાં કર્મમાર્ગ સિવાયના ભક્તિમાર્ગ અને યોગમાર્ગ એ નામના બીજા પણ બે માર્ગો છે. પરંતુ ગૃહસ્થાશ્રમી જીવન જીવવું અને સાથેસાથે તે માર્ગની એકાંત અને સંપૂર્ણ સાધના થવી સહજ શકય નથી. છતાં શ્રેયાર્થીને માટે અશકય શું હોય ?

॥ ॐ शान्तिः ॥